માનવ શયતાન.

(એક રહસ્યમય-રસમય ડિટેક્ટીવ નવલકથા)

માનવ-શયતાન.

અથવા

પાપી પિશાચોની પ્રપંચજાળ.

" Literature is a mirror which reflects the position of a nation. "

અનુવાદક

ઇશ્વરલાલ એમ. વીમાવાળા. ફેગાંપીડ-સુરત.

પ્રકાશક

હરિભાઈ હલપતરામ પટેલ.

શાહપુર-અમદાવાદ.

સોલ એજન્ટ

હરગોવનદાસ હરજીવનદાસ બુકસેલર.

૩૦૩૫, પાનકોર નાકા-અમદાવાદ.

આવૃત્તિ ૨ જી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૮૦ સને ૧૯૨૪

કિમ્મત રૂ. ૨-૮-૦

અમદાવાદ શાહપુર વનમાળી વાંકાની પોળમાં હરિભાઈ
દલપતરામે પોતાના "ગ્રન્થોદય" પ્રેસમાં છાપી.

પ્રસ્તાવના.

" A novel is a novelty....
and a detective novel is
generally the least defective."

પ્રત્યેક પ્રજાના સાહિત્ય પરથીજ તે પ્રજાએ સમાજસુધારણામાં કેટલી પ્રગતિ કરી છે તે નક્કી થઇ શકે છે. જેમ જેમ પ્રજા સુધરતી જાય છે તેમ તેમ તેનું સાહિત્ય વધતું, તેમજ શુદ્ધ થતું જાય છે. એટલું તો નક્કીજ છે કે જંગલી પ્રજાઓમાં સાહિત્ય જેવું કાંઇ હોતું નથી. એટલે તેઓમાં સમાજસુધારણાનાં સાધનોની પણ શૂન્યતા હોય છે.

ગુજરાતીમાં સાહિત્ય ઘણું ખરૂં નવલકથાથીજ ભરાયું છે. તેમાં સામાજીક નવલકથા અનેક છે. સામાજીક નવલકથાની અસર મનુષ્યનાં મગજ પર થાય છે ખરી; પરંતુ એવી વાર્તાઓની વસ્તુસ્થિતિ (plot) ચવાઇને એટલી કુચો થઇ ગઇ લાગે છે, કે એ બધીમાં નવિનતા કોઇક વારજ જોવામાં આવે છે. એ ઉપરાંત ગુજરાતી ભાષામાં ડિટેક્ટીવ નવલકથા જોઇએ તેટલી નથી. ડિટેક્ટીવ વાર્ત્તાઓ સ્વકૃત (original) લખવી તે અઘરૂં કામ છે. ઘણી વાર રસ લાવવા જતાં રહસ્ય લાવી શકાતું નથી. તો કોઇ વાર રહસ્ય મૂકવા જતાં તેમાંથી રસિકતા ઉડી જાય છે. બીજી ભાષાઓમાં ઘણી ડિટેક્ટીવ ઉપન્યાસો લખાયલી છે તેમાંથી ભાષાન્તર થાય તો થોડા વખતમાંજ ગુજરાતી સાહિત્યમાં ડિટેક્ટીવ નવલકથા ઘણી વધી શકે.

ઘણીવાર ડિટેક્ટીવ વાર્તામાંજ સામાજીક વાર્તાનાં સ્વરૂપો ભેળવવામાં આવે છે, અને તેથી વાર્તા અત્યંત રસિક બને છે. દૃષ્ટાંત તરીકે ડિટેક્ટીવ—નવલકથામાંનાં એક બે પાત્રોનાં હૃદયનું પૂર્ણ અવલોકન થાય એમ હોય, અથવા તો તેમાંજ ' પ્રિય જનનાં હૃદય ' બતાવવામાં આવે તો નવલકથા અતિ રસિક બને છે. વળી મનુષ્યના મગજ ઉપર સારી છાપ (Impression) પાડવામાં પણ ડિટેક્ટીવ

વાર્તા કોઇ પણ પ્રકારે સામાજીક કરતાં ઉતરે એમ નથી. સાધારણતઃ તેમાં પાપી પક્ષ અને ડિટેક્ટીવ–પક્ષ એવા બે પક્ષ તો આવશેજ. અને જો પાપી મનુષ્યોને તેનાં કર્મની યોગ્ય શિક્ષા મળતી બતાવવામાં આવે, તો દુષ્ટ કૃત્યો પ્રત્યે તિરસ્કારની લાગણી વાંચકવર્ગમાં ઉદ્દ્ભવ્યા વિના રહેતી નથી.

આ નવલકથા આખી વાંચ્યા પછી વાંચકોના લક્ષમાં આવશે કે એની વસ્તુસ્થિતિ એક વત્સલ દંપતિની પરસ્પર ગેરસમજ–સંદેહ પર ગોઠવવામાં આવી છે. લૉર્ડ નોરટન એમ ધારે છે કે ' એલન વિલિયમને ચ્હાય છે; અને મારી સાથે લગ્ન કરી પસ્તાય છે. ' એમ માની તે ભગ્ન હૃદયે તેની ઉપેક્ષા કરે છે. બીજી તરફ એલન માને છે કે, ' નોરટનનું મન લુઇસા નામની કોઇ સ્ત્રી ઉપર લાગ્યું છે, અને તેથીજ એ મારી ઉપેક્ષા કરે છે. ' લૉર્ડ નોરટનની ચિત્તવૃત્તિનો એ આમ જુદોજ અર્થ કરે છે અને મનમાંજ મુંઝાય છે. તેમ થતાં એ દંપતિના શત્રુઓનું ચઢી વાગે છે. તેમની પ્રપંચજાળ વધારે અને વધારે ફેલાય છે. પરંતુ પાપનો ઘડો ફુટ્યા વિના રહેતો નથી. અંતમાં સર્વ પાપી પિશાચોનો બાપ જ્યૉર્જ મિલ્ટન પકડાય છે. અને માત્ર વૈર લેવા માટેજ પોતે મરી ગયો છે એમ જાહેર કરાવતાં કંપારી ન ખાનારાને તેના કર્મની શિક્ષા મળે છે, તેનું આખું મંડળ પણ સપડાય છે...અને અંતમાં વાંચકનાં મન પર તેઓ માટે તિરસ્કારની લાગણી ઉત્પન્ન થાય છે.

માઘ શુક્લ પૌર્ણિમા.	" અનુવાદક. "
સં. ૧૯૭૪.	કેળાંપીઠ–સુરત.

માનવ-શયતાન

અથવા

પાપી પિશાચોની પ્રપંચજાળ.

પૂર્વ વૃત્તાંત.

એક દિવસ અચાનક હું ઇંદુકરને ઘેર જઇ ચડયો. નીચે ઘંટડીનું બટન હતું; પણ તે દબાવ્યા વિનાજ ઉપર ચઢી જવાની મને છુટ હતી. ઉપર જઇને જોઉં છું તો કાગળોના ચોડા આસપાસ પાથરી વચમાં ઇન્દુકર બેઠો હતો.

મને જોઇ તે બોલી ઉઠયો:–" આવો સાહેબ, આવોજી! મનહરલાલ! આપ તો કાંઇ બહુ થોડે દિવસે દેખાયા ને શું?"

આમ મશ્કરી કરવાની એને ટેવજ હતી. મેં જવાબ આપ્યો:–"જુઓને ભાઈ, આ જીવન ક્ષણભંગુર અને ટુંકું છે. તેમાં પ્રિયજનોને થોડે થોડે દિવસે મળતા ન રહીએ તો 'મનની મનમાં ને તનની તનમાં' રહી જાયને?...વારૂ, પણ આ બિછાનાં શા માટે બિછાવ્યાં છે?" પડેલા કાગળો તરફ આંગળી કરી મેં પૂછ્યું.

"એ તો પિતાજીના વખતના છે. તું જાણે છે કે સરકારી ડિટેક્ટીવ તરીકે પિતાજીએ કેવાં રહસ્યમય કાવતરાંઓ પકડયાં હતાં, આ તેમાંનું એક છે. એના ઉતારા તો ઘણું ખરૂં તેમણેજ કર્યા હતા. કેટલીક વાતો એમણે મને પાછળથી કહી હતી તે મેં ઉતારી લીધી છે. હવે એને બરાબર ગોઠવીને પ્રેસમાં આપવાનો મારો વિચાર છે."

મેં એક પછી એક કાગળ લઇ જોવા માંડયા. એટલામાંજ ઇંદુકર બોલી ઉઠયો:–" હમણાં તું એને હાથ ન લગાડ. બધા ઉંધા ચત્તા થઇ જશે. કાલે એ બધાને અનુક્રમે ગોઠવી હું તને આપીશ.

એમાં દરેક પાત્રો પોતાની વાત જાતેજ કહે છે, તેથી કરીને તે બરોબર ગોઠવાયા વિના સમજાશેજ નહિ."

" ઠીક, ત્યારે કાલે એ લેવાને હું બચુને મોકલીશ." એમ કહીને મેં બીજી વાતો કાઢી. વચમાં વચમાં ઇન્દુકર કાગળીઆ ગોઠવતો હતો.

બીજે દિવસે '**માનવ–શયતાન** અથવા **પાપી પિશાચોની પ્રપંચજાળ**' નામક પુસ્તકના સર્વ કાગળીઆ અનુક્રમે ગોઠવાઇ મારી પાસે આવ્યા. પ્રિય વાંચનાર! જો તને ઉત્સુકતા હોય તો તું પણ ઇન્દુકરના પિતા—ગવર્નમેંટ ડિટેક્ટીવ હર્ષદરાય–નું પરાક્રમ જાણવાને મારી સાથે એ કાગળોમાં ડોકીયું કરતો જા:–

૧

કેપ્ટન સ્મીથ.

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દોમાં)

ઇસ્વી સન્ ૧૮૩૦ ના જાન્યુઆરીની ૨૮ મી તારીખે વિલાયતના કોઇ ધનવાન અમીર તરફથી લૉર્ડ સેસીલ નામના ભારતના કોઇ ઉચ્ચ રાજપુરૂષ પર નિમ્નલિખિત તારનો સંદેશો આવ્યો:—

" અત્રેના પ્રખ્યાત ધનાઢ્ય અને પ્રતિષ્ઠિત લૉર્ડ નોરટન પોતાનાં પત્ની સહિત થોડા વખતમાંજ મુંબાઇ આવી પહોંચશે. લેડી એલનની સાથે એમનાં લગ્ન થયા પછી લંડનના કેટલાક બદમાસો એનું ખૂન કરવાને એની પાછળ પડ્યા છે. અમારી સલાહથી એઓ ભારતવર્ષની સ્હેલ કરવા, થોડાક દિવસ માટે બહાર નીકળ્યા છે.

પશ્ચિમ પ્રદેશના સુપ્રસિદ્ધ ડિટેક્ટીવ કમિશ્નર મિ. હર્ષદરાયને આ કારણથી હંમેશાં એમની સાથે રાખજો, કે જેથી કોઇ પ્રકારે એનો અથવા લેડી નોરટનનો જરાએ વાંકો વાળ થાય નહિ. આશા છે કે એઓની યથાસાધ્ય સંભાળ રાખી અમને ખબર આપ્યા કરશો."

ધન, માન અને સુખ મેળવીને છોડવાનું કોને ગમે? પરંતુ વેતનભોગી માણસને માટે ઉપરીનું કહ્યું ન કરવું, એ ઘણું દુઃસાધ્ય

છે. લાચારીથી હું ચેતનસિંહના કેસનો સર્વ ચાર્જ કર્નલ ભીમનને સોંપી તે જ દિવસે મુંબઇ આવવા નીકળ્યો.

મુંબઇ પહોંચતાંજ હું પ્રથમ લૉર્ડ સેસીલને મળ્યો. તેમણે મને સારૂં સન્માન આપ્યું અને આખરે કહ્યું કે:–" લૉર્ડ વિન્ચેસ્ટરની આજ્ઞા પ્રમાણે લૉર્ડ નોરટનની રક્ષાનો ભાર હું તમને સોંપું છું."

" આપની આજ્ઞા હું માથે ચઢાવું છું પણ આ કાર્યમાં પ્રવૃત્ત થવા માટે મારે જાણવું જોઇએ કે લૉર્ડ નોરટન કોણ છે ? વળી એનું ખૂન કોણ અને શામાટે કરનાર છે ? કેસ લીધા પહેલાં એ બધું મારે જાણવું જોઇએ." મેં કહ્યું.

" એમાં શું રહસ્ય છુપાયલું છે, તેથી હું અજ્ઞાત છું. એ સર્વ ખુલાસો મેળવવા માટે મેં વિલાયત પત્ર લખ્યો છે. તેનો જવાબ તરતજ આવશે. ત્યારે હું વિશેષ વિવેચન કરી શકીશ. અત્યારે તો આટલુંજ કહીશ કે:—

" લોર્ડ નોરટન એ વિલાયતના એક પ્રતિષ્ઠિત અમીર છે. એની સ્ત્રી લેડી એલન લૉર્ડ સંડરલેન્ડની–પુત્રી છે. પહેલાં એલનનાં લગ્ન લૉર્ડ અલબર્ટ વિલિયમની સાથે થવાનાં હતાં. વિલિયમ એલન પર એટલો મોહ પામ્યો હતો કે તેણે આ લગ્ન માટે એક કરોડ રૂપીઆ લૉર્ડ સંડરલેન્ડને આપવાનું કબુલ કર્યું હતું. જો એલન એની જોડે લગ્ન કરવા રાજી ન હોય તો એ આત્મહત્યા પણ કરશે એવી વાત પ્રતિજ્ઞાપૂર્વક ફેલાઇ હતી. એલનના પિતા એ બાબતમાં રાજી હતા પણ તે સંમત થઇ નહિ. આથી વિવાહ તૂટી ગયા–બંધ રહ્યા..."

મેં વચમાંજ પૂછ્યું:–" હું ધારૂં છું, કે એનો બદલો લેવાને માટેજ વિલિયમે આ ધાંધલ મચાવી હશે ?"

" ખરૂં ખોટું તો ઇશ્વર જાણે. મારો તેમજ મારા બીજા મિત્રોનો પણ એવોજ અભિપ્રાય છે. તે ગમે તેમ હોય પણ અત્યાર સુધી રહસ્ય ખુલતું નથી અને મૂળ વાતો અમે જાણતા નથી. આ વખતે તો આપણે આપણું કર્ત્તવ્ય કરવું, એજ શ્રેયસ્કર છે. તમારો એ બાબતમાં શો મત છે ?"

" રોગનું મૂળ કારણ જાણ્યા વિના વૈદ્યથી તેનો ઉપાય થતો નથી. તેમજ આ ઘટનામાં શું ભેદ છે, તે બરાબર પકડાયા વિના લૉર્ડ નોરટનના જીવનને નિરાપદ્ બનાવવું મુશ્કેલ છે. આપ જે ભાર મારા ઉપર નાંખો છો તેનો આદર સહિત હું સ્વીકાર કરૂં છું. મનુષ્યની ક્ષુદ્ર શક્તિથી જે કાંઇ થઇ શકે તે સર્વ હું કરીશ પણ પરિણામ તો પરમાત્માને હાથ છે. "

મેં લૉર્ડ સેસીલ પાસેથી રજા લીધી. કોટમાં મેં મારો મુકામ રાખ્યો હતો, ત્યાં મને પોલિસ તરફથી એક નાનો ઓરડો–ફરનીચર વડે સાધારણ શણગારેલો કાઢી આપવામાં આવ્યો. મારી સાથનાં માણસોને અલગ ઉતારો મળ્યો. સરકારના તરફથી ભોજન તથા માન સન્માનમાં કાંઇપણ ન્યૂનતા ન હતી.

મુંબઇ આવ્યા પછી ચારેક દિવસે, લૉર્ડ સેસીલનો એક નોકર મારી પાસે ચિઠ્ઠી લઇને આવ્યો. તેમાં આ પ્રમાણે લખ્યું હતું:–

" આજેજ લૉર્ડ નોરટનવાળી સ્ટીમર મુંબઇના બારામાં આવશે. તે પહેલાં તમે જલદી મને મળી જાઓ. "

" લૉર્ડ સેસીલ. "

મારા કામથી પરવારી તરતજ હું એમને મળવા ગયો. એમણે મને કહ્યું:–" આજે સાંજે સાડાચાર વાગે ' સાલસેટ ' સ્ટીમર પ્રિન્સેસ ડૉકમાં લંગર નાંખશે. તે વખતે તમે ત્યાં હાજર રહેજો. પોલિસ કમિશ્નર સાહેબને પણ મેં સૂચના કરી છે કે એ સર્વ બંદોબસ્ત કરે."

" લૉર્ડ નોરટન ક્યાં ઉતરશે ? "

" હાલ તો તેઓ અમારે ત્યાંજ રહેશે. "

" બીજે કોઇ સ્થાને જો એમને... "

" બીજે કોઇ ઠેકાણે સારી સગવડ થઇ શકે તેમ નથી અને તપાસતાં સલામતી ભર્યું સ્થાન જડતું પણ નથી. "

" હું ધારૂં છું કે કોટમાં એમને રહેવું સુગમ પડશે. "

" ના. મેં એનો પણ વિચાર કર્યો છે. ત્યાં એમને બહુ તકલીફ પડશે. વળી હું એમને મળી શકીશ નહિ. "

" ઠીક, પણ જો આપ એમની રક્ષાનો ભાર મારા પર રાખો છો, તો મુંબાઇની પોલિસ પણ મારા અધિકારમાં હોવી જોઇએ. તે વિના હું બરાબર કામ કરી શકીશ નહિ. "

" તે માટે મેં પહેલેથીજ પોલિસ કમિશ્નરને કહી દીધું છે. " લૉર્ડ સેસીલે કહ્યું.

ત્યાંથી રજા લઇ હું પોલિસ કમિશ્નરને મળવા ગયો. કમિશ્નર સાહેબ વ્હીલર ઘણા વૃદ્ધ અને ચતુર માણસ હતા. એમણે મારો ઘણો આદરસત્કાર કર્યો અને ખુરશી પર બેસાડીને કહ્યું:—

" લૉર્ડ સેસીલ સાહેબનો પત્ર મળતાંજ મેં આખા પોલિસ-ખાતાને આજ્ઞા આપી છે કે સર્વએ તમારી આજ્ઞાનું પાલન કરવું. "

" થેંક યુ વેરી મચ્ચ. " કહી આડી અવળી વાતો કરી મેં રજા લીધી. ત્યાંથી પોર્ટ (બંદર) કમિશ્નરની પાસે ગયો.

પોર્ટ કમિશ્નર મને ઓળખતાજ હતા. શેકહેન્ડ, ગુડમોર્નિંગ કર્યા પછી મેં પૂછ્યું:—" લંડનથી કોઇ સ્ટીમર થોડાજ દિવસ પહેલાં મુંબઇ આવી હતી કે નહિ ? "

" પાંચ સાત દિવસ પર એક વેપારી (કોમર્શીયલ) સ્ટીમરે લંગર નાંખ્યાનું મને યાદ છે. "

આ બાબતની તપાસ કરવાનો મારો એક જુદોજ ઉદ્દેશ હતો. નારટનના ખૂન માટે તલસનાર બદમાસો એટલું તો સમજેજ કે નોરટન હિંદુસ્તાન પહોંચ્યા પછી અત્રે આવતી સર્વે સ્ટીમરો પર સખત દેખરેખ રાખવામાં આવશે અને એ દેખરેખમાંથી બચી જવા માટે (જો તેઓ બુદ્ધિમાન હશે તો) નક્કી લૉર્ડ નોરટનના પહેલાંજ તેઓ આ દેશમાં આવી પહોંચ્યા હશે.

એક કાગળના કટકા પર તે સ્ટીમરનો નંબર, જાત અને કેપ્ટનનું નામ લખી લઇ મેં પોર્ટ કમિશ્નર સાહેબની રજા લીધી.

દશેક વાગે એક ધનવાન મારવાડીનો વેશ ધારણ કરી હું પાલવા બંદર પર ગયો. એ વ્યાપારી સ્ટીમરને ખોળતાં મને બહુ વાર ન લાગી.

ઉપર ચઢી કેપ્ટનની પાસે મારા મારવાડી નામનું મેં વિઝીટીંગ કાર્ડ મોકલ્યું.

થોડીજ વારમાં મારૂં કાર્ડ લઇ જનાર પાછો આવી મને સન્માનપૂર્વક કેબિનમાં લઈ ગયો. કેપ્ટને મને પૂછ્યું:–" આપને શું કામ છે ?"

" હું અત્રેનો એક મોટો વેપારી છું. વિલાયતની વૉલ્ટર કંપનીની સાથે અમારો વ્યવહાર ચાલુ છે, એ કંપનીની સ્ટીમર હજુ સુધી આવી પહોંચી નથી અને અમે તો માલ બાંધી રૂંધીને ઘણા દિવસ થયા બેસી રહ્યા છીએ. "

" વારૂ પણ તેનું શું છે ? "

" એજ કે, આપ મહેરબાની કરી અમારો માલ લઇ જાઓ તો તમારો..."

" જી નહિ. ચલે જાઓ, યહ હમારા જહાજ વિલ્સન એન્ડ કંપનીકા હૈ. ઉનકે હુકમ બિના હમ કીસી દુસરેકા માલ નહિ લે જા શકતા. હમકું તો ઉસ્કાહી માલ લેજાને–લાનેકા હુકમ હૈ. ''

અત્રે મારે જણાવવું જોઇએ કે અમારી બધી વાતચિત હિંદી ભાષામાંજ થઇ હતી. પરંતુ ગુજરાતી વાંચકોને સમજાવવા માટેજ હું તેને ગુજરાતીમાં ઉતારૂં છું.

કેપ્ટને કરેલું અપમાન જાણે મને સમજાયુંજ ન હોય તેમ દેખાવ રાખી મેં કહ્યું:–" કૃપા કરી આપ અમારો માલ મોકલી આપવાની વ્યવસ્થા કરો તો હું ડબલ ભાડું આપવા તૈયાર છું. "

" તે માટે મારે મારા ઉપરીને પૂછવું પડશે. "

" જૂઓની સાહેબ ! " મેં જરા ધીમેથી તેનો હાથ પકડી, જાણે તેને મહા મર્મ સમજાવતો હોઉં તેમ કહ્યું:–" આપનું પણ કંઇ કામ થઇ જશે. "

આ છેલ્લી વાત સાંભળી સાહેબનો મિજાજ જરા ઠંડો પડયો. તેણે મારૂં નામ, ઠામ, દુકાનનું શીરનામું વગેરે લખી લીધું. તે જ વખતે બે અંગ્રેજો કેબિનમાં ઘુસી આવ્યા, મારી તરફ જોઇ તેઓ

સ્તબ્ધ થયા. પછી તેઓ કેપ્ટનની સાથે ફ્રેંચ ભાષામાં વાત કરવા લાગ્યા. હું જ્યારે પોંડિચેરી ગયો હતો ત્યારે મેં ત્યાં ફ્રેંચ ભાષા સારી રીતે શીખી લીધી હતી. તેથી મને એ લોકોની વાતચિત બરાબર સમજાઇ.

મારા તરફ આંખ કરી એકે કહ્યું:–" આ વાંદરો ક્યાંથી પકડી આણ્યો ? "

" એ એક વેપારીજ છે, વિલાયત માલ મોકલવા માટે આવ્યો છે."

" મને શક લાગે છે કે એ ખરો વેપારી ન હોય. "

" હા. હા. વેપારીજ છે, તમે તેની ફીકર ન કરો. "

" કદાચ છુપી પોલીસ તો..."

" છટ્ છટ્. એ થતો મૂઓ છુપી પોલીસ. "

" પણ સાહેબ ! વિશ્વાસ સગા બાપનો કરવો નહિ. અહીં કોઇને આવવા દેવો તે સલામતી ભરેલું નથી. "

" પણ આ મૂર્ખો તો બેવડું ભાડું આપનાર છે અને જો ભાડું અને માલ બંને પચે તો તમને કાંઇ નુકસાન થવાનું છે ? "

" ધીમેથી બોલો. કદાચ એ ફ્રેંચ જાણતો હશે. "

" અરે એના બાપદાદાએ પણ ફ્રેંચનું નામ જાણ્યું નથી. "

" હશે, પણ સાવધ રહેવું સારૂં. "

થોડીવાર તેઓ ચૂપ રહ્યા. પછી તેમાંનો એક બોલ્યો. " પેલી સ્ટીમર આરકેડીઆ આજેજ અહીં આવી પહોંચનાર છે. "

" ચૂપ, એની આગળ વાત નહિ. એ સમજતો દેખાય છે. "

એ પછી તે બંને ચાલ્યા ગયા. એમની વાતચિત સાંભળી મને અત્યંત શક ઉત્પન્ન થયો. એ લોકો વેપારીના દલાલ છે કે લુટારા છે ? ગમે તેમ પણ એકવાર સંદેહ ઉત્પન્ન થયો તો છૂટવો સ્હેલ નથી.

બે ચાર વાતો કરી મેં રજા લીધી. જતાં જતાં મેં કહ્યું, "હું હમણાં માલ મોકલાવું છું, તમે ભાડું નક્કી કરી કહો. "

એણે ભાડું પણ ચાર ગણું બતાવ્યું. મેં પણ તે કબુલ કર્યું. આપવું ક્યાં હતું કે ખોટી રકઝક કરૂં ?

ત્યાંથી હું પોલિસ કમિશનર પાસે ગયો. તેને સ્ટીમરનું નામ, નંબર અને કેપ્ટનનું નામ આપ્યાં અને તે જ વખતથી સ્ટીમર 'બુલ્વર' નજરકેદ થઇ.

૨

પીછો.

ચારેક વાગે હું લૉર્ડ સેસીલની સાથે લૉર્ડ નોરટનનું સ્વાગત કરવા માટે પ્રિન્સેસ ડૉક પર હાજર થયો. પાંચ વાગે સ્ટીમર સાલસેટે આવી ડૉકમાં લંગર નાંખ્યુ.. ડૉક પરજ એક ભવ્ય દેખાવનો શાંત મુદ્રાવાળો અંગ્રેજ ગૃહસ્થ રૂમાલ હલાવતો હતો.

" એજ લૉર્ડ નોરટન ! " લૉર્ડ સેસીલે મને કહ્યું.

બે ત્રણ મીનિટમાંજ લૉર્ડ નોરટન, તેની બ્હેન જુલીઅટ તથા લેડી એલન કિનારે ઉતર્યા. એક તરફથી પોલીસ બેન્ડે અને બીજી તરફથી અમે તેમનું સ્વાગત કર્યું. પછી સર્વ એક બીજાનો પરિચય કરાવવા મંડ્યાં.

લૉર્ડ નોરટનની સાથે દોઢસો હાઇલેન્ડર બૉડીગાર્ડ હતા. તેઓએ સૈનિકોના પોષાકો પહેર્યા હતા. ફ્રાન્સનો એક ચતુર ડિટેક્ટીવ લૉર્ડ નોરટનની રક્ષાનો ભાર લઈ સાથે આવ્યો હતો. તે સર્વ એક પછી એક નીચે ઉતર્યા.

લૉર્ડ નોરટન લેડી એલનની સાથે મને ઇંટ્રોડ્યુસ કરીને (ઓળખાણ કરાવીને) બોલ્યાઃ—" આ દેશમાં તમેજ અમારા મિત્ર છો, મનુષ્યને પોતાનો પ્રાણ બહુ પ્રિય હોય છે, મારી પ્રાણરક્ષાનો ભાર તમારા ઉપર છે. "

" હું તો એક સામાન્ય નોકર છું—રાજ કર્મચારી છું. આપના જેવી જગપ્રસિદ્ધ વ્યક્તિની રક્ષા કરવાનું મારે માથે આવે તે મારૂં અહોભાગ્યજ ! મને જે કામ સોંપવામાં આવે છે, તે હું પ્રાણ જતાંયે પૂર્ણ કરવા પ્રયત્ન કરીશ. " મેં નમ્રતાથી ઉત્તર આપ્યો.

" હું જાણું છું કે ભારતવાસીઓ કામ કરવામાં આગળ પાછળ

જોતા નથી. તમે અહીંના એક રત્ન છો અને વિલાયતમાં પણ તમારી કીર્તિ ફેલાઇ છે.”

“આપની ઉદારતા માટે હું આપનો આભારી છું.” પછી લેડી નોરટનની સાથે મેં જરા વાતચિત કરી. અંતે સૌ ગાડીઓમાં બેઠાં. ગાડીઓ ચાલવા માંડી. સાથે ૨૫ હાઇલેન્ડર્સ, પોલીસ, તથા ગવર્નરના શીખ બૉડીગાર્ડ ચાલતા હતા.

લૉર્ડ સેસીલે મને પણ બેસવાનું કહ્યું. પરંતુ મેં કાંઇક બહાનું બતાવી તેમ ન કર્યું. તેમ કરવું મને યોગ્ય ન લાગ્યું.

સ્ટીમર પર લૉર્ડ નોરટનના નોકરો સામાન ઉતારવાને પાછળ રહ્યા હતા. હું તેમનું કામ જોતો ઉભો. મેં અંગ્રેજનો પોષાક પહેર્યો હતો અને તેથી હું આબેહુબ અંગ્રેજ જેવોજ દેખાતો હતો.

દશ પંદર મીનિટમાંજ ત્યાં આગળ એક સાહેબ આવ્યો. આવીને દૂર ઉભો. મોટી ટોપી અને ચસ્મા પહેરી તેણે મોં છુપાવવા પ્રયત્ન કર્યો હતો, એમ મેં તરત પારખી લીધું.

તે પાસે આવતાં તરતજ માલમ પડ્યું કે આજેજ પેલી વેપારી સ્ટીમર ઉપર જે બે યુરોપીઅનોને મેં જોયા હતા, તેમાંનોજ આ એક હ્તો. ત્યાંજ મને એના ઉપર સદેહ ઉત્પન્ન થયો હતો અને તે સંદેહ અત્યારે મજબુત થયો.

હું ત્યાં આગળ ટહેલવા લાગ્યો. પેલો સાહેબ મોંથી સીટી વગાડતો માલ ઉતારનારાઓમાં સામિલ થઇ ગયો. થોડો વખત ત્યાં ઉભા રહી તે આમનેમ ફરવા લાગ્યો. જાણે તે કોઇને શોધતો હોય એમ તેના વર્ત્તન પરથી અનુમાન થઇ શકતું હતું.

મારૂં અનુમાન સત્યજ હતું. તે થોડીવારમાં સિદ્ધ થયું. એક નોકર સ્ટીમર પરથી પેટી લઇ નીચે ઉતર્યો. સાહેબને જોઇ તે હસી પડ્યો. ઇશારતો થઇ. ઇશારતમાંજ તે બન્નેએ વાતચિત પણ કરી લીધી. હું તે સમજી શક્યો નહિ.

અંતે તે સાહેબ મારી પાસે આવી મને પૂછવા લાગ્યોઃ—(તે અંગ્રેજીમાં બોલવા લાગ્યો.)

“ આપ મહાશય ! અહિં નવાજ આવ્યા છો કે શું ? ”

મેં વિચાર્યું કે કાંઇ ઉડાવગીર જેવી વાત કહેતાં કામ ચાલશે નહિ. આથી યુક્તિ ઘડી કાઢી અને તેની સામું જોઇ હું હસી પડ્યો.

તેણે ફરી પૂછ્યું:–“ શું તમે અંગ્રેજી સમજી શકતા નથી ? ”

હવે ઉત્તર ન દઉં તો મારી ઉપર સંશય આવે તેથી હું હસી પડ્યો અને બોલ્યો:–

“ અરે હાં ! ઓળખ્યા તમને ! તમે તો મારી પ્રાણપ્યારી મેરીના મૃત્યુ વખતે ત્યાં હાજર હતા. ”

સાહેબ કાંઇ અજાયબ થયો અને બોલ્યો:–“ ક્યાં ” ?

“ ત્યાં ત્યાં ! ”

એણે પણ પાટીઆં ગોઠવવા માંડ્યાં:–“ બરોબર ઓળખ્યો મને. હું તે જ છું. ”

તે જ વખતે પેલો બીજો અંગ્રેજ ત્યાં આવ્યો. પહેલાને મારી સાથે વાત કરતો જોઇ તેણે ફ્રેંચભાષામાં પૂછ્યું:–“ જૉન ! એ કોણ છે ? ”

“ એક પાગલ ગધેડો ! ”

“ સાવધાન રહેવું એ આપણું કર્ત્તવ્ય છે. પાગલ કદાચ વેષધારી હોય તો ? ”

“ બ્હીવાની જરૂરજ નથી. તમે છૂટથી વાત કરો. ”

“ કદાચ એ છૂપી પોલિસમાંનો હોય તો ? ”

“ તો ચાલ, જરા દૂર. ”

તેઓ થોડેક દૂર જઇ બેઠા. અડધોએક કલાક વાતો ચાલી. હું સાંભળી શક્યો નહિ.

ત્યાંથી હું ચાલ્યો ગયો અને જ્યાં પેલી વેપારી સ્ટીમર પડી હતી ત્યાં આવ્યો. (એ સ્ટીમરનું નામ બુલ્વર હતું.) ત્યાં જોયું તો થોડે દૂર એક બુઢ્ઢો મુસલમાન ફકીર કુરાન વાંચી રહ્યો હતો. થોડી થોડીવારે તે પેલા સાહેબો પ્રતિ દૃષ્ટિપાત કરતો હતો. મને જોઇ તે ફકીર કંઇક હસ્યો.

ડિટેક્ટીવ પોલિસ એક ઘણું વહેમી પ્રાણી છે. તે ફકીરનું હાસ્ય જોઇ મને તરત સંદેહ ઉત્પન્ન થયો.

પછી હું સડક પર આવ્યો. પાસેજ એક ગાડી હતી. ભાડું નક્કી કરી હું તેમાં ચઢી બેઠો અને હૅાઇકૉર્ટના મેદાન તરફ દોડાવી. નોકરોની એક કોટડીમાં જઇ મેં કપડાં બદલી બંગાળી બાબુનો વેષ ધારણ કર્યો. બૅગમાંથી નકલી મુછ તથા દાઢી કાઢી લગાવી દીધાં.

ગાડીવાળાને જરા થોભવાનું કહી હું ત્યાં આમ તેમ આંટા મારવા લાગ્યો. લૅાર્ડ નોરટનના શત્રુઓ તેમજ પેલા ફકીરની હિલચાલ પર નજર રાખવી, એજ મારો ઉદ્દેશ હતો.

ફરી આવી જોયું તો તે સાહેબડા હજુ વાતો કરતા હતા, પણ બેઠા બેઠા નહિ. અત્યારે તેઓ થોડે થોડે અંતરે ઉભા રહી છાના છાના બોલતા હતા. ફકીર તો એક ઝાડ નીચે બેસી માળા ફેરવતો હતો. કોણ જાણે કયા પીરનો સદકો (શ્લોક) બબડતો હશે !

થોડીવારમાં પેલા બે અંગ્રેજો છૂટા પડયા. તેમાંનો એક તો સ્ટીમર પર ચઢી ગયો. હું તરતજ મારી ગાડી પાસે જઇ ઉપરથી મારા અંગ્રેજી વેષનાં કોટ પાટલૂન કાઢી નાંખી, (કોટ પહેર્યો હતો તે ઉતારી નાંખી) કોચમેનની સાથે બેસી ગયો અને તેને સમજાવી મૂકયો.

" અલ્યા પેલો સાહેબ તારી ગાડીમાં બેસવા માંગે તો જે ભાડું આપે તે લેજે. ઓછું હશે તો હું બાકીનું આપીશ. એને જ્યાં જવું હોય ત્યાં એ કહે તે માર્ગે લઇ જજે. "

" વારૂ સાહેબ ! તમે પણ વિચિત્ર જણાઓ છો. "

" અને મારે માટે પૂછે તો કહેજે કે..."

" અરે કોઇ પૂછતું નથી. "

" પણ પૂછે તો કહેજે કે એ મારો સાથી–સગો છે. "

આમ કહેવા માટે મેં ગાડીવાનને ઇનામની લાલચ આપી અને થોડીજ વારમાં પેલો સાહેબ ગાડી ખોળતો અમારી પાસે આવ્યો.

" ક્યું, કોટકે મેદાનમેં આવેગા ટમ ? "

" જી હાં. ચલો બૈઠ જાઓ. "

" ચાર આના કિરાયા દૂંગા. "

હુંજ એ વખતે જરા બજાજી કરવા માટે બોલી ઉઠયો:– " પાંચ આના પડેગા જનાબ. "

" નહિ હમ પેદલ જાતા. " કહી ચાલવા માંડયું.

" તબ આવોજી બૈઠ જાઓ. ચાર આના. "

" બોરીબંદર તક લેકર વહાં જાના હય. રાજી હૈ ! "

ગાડીવાનેજ કહ્યું:–" હાં રાજી હું આઇયે. "

સાહેબ ગાડીમાં બેઠો. અમે હાંકવા માંડયું, એટલામાં મને પેલો ફકીર યાદ આવ્યો. પાછળ જોઉં છું તો તે પણ અમારી પાછળ પાછળ આવતો હતો.

સૂર્યાસ્ત થયાને કલાકેક થયો હશે. પહેલાં તો મેં ધાર્યું કે બોરીબંદર આગળ એને કાંઇ કામ હશે, પણ પાછળથી જાણ્યું કે માત્ર એનો પીછો લેનારને છેતરવાને માટે એણે આવો ચક્રાવાનો રસ્તો લીધો હતો.

ઘાંચીના બળદની માફક ગાડી પેલી સ્ટીમરની પાસે આવીનેજ ઉભી. મેં નીમેલાં પોલિસનાં માણુસો હજુ બુલ્વર પર છુપી નજર રાખી રહ્યાં હતાં. સ્ટીમરના કઠેરા પર કેપ્ટન દેખાતો હતો ત્યાં ગાડીમાંથી ઉતરી સાહેબે ગાડીવાળાને એક પાવલી આપી. સ્ટીમરના કઠેરા પરથી એક સીડી નીચે ઉતરી તેને આધારે ચઢી આપણો સાહેબ કેબિનમાં અદશ્ય થઇ ગયો.

૩

એ ફકીર કોણ ?

આ સર્વ જોઇને હું સીધો પોલિસ કમિશ્નર પાસે ગયો. તેને સાથે લઇ હું કોર્ટમાં ગયો. ત્યાંથી એક સો જુવાન શીખ પેદલ સૈનિકોને લઇ પાછો બુલ્વર સ્ટીમર આગળ આવ્યો.

મને ત્યાં પહેરો ભરતા મારા પોતાના કોન્સ્ટેબલો પર ભરોંસો

નહોતો. તેઓ છૂટ્યા હોવા જોઇએ, એમ ન હોય તો પેલો સાહેબ બુલ્વરમાંથી બહારજ કેમ નીકળી શકે ?

તરત મેં આ નવા સૈનિકોને એ કોન્સ્ટેબલને કેદ કરવાનો હુકમ કર્યો અને પછી સર્વ આખી ગોદી ઘેરીને ઉભા. આટલું કરતાં એટલી ગરબડ થઇ કે બુલ્વર સ્ટીમરનો કેપ્ટન ડેક (તુતક) પર આવી " મામલા કયા હૈ ? મામલા કયા હૈ ! " એમ પૂછવા લાગ્યો.

પોલિસ કમિશ્નર મી. વ્હીલરે જવાબ આપ્યો-" સરકારના હુકમથી આજ પળે તમારી સ્ટીમરને કેદ કરવામાં આવે છે; અને જ્યાં સુધી તમે નિર્દોષ છો એવી સરકારની ખાત્રી ન થાય ત્યાં સુધી તમારામાંના કોઇથી નીચે ઉતરી શકાશે નહિ. "

કેપ્ટન એ સાંભળીને કેબિનમાં ચાલ્યો ગયો. બરાબર એજ વખતે મારા ખભા પર કોઇએ હાથ મૂક્યો. મેં ફરીને પાછળ જોયું તો તે મુસલમાન ફકીર હતો. પહેલેથીજ એને જોઇ મને શક ઉત્પન્ન થયો હતો, કે એ એક બનાવટી ફકીર છે.

મેં પાછું જોયું કે એ ફરીથી હસ્યો, અને બોલ્યો-" કેમ પીછાન છે કે ? "

" જોયા છે તમને; પણ કયાં તે યાદ નથી. "

" સંભવ છે કે તું મને ભૂલી જાય. થોડાજ વખતની ઓળખાણ છે એટલે ભૂલી પણ જવાય પણ હું કંઇ એમ ભૂલી ન જાઉં. "

" તમે કોણ છો ? "

" હું ગમે તે છું, પણ તું તો ડિટેક્ટીવ હર્ષદરાય છે, એમ હું ખાત્રીથી કહું છું. "

આ વેષધારી ફકીર અંગ્રેજીનું પાકું જ્ઞાન ધરાવતો હોય એમ એના શબ્દોચ્ચાર પરથી લાગ્યું. એનો વિશેષ મર્મ જાણવા મેં કહ્યું.

" તમે જે સાહેબનો પીછો પકડ્યો છે તેમજ મેં પણ પકડ્યો છે. હું ધારૂં છું કે એનો કોઇ ખૂની કેસમાં હાથ છે. તમારો એની પાછળ પડવામાં શો ઉદ્દેશ છે, તે જાણીને હું ખુશી થઇશ. આપને કાંઇ વાંધો ન હોય તો મને કહેશો. "

તે ફકીર મને થોડે દૂર લઇ જઇ કહેવા લાગ્યો–" હું એક વેષધારી મનુષ્ય છું એમ આપે બરાબર અનુમાન કર્યું છે. શા માટે આ સાહેબની પાછળ પડયો છું તે સમય આવે જણાવીશ અત્યારે તો એટલુંજ કહું છું કે તમારા ઉદ્દેશ કરતાં મારો ઉદ્દેશ વધારે ઉત્તમ છે...પણ એ બધી નકામી વાતોનું શું પ્રયોજન છે ? હું જરૂરનીજ વાત કરીશ. કારણ કે સમય ઘણો કીંમતી છે. "

" કંઇ નહિ આપ છૂટથી બોલો. "

" પહેલું તો એ કે તમે આ સ્ટીમરને નજરકેદ કરી છે તે ખોટું કર્યું છે. કારણ કે લૉર્ડ નોરટનનું ખૂન કરનારાઓએ વિલાયતમાંજ એ કાર્યને માટે મોટું ગુપ્તસૈન્ય તથા ગુપ્તચક્ર ઉભું કર્યું છે. જો આ સાહેબ તે જ સૈન્યમાંનો હોય તો નક્કી અહીં એના અનેક સહાયકો હોવા જોઇએ. તેઓ જો સ્ટીમર પર નહી હોય તો અવશ્ય તેઓને સ્ટીમરમાં ન આવવાને તથા નાસી જવાને આ લોકોએ ચેતવણી આપીજ હશે અને તેઓ પોતાનો હેતુ પૂર્ણ કરવાને કાંઇ બીજીજ તદબીર રચી રહ્યા હશે. તેથીજ મારી સમજ પ્રમાણે તો આ કામ સારૂં થયું નથી. આ લોકોની છુપી હીલચાલ ઉપર ગુપ્ત રીતે સખત દેખરેખ રાખવી એજ માત્ર તમારે કરવાનું હતું. "

" પણ જેને દેખરેખ રાખવા નીમું છું તે જ ફુટી જાય છે, તે માટે શું કરવું ? "

" બધાએ સરખા હોય નહીં, તમારી જગ્યાએ હું હોઉં તો એ ફુટેલાઓનોજ ઉપયોગ ફોડનારની સામે કરૂં. " ફકીરે કહ્યું.

એની ચતુરાઇ તથા છટાથી હું જરા મહાત થયો. મેં વિચાર્યું કે " આ માણસ લૉર્ડ નોરટન માટે આટલો કેમ ઉત્સુક તથા ચિંતાતુર રહે છે ? મેં ભૂલ કરી તેથી શત્રુને ફાયદો થયો હશે તેમાં એ શા માટે આટલો દુઃખિત થાય છે ! "

એનો વિચાર કરતાં મારૂં મન આકુળવ્યાકુળ થવા લાગ્યું. મેં કહ્યું–" બેશક, સ્ટીમરને નજરકેદ કરવામાં બહુ ઉતાવળ કરી તે સારૂં

ન થયું. પરંતુ આ વખતે તેમ કર્યા સિવાય બીજો કોઇ ઉપાય નહોતો."

"ઉપાય તો ઘણાએ હતા પણ..."

"પણ તે ન ગોઠવાયાને લીધે પશ્ચાત્તાપ કરવો એ મારો સ્વભાવ નથી. માત્ર આપને વિનંતિ છે કે આપનો પરિચય આપી મને આભારી કરશો."

"અત્યારે મારો પરિચય લઇને શું કામ છે ? વળી કોઇવાર વખત આવશે અને મળીશું ત્યારે હું તમને મારો પરિચય આપીશ."

એટલું કહેતાં કહેતાં તો એ અદ્રશ્ય થઇ ગયો. તે એવી રીતે વાત કરતો હતો કે હું મહા પ્રયત્ને પણ તેની જાત પારખી ન શક્યો. એ વખતેજ મી. વ્હીલર મારી પાસે આવી પહોંચ્યા.

"પેલો ફકીર કોણ છે ?"

"કોઇ વેષધારી ચતુર માણસ !"

"તે શું કહેતો હતો ?"

"વિચિત્ર માણસ છે. એનામાં કોણ જાણે શું રહસ્ય છે ! એ આપણી સર્વ વાત જાણે છે. પણ એણે પોતાનો પરિચય ન આપ્યો. એનો ઉદ્દેશ પણ કાંઇ બુરો જણાતો નથી."

"જો એ સંદેહભર્યો માણસ આપને માલુમ પડતો હોય તો હું એને પકડવાનો હુકમ આપું."

"ના ના, એવી જરૂર નથી." મેં કહ્યું. મને લાગ્યું કે "એને પકડવો હોય તોયે આકાશને પાતાળ કદાચ એક કરવાં પડે."

એટલામાંજ કોઇ ભારે ચીજ દરિઆમાં પડી હોય એવો મોટો અવાજ થયો. અમે ગભરાઇને સ્ટીમરને જોવા લાગ્યા, પણ અંધકારને લીધે બીજું કાંઇ માલુમ પડ્યું નહિ. સિપાઇઓની પાસે ફાનસ હતું. તેનું અજવાળું દરિઆના પાણી પર પાડ્યું પણ કોઇ વસ્તુ અથવા મનુષ્ય જળમાં વહેતું દેખાયું નહિ. મને માત્ર શક ભરાયો.

અમે ધાર્યું કે કોઇ માણસ પાણીમાં કૂદી પડ્યું હશે. મેં સ્ટીમર પરનાં માણસોને બુમ પાડી. એટલે કેપ્ટન બહાર આવ્યો. કેટલાક બીજા ખલાસીઓ પણ ડેક (તુતક) પર આવ્યા. . . .

" ક્યા મામલા હૈ ?" તેમણે પૂછ્યું.

" તમારી સ્ટીમરની અત્યારે તપાસ કરવામાં આવશે; માટે અમારા માણસોને તમારે અટકાવવા નહિ. " પોલિસ કમિશ્નરે જવાબ આપ્યો.

ઉંચે સ્વરે ગર્જીને કેપ્ટન સાહેબે બોલવા માંડ્યું:-

" આપ સાહેબો ભલા આદમીઓની સાથે-જેન્ટલમેન સાથે-આવું વર્તન કેમ ચલાવો છો ? તે સમજાતું નથી. આ વિલ્સન એન્ડ કંપનીની સ્ટીમર ઇંગ્લાંડથી માલ લઇ અત્રે આવેલી છે. પોર્ટ (બંદર) કમિશ્નર સાહેબને એની પહેલેથીજ ખબર આપેલી હતી. આપને જો ભરોંસો પડતો ન હોય તો ખબર કઢાવો. અહિં આવી અમે કાંઇ કસુર કરી નથી છતાં આપ શાથી વહેમ ધરાવો છો ? હું આશા રાખું છું કે આપ અમને વ્યર્થ કષ્ટ નહિ આપો. "

મી. વ્હીલર એ સાંભળી જરા ઠંડા પડ્યા. એમની એવી દશા જોઇ મેંજ જવાબ આપ્યો:-

" આપને તકલીફ આપવાનો અમારો ઇરાદોજ નથી. આ તપાસ ચલાવવાનું પ્રયોજન એ છે કે લંડન બંદરમાં એક શેઠીઆની રૂપિઆ પંદર લાખની મીલકત ચોરાઇ છે અને રાજાજ્ઞાથી અમને તપાસ કરવાનો હુકમ થયો છે. આપ જાણતા હશોજ કે અમારાથી રાજાજ્ઞાનું ઉલ્લંઘન ન થાય. "

" તપાસ કરવાની આપની ઇચ્છાજ હોય..."

" ઇચ્છા નહિ. સાહેબ ! જરૂર અથવા ફરજ કહો. "

" હા, જો આપને જરૂર તપાસ કરવી પડે તેમ હોય તો કાલે સવારે કરશો. અત્યારે તો અમને આરામ કરવા દો અને જોઇએ તો સ્ટીમર પહેરામાં રાખો. " કેપ્ટને કહ્યું.

હું કેપ્ટનની ચાલાકી સમજી ગયો. અમને વાતોમાં નાખી વિલમ્બ લગાડી પોતાના માણસોને સાવધાન થઇ જવાનો વખત આપવો એવો એનો ઉદ્દેશ હતો. મેં એ ઉદ્દેશ તોડી પાડ્યો.

" અમારે અત્યારેજ તપાસ કરવાની જરૂર છે. "

એટલું કહી હું મી. વ્હીલર તરફ ફર્યો અને તેને જલદીથી માણુસો લઇ સ્ટીમર પર ચઢી તપાસ કરવાનું આગ્રહપૂર્વક કહ્યું.

ચાળીસ સૈનિકોને લઇ મી. વ્હીલર સ્ટીમર પર ચઢવા માટે તૈયાર થયા—સ્ટીમર પાસે ગયા.

" સીડી ઉતારો, અમારે અત્યારેજ આવવું છે."

મી. વ્હીલરના આજ્ઞા જેવા શબ્દો સાંભળી કેપ્ટને ગુસ્સો દર્શાવી કહ્યું:—" તમે લોકો જે રાજાજ્ઞાને આધારે આ સ્ટીમરની તપાસ કરો છો તે આજ્ઞાનું પત્રક અમને પ્રથમ બતાવો. તે સિવાય યાદ રાખજો કે પ્રાણ જતાં સુધી પણ તમારામાંના કોઇને પણ અમે ઉપર ચઢવા દઇશું નહિ."

એ ક્ષણ અટકી અભિમાનથી ડોકું ધુણાવીને તે બોલ્યો:—" અમે બ્રિટન્સ છીએ. આ વહાણ બ્રિટીશ છે, બ્રિટીશ !"

એટલામાંજ એક બીજો ધબાકો સંભળાયો. પહેલાંના જેવોજ એ અવાજ હતો. જાણે કોઇ મોટી વજનદાર વસ્તુએ જલસમાધિ લીધી હોય, એમ મને લાગ્યું.

અંતે મારા હુકમથી સૈનિકોમાંના કેટલાક સ્ટીમરના ખીલા, ખીલી, દોરડાં પકડી ઉપર ચડી ગયા. તરતજ હું ઉપર ચઢયો અને કેપ્ટનની સાથે કેબિનમાં ઘુસ્યો. જોતજોતામાં અનેક માણુસો ચઢી આવ્યાં. કારણ કે હવે ઉપર ચઢેલાઓએ સીડી ઉતારી દીધી હતી.

કેબિનમાં સામેજ એક મોટું ટેબલ હતું. કેપ્ટન ત્યાં જઇ ખુરસી પર બેસી કાંઇક લખવા લાગ્યો. અમે તપાસ કરી તો માલુમ પડયું કે પેલા બે સાહેબ, જેના ઉપર મને શક ઉત્પન્ન થયો હતો તેમાંનો એક પણ ત્યાં નહોતો.

કેપ્ટન તો લખતોજ રહ્યો. અમે આખી સ્ટીમર જોઇ વળ્યા પણ પેલા બે જણનો તો પત્તોજ મળ્યો નહિ. મને ખાત્રી થઇ કે આ સ્ટીમર લૉર્ડ નોરસ્ટનના શત્રુઓની છે. મેં તરત તેના પર પહેરો મુકાવી દીધો. હુકમ વિના કોઇથી સ્ટીમર બહાર જવાય નહિ, એવી ગોઠવણ કરી નાંખી

અમે ફરી કેબિનમાં ગયા. આશ્ચર્યની વાત છે કે હજુ પણ કેપ્ટન તો લખ્યાજ કરતો હતો. અમે ખુરસી પર બેસી તેને પૂછ્યું:-

" આપનું નામ શું ? "

" કેપ્ટન સ્મીથ વિલ્સન ! "

" આ સ્ટીમર કોની છે ? "

" વિલ્સન એન્ડ કંપનીની ! "

" એમાં શું આવ્યું છે ? "

" કાપડની ગાંસડીઓ. "

" વિલાયતમાં લૉર્ડ નોરટનનું નામ આપે સાંભળ્યું તો હશે. " અમે પોઇન્ટ પર આવવા માંડ્યું.

એ નામ સાંભળતાંજ કેપ્ટને એક તીરછી નજર અમારા પ્રતિ નાંખી. હું સમજ્યો કે નક્કી એ લૉર્ડ નોરટનનું નામ જાણે છે; છતાં પણ એ જુઠું બોલશેજ.

" નહિજી, નોરટન કોણ ? "

" વારૂ, સાચું બોલજો. આ સ્ટીમર પર બીજા બે અંગ્રેજ જેન્ટલમેન હતા તે હમણાંજ ક્યાં ચાલ્યા ગયા ? "

" કયા જેન્ટલમેન ? "

" અજ્ઞાન ન થાઓ. એમાંના એકનું નામ જ્હૉન છે અને બીજાનું નામ શું છે તે હું જાણતો નથી; પણ જોતાં ઓળખીશ ખરો. તેઓ ક્યાં છે ! "

" આ સ્ટીમરમાં અમારા સિવાય બીજું કોઇ નહોતું. તમે ક્યાંથી જાણ્યું કે બીજા માણસો પણ હતા; તમે તેને ક્યાં જોયા ? "

આજ ક્ષણે ગોદીથી થોડે દૂર બંદુકનો અવાજ થયો. હું અને મી. વ્હીલર દોડીને ડેક (તુતક) પર આવ્યા તો અમારી સામેથીજ એક નાવડું સડસડાટ ચાલ્યું જતું અમે જોયું.

આ 'બુલ્વર' સ્ટીમર પર પણ કેટલીક લાઇફ બોટો હતી. તેમાંથી એકને મેં પાણી પર ઉતરાવી. સખત પહેરો ભરવાની તાકીદ આપી હું એ લાઇફ બોટનો નાવિક બન્યો અને સપાટાબંધ જતા

જોલી જૉલી બોટની પાછળ પડચો. હું ધારતો હતો કે પેલા બે સાહેબો પાણીમાં કૂદી પડી નાવડામાં બેસી નાસી જાય છે.

મારી બોટ પાસે આવતાંજ પેલી જૉલી બોટવાળાએ પોતાની દિશા ફેરવીને ઝડપ વધારી. હું પણ તેટલાજ વેગથી તેની પાછળ પડચો. પુનઃ તે બોટની પાસે પહોંચ્યો અને મેં પિસ્તોલ કાઢી.

" ઓ સાહેબો ! બોટ રોકો. નહિ તો (શત્રુ હો યા મિત્ર હો પણ) ગોળી ચલાવીશ. " બોટ પ્રતિ નેમ તાકી હું મોટેથી બોલ્યો.

મારા શબ્દ સંભળાતાંજ તે નાવડું ધીમું પડયું અને બીજીજ ક્ષણે તે ઉભું રહ્યું.

" અંદર કોણ છે ? જલ્દી સામે આવો. "

કોઇ દેખાયું નહિ.

" ભીતર કૌન હૈ ? ફુર્તીસે બાહિર આ જાઓ. " મેં પુનઃ ગર્જના કરી કહ્યું.

એક ક્ષણમાં એક ડોકું બહાર આવતું દેખાયું. પૂર્ણ બહાર આવતાં તે બોલ્યું:—" કોણ ? ડિટેક્ટીવ મી. હર્ષદરાય છો કે ? માફ કરજો સાહેબ ! "

જોતાંજ મેં એને ઓળખ્યો. એ પેલો વેષધારી વૃદ્ધ મુસલમાન ફકીર હતો !

" આપે કોનો પીછો પકડચો છે ?" મેં પૂછ્યું.

" જેનો તમે પીછો લીધો છે તેનોજ ! હું ધારું છું કે હવે તમને તમારી ભૂલ માલુમ પડી હશે. પહેલેથીજ કેદ કરવાનો પ્રયત્ન કર્યો ન હોત તો તમે એ લોકોની સર્વ હીલચાલ પકડી શકતે. "

" પણ દુશ્મનને વખત આપવો તે શું સારું ગણાય ? "

" તે તો નહિજ. પરંતુ એ લોકોની સામે કાંઇ પ્રમાણ નથી કે જેથી તેઓ નોરટન સાહેબનું ખૂન કરવા ઇચ્છે છે, એમ સિદ્ધ થાય. કાયદો જોતાં તો માત્ર સાંભળેલી વાત પર આધાર રખાતો નથી. તમારે એ સ્ટીમર પર સખત દેખરેખ રાખવી હતી અને લૉર્ડ નોરટનના માણસોનું રક્ષણ કરવું હતું. આ લોકો લંડન પાછા જવા

માણે તો જવા દેવા હતા. અહિં ન આવતે તો એઓ ત્યાં જઇ કાંઇ બીજુંજ કાવતરૂં રચતે. પણ હવે તો આ શત્રુઓ નોરટન સાહેબને એવી રીતે સપડાવી શકશે કે તમને તેઓની હીલચાલની ખબર પણ પડશે નહિ."

આ ફકીરની ચાલાકીથી હું આશ્ચર્ય પામ્યો.

" જણાય છે કે લૉર્ડ નોરટનની સર્વ વાતોથી આપ જાણીતા છો—મારા કરતાં વધારે વાકેફ છો. તો આપને આપનો પરિચય આપવામાં શી હાનિ છે ?" મેં કહ્યું.

" મેં તો પહેલેથીજ જણાવ્યું છે કે હું લૉર્ડ નોરટનનો એક શુભચિંતક છું."

" આવા શુભચિંતક તો વિરલાજ હોય છે."

" એ વિરલામાંનો એક તમે ભલે મને ગણો."

" આપનું નામ બતાવવાની કૃપા કરો તો..."

" આ વખતે તે બતાવવું હું યોગ્ય ધારતો નથી."

" હું ધારૂં છું કે પોલિસખાતામાં તમે એક પ્રખ્યાત વ્યક્તિ હશો." મેં તેનું નામ કઢાવવાને આડાં અવળાં પગલાં લેવા માંડયાં.

" મેં તમને કહ્યું છે કે અત્યારે હું કોઇજ નથી. વારૂ સ્ટીમર પરથી જે બે માણસો કુદી પડયા તેમના ઉપર તમે નજર રાખી હતી?"

" કુદવાનો અવાજ સાંભળ્યો પણ તે માણસોને નજરે જોયા નથી."

" તે પછી બંદુકનો બાર સાંભળ્યો હતો ?"

" હા, હું ધારૂં છું કે તમેજ તે કર્યો હશે."

" સાંભળો. મેં પહેલેથીજ આ સ્ટીમર પર ચોકી રાખવા માટે એક નાવડું રાખ્યું હતું. પેલા માણસો કુદી પડયા તેવોજ હું તેમની પાછળ પડ્યો. તેઓ મારો ઉદ્દેશ સમજી ગયા. તેઓ તરીની સાથે તરવા લાગ્યા. મેં બંદુક તાકી તેઓને કહ્યું:—" તમે ઊભા રહેશો નહિ તો આ ગોળી હમણાંજ છુટશે." તેઓએ ડુબકી મારી તેથી મારી ગોળીનો બાર ખાલી ગયો. હું ધારૂં છું કે તે બીજે કોઇ ઠેકાણે નીકળ્યા હશે."

" અત્યારે તેમની પાછળ પડવું નકામું છે. હું પાછો સ્ટીમર પર જાઉં છું. " મેં કહ્યું.

" હા, તમે જાઓ અને સ્ટીમર પર ચોકી રખાવો. "

એમ કહી તેણે નાવડું એક દિશાએ ચલાવ્યું. હું વિચાર કરતો ને મનમાં મુંઝાતો બીજીજ દિશા તરફ હલેસાં મારવા લાગ્યો.

४

વૉરંટ.

(લૉર્ડ સેસીલના શબ્દમાં.)

લૉર્ડ નોરટનના મુંબઇ આવ્યા પછી બેએક અઠવાડિયે વિલાયતના લૉર્ડ ચેન્સેલરનો નીચે લખેલો તાર મને મળ્યો:–

" યૉર્ક નગરના સુપ્રસિદ્ધ ધનીક વતની જ્યૉર્જ મિલ્ટનના પુત્ર સ્મીથે અહિંની કોર્ટમાં લૉર્ડ નોરટનની વિરૂદ્ધ એક ભયંકર પણ સંગીન પાયાદાર મુકર્દમો આણ્યો છે.

તે કહે છે કે આશરે છ મહિના પર એના પિતા જ્યૉર્જ મિલ્ટન લૉર્ડ નોરટનની સાથે સ્કૉટલાંડ ગયા હતા, તે ત્યાંથી ફરી આવ્યાજ નથી. હાલમાંજ ' ટો ' નદીને કીનારે એક હાડપિંજર મળી આવ્યું છે. કોઇ કોઇ કહે છે કે એ જ્યૉર્જ મિલ્ટનનુંજ મુડદું છે. સ્મીથ જાતે પણ એમજ કહે છે. અંતે લૉર્ડ નોરટન ઉપર પોતાના પિતાનું ખૂન કરવાનો આરોપ મૂકે છે. અમને ખાત્રી છે કે આ વાત સત્ય હોઇ શકશેજ નહિ. મહારાજા વિલિયમ પણ એ વાત માનવા નાખુશ છે; પરંતુ જો લૉર્ડ નોરટન એ આરોપ વિરૂદ્ધ સખત દલીલ ન બતાવી શકે તો લાચાર! અમારે તેવે વખતે કાયદાને માન આપવુંજ પડે. હવે ઇશ્વર જે કરે તે ખરૂં "

" આ વાત લૉર્ડ નોરટનને જણાવી, તેઓ શું કહે છે, તેની અમને તાર મારફતે ખબર આપશો.

લૉર્ડ ચાન્સેલર

લંડન. "

આ ખબર મળતાંજ હું લૉર્ડ નોરટનને મળવા ગયો. લૉર્ડ નોરટન, લેડી એલન અને જુલીયટ એક ખંડમાં બેસી ભિન્ન ભિન્ન રસિક વાતો કરતાં હતાં.

લૉર્ડ નોરટને મને મારી ઉદાસીનું કારણ પૂછ્યું:–" જુલીયટ તો ઉઠી મારા તરફ આવી અને શેકહેન્ડ કરી અત્યંત આગ્રહથી મારી ઉદાસીનતાનું મૂળ જાણવા પ્રયત્ન કરવા લાગી. કોણ જાણે શાથી, જુલીઅટ અને હું એક બીજાને પહેલીજ વાર જોયા પછી અનન્ય સ્નેહથી આકર્ષાતાં હતાં. એનું સરલપણું, ચંચળતા અને સહદુઃખિતા (Sympathy) મને ગમી ગયાં હતાં મારા હૃદયમાં એણે સ્થાન કર્યું હતું.

" નહિ, કાંઇ વિશેષ નથી. માત્ર લૉર્ડ નોરટનની સાથે એક જરૂરની વાત કરવી છે એટલુંજ. " એમ મેં જવાબ આપ્યો.

" તમારે વાત કરવી હોય તો થોડીવાર એકાંતમાં ચાલો. " લૉર્ડ નોરટન મારી પાસે આવી શેકહેન્ડ કરતા બોલ્યા.

એકાંતમાં જઇ મેં એમને કહેવા માંડ્યું:–" આજે આપને એક અશુભ સંદેશો સંભળાવવાનું કામ મારે માથે આવ્યું છે...... હું ધારૂં છું કે તમે એ કાર્યમાં તદ્દન નિર્દોષ હશો. "

મારા શબ્દ સાંભળતાંજ તેઓ ચોંકી ઉઠ્યા અને બોલ્યા:– " વળી મારો જીવ લેવા માટે બીજું કંઇ કાવતરૂં રચવામાં આવ્યું છે કે શું ? જે હોય તે આપ કહી દો. શું એવો તો કાંઇ સંદેશો નથીને ? "

" ના, એ વાત છેજ નહિ; પરંતુ એનાથી વધારે ભયંકર એક રચના છે અને તે આપના શત્રુઓનીજ હોવી જોઇએ. "

" જે હોય તે આપ જલદી કહી નાંખો, કે જેથી આ પાર કે પેલે પાર નીકળી જવાય. "

મેં દીલગીર ચહેરે સંદેશો કહી સંભળાવ્યો. નોરટનના મુખ પર આશ્ચર્ય ને ભયનાં ચિહ્નો સ્પષ્ટ જણાવા લાગ્યાં. હું પુરૂં કહી ન રહ્યો એટલામાંજ લેડી એલન ત્યાં આવી પહોંચી અને કહેવા

લાગીઃ–" વ્હાલા નોરટન ! તમે કેમ ઉદાસ દેખાઓ છો ? વળી શું આપત્તિ આવી છે ? મને સર્વ સાફ કહી દ્યો. મારૂં હૃદય તે જાણવા તલપાપડ થઇ રહ્યું છે."

લૉર્ડ નોરટને મુખ પર બનાવટી હાસ્ય આણ્યું અને કહ્યું:– "એલન ! તું શા માટે આટલી ડરે છે ? ડર રાખવાની જરૂર નથી. ઇશ્વર જાણે છે કે–જીસસ સાક્ષી છે કે–મેં કદી એવું કામ કર્યું નથી. હું કદી પણ કોઇનું ખૂન કરી ખૂની થયો નથી. નક્કી એ મારા શત્રુઓનું કાવત્રુંજ હશે. લૉર્ડ સેસીલ ! હવે આપને શું કહેવાનુ છે ?"

હું કાંઇ બોલું તે પહેલાંજ એલન અત્યંત વ્યગ્રતાથી કહેવા લાગીઃ–" પ્રિય નોરટન ! મને કાંઇ સમજ પડતી નથી. શું છે તે મને સાફ કહો."

" તો સાંભળ; વિલિયમના માણસોએ એક બીજો ખેલ માંડ્યો છે. તેઓ કહે છે કે યૉર્ક નિવાસી જ્યૉર્જ મિલ્ટનનું ખૂન મેં ૭ મહિના પર કર્યું હતું અને તેનું હાડપિંજર હાલમાં હાથ લાગ્યું છે. વળી બીજી પણ સાબિતીઓ તેમણે તૈયાર કરી છે..."

" ઓહ ગૉડ ! આ શું ? શું લૉર્ડ નોરટન ખૂની ? એ બનેજ કેમ ? નહિ, નહિ ! તમે નિર્દોષજ છો. ઇશ્વર તમારી રક્ષા કરશે."

મેં હિંમત આપતાં લેડી એલનને કહ્યું:–" લેડી ! તમે ધીરજ ધરો. એમાં કાંઈ ગભરાવાની વાત નથી. તમારે વિપદ્ સમયે હિંમત ન હારવી જોઇએ. મારે હજુ બીજું પણ કહેવાનું છે."

" ઓહ ! આપને હજુ બીજું શું કહેવાનું છે ? કૃપા કરી હવે ઝટપટ કહી નાંખો."

" હું ધારૂં છું કે તમારે થોડાજ વખતમાં વિલાયત પાછાં જવું પડશે."

" શા માટે ?"

" રાજાની આજ્ઞા."

" મહારાજા વિલિયમની અમારા ઉપર કૃપા વિશેષ છે. તેઓ શું આવી ક્રૂર આજ્ઞા કરશે ?"

" મહારાજા તથા તેમની કૅબીનેટ (મંત્રીવર્ગ) આપના ઉપર ખાસ મહેરબાની રાખે છે તેમાં કાંઈ સંદેહ નથી. પરંતુ કાયદો એક અત્યંત કઠણ વસ્તુ છે અને તેમાં પણ વળી ઈંગ્લાંડનો કાયદો તો રાજા કે રંક–પુરૂષ કે સ્ત્રી સર્વની પાસે શીર નમાવરાવે છે. "

" માઇ લૉર્ડ ! " એલન ઉંચે જોઇ બોલી:–" અમે તારે આધીન છીએ. "

" જો તેઓએ આરોપ આણ્યોજ હશે તો તો મારે અવશ્ય જવુંજ પડશે. " લૉર્ડ નોરટને કહ્યું.

મારી તરફ ફરીને એલને પૂછ્યું:–" તમને એવી કોઇ આજ્ઞા મળી છે ખરી ? "

" નાજી. હજુ મળી નથી પણ–"

" પણ શું ? " એલન ધ્રુજતી હોય એમ લાગ્યું.

" પણ તે જલદીજ મળશે. કદાચ આજકાલજ વૉરંટ આવશે. "

આ વાત સાંભળીને એલન બેહોશ થઇ ગઇ.

૫

ખુનનો કેસ.

(ધી ' લંડન ટાઇમ્સ ' માંથી ટુંકો ઉતારો.)

લગભગ છ માસ થયાં યૉર્ક–નિવાસી જ્યોર્જ મિલ્ટન ગુમ થઇ ગયો છે. લૉર્ડ નોરટન સાથે એને ગાઢ મૈત્રિ હતી. તેઓ બંને એક દિવસ સ્કૉટલેંડ ગયા હતા. ત્યાર પછી મિલ્ટનનો પત્તો નથી.

હાલમાં 'ટે'નદીને કિનારે જે હાડપિંજર હાથ લાગ્યું છે, તે જ્યોર્જ મિલ્ટનનુંજ છે, એમ ઘણાઓ તેમજ તેનો પુત્ર સ્મીથ પણ છાતી ઠોકી કહે છે. સ્મીથ તો એમ પણ કહે છે કે લૉર્ડ નોરટનને મિલ્ટનનું ખૂન કરતાં જોનારા સાક્ષીઓ પણ એની પાસે છે.

જો આ બનાવ સત્યજ હોય તો મનુષ્ય પ્રકૃતિ સમજવી કેટલી કઠણ દેખાય છે ? લૉર્ડ નોરટન જેવો માણસ ખૂન કરે, એ કેવી અસંભવિત વાત ! અવશ્ય આ બીનામાં કોઇ ગહન રહસ્ય છે એમ

જણાય છે. મિસ. એશ્લનની સાથે એનાં (નોરટનનાં) લગ્ન થયા પછી ઘણાં મનુષ્યો એનો જીવ લેવા તત્પર થયાં છે.

ગમે તેમ હોય પણ ઉક્ત ઘટના-સત્ય હોય તો લૉર્ડ નોરટનને તરતજ હિંદથી પાછા ફરવું પડશે.

* * *

આપણા દયાળુ મહારાજા વિલિયમે અત્યંત દુઃખથી લોર્ડ નોરટનને એક પત્ર લખ્યો છે. તેમાં તેઓ તેમને માટે સારો અભિપ્રાય તથા કરૂણા દર્શાવે છે. અમને આશા છે કે લૉર્ડ નોરટન જેવો સર્વ–પ્રિય સજ્જન આ આપત્તિમાંથી નિર્દોષ ઠરીને માન સાથે છુટશે.

સર હર્બર્ટ સ્પેન્સર (વિલાયતના મુખ્ય જજ) ની સન્મુખ જ્યોર્જ સ્મીથે જે ફરીયાદનામું રજુ કર્યું હતું તેનો ટુંકો ઉતારો.

૧ હું યોર્ક નિવાસી જ્યોર્જ મિલ્ટનનો પુત્ર જ્યોર્જ સ્મીથ મારી ફર્યાદમાં જણાવું છું કે ગયા સપ્ટેમ્બર માસમાં લૉર્ડ નોરટન અમારે ત્યાં આવ્યા હતા. મારા પિતા સાથે એમને સારી મિત્રતા હતી. તેમણે એક દિવસ એકાંતમાં ખૂબ વાતો કરી અને આખરે તેઓ મારા પિતાને સાથે લઇને સ્કૉટલાન્ડ ગયા. તેઓ એક માસ પછીજ આવવાના હતા.

૨ બે માસ થયા પણ મારા પિતા જ્યોર્જ મિલ્ટન પાછા ફર્યા નહિ. મને ખબર મળી છે કે લૉર્ડ નોરટન તો ક્યારનાયે પાછા ફર્યા હતા. એ બાબતનો એક પત્ર લૉર્ડ નોરટન તરફથીજ મારા પર આવ્યો હતો તે પણ અવલોકન માટે હું હાજર કરૂં છું.

૩ એ પછી મેં તપાસ કરવા માંડી. ધીમે ધીમે સિદ્ધ થતું ગયું કે લૉર્ડ નોરટનજ મારા પિતાનો ખૂની છે; તેની દલીલો નીચે પ્રમાણે છે.

ક. ટો નદીને કિનારે એક હાડપિંજર નીકળ્યું છે. ત્યાંજ આગળ થોડા વખત પર લૉર્ડ નોરટન, જ્યોર્જ મિલ્ટન તથા એક અજાણી સુંદર સ્ત્રી વચ્ચે બોલાચાલી થઇ હતી અને તે પછી

ત્યાં ફરતા માણુસોએ નદીમાં કોઇ ભારી ચીજ પડવાનો અવાજ સાંભળ્યો હતો.

ખ. તે જ રાત્રે નવ વાગે એક બે માછીઓએ લૉર્ડ નોરટનને નદીમાં મડદું નાંખતાં જોયેલ હોવાથી તેણે તેમને મારી નાંખવા માણુસો રાખ્યાં હતાં, તે પણ પુરવાર કરવા મારી પાસે પુરાવાઓ મોજુદ છે.

ગ. તે પછી વીસેક દીવસે માછલી પકડતાં એક માછીએ મુડદું કહાડયું હતું. તે કોહેલું હોવા છતાં તેના શીર પરનો તરવારનો ઘા ચોકખો જણાય છે અને આપને સંશય હોય તો તે દૂર કરવા માટે જે ડાકટરે મારા પિતાનો એ ઘા રૂઝવ્યો હતો તેનું પણ લખાણ હાજર કરૂં છું.

ઘ. ઉપર્યુક્ત સ્ત્રીનું નામ ' મેરીઆ લુઇસા. ' નોરટન એની સાથે પરણવાને ઉત્સુક હશે પણ લુઇસાના પિતા જોસેફ રોબર્ટની અનુમતિ ન હતી. તે છતાં તેઓ ગુપ્ત રીતે લગ્ન કરવાને તૈયાર થઇ ગયાં હતાં.

ઙ. એ ભેદમાં મારા પિતાને મેળવવા લૉર્ડ નોરટન મારા પિતાને પોતાની સાથે લઇ ગયો અને કાંઇક વાંધો પડતાં એણે તેનું ખૂન કર્યું છે.

૪ આખરે નોરટન તથા લુઇસાએ છાનાં લગ્ન કર્યાં. તે કાયદેસર ન હોવાથી લુઇસાને જુદી રાખવામાં આવી; તે હજુ હયાત છે. જરૂર હોય તો બોલાવી શકાશે.

૫ પછી લૉર્ડ નોરટને ફરીથી એલન નામની અન્ય સ્ત્રીથી લગ્ન કર્યાં છે અને તેની સાથે તે હિંદુસ્થાન સહેલ કરવા ગયા છે.

અંતે એજ કહેવાનું કે અનેક દલીલોથી લૉર્ડ નોરટન મારા પિતાનો ખૂની સિદ્ધ થાય છે માટે આશા છે કે, તેમને જુબાની આપવા માટે અત્રે પાછા બોલાવવામાં આવશે.

(લૉર્ડ સેસીલના શબ્દમાં)

એ પછી તરતજ મારા ઉપર તાર આવ્યો હતો કે તમે લૉર્ડ

નોરટનને હિંમત આપી અત્રે પાછા ફરવાનું કહેજો. એક દિવસ પછી મારા ઉપર મહારાજા વિલિયમના નામથી વૉરન્ટ આવ્યું.

વૉરન્ટ લઇ હું સીધો લૉર્ડ નોરટન પાસે ગયો. એક એકાન્ત ખંડમાં તે બેઠા હતા. મેં દીનમુખે વૉરન્ટ આપ્યું. તેણે તે ઉકેલ્યું અને વાંચ્યું.

" વેસ્ટમીન્સ્ટર, કેસલ.
૧૭ મી માર્ચ ૧૮૩૫

તમે લૉર્ડ નોરટન, યૉર્ક શહેરવાસી જ્યૉર્જ મિલ્ટનનું ખૂન કરવાના અપરાધમાં એક તરફી દ્રષ્ટિથી દોષિત ગણાયા છો. આથી તમને આજ્ઞા કરવામાં આવે છે કે એ કેસમાં જુબાની આપવા માટે તમારે મે માસના ૧ લી તારીખે સદરહુ અદાલતમાં હાજર થવું.

આ વૉરન્ટ ચાલુ થતાં તમને સામાન્ય અપરાધી તરીકેજ લેખવામાં આવશે.

કિંગ વિલિયમ. "

વૉરન્ટ જોઇને લૉર્ડ નોરટનનો ચહેરો ફીકો પડી ગયો અને ધીરે ધીરે તે ખુરસી પર બેસી ગયા.

૬

લુઇસા કોણ છે?

(એલનની ડાયરીમાંથી)

પૂર્વ વૃત્તાંત.

તા. ૨૦ મી સપ્ટેંબર ૧૮૩૪

આજે કેટલાક દિવસ થયાં લૉર્ડ નોરટન દીલગીર દેખાય છે, કારણ પૂછું છું, તો જવાબ નથી. અમારા લગ્નને એ માસનીજ વાર છે. મેં શું અપરાધ કર્યો હશે કે મારી સાથે રીસાયા?

આવીને મને કહે છે " હું જાઉં છું. " હું પૂછું કે " ક્યાં? "

તો કહેશે નહિ. મારા પર આવો અવિશ્વાસ શાથી ? શું મને દુ:ખ ન લાગે ?

× × × × ×

ગઇ સાંજે વિલિયમ મને મળવા આવ્યો. મને એણે બહુ સમજાવી. અમારી વચ્ચે આ પ્રમાણે વાતચિત થઇ.

" હું તને ચ્હાઉં છું. વિલિયમ ! પણ એક ભાઇ તરીકે ! મારા પ્રેમમાં સ્વાર્થની બુંદ નથી. પણ મને એજ પ્રમાણે એક બ્હેન તરીક ચ્હાશેને ? "

" જાતે દોષિત હોઇ અન્યને નિર્દોષ રહેવાનો બોધ કરવો તે કાંઇ સારૂં કે ? તું મને નિઃસ્વાર્થી રાખવા માગે છે. તું જાતે તારા હૃદયને જોઇ શકે છે ? શું તે નિઃસ્વાર્થી છે ? "

" હું કેવી રીતે સ્વાર્થી છું તે જરા મને સમજાવશો ? "

" મારી સાથે લગ્ન ન કરવા માટે તારે કોઇ કારણ હશે. મારામાં કાંઇ ખોડ હશે તે ખોડ લૉર્ડ નોરટનમાં ન હશે. તે સંપૂર્ણ હશે તો તું એનો સંયોગ ઇચ્છે તે તારો સ્વાર્થ નહિ કે ? " વિલિયમે કહ્યું.

" મારા ઉપરનો તમારો પ્રેમ એ મારા સ્વાર્થમાં ડુબી ગયો." મેં જવાબ આપ્યો.—" એ મારો અપરાધ હું કબુલ કરૂં છું કે હું સ્વાર્થી છું. "

એક ક્ષણ અમે ચૂપ રહ્યા.

" વારૂ, તો તમારાં લગ્ન ક્યારે થશે ? "

" ૨૦ મી નવેમ્બરે. "

" ક્યાં થશે ? "

" લૉર્ડ નોરટનની ઇચ્છા સ્કૉટલાંડમાં લગ્ન કરવાની હતી; પરંતુ મહારાજા તથા મહારાણીની લંડનમાં લગ્ન થાય એવી ઇચ્છા છે. "

" એમ શા માટે ? "

" એઓશ્રી જાતે આવીને લગ્નમંડપ પવિત્ર કરશે, એવી એમની ઇચ્છાથી અમે લંડનમાં લગ્ન કરવાનું કબુલ રાખ્યું છે. "

" મારી પણ એજ ઇચ્છા છે, હુંયે હાજર રહીશ."

" વિલિયમ ! શું તું હાજર રહેશે ? તું મને ચ્હાય છે તો મારાં લગ્ન અન્યની સાથે થાય ત્યારે તું ત્યાં હાજર રહી શકશે ખરો ? શું તને તે વખતે કષ્ટ નહિ થાય ?"

" હવે કષ્ટમાં બાકી શું છે ? એલન ! આશા ગઇ કે કષ્ટની પરાકાષ્ઠા થઇ. હવે મેં નિરાશાનો સ્વીકાર કર્યો છે ને મનને મજબુત કરી લીધું છે. હું તને તે દિવસે આપણા પવિત્ર પ્રેમના ચિહ્ન તરીકે એક ભેટ આપીશ. શું તું તે સ્વીકારશે ?"

" નક્કી સ્વીકારીશ. અત્યંત આદરથી સ્વીકારીશ."

" તે ભેટ હું અત્યારે સાથે લાવ્યો છું. જો, તને તે ગમે છે કે નહિ ?" એમ કહી એણે એક અતિ સુંદર, નકશીદાર, રત્નજડિત દાબડી મારા હાથમાં મૂકી. દાબડી પર લખ્યું હતું:—" **આંતરિક પ્રેમના ચિહ્ન તરીકે ભગિની એલનને સ્નેહપૂર્વક અર્પણ.**"

તે દાબડીમાં એક મૂલ્યવાન હાર તથા વીંટી હતાં. તેની કીંમત ગણુતાં અડધો લાખ થવા જાય. મારૂં હૃદય વિલિયમ માટે ઉભરાયું. શા માટે મને તે આ આપે છે, તે હુ સમજી ન શકી. વિલિયમ ધનવાન છે, સુંદર છે, સ્વભાવે નમ્ર છે, ગુણવાન છે અને તેનો પ્રેમ પણ નિઃસ્વાર્થી છે; પરંતુ હું કહેવાને અસમર્થ છું કે એ મને આટલી બધી ચ્હાય છે છતાં હું એને કેમ ચ્હાઇ શકતી નથી ? ના, હું ચ્હાઉં છું તો ખરી; પણ પ્રેમ કરી શકતી નથી.

મેં ભેટની દાબડી પાછી આપતાં સજળ નેત્રે કહ્યું:—(જો કે વિલિયમે તે લેવા હાથ લંબાવ્યો નહિ.)

" હું તારી ઋણી છું. વિલિયમ ! તુંજ સંસારમાં સુખનો અનુભવ મેળવી શકે છે મારે આ તારી અમૂલ્ય ભેટની તૃષ્ણા—અપેક્ષા નથી, એ પાછી લઇ લે."

વિલિયમે લીધી નહિ. અંતે તે મેં રાખી.

" તારા પર મારો પ્રેમ છે. તારૂં હું શુભ ઇચ્છું છું. તારા પ્રેમનું દરેક પાત્ર મારો પ્રેમ મેળવશે. એલન ! પ્રિય બ્હેન એલન !

શું તુ મને લૉર્ડ નોરટનની મુલાકાત કરાવીશ ? ”

“ અવશ્ય ! હું તમારૂં પરસ્પર ઓળખાણુ કરાવી આપ
એમ થવાથી નોરટન તમને કંઇક અંશે ઓળખી જશે. ”

“ લૉર્ડ નોરટનની ઇચ્છા હોય તોજ તુ તેની સાથે ર
ઓળખાણુ કરાવજે...હું જાઉં છું. ” વિલિયમ ગયો.

વિલિયમની વૃત્તિમાં આવું પરિવર્તન ! ખરેખર મેં આવા ?
ફારની આશા રાખી ન હતી ! મેં ઇશ્વરને ધન્યવાદ આપ્યો ર
એની એ વાત હૃદયમાં જાગૃત રાખી.

પ્લેમાઉથ. તા. ૬ ઠ્ઠી અકટોબર ૧૮

વચમાં નોરટન સ્કૉટલાંડ ગયા હતા. શા માટે ? અને કય
તે પૂછતાં જવાબ મળ્યો:–‘ હાલ કૃપા કરી મને એ પૂછશો ન
સમય આવે તે પોતાની મેળેજ જણાશે. ”

પ્રિય નોરટનને ઉદાસ દેખી આજે મેં પીઆનો વગાડી ર
રીઝવવાનો પ્રયત્ન કર્યો પણ વ્યર્થ ! કોણ જાણે શું ગુપ્ત આ
હશે ? તે કાંઇ પણ સમજાતું નથી.

પ્લેમાઉથ. તા. ૭ મી અકટોબર ૧૮

આજે સવારે એ ફરવા ન આવ્યા. ટપાલની વાટ જોતા બે
રહ્યા. ટપાલમાં કાંઇ નવીન ખબર આવવાની હશે, એવો મ
મનમાં શક ભરાયો. હું એકલી નીકળી.

પાધરી હું ટપાલ ઑફિસમાં ગઇ. અમારા ટપાલીને શોધી તે
પાસેથી કાગળો લીધા. ટપાલમાં એક કાગળ સ્કૉટલાંડથી આવે
હતો. તેણે મારૂં ધ્યાન ખેંચ્યું. શીરનામાના અક્ષર કોઇ સ્રીના હાથ
લખાયલા હતા. એ કાગળના સંબંધમાં મને શક પડયો. કાગ
ટપાલીને પાછા આપી હું ધીમે ધીમે ઘેર આવી.

નીચેજ નોરટન મારી વાટ જોતા હતા. મને એકલી ફ
આવેલી જોઇ તે આનંદ પામ્યા–આનંદી દેખાયા.

“ એલન ! આજે તેં મહાન સાહસ કર્યું છે. એકલી ફરવા ભ
તેં તારા ભયનો ત્યાગ કર્યો છે. મહારાણી તને મોટું ઇનામ આપશે

હું માત્ર હસી. આટલાજ વખતમાં એમની ઉદાસી શાથી ચાલી ગઇ ? શું પેલો સ્કૉટલાંડવાળો પત્ર એ સર્વનું કારણ હશે ? હું કાંઇ પણ સમજી શકી નહિ.

મારી સાથે ઘણી આડી અવળી રસિક વાતો કરી, એ બાથ-રૂમમાં ગયા. હું ઉપર ગઇ ત્યાં ટેબલની નીચે કેટલાક કાગળના કકડા પડ્યા હતા. તે ગોઠવીને મેં વાંચવા પ્રયત્ન કર્યો. હું આટલુંજ બરાબર ગોઠવી શકી–" ભૂલશો નહિ......મારૂં જીવન......આપની દયા......જીવનનો સાથી......ચંચલ હૃદયનો વિશ્વાસ......નહિ... અત્યંત દુ:ખી છું........."

બીજા બધા કકડા સેળભેળ થઇ ગયા હતા. તેને હું મેળવી શકી નહિ. વળી એક કકડો મળ્યો, તેમાં લખ્યું હતું કે:–

લી. અતિ દુ:ખી
આપની લુઇસા.

બસ, એજ પત્ર પેલી સ્કૉટલાંડવાળી કોઇ સ્ત્રીનો હોવો જોઇએ. મેં એના કવર પર જેવા અક્ષર જોયા હતા તેવાજ તે પત્રમાં પણ હતા. પત્રનું લખાણ જોઇ મારૂં ચિત્ત ચકડોળે ચઢ્યું. " ચંચળ હૃદયનો વિશ્વાસ થાય નહિ." અને " આપની લુઇસા " એ શબ્દોએ મારા મગજમાં કાંઇ કાંઇ વિચારો આણ્યા.

" લુઇસા એમની તે કોણ હશે ? શું મારા કરતાં અધિક પ્રિય એમને બીજી કોઇ મળી હશે ?...હાસ્તો ! નહિ તો શા માટે કોઇ અપરિચિત સ્ત્રી એમને આવું આવું લખે...જો આવુંજ કરવું હતું તો મને શા માટે ' પ્રિય ' કહીને ભરમાવી ?...મને શા માટે આમ છેતરી ? "

" હજુ પણ વખત છે. હજુ અમારાં લગ્ન થયાં નથી, તો આપેલો કોલ તોડી શકાય એમ છે. એક બીજાનું મન મળ્યું ન હોય તો લગ્નથી જોડાવામાં શું ફળ ? "

પ્લેમાઉથ તા. ૮ મી અક્ટોબર ૧૮૩૪

આજે એમણે સર્વ વાત ખોલીને મને કહી. મેં પુછ્યું, હું ટપાલ

ઑફિસે ગઇ હતી ત્યારે, ચીઠ્ઠી ગોકની વાંચવા માંડી તે, બધું એમને કહ્યું.

" મેરીઆ લુઇસાને હું ઓળખું છું. તે સ્કૉટલાંડમાં રહે છે. અમે એક બીજાં પર બહુ હેત રાખીએ છીએ; પણ તેમાં તારે ચિંતા કરવાનું કાંઇ કારણ નથી...યાદ રાખજે કે લૉર્ડ નોરટનનું હૃદય નિર્મળ છે. તેને ડાઘ લાગશે નહિ. "

મને ખાત્રી થઇ. હવે હું નોરટનને દેવ સમાન માનું છુ. દેવના અવતાર રૂપ ગણું છુ.

૭

લૉર્ડ નોરટનનો બચાવ.

(એલનની ડાયરીમાંથી)

પૂર્વ વૃત્તાંત.

લંડન. તા. ૨૨ મી સપ્ટેંબર ૧૮૩૪

કાલે અમારો લગ્ન સમારંભ પૂર્ણ થયો. લગ્ન વખતે ત્યાં વિલિયમ હાજર હતો. મેં તેનો પરિચય તેમને કરાવી દેવા ઇચ્છયું; પણ વિલિયમે કહ્યું:–" ફરી કોઇ વાર પરિચય કરીશું. "

આજે એણે વળી એક બીજી ભેટ મોકલી છે. એક સોનાની ચેઇન ! (સાંકળી–અછોડો) અને તે લૉર્ડ નોરટનને માટે !

લંડન. તા. ૧૫ મી ડીસેમ્બર ૧૮૩૪

કાલે સાંજે અમે ગાડીમાં બેસી ફરવા ગયાં હતાં. એક એકાંત રસ્તે ગોળીનો બાર સંભળાયો. અમારી ગાડીનું શિખર તૂટી પડયું. નોરટનની હૅટને (ટોપીને) પાડી નાંખી એક ગોળી પસાર થઇ. અમે પોલિસમાં ખબર આપી–બહુ તપાસ કરી; પણ તે પિસ્તોલ ફોડનાર હાથ લાગ્યો નહિ કે ઓળખાયો પણ નહિ.

આજે લંડનની છૂપી પોલિસનો માણસ આવી કહે છે કે–એ કામ વિલિયમ આમ્બર્ટનું જ છે. હું જાણું છું–મને ખાત્રી છે કે, વિલિયમનું હૃદય આટલું નીચ નથી. હું એ પોલિસનું કહ્યું માની

શકતી નથી અને મેં વિલિયમ વિષે બીજી બે ચાર વાતો કહી તે જ્યાં નોરટન એ પોલિસના માણસના કહેવા પર કંઇક અંશે વિશ્વાસ રાખે છે.

લંડન. તા. ૧૭ મી ડીસેમ્બર ૧૮૩૪

કાલે અમે ફરતાં હતાં ત્યારે અમને એક પાદરી મળ્યો. રાત્રિના બે એક પ્રહર વીત્યા હશે એણે અમારી પાસે ભિક્ષા માગી. અમારી પાસે તે વખતે કાંઇ ન હોવાથી અમે તેને ઘેર તેડી લાવ્યાં. તેને નીચે ઉભો રાખી અમે ઉપર ગયાં. એને આપવાને માટે નીચે પૈસા મોકલ્યા, તો તે પાદરી ન મળે!

અમને સંશય ઉત્પન્ન થયો. પેલા ગોળીના બારવાળા દિવસ (તા. ૧૫ મી) પછી અમે એક ડિટેક્ટીવને હંમેશને માટે રાખ્યો હતો. તે સિવાય બીજા પણ અનેક પોલિસો અમારી રક્ષા માટે જુદા જુદા વેષમાં ફરતા હતા.

અમે પેલા પાદરીને ખોળી રહ્યાં હતાં. ત્યારેજ અમારા ડિટેક્ટીવ ડેવિસને આવી પૂછ્યું:–" આપની સાથે પેલો પાદરી હતો તે કયાં ગયો?"

" અમે પણ તેનેજ ખોળી રહ્યાં છીએને!"

નોરટને કહ્યું:–" તેતો ગુમ થએલો દેખાય છે."

" એને જોતાંજ મને શક પડચો હતો. એ બનાવટી પાદરી માલમ પડતો હતો. તમારી પાસે એણે શું માગ્યું?"

" ભિક્ષા!"

" પણ હું એને અડધો કલાકથી જોતો હતો. તે વખતે એણે બીજા કોઇ પાસે ભિક્ષા માગી ન હતી. તમારી પાસેજ શા માટે માગી? એ કોઇ તમારો ઓળખીતો છે?"

" નહિજ!"

" ત્યારે તો એ પૂરો બદમાસ હોવો જોઇએ."

" હું તો એમજ ધારતો હતો પણ એલને તેના ઉપર દયા બતાવી..."

" હશે, એ ક્યાં ગયો ? તે હવે હું શોધી કહાડીશ. "

ડેવિસન ગયો. અમે પણ નિદ્રા લેવા ઉપર ગયાં. દશેક વાગે ડેવિસને આવી કહ્યું:-" તેનો કાંઇ પત્તો લાગ્યો નથી. હજુ અમે તપાસ કરીશું. "

રાત્રે એકએક વાગે અચાનક હું ઝબકીને જાગી. કંઇક અવાજ થયો હતો. જોયું તો ઘરમાં ઘોર અંધકાર ફેલાયલો હતો. હું અંધકારમાં દીવો સળગાવવાનો વિચાર કરતી હતી એટલામાં ઘરમાં કોઇ મનુષ્ય આમતેમ ફરતું હોય, એમ મને લાગ્યું. મને પગના ઘસારા સંભળાયા.

મારી નિદ્રા તદ્દન ઉડી ગઇ. મેં આંખો ચોળીને ઉઘાડી. ઉઘાડીને જોયું તો શું દીઠું ?

સામેજ એક ચકચકાટ મારતો લાંબો છરો અને તેને હાથમાં રાખનાર એક ભયાનક મોંવાળો વિકટાકાર માણસ, માણસ નહિ પણ રાક્ષસ !

પાછળની ભીંતની બારી જે અમે હંમેશ બંધ કરી દઇએ છીએ તે ખુલ્લી હતી. પહેલાં તો મને લાગ્યું કે આ સ્વપ્ન હશે—અથવા ભ્રમ હશે; પણ-

" ખબરદાર ! જો મોંઢેથી એક શબ્દ પણ કહાડ્યો તો આ કાતિલ છરો તારા કલેજાની આરપાર..."

એ શબ્દોએ મારી શુધબુધ ઉરાડી મૂકી. હું ધ્રુજવા લાગી. મારી સર્વ શારીરિક શક્તિ જાણે ઉડી ગઇ. મારી અને છરાની પ્રત્યે વારંવાર જોતો-તીક્ષ્ણ દૃષ્ટિ નાંખતો-તે માણસ ધીમે ધીમે નોરટનના બિછાના તરફ ગયો. હાય ! શું એ તેમનું ખૂન કરશે ?

એક વિજળીનો આંચકો આવ્યો હોય તેમ હું ધડકી ઉઠી; પણ એક ક્ષણમાં મેં મનને મજબુત કરવા માંડ્યું. બધી હિંમત ભેગી કરી બિછાના પરથી હું ધીમે ધીમે ઉઠી. ચાદર લઇ હું તે ખૂની તરફ દોડી અને એવી કળાથી ચાદર તેના છરા પર અને મોં પર નાંખી કે તેનો હાથ તેમાં લપેટાઇ ગયો અને તેને એ કાઢે તે

પહેલાં મેં ચીસ પાડી નોરટનને જાગૃત કર્યા.

ખૂની નાસવા લાગ્યો. નાસતાં નાસતાં એણે નોરટનને છરો મારવા પ્રયત્ન કર્યો; પણ અણી એક તકીઆમાં ઘુસી ગઇ. ખૂની બારીએથી ઉતરી પડ્યો પણ ઉતરતાં ઉતરતાં ધબ દઇને અવાજ થયો. મેં ધાર્યું કે એને ઠીક શિક્ષા થઇ.

બેએક ક્ષણમાંજ નીચે હોહા થતી સાંભળી. એક પછી એક પાંચ પિસ્તોલના બાર સંભળાયા. અમે ફાનસ લઇ નીચે આવ્યાં તો જોયું કે ડિટેક્ટીવ ડેવિસન પેલા ખૂનીની છાતી પર ચઢી બેસી ગળું દબાવી રહ્યો હતો. પાસેજ લોહી વહેતું હતું અને ભોંય લાલ થઇ હતી.

અંતે ડેવિસને ખૂનીને મુશ્કેટાટ બાંધ્યો. તેના ગજવામાંથી એક પત્ર અને પિસ્તોલ નીકળ્યાં. કેટલીક મોટી મોટી ચાવીઓ પણ હતી.

" હું અહિંજ ફર્યા કરતો હતો. " અમે ડેવિસનને પૂછ્યું એટલે તે કહેવા લાગ્યો:–" મને ખાત્રી હતી કે એ પાદરી આજે કાંઇ કારસ્થાન કરશે. બાગની આસપાસ ફરતાં મેં રાત્રે એક વાગે પૂર્વ તરફ કાંઇ અવાજ સાંભળ્યો. જાણે કોઇ દિવાલની ઉપર હાથ થાબડતું હોયને ! આપના પહેરેગીરોએ પણ તે અવાજ સાંભળ્યો હતો. મેં તપાસ કરી અને કરાવી પણ કાંઇ પત્તો લાગ્યો નહિ.

" એકાદ કલાક વહી ગયો. પુનઃ કાંઇ અવાજ આવ્યો. કોઇની ચીસ સંભળાઇ. મેં ધાર્યું કે અવશ્ય એ લેડી એલનનો સાદ છે. ઉપર જોયું તો તમારા ખંડની બારી ખુલ્લી હતી. મારા મનમાં ભયંકર સંદેહ ઉત્પન્ન થયો. કોઇનું ખૂન થયું હોય એમ મને લાગ્યું.

" એટલામાંજ બારી પર કોઇ દેખાયું. તે બારીએથી નીચે ઉતરવા લાગ્યું. મને ખાત્રી થઇ કે એજ ખૂની છે. હવે થવાનું તો થઇ ગયું પણ મારે ખૂનીને તો પકડવોજ જોઇએ, એમ ધારીને હું સજ્જ થતો હતો, એટલામાં દૈવયોગે–આપણાં સુદૈવથી અને ખૂનીને કમનસીબે–ખૂનીનો હાથ છટક્યો અને તે નીચે પડ્યો.

" તે તરત ઉઠીને નાસવા માંડતો હતો એટલામાંજ મેં એને ઝાલ્યો અને નીચે પટક્યો. તમે પિસ્તોલના જે બાર સાંભળ્યા તે

એની પિસ્તોલના હતા. મેં એનો હાથ એવી રીતે ઝાલ્યો હતો કે તેમાંના એક પણ બારે મને નુકસાન કર્યું નહિ; પણ ઉલટી એક ગોળી એનેજ વાગી બેઠી. તે પછી શું થયું, તેતો તમે જાણોજ છો."

"વારૂ. ત્યારે એ ખૂની ઉપર આવ્યો તે વખતે સીડી કે દોરડું ત્યાં પડયુંજ હશે ?" ડેવિસને વર્ણન પૂરૂં કર્યા પછી મેં પૂછયું.

"ચાલો. આપણે જોઇએ." નોરટને કહ્યું.

"નાજી. એ આપનું કામ નહિં. તે હું જોઇ આવું છું."

તોયે અમે ફાનસ લઈ બારીની નીચે ગયાં.

લોખંડના મોટા મોટા ખીલા ભીંતમાં ઠોકયા હતા. દરેક ખીલાના માથા પર રબરની ટુકડીઓ બેસાડેલી હતી. હવેજ અમને સમજાયું કે ખીલા ઠોકતાં અવાજ બહુ મોટો કેમ ન થયો ?

× × × × ×

લંડન. તા. ૧૮ મી ડીસેંબર ૧૮૩૪.

અંતે ખૂનીને કેદ કરવામાં આવ્યો. તેનું નામ શું છે, તેને કોણે નિયત કર્યો છે, એ નિયત કરનારનું નામ શું છે, તે શું કરે છે, ક્યાં રહે છે, એવા અનેક પ્રશ્નો તેને પૂછવામાં આવ્યા. પણ તેણે બિલકુલ જવાબ ન આપ્યો.

એ માટે એને ઘણીએ તકલીફ આપવામાં આવી. ઘણોયે રીબાવવામાં આવ્યો પણ એના મોંથી કાંઇ વાત નીકળી નહિ.

બીજે દિવસે અમે ડેવિસનને એ ખૂનીને પકડવા માટે સારો બદલો આપ્યો.

૮

શું એ કામ વિલિયમ અલબર્ટનું હતું ?

(બેલની ડાયરીમાંથી.)

પૂર્વ વૃત્તાંત.

આખર અમે ઉપર આવ્યા, ત્યારે નોરટનને પેલો ખૂનીવાળો

પત્ર યાદ આવ્યો. ડેવિસન પાસે મંગાવી તે વાંચ્યો. વાંચતાં કોઇપણ માણસની ખાત્રી થાય કે વિલિયમ અક્ષબર્ટ એક મહા દુષ્ટ વ્યક્તિ છે પણ પ્રભુ જાણે, શાથી મારૂં હૃદય તે માનતું ન હતું અને માનતું નથીજ.

હરિ ! હરિ !! શું વિલિયમ આવો ક્રૂર હશે ?

મને થાય છે કે એ પત્ર ખોટો હોય તોયે હું તેને અહિં ઉતારી લઉં. કોઇ દિવસ પણ ઇશ્વરેચ્છાથી વિલિયમની પવિત્રતા સિદ્ધ થાય, ત્યારે હું એ પત્ર નોરટન આગળ ધરી શકું તો ખરી. દશેક દિવસ પર તે લખાયલો હતો.

લંડન. તા. ૭ મી ડીસેંબર ૧૮૩૪.

" પ્રિય મહાશય !

આજ આપનો પત્ર મળ્યો. બહુ આનંદ થયો.

આપના કામનો રિપોર્ટ મને જલદી ન મળવાથી, ઘણી ચિંતા થતી હતી અને એમ ઘણીવાર થાય છે હવેથી એમ ન થવું જોઇએ.

નોરટન અને એલનનાં લગ્ન થઇ ગયાં છે. લગ્નોત્સવમાં હું હાજર હતો. મનુષ્ય પોતાની પ્રિય વસ્તુને અન્યના હાથમાં સોંપી ન શકે, પણ મેં તેમ કર્યું છે, એટલુંજ નહિ પણ બંનેને કંઇક ભેટ પણ આપેલ છે.

ઇશ્વરે મનુષ્યનું હૃદય એવું તે કેવું બનાવ્યું હશે કે તે કોઇ વખત ' કુસુમથી પણ કુમળું ' અને કોઇ વખત ' વજ્રથી પણ વધુ કઠણ ' બની જાય છે ?! મારી પણ દશા એવી થઇ. અસ્તુ !

આપે જે બાબતનો પ્રસ્તાવ કર્યો છે તે માટે લખવાનું કે મનુષ્ય હમેશાં પોતાના શત્રુનો સંહારજ ઇચ્છે છે. જનસ્વભાવજ એવો છે. હું પણ મનુષ્ય છું. જો કે હું જાન લેવા ઇચ્છું છું તોયે તેને તે માટે સમય આપવો ઉચિત છે. બંનેએ સરખાં થઇ એકનો પ્રાણ આપવો તે જ યોગ્ય ગણાય...આપને યોગ્ય લાગે તેમ કરજો.

ઘણાં માણસ નિમાયાં છે. કામ ઠીક ચાલી રહ્યું છે. આળસુ અને બીકણ જેવા માણસોને કાઢી મૂકયા છે, છાતીવાળાને એઓ

રાખતા જાય છે. તેમાં હું ઘુસીશ. મનુષ્ય જે ન કરી શકે તે હું કરીશ.

બીજું એ છે કે એ માટે ઘણા ડિટેકટીવો રોકવા પડશે. હુંયે યુરોપ જઇશ. કદાચ પહેલે મહિને પેરિસ રહીશ. પછી ઇટાલી જવા વિચાર છે. મને બિલકુલ સમય મળશે નહિ, આથી ઉક્ત કાર્યનો સઘળો ભાર તમારા ઉપર છે.

હું ધારૂં છું કે તમે ચતુરાઇથી તમારી ફરજ બજાવશો. તમારો પગાર વધારવાને મેં સેક્રેટરી પર લખ્યું છે. પણ યાદ રાખજો કે વિપક્ષી દળને હરાવવું એ આપણી ફરજ છે.

લી૦ સ્નેહાંકિત

વિલિયમ અલબર્ટ "

આ એનો પત્ર. એમાં અમારાં ખૂન માટે કોઇ પણ ખાત્રીદાર સૂચના દેખાતી નથી. પણ શું કરૂં ? નોરટનનો મત ફેરવવા જેટલી મારી પાસે સાબિતી પણ નથી.

એ પત્ર વાંચ્યા પછી અમારી વચ્ચે નીચે મુજબ વાતચિત થઇ હતી.

નોરટનઃ—કેમ, આ પત્ર વાંચીને પણ શું તારી ખાત્રી થતી નથી કે વિલિયમ ખૂની છે ?! "

મેં કહ્યું:–" મને કાંઇ બરાબર સમજાતું નથી. પત્ર કોઇ બીજા કામ માટે લખાયો હશે. "

'પણ અંદર ખૂનની અને ડિટેક્ટીવની વાત ચોકખી લખી દીધી છે ને ?"

" તોયે એનો સ્વભાવ એટલો બધો નીચ હોય, એમ હું માની શકતી નથી. "

" એક આદમી મને મારી નાંખવા ઘર પર ચઢીને આવ્યો. તેની પાસેથી પત્ર મળ્યો. પત્ર લખેલો વિલિયમના હાથનો છે છતાં તું માનતી નથી ? "

હું કાંઇ બોલી નહિ. થોડીક મિનિટો શાંતિમાંજ વહી ગઇ.

" એલન ! "

મેં એમની સામું જોયું. એ કાંઇ બોલ્યા નહિ. વળી પાછા વિચારમાં પડ્યા. મને બહુ આશ્ચર્ય લાગ્યું.

" એલન ! હું હિંદુસ્થાન જવા ધારૂં છું. શું તું આવીશ ?"

" ઘણી ખુશીથી ! જ્યાં આપ, ત્યાં હું !"

" ગમે તેમ પણ કોઇક મારી પાછળ પડ્યું છે, એતો નક્કીજ છે. મહારાજા તથા લૉર્ડ ચાન્સેલરે પણ મને એવીજ સલાહ આપી છે."

" હું પણ તે પસંદ કરૂં છું. આપણે ભયમાં રહેવું ન જોઇએ."

લંડન. તા. ૨૦ મી ડિસેંબર ૧૮૩૪.

આજથી અમે હિંદુસ્થાન તરફ ઉપડવા તૈયારીઓ કરવા માંડી છે.

(પૂર્વ વૃત્તાંત પૂર્ણ.)

૯

ભીષણ સંદેશો.

(લૉર્ડ સેસીલના શબ્દમાં.)

લૉર્ડ ચાન્સેલરની તરફથી ઉક્ત વૉરન્ટ મળ્યા પછી ત્રીજે દિવસે નીચે લખેલા સમાચાર આવ્યા:—

" અહીંના પોલિસ કમિશ્નર પાસે આવીને બે માણસોએ જુબાની આપતાં કહ્યું છે કે 'અમે જ્યૉર્જ મિલ્ટનનું ખૂન કરતાં નોરટનને અમારી નજરોનજર જોયા છે.' લૉર્ડ નોરટનને તેઓ ઓળખે છે.

મિલ્ટનનો પુત્ર સ્મીથ પેલી મેરીઆ લુઇસા નામની સ્ત્રીની શોધ કરી રહ્યો છે. તે સ્કૉટલાંડમાં હાર્બર શહેરમાં રહેતી હતી. હાલ ક્યાં રહે છે, તેની ખબર ન હોવાથી એનો પત્તો નથી. તપાસ કરતાં એના ઘરમાંથી લૉર્ડ નોરટનના લખેલા ઘણા પત્રો મળ્યા છે, એ સાંભળી અમે તથા મહારાજા મોટી ચિંતામાં પડ્યા છીએ.

મહારાજાના હુકમ પ્રમાણે આપ તરતજ લૉર્ડ નોરટનને કેદી બનાવી મોકલી આપો. આજકાલ મહારાજા એમના ઉપર નાખુશ થયા છે. તેમની આજ્ઞાનો અમલ તરત કરજો.

લૉર્ડ ચાન્સેલર."

તાર મળતાંજ હું પાધરો લૉર્ડ નોરટનના ઉતારા તરફ ગયો. "ઘણુજ અફસોસની વાત છે કે લૉર્ડ નોરટન જેવા પ્રખ્યાત, ઉદાર અને પ્રતિષ્ઠિત ગૃહસ્થ–અમીરને એક સામાન્ય ખૂની તરીકે મારે કેદ કરવા પડે છે ! હાય ! કાળ, તારૂં ચક્ર વિચિત્રજ છે !" જતાં જતાં મને આવા વિચારો આવ્યા.

બહારના ખંડમાં લૉર્ડ નોરટન ન હતા, બારી પાસેના ટેબલ પરજ માથું નાંખી વિચારમાં જરા જરા હસતે મુખે કોઇક બેઠું હતું.

તે કોણ હતું ?

પ્રિય વાંચક ! તે કહેવાની હજુ જરૂર રહે છે ખરી ? જુલીઅટે મારી સામું જોયું અને હસી. મારા મનની સ્થિતિ તે ન જાણી જાય, તે માટે મેં મુખ ઉપર બનાવટી હાસ્ય આણ્યું અને ત્યાંથી તરતજ ઉપર ચાલ્યો ગયો. એ કોઇ કામના ઉંડા વિચારમાં ન હોત તો મારી પાછળ અવશ્ય આવત.

ઉપર શયનગૃહમાં લેડી એલન સૂતી હતી. હાથમાં પુસ્તક હતું પણ વંચાતું ન હતું. છત તરફ નજર રાખી તે કાંઇક ઉંડા વિચારમાં પડી હતી.

મેં તેને તાર વંચાવ્યો–સમજાવ્યો.

તાર વાંચતાંજ "હાય ! મેરીઆ લુઇસા ! શું તું મારી આવી દશા કરશે !...હાય ! એ બધું શું સાચું હશે ?..."

એલન બેહોશ થઇ ગઇ.

હવેજ મને લાગ્યું કે આ વાત એલનને જણાવવામાં મેં મોટી ભૂલ કરી હતી–મૂર્ખાઇ કરી હતી. તે વખતે મને ભય લાગ્યો, પણ થયું તે થયું. મેં તરત એના મોં પર પાણી છાંટી પંખા વડે પવન નાંખવા માંડ્યો, પાસે કોઇ નોકર ન હોવાથી ઘંટ (ઘંટડી) વગાડ્યો. નોકર, ચાકર, ખાનસામા, કોચમેન વગેરે સર્વ ત્યાં દોડી આવ્યા. તેમને મેં જુલીઅટને બોલાવી લાવવાનું કહ્યું. એલનને જોતાંજ તેનો ચહેરો ઉદાસ થઇ ગયો.

"એ તો સહજ બેહોશી આવી ગઈ છે. તમે જરા બાંડી

લાવી મોં પર ઘસો." રાજાનો સંદેશો કદાચ સંભળાવવો પડે તે ભયથી મેં એની ઉદાસી ઉરાડવા કહ્યું.

એટલામાંજ નોરટન ત્યાં આવી પહોંચ્યા.

"મી. સેસીલ! એલનને શું થયું છે?"

"જરા મૂર્ચ્છા આવી ગઇ છે-બીજું કાંઇ નથી."

નોરટનનો શબ્દ સાંભળી એલન જરા જરા આંખ ઉઘાડવા લાગી. તેની તરફ તાકીને જોઇ રહી. વળી પાછાં નેત્ર બંધ થયાં. તે બબડવા લાગીઃ

"આવ્યાં અને જવું .....તરતજ...આવો...આરોપ! એ... કેમ બને?........."

"મેરીઆ લુઇસા!...આ શું તને ગમે છે?...જુઠું જુઠું..."

વળી પાછી તે શાંત થઇ પડી રહી. આ સર્વ જોઇ મને અત્યંત દિલગીરી થઇ કે અરેરે! મેં આ શું કર્યું!

લૉર્ડ નેરટને તરતજ સર્જન મી. કર્ઝનને બોલાવવા માણસ મોકલ્યું. તે તરતજ આવ્યો. નાડી જોઇ તે બોલ્યોઃ–"શરીરમાં તાવ છે અને મૂર્ચ્છા પણ સખત છે. પણ ગભરાવાનું કાંઇ કારણ નથી." મેં તારનો સંદેશો હમણાં લૉર્ડ નોરટનને ન આપવાનો નિશ્ચય કરીને ગજવામાં મૂકયો.

તે રાત્રે અમે એલનની સેવામાં સમય વીતાડ્યો. મને ઘેર જવાનું કહેવામાં આવ્યું પણ એક માણસને મૂર્છિત કરી તેને તે જ દશામાં છોડી જતાં મને શરમ લાગી.

બીજે દિવસે ડૉ૦ કર્ઝને કહ્યુંઃ–"આજે તાવ વધારે જોરમાં છે. હૃદયમાં ખરેખરી કમજોરી આવી ગઇ છે. કોઇ માનસિક કારણને લીધે હશે. પરંતુ બેહોશી થોડી છે."

અંતે હું ઘેર આવવાને ઉઠ્યો. જુલીઅટ મારી સાથે નીચે આવીને કહેવા લાગીઃ–'સેસીલ! આ દૂર દેશમાં તમારા સિવાય અમારે કોઈ મિત્ર નથી, મને કહો તો ખરા કે એલન શાથી બેહોશ થઇ!"

" તે સાંભળવાથી કાંઇ ફાયદો નથી. "

" તમે એમ શા માટે કહો છો ? "

" જે મેં એલનને સંભળાવ્યું તે તમને સંભળાતું તો તમને પણ નુકસાન થાય તેમ છે. "

" મને નુકસાન નહીં થાય. હું હિંમત રાખીશ. "

" ના. ના. પણ હું એ નહિ કહું ! " મેં કહ્યું:–" સમય આવે સૌ જણાઇ આવશે. "

" તમને મારા સમ છે જો ન કહો તો. "

" લ્યો. ત્યારે સાંભળો. શત્રુ તમારી પાછળ પડ્યા છે. તેમણે અનેક કાવતરાં રચ્યાં છે. તમારે તેમાંથી બહાર નીકળવા માટે ઘણું સહન કરવું પડશે. લૉર્ડ નોરટનના ઉપર ખૂનનું તહોમત આવ્યું છે. તેમાંથી મુક્ત થવા માટે જુબાની આપવા તમારે સર્વને લંડન પાછાં જવું પડશે અને તે પણ બે ચાર દિવસમાંજ ! કારણ કે વિલાયતની કૉર્ટમાં બે મહિનાની પહેલી તારીખથી કેસ ચાલવાનો છે. " મેં આખરે વાતનું મહત્વ ઓછું કરી વર્ણવ્યું.

× × × × ×

" સેસીલ ! તમારૂં મારા પર હેત હોય, તો મારી એક વાત માનશો ? "

" હું સોગંદ લઇને કહું છું કે તમારૂં કહેવું હું અવશ્ય માનીશ. " મેં કહ્યું.

" મહારાણી મારા પર ઘણું હેત રાખે છે. તમે કૃપા કરી મારા નામથી એમના ઉપર એક તાર મૂકશો ? "

" તારમાં શું લખવું છે ? "

" કે ' આપ મારી પ્રાર્થનાથી મહારાજાને કહીને લૉર્ડ નોરટનના ન્યાયનો દિવસ થોડોક વખત મુલતવી રખાવો, એવું હું ઇચ્છું છું. એમ કરશો તો મોટી કૃપા થશે. ' ફક્ત આટલુંજ લખવું છે. "

" અવશ્ય લખીશ. હું પોતે પણ એક તાર લૉર્ડ ચાન્સેલરને

કરૂં છું. મારા ઉપરીઓ મારી પ્રાર્થના નહીં સ્વીકારે તો હું રાજીનામું આપીશ. ”

“ ના. ના. અમારે માટે તમારે એટલી બધી નકામી તકલીફ લેવાની કાંઇ અગત્ય નથી. વારૂ, એલન માટે ડૉકટર શું કહે છે ? ”

“ પીડા ઘણી છે. પણ જીવનની પૂર્ણ આશા છે. આરામ થતાં વાર લાગશે. ”

જુલીઅટે એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો અને પછી ઉપર ચાલી ગઇ.

× × × × ×

ઘેર જઇ મેં બે તાર મૂકયા. એક લૉર્ડ ચાન્સેલરના નામે અને બીજો મહારાણીના પ્રાઇવેટ સેક્રેટરીને નામેઃ-

“ મુંબઇ. તા. ૨૧ મી માર્ચ સને ૧૮૩૫.

લૉર્ડ નોરટનવાળો પરવાનો તથા વૉરન્ટ હું કાલે બજાવી શકયો નથી. આપનો તાર સાંભળતાંજ લેડી નોરટન—એલન—મૂર્છિત થઇ ગઇ છે અને અત્યારે તો એવી ભયભરી દશામાં છે કે તે જીવે કે મરે તે કહી શકાતું નથી. સ્થિતિ બહુ ભયંકર છે.

મારી સલાહ પ્રમાણે આપ લૉર્ડ નોરટનના કેસનો દિવસ કાંઇક મોડો ઠરાવો તો ઠીક, પછી આપ આજ્ઞા કરશો તો મારે આ કઠોર કાર્ય કર્યાં વિના કાંઇ છુટકો નથી. આપ મહારાજાને એ વિષયમાં સમજાવશો.

લી. આપનો

સેસીલ હેનરી. ”

જુલીઅટ તરફથી મહારાણીના પ્રાઇવેટ સેક્રેટરીને નીચે પ્રમાણે તાર મૂકયો હતોઃ—

“ ફોર્ટ મુંબઇ. તા. ૨૧ મી માર્ચ સને ૧૮૩૫

લૉર્ડ નોરટનની બ્હેન જુલીઅટ બેટ્રીસે આપને એક બાબતમાં મહારાણીને પ્રાર્થના કરવાનું કહ્યું છે. આપ જાણતા હશો કે લૉર્ડ નોરટન ઉપર જે ખૂનનો આરોપ આવ્યો છે, તેનો કેસ તારીખ

પહેલી મેને દિવસે છે. એ ખબર સાંભળીને અત્રે લેડી એલન બહુજ માંદી થઇ ગઇ છે. એવી દશામાં આ કેસ ચલાવવા માટે લંડન પાછાં ફરવું પડશે તો સ્થિતિ ઘણી ખરાબ થશે.

મહારાણી જુલીઅટ ઉપર અત્યંત પ્યાર રાખે છે, આથી તેણે બહુજ નમ્ર પ્રાર્થના કરી માગી લીધું છે કે એ કેસનો દિવસ થોડો વખત લંબાય તો સારૂં.

આપ એટલું જુલીઅટ તરફથી મહારાણીને કહેજો.

સેસીલ. ”

ત્રણ કલાક પછી મને પ્રત્યુત્તર મળ્યો. હેનરી મૉર્લે (પ્રાઇવેટ સેક્રેટરી) એ તે મૂકયો હતો. તેમાં આમ લખ્યું હતું:-

“ **ક્રિસ્ટલ પેલેસ લંડન.** તા. ૨૧ મી માર્ચ ૧૮૩૫

આપનો તાર મળ્યો. લેડી એલનની માંદગી તથા જુલીઅટની પ્રાર્થના સાંભળી મહારાણીએ મહારાજા વિલિયમને ભલામણ કરી છે. તેમણે કેસનો દિવસ મુલતવી રાખવા લૉર્ડ ચાન્સેલરને આજ્ઞા કરી છે; પરંતુ અત્રે લૉર્ડ નોરટનના શત્રુઓનું દળ વધતું જાય છે, પ્રતિદિન નવા નવા ચાર્જ ઉભા કરવામાં આવે છે, એમ જણાય છે. એના સાક્ષીઓ પણ ઘણા છે.

લૉર્ડ નોરટન હવે જેમ જલદી આવે તેમ સારૂં.

લી૦ આપનો

હેનરી મૉર્લે (પ્રા. સે.) ”

પાછળથી લખ્યું હતું કે:- ‘લેડી એલનની તબીયતના’ સમાચાર વારંવાર મોકલ્યા કરશો એવી મહારાણીની ઇચ્છા છે.”

તાર લઇ હું વળી નોરટનને ઘેર ગયો. એલનની હાલત વધુ ખરાબ હતી. તેને મૂર્ચ્છા કમી હતી; પણ કોઇને તે ઓળખી શકતી ન હતી. વારંવાર તે કાંઇ લવતી હતી--મને જોઇ તે બબડી !

“કોણ ? વિલિયમ કે ?. તેં-તેંજ કાલે કહ્યું હતું કે હું તારો ઉપકાર પાછો વાળીશ...હેં ? તું વાળશે ?...ત્યારે જા. સ્કૉટલાંડ જઈને મેરિયા લુઇસાને મારી નાંખ ”

એ પછી લૉર્ડ નોરટન તરફ જોઈ તે ગમે તેમ બકવા લાગી. એના બકવાટમાં મર્મ હતો—હૃદયનો સ્ફોટ પણ હતો. સમજનાર અને સાંભળનાર, તે સાંભળી મનમાં ખળભળતા.

તેણે નોરટન તરફ હાથ લંબાવ્યા. જાણે મ્હેણાં મારતી હોયને!

" દગાબાજ ! તમે દગાબાજ...છો. તમે મારી સાથે ઠગાઇ કરી છે...આમ કરવું હતું તો શા માટે મને ફસાવી...?"

થોડી વાર પછીઃ—" મેરિયા લુઇસા ! મેરિયા લુઇસા ! શું તું મારી સામે આવી ઉભી છે ? !...ઓહ..."

" શું કહ્યું ?...શું હું ખૂની છું ?..."

એલનની શોચનીય દશા જોઈ લૉર્ડ નોરટન ધીમે ધીમે આંસુ પાડવા લાગ્યા. રાત દિવસ એલનની સેવામાં અનેક માણસો રહેતાં હતાં. જુલીઅટ પણ પાસેજ ખુરસી પર બેસી પંખો નાંખતી. ઉજાગરાથી તેની આંખો લાલ થઇ ગઇ હતી.

મેં તેને એક બાજુ પર બોલાવી અને મહારાણીનો ઉત્તર સંભળાવ્યો. તે સાંભળી તેને ઘણો આનંદ તો ન જ થયો. તે જ દિવસે ડૉક્ટર ચાર્લ્સની મોકલેલી ત્રણ આયાઓ આવી હતી તેથી મેં જુલીઅટને બહુ શ્રમ ન લેવા સમજાવ્યું.

૧૦

એ દાગને જોઇ આપ ચોંક્યા કેમ ?

(લૉર્ડ સેસીલના શબ્દમાં.)

બીજેજ દિવસે લૉર્ડ ચાન્સેલરનો જવાબ આવ્યો. તેમાં પણ લખ્યું હતું કેઃ—" લૉર્ડ નોરટનના શત્રુઓ વધતા જાય છે. પ્રતિદિન સ્થિતિ ભયંકર થતી જાય છે અને થતી જશે. તે છતાં પણ મહારાણીએ અનુગ્રહથી ન્યાયની તારીખ સાત દિવસ વધારી છે અને આખરી મેનો દિવસ મુકરર કર્યો છે."

વિપત્તિ એકલી આવતી નથી. એક પછી એક દુર્ઘટનાઓ વધતીજ જાય છે. ખૂનનો અપરાધ, એલનની બિમારી,

શત્રુઓનો ભયંકર ઉત્પાત અને મહારાજાની અવકૃપા એવી કેટલીએ આપત્તિઓમાં લૉર્ડ નોરટન ફસાઇ ગયા. ઉપરાંત જલદી એમનાથી લંડન જવાય તેમ ન હતું. કોણ જાણે આ બનાવો ભવિષ્યના બનાવોમાં કેટલીએ સહાયતા આપશે.

તે દિવસે સવારે આઠેક વાગે હર્ષદરાય મને મળવા આવ્યા. મેં તેમને જોઇ પૂછ્યું:-" કેમ, શું ખબર છે ? "

" ધીમે ધીમે બધું કહીશ. લેડી એલનની હાલત કેવી છે ? " ડિટેક્ટીવે પૂછ્યું.

" કાંઇક સારી છે; પરંતુ દાક્તરોને એના પર ભરોંસો નથી."

" લૉર્ડ નોરટનની માનસિક અવસ્થા કેવી છે ? શું તે વિપત્તિનાં કારણો સમજી ગયા છે ? "

" બરાબર નહિ. "

" સાંભળ્યું છે કે કેસની તારીખ ફેરવાઇ છે. શું તે ખરી વાત છે ? "

" હા, તે ખરી વાત છે. "

" કેટલા દિવસ ? "

" સાત. "

" ત્યારે તો આઠમી મેનો ઠરાવ પડ્યો હશે ? "

" હા, એમને પાંચ છ દિવસ પછી જવું પડશે. "

" તમે શું ધારો છો ? શું લૉર્ડ નોરટન ખૂની હશે ? "

" હું તેવું માની શકતો નથી. "

" શા માટે ? "

" કારણ કે લૉર્ડ નોરટનમાં એવાં કામ કરનારાઓ કરતાં ધાર્મિકતા વધારે છે. નીચતા નથી, તેથી મને ખાત્રી છે. "

" ગમે તેમ હો; પણ જે હિલચાલ શત્રુઓએ ચલાવી છે, તે પરથી માલમ પડે છે કે નકી લૉર્ડ નોરટનને હેરાનગતિ-દ્રવ્યનુકસાની તથા માનહાનિ-સહેવી પડશે. "

" મને તો એથી પણ વધારે શંકા રહે છે. "

" શું ?–સજા ? "

" કદાચ થાય પણ ખરી. "

" અસંભવિત તો નથી; પરંતુ મને પાકો વિશ્વાસ છે કે આ બનાવટી ચાર્જ છે. લૉર્ડ નોરટનના અહિં આવવા પહેલાંજ શત્રુઓ અહિં આવી પહોંચ્યા છે. તેનું પહેલું પ્રમાણ તો કેપ્ટન સ્મીથની સ્ટીમર છે. તે ઉપરાંત મને બીજી પણ કેટલીક ખબરો મળી છે. એક માણસનો જીવ લેવા ભયાનક કાવત્રાં રચી આટલો બધો પ્રયત્ન થાય, તે તો આજેજ જોયું ! "

" તમને ખાત્રી છે, કે શત્રુઓ અહીં પણ આવી પહોંચેલા છે ? "

" ખાત્રી છે એટલુંજ નહિ પણ તેની પાછળ ડિટેક્ટીવો પણ છોડયા છે. "

" સાંભળ્યું છે કે અર્નેસ્ટ વિલિયમ બહુ દ્રવ્યવાન છે અને તેણે પોતાના શત્રુનો નાશ કરવા માટે ઘણો ખર્ચ ઉઠાવ્યો છે. "

" કદાચિત્ તે ખરૂં હશે. પણ એના સિવાય બીજા પણ કેટલાક માણસો આ કાવતરામાં સામીલ છે. "

" મંત્રીઓમાંના પણ કેટલાકે તેમાં ભાગ લીધો હોય તે બની શકવા યોગ્ય છે. " મેં કહ્યું.

" એતો ઘણી ભયાનક વાત છે. એ લોકોને એમાં ભાગ લેવાનું શું કારણ ? "

" જુઓ આ વખતે ઇંગ્લાંડમાં લૉર્ડ નોરટનજ સર્વ વાતમાં આગળ પડતા છે. કેબીનેટ (મંત્રીસમાજ) થી માંડીને છેક હાઉસ ઑફ કોમન્સમાં પણ એનો પ્રભાવ મોટો છે. આજ સુધી તો રાજા કે રાણી પણ ઘણી વાર એમની સલાહ લેતાં. તો વિચાર કરો કે એવો માણસ બીજાઓની આંખમાં કેમ ન ખુંચે ? "

" મારા ધારવા પ્રમાણે તો વિલિયમનાં માણસોએ, સ્મીથનાં માણસોએ તથા બન્ને પક્ષોએ ભેગાં મળી આ ધાંધલ મચાવ્યું છે."

" એમજ. નહિ તો આવા પ્રતિભાશાળી મનુષ્યની સામે થવું કાંઇ સહજ નથી. "

અમે બે આમ વાતચિત કરી રહ્યા હતા; એટલામાં એક આયા તે ઓરડામાં આવી. તેને જોતાંજ ડિટેક્ટીવ હર્ષદરાય ચોંકયા.

" લૉર્ડ નોરટને આપને સલામ કહાવી છે. " તે આયાએ કહ્યું.

" લેડીને કેમ છે ? "

" પહેલાં કરતાં ઠીક છે. "

" હું હમણાંજ ત્યાં આવું છું. "

દાઇના ચાલ્યા જવા પછી મેં હર્ષદને પૂછ્યું:–" તમે એ દાઇને જોઇને ચોંકયા કેમ ? "

" આની ઉપર બહુ વિશ્વાસ રાખવામાં તમે ભૂલ કરશો. સાવધ રહેજો. "

" કેમ ? "

" અત્યંત આશ્ચર્યની વાત છે, કે મેં કાલે સાંજે આ દાઇને કેપ્ટન સ્મીથના માણસ સાથે વાતો કરતાં જોઇ હતી. "

" નહિ. તમે ભૂલો છો. એને તો મેડીકલ કૉલેજના પ્રન્સીપાલ ડૉ૦ ચાર્લ્સે રોગીની સેવા માટે મોકલી છે. "

" શું એમાં કોઇ ગુપ્ત રહસ્ય નહીં હોય ? "

" નહિજ. મારી સાથે તો એવું બનેજ નહિ. "

" ઠીક. હવે હું જાઉં છું. "

એમ કહી ડિટેક્ટીવ હર્ષદે રજા લીધી. હું પણ ત્યાંથી ઉઠી લેડી નોરટનના ખંડમાં ગયો.

૧૧

રોસેનનો બબર્ચી.

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં.)

તે દાઇને જોતાંજ મારા મનમાં સંદેહ આવ્યો હતો. લૉર્ડ સેસીલ ગયે તે દહે પણ મેં આયાને સ્ટીમર ' ગુલ્વર ' પરના એક

માણસ સાથે વાત કરતી જોઇ હતી તેમાં સંશય નહિ. મેં નિશ્ચય કર્યો કે એને છોડી તો ન જ દેવી. એક વાર શક પડતાં તે બાબત પાછળ ભમ્યા કરવું, એજ ડિટેક્ટીવનું મુખ્ય કામ હોય છે.

સેસીલ સાહેબને મળી આવ્યા પછી હું કોટમાં ગયો. ત્યાં જઇ મેં વેષ બદલ્યો. એક મજુરનો પોષાક ધર્યો. રસ્તા પર આવી થોડા પૈસા આપી એક મજુર પાસેથી ટોપલો વેચાતો લીધો. અંતે આમ તેમ ફરતો લૉર્ડ નોરટનના બંગલા પાસે આવી ઉભો. કોઇને પણ બહાર નીકળતું દેખું કે પૂછું કેઃ–" સાબ ! કુલી ચાહીએ ?"

કોઇ જવાબ દેતા અને કોઇ સાંભળીને મોં મચકોડીને ચાલ્યા જતા. કોઇ ધ્યાનજ આપતા નહોતા. અંતે એક દાઇ બહાર નીકળી.

" બાઇ ! કુલી ચાહીએ ?" મેં પૂછ્યું.

" હા. કુપરની દુકાને ચાલ, ત્યાંથી બરફ લાવવાનો છે."

" કેટલો લાવવો છે ?"

" દશ બાર શેર. તું લઇ શકશેને ?" *

" ખુશીથી, ચાલો."

કહેવાની જરૂર નથી કે આ પેલી પૂર્વોક્ત દાઇ ન હતી છતાં આ વેષમાંજ એ ઘરમાં ઘુસવા માટે હું સાથે થયો.

અમે કુપરની દુકાનેથી દશ શેર બરફ લઇ આવ્યાં. એ દાઇના રંગ ઢંગ જોઇ મને કાંઇ પણ વહેમ પડ્યો નહિ. બરફ લઇ અમે બંગલામાં ઘુસ્યાં.

એક ઓરડામાં બીજી બે આયાઓ બેઠી હતી. ત્યાં લઇ જઇ મેં બરફ મુક્યો. એ બેમાંની એકને મેં ઓળખી. સેસીલને ઘેર આવી હતી તે એજ. પૈસા લઇ હું ઝટપટ બહાર આવ્યો.

હું નીચે ઉતરતો હતો ત્યારે પાછળથી અવાજ આવ્યો–" એ મજુર ! એ હમાલ ! ઠહરો."

* વાંચકને યાદ હશે કે માત્ર ગુજરાતી વાંચનારને સમજ પડે એજ હેતુથી હું અંગ્રેજીનું બોલવું ગુજરાતીમાં લખું છું.

અવાજ સાંભળી હું થોભ્યો. પાછળ પેલી દાઇ ઉભી હતી. તેણે કહ્યું.

"મારૂં એક કામ તું કરીશ ? હું તને સારૂં ઇનામ આપીશ."

"હુકમ કરો. શેણે ની કરૂં ?" એની સાથે હું ખરો મજુર બનવા પ્રયત્ન કરવા લાગ્યો.

"મારી સાથે ચાલ."

અમે નીચે ઉતર્યા. ત્યાં તેણે કાંઇ ન કહ્યું. રસ્તામાં આવી ધીમેથી તેણે કહ્યું:—"આ કાગળ લે. જે દુકાનેથી હમણાં બરફ લાવ્યા ત્યાંથી દવા લાવવાની છે."

"બઉ હારૂં બઇ હાએમ." મેં ચિઠ્ઠી લઇ લીધી.

કવર પર લખ્યું હતું. કુપર એન્ડ કો." ચીઠ્ઠી લઇ હું નીકળ્યો અને ચાલવા માંડ્યું. થોડે દૂર ગયા પછી મને તેણે પાછો બોલાવ્યો.

"ખબરદાર. આ ચિઠ્ઠી કોઇ બીજાને આપી તો. કોઇને બતાવશે તો જીવ જશે ને કામ બરાબર કરશે તો મોટું ઇનામ મળશે."

"હું હમજ્યો, કોઇને ની બતાઉં."

"દવા લાવીને છાનોમાનો અહીંજ ઉભો રહેજે. મારા સિવાય બીજા કોઇને આપતો નહિ."

"બૌ હારૂં."

"રસ્તામાં પાણીથી ભિંજાવીને:મેં પાકીટ ખોલ્યું. કાગળમાં નીચેની દવા લખી હતી:—

"લેડેનમ્—એક ઔંસ,
"સ્ટ્રીકીનીયા—બે ઔંસ,
"આરસેનિક—એક ઔંસ.
ડા. ચાર્લ્સ."

દવા વાંચતાંજ મારો સંદેહ ઉડી ગયો—જતો રહ્યો. આવું ભયંકર ઝેર ! આમાંના એકનો પણ જરા છાંટો લીધો તો જીવવાની બિલકુલ આશા ન રહે તો આટલું બધું એક સામટું અપાય તો શી સ્થિતિ થાય ?

નીચે ડૅાકટર ચાર્લ્સની સહી હતી. એ તદ્દન ખોટી સહી હતી, બનાવટી હતી.

" જો ચિઠ્ઠી ફાડીને ફેંકી દઉં તો સર્વ પંચાતનો નિકાલ આવી જાય. પણ એક મજુરથી ન થયું તે બીજાની પાસે કરાવવા તે ચુકશે નહિ. એક બાજી નહી જીતે તો બીજી બાજી તે દુષ્ટો જરૂર માંડશે.

આથી તેની બુદ્ધિની મર્યાદા માપવાનોજ મેં વિચાર કર્યો.

એક ચિઠ્ઠી બદલીને બીજી મૂકવાનો મેં વિચાર કર્યો. પણ તેમાં મારે ડૉ. ચાર્લ્સની ખોટી સહી કરવી પડે; વળી જો તે દાઇ દવાને ઓળખી શકતી હોય તોયે વિઘ્ન આવે અને કાવતરાંને છેક અણી સુધી ભયંકર થવા દઇને પછી ફોડવાં, એવી મને ટેવજ પડી ગઇ છે. એમાં હું કાંઇક અભિમાન પણ લઉં છું.

પાકીટને જેમનું તેમ બંધ કરી હું કુપરની દુકાને ગયો. પ્રીસ્ક્રીપશન જોઇ બે કમ્પાઉન્ડરો તાજુબીથી અંગ્રેજીમાં વાત કરવા લાગ્યા.

" આતો વિચિત્ર છે, કાંઇ સમજાતું નથી. કોઇ આત્મહત્યા તો કરવા માગતું નથી ? "

" પણ તેને માટે તો એક બે છાંટાજ બસ છે. આટલી બધી દવાઓની શી જરૂર ? "

" ઠીક...વળી એના ઉપર સહી પણ ચાર્લ્સ જેવા મોટા સર્જનની છે. "

" તોવે આ આદમીને પૂછો કે આ દવા કોણે મંગાવી છે ? "

મને બોલાવવામાં આવ્યો. કમ્પાઉન્ડર સાહેબે બૂમ પાડી. ' ઓ બહેરા ! અહિં આવ. "

" હાજર હું સાબ. " કહી હું તેમની પાસે ગયો.

" આ દવા ક્યાં લઇ જાય છે ! "

" હજુર ! એ દવા નોરટન હાઓબની ઘેર લઇ જતો છું. "

" શું લૉર્ડ નોરટનને ઘેર ! "

" હાજી સાબ. "

પુનઃ તેઓ પરસ્પર વાત કરવા લાગ્યા.

" આશ્ચર્યની વાત છે કે ત્યાં આટલાં ઝેરની શી જરૂર હશે."

" સાંભળ્યું છે કે તે તો ખૂની છે."

" હા, મેં પણ સાંભળ્યું છે."

"કદાચ પોતાનાં કાર્યથી પસ્તાઇને તેણે મરવાનો વિચાર કર્યો હશે."

" જે હોય તે. ડૉકટરની સહી જોઇને દવા આપવાની આપણી ફરજ છે. પણ આ બાબત બરાબર લખી લેવી જોઇએ."

" આ મજુરડાનું નામ–ઠામ પણ લખી લ્યો."

તે પછી એકે મને ઉદ્દેશી કહ્યું:–" એ સુવર ! પાજી ! તું સાહેબનો નોકર છે કે બજારમાંનો ફેરીયો છે ?"

" જી સાબ ! મજુર છું, ગરીબ છું."

" તારૂં નામ ?"

" રવીઓ સાબ."

" ઠેકાણું ?"

" નલ બજાર–મહોલ્લો હરિકીસન."

" લખતાં આવડે છે ?"

" જી ના."

" સહી તો કરશે ને ?"

" હાજી, જાણુશું."

" આ પર સહી કર." તેણે મારી આગળ એક ચોપડી ધરી.

એને આશ્ચર્યમાં નાંખવા માટે મેં મારી સહી અંગ્રેજીમાં કરી. અક્ષર જોતાંજ એકે બીજાને કહ્યું.

" જહૉન ! આ મજુર તો આપણી ભાષા પણ જાણતો લાગે છે. સમજાતું નથી કે આ એક સાધારણ મજુર છે કે બીજો કોઇ છે ?"

એ સાંભળી મેંજ અંગ્રેજીમાં કહ્યું:–" હું માત્ર મજુર છું, એટલુંજ નહી પણ ગવર્નરની કાઉન્સીલનો એક મેમ્બર પણ છું."

છેલ્લા શબ્દ બોલાઇ રહે તે પહેલાંજ હું દવા લઇ બહાર પડચો અને મેદનીમાં ભળી ગયો. જરા પણ થોભ્યો નહિ. કમ્પાઉન્ડરોએ મને

શોખ્યો હતો; કારણ કે પાછળથી મેં તેમની ત્રણ ખુમો સાંભળી હતી.

લૉર્ડ નોરટનના બંગલા આગળ આવી હું તે દાઈની વાટ જોવા લાગ્યો. તેની રાહ ઘણીવાર જોવી ન પડી. ઘણું કરીને તે ત્યાં આંટા માર્યાજ કરતી હશે. બે ચાર મિનિટમાંજ તે મને મળી.

"કેમ, દવા લાવ્યો?"

"જી હાં, હજુર."

"લાવ"

મેં પડીકાં આપી દીધાં. તેણે મારા હાથમાં એક રૂપીઓ નકર્યો. જાણે બાપ જન્મારે મેં રૂપીઓ જોયો ન હોય તેવી ખુશી દર્શાવી, સલામો કરી, મેં તે રૂપીઓ લીધો અને ચાલવા માંડયું અને તે તો મકાનમાં ચાલી ગઇ.

* * * * *

હું જલદીથી કોટમાં પહોંચ્યો. ઉતારે જઇ ફરી વેષ બદલ્યો. એક બુઢ્ઢો બબર્ચી બન્યો. ટ્રામમાં બેસી નોરટનના બંગલા પાસે પહોંચ્યો. તે વખતે લૉર્ડ સેસીલ ત્યાંથી પોતાને ઘેર જતા હતા. તેમને જોઇ મેં એક લાંબી સલામ ભરી અને કહ્યું:–

"હજુર! હું કોઇ નોકરી ખોળું છું."

"તું શું કામ કરી શકશે?"

"હું બબર્ચી–ખાનસામા–તેમજ મશાલચીનું કામ કરી શકું છું." મેં કહ્યું.

"તે ત્રણ કામ તું એકલો કરી શકશે?"

"જી હા હજુર."

"ઠીક. કાલે અહિં હાજર રહેજે."

મેં તેમને ફરી એક સલામ કરી. તે તો ગાડીમાં બેસીને ચાલ્યા ગયા.

આ તરફ બીજી કોઇ તદબીર ન સુઝવાથી હું પાધરોજ બબર્ચીખાનામાં ઘુસ્યો. મને જોઇ બીજા બબર્ચીઓએ મહા કોલાહલ મચાવ્યો. હું કોણ છું? ક્યાં રહું છું? વગેરે પ્રશ્નો તેઓ પૂછવા લાગ્યા. મેં યથાસાધ્ય ઉત્તર દઇ તેમને સંતુષ્ટ કર્યા.

બબર્ચીઓના . ઉપરીએ કહ્યું:–" જો ભાઇઆ ! આંહી અચ્છા ખાનસામાની બડી જરૂર છે. યુ વીલ કમ ? "

" હું અત્યારે એવી આપત્તિમાં પડ્યો છું કે વગર કહે જે કહો તે કામ કરવા તૈયાર છું. બબર્ચીનું કામ હું બોત અચ્છી રીતે જાનતા હું. " રામ જાણે તે મારૂં કહેવું બરાબર સમજ્યો હશે કે નહિ.

" અચ્છી બાત છે, આજ અહિંજ રહે, કાલે તુમારી બાત."

એને અડધું પડધું હિંદી બોલતો જોઇ મેં પણ કહ્યું:–" અચ્છા હું અહિંજ છું. મેં અહિંજ ઠહરતા હું. "

હું એમ કહી આમ તેમ ટહેલવા લાગ્યો. ચોકની ઉપર જાળી હતી. મારી નજર ઉપર ગઇ. જોઉં તો પેલીજ દાઇ એક ખૂણાની બારીમાં ઉભી રહી હાથ હલાવી બહાર કોઇને ઇશારા કરી રહી હતી.

હું તરત બહાર મેદાનમાં નીકળ્યો. ખરેખર, બહાર પણ એક દૂરના તારના થાંભલા આગળ ઉભો રહી એક અંગ્રેજ ઇશારતો કરી બારીમાં ઉભેલી વ્યક્તિ સાથે વાતચિત કરી રહ્યો હતો. હવે હું સ્થિર રહી ન શક્યો. " ખુદ બંગલામાં પણ શત્રુ ઘુસી ગયા છે ! અને વળી તેમણે વિષ પણ લાવી મૂક્યું છે ! કોણ જાણે તેઓ શું જંગ રચતા હશે ! "

એજ વખતે મને એક સુંદર ઉપાય જડ્યો. પેલા હેડ–બબર્ચી પાસે હું પાછો આવ્યો ને તેને હાથ પકડી બીજી તરફ લઇ ગયો.

" ભાઇસાહબ ! યહાં જો તીન બાઇ દાઇકા કામ કરતી હૈ ઉન્સે મુઝે મિલા સકતે હો ? "

" વૉટ કામ ? વૉટ કામ ? "

" કામ છે. દો રૂપીઆ આપીશ. "

" પન કામ કયા હૈ ? તે તો કહે. "

" મળવું છે. "

" હમણાં તો કહેતો'તો કે તુમ તો નોકરી ઢુંઢનેકે લીયે આયવે તો નાઉ શીર જાતો. મેમોંસે મુલાકાત કરવી છે ? તુમારા મતલબ નહિ સમજાતા. "

" મતલબ બીજી કાંઇ નહિ. એમાંની એક અભી રાસ્તેમેં મુઝે મળી'તી ઉન્હોંને કહાથા કે એક ખાનસામાકી બડી જરૂર સે. મને રાખવાની આશા દઇ તે યહાંસે ચલી ગઇથી. અભી વહ આઇ નહિ. ઇસ લીયે મેરી મુલાકાત કરા દો." એટલું કહેતાં પહેલાં તો મેં તેના હાથમાં બે રૂપીઆ સેરવી દીધા.

" અચ્છા, હું સમજ ચલા."

એમ કહી તે મને લઇ ઉપર ગયો. મેં ધાર્યું કે એના દેખતાં મેમની સાથે વાતચિત કરવાથી કાંઇ વળશે નહિ, આથી તેને ત્યાંથી દૂર કરવોજ જોઇએ.

" મેમ સાહબકો ઇસ સમય દિક કરના અચ્છા નહિ. આપ જાઓ, હું અહીંજ રેરૂં છું. જબ તે ઇધર આવેગી તબ તેની સાથ આઇ વીલ વાતચિત કરીશ." તેના જેવીજ ભાષાનું અનુકરણ કરી મેં કહ્યું.

" અચ્છા, બોત અચ્છા તુમારા કામ હુઆ કે નહિ તે મુઝે બતાવીને જાઓ."

" અચ્છા."

કદાચ તેને મારી પાસેથી હજુ કાંઇ મેળવવાની આશા હશે. તે ગમે તે હોય, એ ખંડમાં થોડા વખત થોભી હું એક બીજા ઓરડામાં ઘુસ્યો. ત્યાં બીજી એક મેમ બેઠી હતી તેથી હું પાછો બહાર આવ્યો. મને વારંવાર ભય લાગતો હતો કે વિષ આણ્યું છે, તેનો ઉપયોગ રખેને તરત થઇ જાય.

એટલામાંજ પૂર્વોક્ત મેમ (દાઇ) લેડી એલનના શયનગૃહમાંથી બહાર નીકળી. મેં સામે જઇ તેને સલામ કરી.

" તું કોણ છે ?" તેણે વિસ્મયતાથી મને પૂછ્યું.

" આપની સાથે કાંઇ ગુપ્ત વાત કરવાની છે. ધીમે ધીમે બોલો નહિ તો કોઇ સાંભળશે."

" શું છે ?" તેણે ધીરે સાદે પૂછ્યું.

" હું આપને મદદ કરવા માટે આવ્યો છું."

" કેવી મદદ ?"

" નીચે ચાલો, બધું કહું છું."

" તને કોણે મોકલ્યો છે ?"

" જે સાહેબ રસ્તા પર ઉભા રહી તમારી સાથે વાતો કરતા હતા તેમણે."

" જુઠી વાત છે, મેં કોઇ સાથે વાત કરી નથી."

" ઇશારતથી વાત કરતાં હતાં તેણે."

" જુઠું જુઠું. ચાલ્યો જા અહીંથી યુ રાસ્કલ."

" કૃપા કરી નીચે ચાલો, હું સર્વ ખુલાસો કરી કહીશ." મેં તેને નરમાશથી કહ્યું.

" હું તેને સમજાવી નીચે લાવ્યો. બગીચાના એક ખૂણામાં તેડી ગયો. એક ઝાડને ઓથે અમે ઉભાં રહ્યાં. વાતચિત ધીમેજ કરવા લાગ્યાં.

" આપ મારો આટલો અવિશ્વાસ કેમ કરો છો ? હું પણ આપનીજ ટોળીનો માણસ છું. હું સોગંદ ખાઇને કહું છું કે હું તમારાજ પક્ષનો છું."

" તે મારે કેમ જાણવું ?"

" પહેલાં કેપ્ટન સ્મીથે, મને લૉર્ડ નોરટન જે મરણ–ભયથી વિલાયતથી અહિં નાસી આવ્યો છે તેને મારવા માટે નીમ્યો હતો. હું મોટી કોશીશ કરી રહ્યો છું પણ આજ સુધી કામ થયું નથી. કામ થયે કેપ્ટન સાહેબે મને મોટું ઇનામ આપવાની આશા આપી છે. આજે મેં સાંભળ્યું કે આપણાજ પક્ષનું એક માણસ છેક તેના બંગલામાં ધુસી ગયું છે. હું જાણતો ન હતો કે તે તમેજ છો.

" આજેજ તમારી સાથે જે સાહેબ વાત કરી રહ્યા હતા તે મને સ્ટીમર પરથી તેમની સાથે લઇ આવ્યા. રસ્તામાંથીજ તમને બતાવ્યાં અને કોઇ યુક્તિથી તમને મદદ કરવા માટે મને અહિં આવવાનું કહ્યું. હવે આપને સંદેહ રાખવાનું કોઇ કારણ નથી. પછી તો આપને જેમ યોગ્ય લાગે તેમ કરો."

" ઠીક, તો તું મારો મદદગાર થઇ રહેજે, પણ કોઇ તારે વિષે પૂછે તો હું શું જવાબ દઉં ? "

આવો પ્રશ્ન પણ મને પૂછતી જોઇ મેં એની બુદ્ધિ તરત માપી લીધી.

" કહેજો કે હું તમારો ખાનસામો છું. તમે મને રોગીની સેવા માટે અહીં લાવ્યાં છો એમ સમજાવજો. "

" ઠીક. એમજ કરીશ...પણ એક વાત પૂછવાની છે. "

" શું ? ".

" હું તો અહીં કામ નહિ થાય તો એમની સાથે વિલાયત જઇશ તું ત્યાં આવી શકશે ? "

" જરૂર એમાં શો શક ? "

" પણ પાછળથી વાંધો ચાલશે નહિ. "

" વાંધો નીકળશેજ નહિ. આપણા પક્ષના કોઇ પણ માણસ માટે આવી શંકા હોઇ શકેજ નહિ. "

" ઠીક. તો આજથી તું અહીંજ રહેજે. "

એમ કહી મને લઇ તે ઉપર ગઇ. ત્યાં જઇ એણે બીજી બે મેમો સાથે મારી ઓળખાણ કરાવી. મારો પરિચય મેળવ્યા પછી હું કોઇ બીજોજ છું, એવી આશંકા તેમણે બતાવી નહિ.

તપાસ કરતાં માલમ પડ્યું કે આ દાઇનું નામ મિસ ફ્રોસેટ છે. તે જાતે ફ્રેંચ છે. દાઇ બની એણે આ કામ આરંભ્યું છે. ડાક્ટર ચાર્લ્સને એને માટે ઘણું માન છે.

૧૨

પ્રેમનો જય

(લૉર્ડ સેસીલના શબ્દમાં)

કંઇક દિવસ પછી આજે મને વિલાયતનું 'વર્લ્ડ' નામક પત્ર મળ્યું. તેમાં લૉર્ડ નોરટન વિષે ટુંકમાં આમ લખ્યું હતું:-

" જ્યારથી લૉર્ડ નોરટનના ઉપર આવો અધમ આરોપ

આવ્યાની વાત અમે સાંભળી છે ત્યારથીજ એ બાબતમાં અમે તપાસ કરવા માંડી છે. જુદી જુદી જગ્યાએ અમારા ખબરપત્રીઓને મોકલી ખબર કઢાવી છે. પણ તે સઘળી ખબર જોતાં ખૂન વાળી વાત પર વિશ્વાસ રાખી શકાતો નથી. "

" મેરીઆ લુઇસાવાળી વાત સાચી હશે, પણ તે અમારા કોઈ પણ ખબરપત્રીને મળી નથી. પરંતુ તેની સાથે લગ્ન કર્યા પછી તેને ભરણપોષણ આપ્યા વિના કાઢી મૂકવામાં આવી એ વાત અમે માનતા નથી. "

" એ સાચુંજ છે કે લુઇસા અને નોરટન વચ્ચે અત્યંત પ્રેમ હતો. મેરીઆ લુઇસાનો બાપ જોસફ રૉબર્ટ લૉર્ડ નોરટન ઉપર શા માટે નારાજ હતો તે સમજાતું નથી. "

" પરંતુ એ તો નક્કીજ છે કે રૉબર્ટની સંમતિ ન હોવાથીજ તેઓએ ગુપ્ત લગ્ન કર્યાં. "

× × × × ×

" જ્યોર્જ મિલ્ટનની સાથે લૉર્ડ નોરટનને મિત્રતા હતી. બંને મહાપુરૂષ છે. મિલ્ટન નોરટનની સાથે સ્કૉટલાંડ ગયા એ વાત પણ સાચી છે; અને તે જ દિવસથી જ્યોર્જ મિલ્ટન દેખાતો નથી તે પણ સાચુંજ છે. "

" હવે પ્રશ્ન એ છે કે જ્યૉર્જ મિલ્ટન હજુ હયાત છે કે નહિ ! એના પુત્રે જે કારણો બતાવી લૉર્ડ નોરટનને ખૂની સાબિત કરવાનો યત્ન કર્યો છે તે સત્ય હોય તોયે વિશ્વાસ કરવા યોગ્ય નથી. કારણ કે સામા પક્ષ તરફથી હજુ તેનો જવાબ વળાયો નથી. જરૂર લૉર્ડ નોરટન એની દલીલોનું ખંડન કરશેજ. આખું ઇંગ્લાંડ તે જોવાને ઉત્સુક છે. "

" બીજી એક વાત છે. અમારા ધારવા પ્રમાણે તો લૉર્ડ નોરટને જેમ બને તેમ વહેલા આવી પહોંચવું જોઇએ. કારણ કે એના શત્રુ તો 'તલના તાડ' બની જાય છે. "

આ વાંચ્યા પછીજ મને સમજ પડી કે લેડી એલન તે દિવસે

શા માટે મૂર્છિત થઇ ગઇ હતી; અને શા માટે આમ બકતી હતી.

"અરેરે ! ગંભીર વિશ્વાસવાળાને છેતરવાં એ શું દુનિઆનો સામાન્ય ધર્મજ હશે?" એવા શબ્દો મારા મોંમાંથી નીકળી પડયા.

× × × ×

આજ થોડાંક દિવસ થયાં લૉર્ડ નોરટનના બંગલામાં એક નવાજ બબર્ચીને પેસેલો હું જોઉં છું. તે મને જોઇ વખતો વખત મોં મલકાવે છે. કારણ કંઇ સમજાતું નથી. એ કોણ હશે ?

મને વારંવાર લાગે છે કે એને મેં જોયો છે; એનો અવાજ પણ મને પરિચિત છે; પરંતુ મેં એને કયાં જોયો હતો તે યાદ આવતું નથી. ફોસેટ કહે છે કે એ તેનો જુનો વિશ્વાસુ બબર્ચી છે; પણ મને વિશ્વાસ પડતો નથી. હું એના ઉપર નજર રાખ્યા કરીશ.

ફોસેટની બાબતમાં પણ મેં તપાસ કરી છે. ડૉ. ચાર્લ્સ કહે છે કે એના ઉપર સંદેહ રાખવાની કાંઇ જરૂર નથી. ત્યારે ડિટેક્ટીવ બર્નાર્ડને શા માટે એના ઉપર શક આવ્યો ?

લેડી એલનને હાલમાં ઠીક છે. આજે તેણે અનેકવાર નોરટનને લુઇસા વિષે પૂછ્યું. તે વખતે નોરટને દોષિત હોય તેમ જવાબ આપ્યોજ નહિ.

મેરીઆ લુઇસાવાળી વાત સાચી છે, એમાં કાંઇ શક નહિ. પરમ દિવસેજ એ લોકો વિલાયત જશે. લેડી એલનને આવી સ્થિતિમાંજ લઇ જવી પડશે. સેવા માટે ત્રણે દાઇઓ સાથે જશે. લૉર્ડ નોરટનના ઘરનો ડાકટર કર્ઝન તથા સરજન મી. ચાર્લ્સ પણ તેમની સાથે જશે.

\+ \+ \+ \+

ત્રણેક વાગે આજે જુલીઅટની સાથે મારે મુલાકાત થઇ. કેટલાએ દિવસ પછી આજેજ મેં એને આનંદી જોઇ. બચપણમાં જેવી રીતે આડમ્બર શૂન્ય પ્રફુલ્લિત એક વનવલ્લિકાની માફક હસતી આવીને તે મારો હાથ ઝાલી બેતી હતી, તેમ આજે પણ

તે આવી અને મારો હાથ પકડી મારી સામું જોઇ ઉભી રહી.

સરળતાભર્યો હસમુખા વદનનો સર્વત્ર વિજય થાય છે. શું કહું ! જુલીઅટ મારા કર્તવ્યપૂર્ણ જીવનને કેવી રીતે રસમય બનાવતી હતી, તે હુંજ સમજી શકતો ન હતો. એણે શૈશવમાંથીજ ધીમે ધીમે મારા હૃદય પર કોણ જાણે શાથી અધિકાર મેળવ્યો હતો ! તે સમજાતું નથી.

આ સંસારમાં મનુષ્યજ્ઞાનની બહાર પણ તેનેજ લગતાં કંઇક કાણ્ડ થઇ જાય છે. અનેક વાર એવું બને છે કે મનુષ્ય પોતાનીજ વાત પોતે જાણતો નથી.

આજ એકાએક જુલીઅટનો હસતો ચહેરો જોઇ મને પૂર્વની વાતો સાંભરી આવી. જીવનસ્રોતના પ્રવાહિત થવાના સમયે શું હતું ! મને વિચાર આવ્યો કે ' મારા જેવા કર્મસંન્યાસીએ આવી માયાજાળમાં ફસાવું ઉચિત નથી. ' પરંતુ સાગરનાં પાણી વાળ્યાં ક્યાંએ વળે છે ખરાં ?

" ડીયર સેસીલ ! આજ સવારના પહોરમાંજ તમે ઘેર જાઓ છો ? " અંતે જુલીઅટ બોલી.

" એલનને કંઇક ઠીક છે. વળી ઑપ્રીસમાં કાંઇક સરકારી કામ છે. "

" તમને અમારે માટે વધારે લાગે છે કે સરકારી કામો ? "

કેવો પ્રશ્ન ! હું ઉત્તર આપતાં ગુંચવાયો. જેમ તેમ જવાબ ગોઠવી કાઢયો.

" અલબત્ત,જડ-જગતની સાથે સરખાવતાં તો હૃદય-રાજ્યનું ગુરૂત્વ અધિકજ છે. "

" એમ માનો છો તો મારી એક વાત માનશો ? "

" મનુષ્ય શક્તિની બહાર ન હશે તો જરૂર માનીશ. "

" શું તમે એમ માનો છો કે હું તમને કોઇ દૈવી કાર્ય કરવાનું સોંપીશ ? "

" હવે કામ શું છે, તે જ કહોને. "

" કહું છું. પહેલાં તમે પ્રતિજ્ઞા કરો કે મારી વાત તમે માનશો."

" પ્રતિજ્ઞા કરવાથી શું અધિક છે? તમને મારા પર વિશ્વાસ નથી?......વળી પ્રતિજ્ઞા કરૂં ને કામ કરવાને અસમર્થ હોઉં તો?"

" તમારૂં રાજનીતિમાં કૂટ કૌશલ હું જાણું છું. તમારે એક કામ અવશ્ય કરવુંજ પડશે."

એમ કહી જુલીઅટ મને ખેંચીને બગીચા તરફ લઇ ગઇ. લાચારીથી હું ત્યાં ગયો. બગીચામાં આવીને તેણે કહ્યું:-

" સેસીલ! તમે ભૂલી ગયા કે બચપણથીજ તમે મારૂં કહેતુ માનો છો?"

" તે હું કેમ ભુલું? હું તો હજુ પણ તમારી ઇચ્છા અને સ્નેહને આધીન છું."

" ઠીક, તો મારી વાત માનવાના શપથ લ્યો"

બીજો કોઇ ઉપાય ન જોતાં મેં સોગંદ લીધા.

" હું સેસીલ, ઇશ્વરની સામે સોગંદ લઇ કહું છું કે હું જુલિઅટના કહેવા પ્રમાણે કરીશ. અલબત્ત તે કામ મનુજ—શક્તિની બહાર હોવું ન જોઇએ."

શપથ સાંભળીને જુલિઅટ ખડખડાટ હસવા લાગી અને પછી કહ્યું:-

" તમે તમારાં આવાં મોટાં સરકારી કામને તમારી બુદ્ધિથી કેવી રીતે ચલાવો છો? એક બુદ્ધિહીન બાલિકાએ તમને પોતાની જાળમાં ફસાવી લીધા! આ વખતે હું કહું તે કરવુંજ પડશે, નહિ તો તમે કર્મચ્યુત થશો તે ખબર છે કે?"

" પ્રતિજ્ઞા કરી છે. એ વખતે મનુષ્ય જે કરે છે, તે હું તમારે માટે કરીશ."

" તો હું કહું છું કે તમારે અમારી સાથે લન્ડન આવવું પડશે.........કેમ? ચમકો છો કેમ?"

" હું ચમકતો નથી. પણ આ કેમ બની શકે? તમે પરમ દિવસેજ જનાર છો તો આટલા સમયમાં હું રજા પણ કેમ મંગાવી

શકું ? મારા કામનો ભાર પણ કોને સોંપું ? ”

એ બધા વાંધા હવે કેમ ચાલે ? આટલા દિવસ એલનની માંદગીની ગરબડમાં હું તમને કહી ન શકી...સેસીલ ! ડીયર સેસીલ ! તમે જાણો છો કે આ દુર્દિનમાં–આ આપત્તિને વખતે–માત્ર તમેજ એક અમારા બંધુ છો–સહાયક મિત્ર છો. લંડનના સર્વ માણસો અમારા શત્રુ બની ગયા છે. એ લોકો અમારી સહાય કરે એવી બિલકુલ આશા રાખી શકાતી નથી. જો હમણાં તમે ન આવો તો ભાઇને કોણ બચાવશે ? અને સેસીલ ! તમે નક્કી માનજો કે ભાઇને કાંઇ પણ થયું તો હું અવશ્ય આપઘાત કરીશ. ”

એની આંખમાં બોલતાં બોલતાં આંસુ આવ્યાં.

“ હું સર્વ સમજું છું. પણ આજને આજ લૉર્ડ ચાન્સેલરને પૂછાવીને હું જવાબ કેવી રીતે મેળવી શકું ? હવે પૂરતો સમય ક્યાં છે ? ”

“ અત્યારેજ સ્ટેટ–સેક્રેટરીને તાર દ્વારા પૂછાવો, તો તરત જવાબ આપશે. ”

“ ધારો કે એમ કર્યું. તોપણ જવાબ આવશે કે કોઇ યોગ્ય માણસને ચાર્જ સોંપી તમે આવો. હવે એવો યોગ્ય માણસ મારે મેળવવો ક્યાંથી ? ”

“ હું શું જાણું ? ” જુલીઅટ નિરાશ ચહેરે બોલી.

“ તમે તો પ્રતિજ્ઞા કરી છે અને તે પ્રમાણે વર્તવું એ તમારી [illegible] છે. ”

“ ઠીક છે, ઉપર ચાલો. લૉર્ડ નોરટનની સલાહ એ બાબતમાં લેવી જોઇએ. ”

અમે ઉપર આવવા માટે પાછાં ફર્યાં તે જ વખતે મારી નજર [illegible]તા પર પડી. કોઇ અપરિચિત (અંગ્રેજ) માણસ સાથે ફ્રોસેટનો મબર્ચી વાત કરી રહ્યો હતો.

એને એમ વાત કરતો જોઇ મારો સંદેહ [illegible]જ વધી ગયો. [illegible]કાનમાંજ શત્રુ ! જુલીઅટને ત્યાંજ ઉભા રહેવાનું કહી હું દરવાજાની

પાસે ગયો. તે જ વખતે તે બબર્ચી ઘરમાં ઘુસ્યો. મને જોઇ તે મોં મલકાવવા લાગ્યો.

બહુ મુશ્કેલી છે ! એના રંગ ઢંગ જોઇ મારૂં હૃદય તો બળી જતું હતું અને હજુ બળી જાય છે. પાસે જઇ મેં તેને ઉદ્દેશીને કહ્યું:–' અલ્યા ! તું રસ્તામાં ઉભો રહી પેલા સાહેબ સાથે શું વાતચિત કરતો હતો ? "

" ક્યાં ? કોઇથી નહિ સાહેબ ! "

" જુઠા ! મેં હમણાંજ મારી આંખે જોયું છે. "

" મહાશય ! આંખમાંજ કાંઇ દોષ હશે. જોવામાં નક્કી આપે ભૂલ કરી છે. "

" શું ? મને આંધળો બનાવે છે ? મને ઠગે છે ? "

" આપ જેવા ધુરંધર લોકને ઠગવાની મારી શી તાકાત ? "

મારો ગુસ્સો વધતો ગયો, મેં તેનું નામ પુછ્યું.

" મારૂં નામ શારીન બબર્ચી. "

" બદમાસ ! મારા સાથે પણ લુચ્ચાઇ ? "

" યા ખુદા ! આપની સાથે લુચ્ચાઇ એવું તે હોય ? "

" અસલનું નામ બતાવ ! નહિ તો એક હુકમમાંજ તું હમણાં જહન્નમની હવા ખાતો થશે. "

" ત્યાં (જહન્નમમાં) તો હું અનેકવાર જઇ આવ્યો છું."

" રાસ્કલ ! તું બદમાસ છે કે પાગલ છે ? "

" હજુર ! બંને છું. "

" બચ્ચા ! યાદ રાખજે કે તારી ચાલાકીથી ભોળવાઇને હું તને જવા દઉં એમ નથી. ભલું ચાહતો હોય તો એકદમ તારૂં નામ ઠામ બતાવ ! નહિ તો અત્યારેજ પોલિસને હવાલે કરૂં છું. "

મારા શબ્દો સાંભળી તે ફરીથી હસવા લાગ્યો. ક્રોધથી મારૂં શરીર ધ્રુજી ઉઠતું હતું. આપણા ઘરમાંજ રાક્ષસો અને આપણે નિરાંતે ઉંઘીએ ? મનમાં આવ્યું કે હમણાંજ પિસ્તોલથી એના ટુકડે ટુકડા કરી નાખું, પણ કદાચ તે ખરેખરો ગાંડો હોય તો ?

" મહાશય! હું મારૂં અસલ નામ બતાવું છું."

" ચાલ બોલ."

" સાંભળો!" તેણે ઠંડે પેટે કહ્યું. મારા મનમાં તો જાણે અગ્નિ ભડભડાટ સળગતો હતો.

" સીધો બોલે છે કે નહિ?..."

" જી હા. મારૂં નામ રાઘોજી ભોંસલે, મહારાજા ઑફ સિંધીઆ. હું મહારાજ, મુંબઇ સરકારની કૌન્સીલનો એક મેમ્બર છું. નિવાસ–ફોર્ટ વિલિયમ. બોલો, હવે ઠીક બતાવ્યું કે નહિ?"

એ સાંભળી મને સંશય પડ્યો કે આ માણસ કદાચ ખરેખરો ગાંડો પણ હોય. તેણે પુનઃ કહ્યું:–

" હા હા. અત્યારે યાદ આવ્યું. એ તો મારો સગો–અરે નહી મારો ઉપરી હતો...રસ્તામાં ચાલ્યો જતો હતો, તેને બોલાવી ઘેર સંદેશો કહાવ્યો."

મને ખાત્રી થઇ કે આ માણસ નક્કી મૂર્ખજ છે. કદાચ રસ્તામાં જતા આવતા યુરોપીઅનો સાથે જરાતરા વાત કરવીજ, એવો એને ધખારો લાગ્યો હશે. ગમે તેમ હોય તોપણ હું આનો ખુલાસો ફ્રોસેટ પાસેથી મેળવીશ. એમ નિશ્ચય કરી મેં તેને છોડી દીધો. તે પાછો મારી સામે મોં મલકાવતો મલકાવતો મકાનમાં ચાલ્યો ગયો.

હું જુલીઅટને સાથે લઇ ઉપર ગયો. દાદર ચઢતાંજ ફ્રોસેટ મળી.

" તમારો ખાનસામો કેવો માણસ છે?"

" કેમ? એતો મારો અત્યંત વિશ્વાસુ નોકર છે."

" એ હમણાંજ કોઇ સાહેબ સાથે રસ્તામાં ઉભો રહી વાતચિત કરતો હતો તે મેં જોયું અને પૂછ્યું ત્યારે ગાંડાની માફક ગમે તેમ જવાબ દીધા."

" એતો પૂરો પાગલ છે, એના પાગલપણાથી તો હું કંટાળી ગઇ છું. એને હું તે માટે થોડા વખતમાંજ રજા આપવાની હતી. રસ્તામાં કોઇ યુરોપીઅન જોયો કે તરત તેની સાથે બે પાંચ વાતચિત કરવા દોડશે. જાણે એ એમાં મોટી બહાદુરી મારતો હોયને!"

ફોસેટની વાત સાંભળી મારો ઘણો ખરો સંદેહ દૂર થયો. ફોસેટને છોડી અમે લૉર્ડ નોરટનના ઓરડામાં ગયાં.

લૉર્ડ નોરટન લંડન પાછા ફરવા માટે પોતાની તૈયારી કરાવતા હતા. મને પાછો આવેલો જોઇને આશ્ચર્યથી તેમણે મને પૂછ્યું:—

"કેમ, આટલી વારમાંજ પાછા ફરવું પડ્યું ?"

"મારે આપની સાથે લંડન આવવું એવી જુલીઅટ ક્યારનીએ હઠ લઇ બેઠી છે. આથી હું આ બાબતમાં આપની સલાહ લેવા પાછો આવ્યો છું."

"આપ આવો તો તો ઘણુંજ સારૂં; પરંતુ આપને આવવાની સગવડ છે ?"

"જો કાર્યભાર કોઇ યોગ્ય મનુષ્ય ઉપર મૂકી શકાય તોજ મારાથી અવાય; પણ એવો માણસ ક્યાં શોધવો ?" મેં કહ્યું.

"કેમ, આપની કૌન્સિલમાં કોઇ નથી ?"

"છે, પણ આવો ભાર સ્વીકારવા તૈયાર કોણ થાય ? તેનીજ ચિંતા છેને ?"

"તમે એક કામ કરો. અત્યારેજ સ્ટેટ સેક્રેટરીને તાર મારફતે તેમનો અભિપ્રાય પૂછો."

"જુલીઅટનું પણ એજ કહેવું છે. હું એમજ કરીશ; પણ તેમાં આપનું નામ લખું ?"

"લખશો તો મને કાંઇ વાંધો નથી...લખજો કે એમાં મારોજ ઘણો આગ્રહ છે."

"હમણાંજ લખીશ."

જુલીઅટ આનંદથી બોલી ઉઠી:—"ઉભા રહો. હું અહિંજ કાગળ, કલમ વગેરે લાવી આપું છું."

એમ કહી તે ઝડપથી બીજા ખંડમાંથી કાગળ લાવવા માટે ગઇ. નોકરો ઘણા હતા, છતાં હૃદયની ઉર્મિને લીધે તે જાતેજ ગઇ.

કાગળ આવતાં મેં સ્ટેટ સેક્રેટરી પર નીચેનો તાર મૂક્યો:—

"પરમ દિવસે લૉર્ડ નોરટન હિંદુસ્થાનનો કિનારો છોડશે. લેડી

એલન હજુ બિમાર છે. નાના પ્રકારની ચિંતાઓથી લૉર્ડ નોરટન દુ:ખી થઇ ગયા છે. તે મને પોતાની સાથે લંડન આવવાનો આગ્રહ કરે છે. મારો પણુ આટલાં વર્ષ પછી સ્વદેશની હવા ખાવાનો વિચાર થયો છે. માટે અત્રે કેવા પ્રકારનો બંદોબસ્ત કરી હું આપના તરફ આવું, તે વિષે કૃપા કરી તુરત જવાબ આપશોજી.

અત્યંત કામના રોકાણને લીધે હું પહેલેથી ખબર આપી શક્યો નથી, તે માફ કરશો.

સેસીલ. ”

તાર મોકલી હું મારા મકાન પર આવ્યો. તે દિવસે તો કાંઇ જવાબ મળ્યો નહિ. મને નિરાશા થઇ. રાત્રે જુલીઅટ આવી.

“ વ્હાલા સેસીલ ! જવાબ આવ્યો ? ”

“ ના. ”

“ કેમ, હજુ કેમ ન આવ્યો ? ”

“ તે તો કોણુ જાણે ? કામકાજનું રોકાણુ હશે. ”

કંઇક વિચાર કર્યા પછી તે બોલી:–“ ભલેને જવાબ ન આવે ! જવાબ ન આવે તોપણુ તમારે આવવુંજ પડશે. ”

“ તમે શું કામ બ્હીઓ છો ? કાલે સાંજ સુધીમાં તો જવાબ આવશેજ. ”

નિરાશા અને આશાની વચ્ચે–જુલીઅટ ગઇ.

* * *

બીજે દિવસે બપોરે મને ઉત્તર મળ્યો:–

“ સર ફ્રાંસીસ લેકલેન્ડ ઉપર તમારો સર્વ કાર્યભાર મૂકી તમે આવજો. સર્વ વાતે બરાબર બંદોબસ્ત કરજો. ડૉ૰ ચાર્લ્સ તથા ડિટેક્ટીવ હર્ષદને તમારી સાથે લાવજો; ભૂલશો નહિ. ”

૧૩

દુશ્મન પક્ષની દીક્ષા.

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં.)

કાલે લૉર્ડ નોરટન લંડન તરફ રવાના થશે. એવું નક્કી થયું છે કે પેલી દાઇઓમાંથી માત્ર બેએજ તેમની સાથે જવું, અને કહેવાની જરૂર નથી કે તે બેમાં ફ્રેસેટ પણ છે. કારણ કે તે એક માનીતી દાઇ છે.

આજે બપોરે ત્રણેક વાગે વળી પેલો સાહેબ તારના થાંભલા આગળ આવી હાથ હલાવવા લાગ્યો. મને ભય લાગ્યો કે રખેને પકડાઇ જાઉં.

મેં તરત ફ્રેસેટની પાસે જઇ તેને બારી આગળથી દૂર બોલાવી.

" આ પ્રમાણે ખૂણામાં ઉભા રહીને પણ દૂરથી ઇશારતો કરવી તે સહીસલામત નથી. " મેં કહ્યું.

" તે ખરૂં, પણ ખાનગી બાબતોની અમે આજ પ્રમાણે બીજા ત્રીજાને જણાવ્યા વિના વાતો કરીએ છીએ. "

" અને તેથીજ કેપ્ટન સ્મીથે મને વિશ્વાસુ માણસ તરીકે આપની પાસે મોકલ્યો છે. જે કાંઇ વાતો કારવાની હોય-પછી તે ગમે તેવી ગુપ્ત હોય તોપણ તે મારી મારફતેજ કરશો. નહિ તો કોઇ વાર માર્યા જશો. "

" ઠીક, તો હું તેમજ કરીશ. હું તને એક પત્ર લખી આપું છું તે તું એ સાહેબને આપી આવ. "

એમ કહી ફ્રેસેટ પત્ર લખવા પોતાના ઓરડામાં ગઇ. તે વખતમાં મેં બારીએ જઈ પેલાને ઇશારત કરી સમજાવ્યું. " થોડી વાર ઉભા રહો, હું આવું છું. "

ફ્રેસેટે પત્ર લખી પાકીટમાં બંધ કરી લાવી મને આપ્યો. હું તે લઇ નીચે ઉતર્યો અને મને આપેલા ઓરડામાં ગયો.

આવી કોઇ ઘટના બનશેજ એવી આશાએ મેં ત્યાં ખડીઆ

કલમ અને કાગળ તૈયાર રાખ્યાં હતાં. ફોસેટવાળો કાગળ મારા ગજવામાં મૂક્યો અને એક બીજોજ કાગળ લખી કાઢ્યો:–

"કોઇક માણસની મારા પર નજર પડી છે. પકડાઇ જવાની બહુ સંભાવના છે. આથી મેં આ ચિઠ્ઠી લાવનાર માણસને નિયત કર્યો છે. તે મારો અત્યંત વિશ્વાસુ છે, બિલકુલ શક રાખશો નહિ. અને જે કાંઇ કહેવાનું હોય તે એનેજ કહેશો."

"પકડાઇ જાઉં એવા ભયથી મેં આ કાગળમાં અક્ષર બદલીને લખ્યા છે."

મારા લખેલા પત્રને ઝડપથી પાકીટમાં બંધ કરી હું પેલા સાહેબ પાસે દોડ્યો. તેને જોતાંજ હું એને ઓળખી ગયો. સ્ટીમર પરથી જે બે સાહેબો નાસી ગયા હતા, તેમાંનો એ એક હતો.

તેણે ચ્હેરો છુપાવવાને રાતો પાઉડર અને બનાવટી મુછ લગાવ્યાં હતાં. સામાન્ય માણસથી તેને એકદમ ઓળખી શકાય એમ ન હતું. પરંતુ ડિટેક્ટીવનો ધંધો કરનારની આંખ આગળ એનું રહસ્ય ઘણો વખત ટકી શકે એમ નહોતું.

"તું કોણ છે?" મને જોઇ તેણે પૂછ્યું.

"હું ફ્લોરા ફોસેટનો વિશ્વાસુ નોકર છું...અને તેથીજ આ પત્ર તેણે મારી સાથે મોકલ્યો છે."

"ક્યારથી તું એની પાસે રહે છે?"

"જ્યારે એ હિંદુસ્તાન આવી ત્યારથી."

"તું એનો વિશ્વાસુ છે તેની ખાત્રી શું?"

"આ પત્રમાં લખ્યું હશે તે વાંચો..."

તેણે પત્ર ઉઘાડવા માંડ્યો.

"હું મિસ ફોસેટને ઘણી રીતે મદદ કરું છું. ઝેર આણી મૂક્યું છે. તે પણ મેંજ લાવી આપ્યું હતું. મોરટનને ઠાર કરવાનો અવસર લાવવો એ સૌ મારું કામ છે. એ કામમાં તો હું એનો જમણો હાથ છું."

"ઠીક."

એક ખૂણામાં જઇ તે પત્ર વાંચવા લાગ્યો. વાંચીને મને કહ્યું:– " તું જઇને ફોસેટને કહેજે કે આજે સાંજે મને પેલા ઘરની પાછળના ખંડીએરમાં મળી જાય."

મેં ડોકું ધુણાવ્યું.

" સાહેબ ! આજે એ આપને મળી શકશેજ નહિ. એનાથી બહાર નિકળાય એમ છેજ નહિ. ".

" કેમ ? "

" આમાં ચોકખું લખ્યું છે કે એક જણ એમની હિલચાલ પર સખત નજર રાખે છે અને એવા વખતે તે બહાર આવે જાય તો તરત પકડાઇ જાય. "

" એ એક જણ તે કોણ ? "

" ઘણું કરીને લૉર્ડ સેસીલ પોતેજ. "

" એને સદેહ આવવાનું કારણ શું ? "

" તમે પેલા બેવકુફ ડિટેક્ટીવ હર્ષદને ઓળખતા હશો ? "

" ઘણી સારી રીતે. "

" તે ગધેડાએ સેસીલને કહ્યું કે એણે મીસ ફોસેટને સ્મીથની સ્ટીમર પર જોઇ હતી. "

" તારા ઉપર પણ ત્યારે તો એને શક હશે ? "

" એનો રસ્તો મેં પહેલેથીજ બંધ કર્યો છે. "

" કેવી રીતે ? "

" હું ગાંડો બન્યો છું. લૉર્ડ સેસીલ એમજ સમજે છે કે હું મૂર્ખોજ છું. "

" શાબાશ ! શાબાશ !! તું તો બહુ ઉસ્તાદ જણાય છેને ? કામ પૂરું થતાં તને મોટું ઇનામ મળશે. "

" આપ લોકની મહેરબાની છે. "

મનમાં હું બોલ્યો:–" કામ થતાં તમનેજ મોટું ઇનામ મળશે બચ્ચાજી ! "

" નકામી વાત જવા દે, મૂળની વાત પર આવ. તું હવે મારી

ફેસેટની સાથે મુલાકાત ક્યારે કરાવશે ?"

"કરાઉં તો ખરો પણ તેમ કરવાથી છેક મૂળીઆંમાંજ આઘાત લાગે છે." મેં દિલગીરી બતાવતાં કહ્યું.

"તો તું જ આજે રાત્રે નવ વાગે. આવજે"

"ક્યાં આવું ?"

"અહીંજ મળજે."

"પણ નવ વાગ્યામાં આવી શકાય કે નહિ તેનો શક છે. સાડા પાંચ તો અત્યારેજ થયા છે."

"તો બાર વાગે મળજે."

"જેવો આપનો હુકમ."

"તો હવે હું જાઉં છું."

એટલામાંજ મને કાંઇક યાદ આવ્યું. મને લાગ્યું કે આ વાતમાં બહુ સાવચેતી રાખવી જોઇએ.

"સાહેબ, મને એક કાગળ એમ લખી આપો કે તે જોઇ લેડી ફેસેટ મને બાર વાગે મોકલે."

"ઠીક છે હું લખી આપું છું."

તેણે પોતાની નોટ બુક કહાડી અને તારના થાંભલા પર ટેકવી કંઇક લીટીઓ લખી કાગળ બીડી મને આપ્યો.

"એમાં શું લખ્યું ?" મેં પૂછ્યું.

"એજ કે આજે રાતના બારેક વાગે આ માણસને મારી પાસે મોકલજે. એક જરૂરનું કામ છે બીજું કાંઇ લખવાની જરૂર છે ?"

"નહિજ આપના કામમાં શું ભૂલ હોય ?"

પેર આવી કાગળ મેં ફેસેટના હાથમાં મૂક્યો. તે વાંચીને તેણે મને કહ્યું:–"આજે રાત્રે બાર વાગે તારે જ્હૉનને મળવા જવાનું છે યાદ રહેશેને ?"

એના શબ્દમાંથી એટલું તો માલમ પડ્યું કે એ સાહેબનું નામ જ્હૉન છે. મેં તરત એને જવાબ આપ્યો:–

"હાજી યાદ રહેશેજ. આપ કાંઇ પત્ર તો આપશોને ?"

" જતી વખતે મને મળજે. જે કાંઈ કહેવાનું છે તે ત્યારેજ કહી દઈશ. "

" ઠીક. "

એમ કહી અમે છુટાં પડયાં. હું મારી ઓરડીમાં આવ્યો. ગજવામાંથી પેલો ફ્રોસેટવાળો કાગળ કાઢી વાંચવા માંડયો. તેમાં આમ લખ્યું હતું:-

" માઇ ડીઅર જ્હૉન ! "

તમે જે માણસને મારી પાસે મોકલ્યો છે તે શું તમારો પુરો વિશ્વાસુ છે ? તમારો જવાબ આવ્યાં પછીજ હું એને આપણી ગુપ્ત વાતો કહેવા માંડીશ. કાતિલ ઝેર લાવી રાખ્યું છે; પણ તેનો ઉપયોગ કરવો તે કાંઇ સહેલી વાત નથી. એલનના ઓરડામાં હર ઘડી અસંખ્ય માણસો રહે છે. કાલેજ એ લોકો લંડન જનાર છે, હું પણ તેમની સાથે જવાની છું.

મને થાય છે કે લંડન જતા પહેલાં એકવાર હું તમને મળું પરંતુ આ તમારો માણસ તેમ કરવાની ના કહે છે. એ કહે છે કે લૉર્ડ સેસીલને મારી ચાલચલગત જોઇ શક ઉત્પન્ન થયો છે; પણ સમજાતું નથી કે શા માટે ? અહિં આવ્યા પછી મેં સંદેહજનક કાંઇ પણ કામ કર્યું નથી. હવે હું બહુ સાવચેતીથી ચાલીશ.

લી૦ આપનીજ

કલોરા ફ્રોસેટ. "

" આ કાગળ મેં દબાવ્યો ન હોત તો મારી શી સ્થિતિ થાત ! " એવો મને વિચાર આવ્યો.

× × × × ×

રાતના દશ વાગે હું ફ્રોસેટને મળ્યો. તેણે ફરી મને એક પત્ર આપ્યો.

" ખૂબ સાવધાનીથી મકાનની બહાર નીકળજે. એમ ન થાય કે કોઇ જોઇ લે. રાત્રેજ પાછો ન આવતો; કાલે સવારે વખત જોઇને આવજે. "

" જેવો હુકમ. આપને એ બાબતમાં મને કે'વું નહીં પડે. "

" હું નીચે આવ્યો. અગ્યાર વાગી ગયા ત્યારે હું જવાને તૈયાર થયો. રાતને વખતે શત્રુઓને મળવાનું એટલે સાથે કાંઇ અસ્ત્રશસ્ત્ર તો રાખવુંજ જોઇએ.

મકાનની બહાર નીકળતાંજ એક નોકરે પૂછ્યું:–" કયોં આજ રાતકો બનઠન કર કહાં ચલે ? "

" કૌન બંસીદાસજી કે ? " મેં પૂછ્યું. આજ તો સોનાપુર..."

તે હસ્યો. કંઇ બોલ્યો નહિ. હું રસ્તા પર આવી ઉભો. એ વખત લોકોની આવ જા બંધ થઇ હતી. નાકાઓ ઉપર પહેરા-વાળાઓ વચમાં વચમાં અવાજ દઇ રહ્યા હતા.

આજે રાત્રે મને મળવાનો એમનો શું ઉદ્દેશ હશે ? કદાચ હું શત્રુ પક્ષનો હોઉં એવો શક તો નહીં આવ્યો હોય ? એમ હોય તો તેઓ જબરી તપાસ કરશે. બહુ ધૈર્ય, સાહસ, સાવધાનીનું અને જોખમનું કામ છે. જોઇએ તો ખરા કે કઇ બાજુએ ઊંટ બેસે છે.

હું મુકરર કરેલી જગ્યાએ આવ્યો–ત્યાં કોઇ નહોતું. લગભગ એક કલાક મેં ત્યાં ફર્યા કર્યું. પાસેની ઘડીઆળ (ટાવર) માં આખરે બે વાગ્યા તે વખતે જહૉન બીજા એક સાહેબની સાથે આવી પહોંચ્યો અને બોલ્યો:–

" અમારી પાછળ એક માણસ આવતો હતો, તેથી આવવામાં વાર લાગી. તને બહુ ખોટી થવું પડયું ? "

" કાંઇ હરકત નહિ. આપ લોકના કામમાં મેં મારૂં જીવન અર્પણ કર્યું છે તો આતો એક નજીવી વાત છે. "

" ઠીક, તો જરા દૂર મેદાનમાં ચાલો. "

અમે એક મેદાનમાં પહોંચ્યા. જહૉનની સાથે જે સાહેબ હતો તેને મેં ઓળખ્યો નહિ. મને એમ લાગ્યું કે તે જાતેજ કેપ્ટન સ્મીથ છે; અને મારી પૂરી ખાત્રી કરવાને તે આવ્યો હશે.

અમે એક જગ્યાએ બેઠા પહેલાંજ મેં કહ્યું:–" મહાશય ! આપ તો મોટા માણસ છો, આપને માટે તો કાંઇ મુશ્કેલ નથી. પરંતુ

જે કામ મારે કરવાનું છે તેમાં જીવ જવાનો પણ સંભવ છે; એવી દશામાં મારા કુટુંબને વિષે મારે ચિંતા કરવીજ જોઇએ."

"જો તારે કાંઇ શરતો કરાવવી હોય તો અમે કરી આપીએ."

"મારૂં કહેવું એમ છે કે જો હું લૉર્ડ નોસ્ટનનું ખૂન કરી શકું તો મને દશ હજાર રૂપીઆ તો ઓછામાં ઓછા મળવા જોઇએ. આપની ખુશી હોય તો હું આ કામ કરવામાં જીવ પણ આપવા તૈયાર છું, નહિ તો અત્યારેજ આપની તથા લેડી ફોસેટની પાસેથી રજા લઉં છું."

"આ વાત તને ફોસેટે કહી છે કે ?"

"જી હા. આમ તમને કહેવાનું મને ફોસેટે કહ્યું છે. આપને મંજુર છેને ?"

"ઠીક. અમે દશ હજાર રૂપીઆ આપીશું. પછી કાંઇ ?"

"ના, ના. તેમ તો નહિ પણ આપ સોગંદ લ્યો તો મને પુરો વિશ્વાસ આવે."

તેમણે એજ પ્રમાણે ક્રાઇસ્ટના સોગંદ લીધા. કહેવાની જરૂર નથી કે મેં જે આડમ્બર આરંભ્યો હતો તે એ લોકોમાં વિશ્વાસ ઉત્પન્ન કરવા માટેજ. પછી મે કહ્યું ?"

"હવે આપને શું કહેવાનું છે ?"

"તારે લેડી ફોસેટની સાથે લંડન જવું પડશે."

"તેને માટે તો મેં તૈયારી કરી મૂકીજ છે. બીજું કાંઇ કહેવાનું હોય તો કહો."

"જ્યારે તું અમારા પક્ષમાં દાખલ થયો છે, ત્યારે અમારે તને ઘણી અગત્યની વાતો અહીં કહેવાની છે."

"તે આપ નિઃશંક ચિત્તે કહો."

"પણ તે પહેલાં તારે અમારી દીક્ષા લેવી પડશે."

"હું તૈયાર છું."

"તું અમારી સાથે અમારા મુકામ પર ચાલ."

"અહિંજ શપથ લઇએ તો શું ?...મારે જલદી લેડી ફોસેટની પાસે જવાનું છે."

" परंतु अमारी धर्मवेदीनी सामे अमारा दळनां सर्व मनुष्यो शपथ ले छे, तेम त्हारे करवुं पडशे. वळी अमारूं घर कांइ दूर नथी."

" ठीक त्यारे चालो.

" अमे तने एक नियमने अनुसार लइ जइशुं. "

" केवी रीते ? "

" तारी आंखे पाटा बांधीने. "

" भले तेम करो. मारा शरीरने कांइ हरकत थवी न जोइए."

ते पछी तेमणे जाडां कपडांना पाटा मारी आंख पर बांध्या. पछी मारो हाथ झाली मने दोरवा मांडयो. मारा मनमां जरा जरा संदेह तथा भय भरावा मांडयां. काले तो लंडन जवुं छे, जो कोइ दुर्घटना बने तो जवानुं अटकी पडे. परंतु हवे हुं पीठ न बतावुं. ए लोकोनी सर्व वातो एक वखत तो मारे जाणी लेवीज जोइए.

अमे अडधोएक कलाक चाल्या कर्युं पछी उभा. थोडी वारमां दरवाजो उघडवानो अवाज संभळायो. मने अंदर दोरी जवामां आव्यो.

ज्यारे मारी आंखेथी पाटा छोडावामां आव्या त्यारे में जोयुं तो एक ओरडामां छ सात अंग्रेजो बेठा हता. ओरडो नानो छतां ठीक शणगारेलो हतो.

" स्मीथ ! आ काळो आदमी कोण छे ? " मने जोइ एके पूछ्युं. तेओ बधा जाणे मोटा अमीर होय अने मारा त्यां जवांथी विस्मित थयेला देखाता होय तेम लागतुं हतुं.

" लेडी फोसेटनो विश्वासु नोकर ! " स्मीथे जवाब आप्यो.

" लॉर्ड सेसीलनो छुपो माणस तो नथीने ? "

" ते हमणांज मालम पडशे. "

मारूं हृदय जरा ध्रुजवा लाग्युं. ज्होंने मारा तरफ ताकीने जोतां कह्युं:-" अल्या समजे छे के ? हुं तारा पर विश्वास राखी तने अहीं सुधी लाव्यो छुं. हवे तारी बहादुरी जणाइ जशे. "

" करीम ! करीम ! "

एक बुढ्ढो चपरासी आव्यो. तेने ज्होंने कह्युं:-" आ एक

બદમાસ જાસુસ છે. જ્યાં સુધી એ સાચી વાત ન કહે ત્યાં સુ
એને ખૂબ રીબાવ. ”

“ હરિ ! હરિ ! આ વિપત્તિમાંથી ઉદ્ધાર કેવી રીતે થાય ? આખ
મેં ઉપાય જોડી કહાડચો. જેવો કરીમે મારો હાથ પકડ્યો તેવો
હું બોલી ઉઠ્યો:–“ આપને મારા ઉપર શક આવે છે તો ભલે મ
કેદ કરો. પરંતુ લેડી ફ્રોસેટને જે કાંઇ કહેવાનું હોય તે તરત કહા
દ્યો કારણ કે કાલે તે લંડન જશે. ”

મારી વાત સાંભળી તે સાહેબડાઓ માંહોમાંહે અંગ્રેજીમાં વા
કરવા લાગ્યા.

“ જહૉન ! આ માણસને કેદ કરવાનું કાંઇ કારણ નથી. વૃ
એને રોકી કામમાં નુકસાન ન કરો. ”

“ નહિ, કદાચ તે જાસુસ પણ હોય. ” એમ જવાબ દઇ
મારી તરફ ફર્યો અને બોલ્યો:–“ પાજી ! સાચી વાત બોલ તું કો
છે ? નહિ તો એક ગોળીથી ખોપરી ઉડી જશે. ”

“ હું ફ્રોસેટનો વિશ્વાસુ નોકર સિવાય બીજો કોઇ નથી. ”

ફરી તેઓ માંહોમાંહે સલાહ લેવા લાગ્યા. અંતે કેપ્ટન સ્મી
મને એક બીજા ઓરડામાં લઇ ગયો. બીજાઓ પણ ત્યાં આવ્ય
તેમને સંબોધી સ્મીથ બોલ્યો–“ આજે ફ્રોસેટના આ વિશ્વાસુ નોકર
હું આપણી પ્રથા અનુસાર શપથ દઇ આપણા દળમાં દાખલ કરું છુ
કોઇને વાંધો છે ? ”

કોઇએ વાંધો કાઢ્યો નહિ.

એ પછી તેમણે મને એક લાકડાની વેદીની પાસે લાવી ઉભે
કર્યો. ત્યાં ઇસુ તથા મરીયમની પ્રતિમૂર્તિ હતી. સામે એક ‘ ક્રોસ
પણ ગોઠવેલો હતો.

પ્રથમ મારા માથા પર પાણી છાંટવામાં આવ્યું. તે કદા
જાર્ડન નદીનું હશે. પછી એક જણે આવી મને ક્રોસ અડકાડ્યો.
લેટીનમાં કાંઇ બબડતો હતો. અંતે તેણે મને કહ્યું:–

“ બોલ કે સાક્ષાત્ ઇશ્વરની સામે તથા તેના મોકલેલા એ

માત્ર સંતાન પ્રભુ ઇસામસીહની સામે હું શપથ લઇ કહું છું કે આજથી હું કેપ્ટન સ્મીથની સેનાનો-તેની ટોળીનો એક વિશ્વાસુ મેમ્બર થાઉં છું. લૉર્ડ નોરટનને ઠાર કરવો તથા અનેક રીતે તેને નુકસાન પહોંચાડવું, એજ મારો મુખ્ય ઉદ્દેશ રહેશે. હું તેમાં કદી પાછું પગલું ભરીશ નહિ. "

તે બોલાવતો ગયો તેમ હું બોલતો ગયો. સઘળું બોલાઇ રહ્યા પછી ફરીથી મારા પર પાણી છાંટવામાં આવ્યું અને પછી સાતે અંગ્રેજો એક પછી એક મને ભેટયા.

૧૪

સુમનસુંદરી.

એ પછી સર્વે પ્રથમવાળા ખંડમાં આવી બેઠા. મને પણ એક ખુરસી આપવામાં આવી. તે વખતે કરીમે આવીને મારી આંગળીમાં એક વીંટી પહેરાવી.

"આજથી તમને પ્રભુ સ્મીથના નામની વીંટી આપવામાં આવે છે. તેનો અપવ્યવહાર કરી તેને અપવિત્ર કરશો નહિ. તે મંત્રેલી છે."

કરીમનો અવાજ સાંભળી હું ચોંક્યો. ગમે ત્યાં પણ મેં એ અવાજ સાંભળ્યો છે, પરંતુ તેનો ચહેરો મને પરિચિત લાગતો ન હતો.

કેપ્ટન સ્મીથની આજ્ઞા પ્રમાણે કરીમ બહાર ચાલ્યો ગયો. બીજાઓ ફરીથી ગુસપુસ કરવા લાગ્યા. એટલામાં પાસેનીજ કોટડીમાંથી કોઇના રડવાનો અવાજ આવ્યો. તે કોઇ નવયુવાન સ્ત્રીનો કંઠ હોવો જોઇએ, એમ મને ખાત્રી થઇ. મેં સ્મીથને પૂછ્યું:-

"કોટડીમાં કોણ રડે છે?"

"એક શિકાર છે."

"કોઇ આદમી છે?"

"નહિ, નવજવાન સ્ત્રી છે."

"કોને માટે?"

" વિલાયતમાં અમારા શેઠ છે તેને માટે."

" શું એને વિલાયત મોકલવામાં આવશે ?"

" હાસ્તો."

મારા આટલા પ્રશ્નથી એને કદાચ સંશય આવે તે દૂર કરવા માટે મેં કહ્યું:–" સારી વાત છે. તેમ થવુંજ જોઇએ."

બે સેકેન્ડ રહીને વળી મેં પૂછ્યું:–" એ કયાં પકડાઇ છે ?"

" અહીં મુંબાઇમાંજ."

" કયારે પકડાઇ ?"

" એ બધું પૂછવાની શી જરૂર છે ?"

" જણાય છે કે હજુ પણ મારા ઉપરથી આપનો અવિશ્વાસ દૂર થયો નથી."

" અવિશ્વાસની વાત નથી; પણ એ બધું જાણીને તું શું કરવા ધારે છે ?"

" જાણું તો હું પણ એવો બીજે શિકાર લાવી આપું."

" કેટલા લાવી આપે ?"

" બે, ચાર, છ, આઠ: જેટલા જોઇએ તેટલા !"

" તું એટલી સુંદરીઓ કયાંથી લાવશે ?"

" મારા હાથ પર અનેક છે."

" તે જેવી તેવી નહિ ચાલે. સુંદર–ફાંકડી જોઇએ."

" હા, હા. આકાશના તારા જેવી છે. બહુએ છે."

" આઠ દશની વાત જવા દે. માત્ર એકજ લાવજે. તને દશ હજાર રૂપીઆ ઇનામ મળશે."

" તો તમે કેવી સુંદરીને પકડી લાવ્યા છો, તે મને બતાવો, એટલો વિશ્વાસ છે ?"

" તું જ્યારે અમારી ટોળીમાં દાખલ થયો છે, તો તને બતાવવામાં કાંઇજ હરકત નથી."

" તો બતાવો. હું જોઉં તો ખરો. હું ખાત્રીથી કહું છું કે એનાથી પણ વધારે સુંદર યુવતિને હું લાવીશ."

" પહેલાં એક બીજું કામ થવા દે. પછી બતાવું છું. "

એ વખતે એક સાહેબ ઉઠીને તે ઓરડાની બહાર ગયો અને તરતજ તે હૃદય વિદારક રૂદનનો અવાજ પુનઃ સંભળાયો. મેં મારા આખા જીવનમાં આવું કરૂણાજનક મર્મભેદી રૂદન કદી સાંભળ્યું ન હતું. એ રોવું સાંભળતાં મારૂં શરીર પણ ધ્રુજી ઉઠતું. કોણ જાણે કોની કુલરમણી, કોની ગૃહદેવી. આ પાપી બદમાસોના પંજામાં સપડાઇ હશે ? તે જાણવાને મારૂં હૃદય આકુળવ્યાકુળ થઇ ગયું.

મેં પહેલેથીજ સાંભળ્યું હતું કે કેટલાક વિલાયતના પૈસાદાર લોકોના નોકર ચાકર પોતાના માલિકોને માટે બીજા દેશોમાંથી સુંદર રમણીઓને ફસાવી, સમજાવી, કે ભમાવીને લઇ જાય છે. એવો એક દાખલો મેં સાંભળ્યો હતો. પુનાના એક પ્રસિદ્ધ વણિક સદાશિવ મારકુટેની પુત્રી અત્યંત સ્વરૂપવતી હતી. એક દિવસ અચાનક તેને કોઇ પકડી ગયું. તપાસ કરતાં બે એક મહિને માલમ પડ્યું કે તે એક મનવારી સ્ટીમરમાં કેદ પડી છે; પણ ધિક્કાર છે એ બાપને કે તેણે જાતિચ્યુત થવાના ભયથી પોતાની પ્રિય પુત્રીને છોડવવાનો પ્રયત્ન ન કર્યો ! તે બિચારી અભાગિની બાળાનું શું થયું ? તે વાંચકોજ વિચારી લેશે.

મને આ બાબતની ખબર હતી અને તેથીજ એ રૂદન સાંભળીને મારૂં હૃદય આટલું ખળભળી ઉઠ્યું હતું. હું તક સાધવા લાગ્યો.

× × × ×

" કાલે લૉર્ડ નોર્થન હિન્દુસ્થાન છોડશે તેની તને ખબર છે કે ? " કેપ્ટન સ્મીથે* મને પૂછ્યું.

" જી હા. ખબર છે. "

" તારે પણ જવાનું છે. "

" તૈયારજ છું. "

" તો હું કામોનો અનુક્રમ બતાવું છું. સાંભળ—અહીંથી રવાના

* કેપ્ટન સ્મીથ અને જ્યૉર્જ સ્મીથ ભિન્ન ભિન્ન વ્યક્તિઓ છે તે વાંચકે લક્ષમાં રાખવું.

થઇને એડનમાં તમારી સ્ટીમર લંગર કરશે. ત્યાં પણ મારાં માણસો છે. તેમાંથી બે જણ વેષ બદલી તમારી સ્ટીમરમાં આવશે. તું વીંટી તેને બતાવજે એટલે તે તને સૌ મદદ આપશે. લેડી ફ્રોસેટની પાસે ઝેર તૈયાર છે. તેનાથી બેમાંથી એકને તો મારવુંજ જોઇએ. શત્રુઓની સંખ્યા જેમ થોડી થાય તેમ સારૂં.

" બીજી વાત—એ કે, સ્ટીમર પરજ કામ ન થાય તો લંડનમાં તો થવુંજ જોઇએ. ત્યાં કાંઇ તદબીરોની કમી નથી. આપણા પક્ષનાં અનેક મનુષ્યો ત્યાં છે. તે તરત તમારી સાથે મળી જશે.

" તમારા ગયા પછી દશેક દિવસમાંજ અમારી સ્ટીમર અહીંથી વિદાય થશે: પણ તે પહેલાં જો અમને નોરટનના મૃત્યુની ખબર મળશે તો તને ન્યાલ કરી દઇશું. "

" આપનું કહેવું હું બરાબર સમજ્યો છું; પરંતુ ખૂનનો ચાર્જ નોરટન પર આવ્યો છે તેને વિષે આપનું શું કહેવું છે ? "

" હાં...એતો એક જૂદો કેસ છે. "

" લૅાર્ડ નોરટને કોનું ખૂન કર્યું છે ? "

" જ્યૅાર્જ સ્મીથના પિતાનું. "

" આપણે જીતીશું ખરાને ? "

" અરે ! એક પ્રકારે તો ખૂન સાબિત થઇ ગયું છે. "

" જો નોરટનને ફાંસીની સજા મળવાની હોય તો વિષ દઇ મારવાનું શું કામ છે ? "

" શત્રુને ચારે દિશાથી ઘેરી લેવો ને પછી જે ટીકી લાગી તે ખરી. ઉપરાંત શિક્ષા થયા પહેલાં તેને વિષ આપી શકાય તો જાતે આપઘાત કરી મૂઓ એમ માની લોકોમાં તેની બદનામી પણ સારી ફેલાશે.

એજ ક્ષણે પુનઃ પેલા હૃદયભેદક રૂદનનો અવાજ સંભળાયો. કોણ રડે છે, તે જાણવાને પહેલાંથીજ મારૂં હૃદય ઉછળતું હતું.

" ચાલોને, જરા આપનો શિકાર બતાવો. "

" હા. ચાલો. હવે વખત છે. "

હું કેપ્ટનની સાથે તે ખંડમાંથી બહાર નીકળ્યો. બે ચાર બારણાં પસાર કર્યા પછી ચક્કર ફરીને પાસેનાજ ઓરડા આગળ અમે આવ્યાં ઓરડો ઉઘાડ્યો તો અંદર ઘોર અંધકાર ફેલાયેલો હતો. જાણે અંદર કોઇ હોયજ નહિ !

અંદર આવીને રમીયે બારણું બંધ કર્યું. હું તેની સાથેજ હતો. પાસેથી જ્દીવાસળી અને ચોર ફાનસ કાઢી તે તેણે સળગાવ્યું. ઘણી વાર સુધી કાંઇ દેખાયું નહિ.

મેં મારી આંખ ચોળી ત્યાં શું જોયું ? અહા ! જે વિષાદની મૂર્તિ નિરાશ ચ્હેરો ધરી બેઠેલી મેં ત્યાં જોઇ તેને હું હજુ પણ ભુલી શકતો નથી—ભુલી શકીશ નહિ. એક પરમ સુંદરી, નવયૌવના રમણી ખૂણામાં બેસી વિલખ વિલખ રડી રહી હતી, સાંભળનારનાં હૃદય ચીરી રહી હતી

" તમારૂં નામ શું ? કહો. હું તમારો હિતાકાંક્ષી છું. "

મારા શબ્દ સાંભળી બિચારી બાલા અધિક રડવા લાગી.

કેપ્ટને મને અટકાવ્યો.

" બીજું કાંઈ નહિ. એટલુંજ જોઉં છું કે વિશ્વાસ ઉત્પન્ન કરી એને કાર્યને માટે સંમત કરી શકું છું કે નહિ. " મેં કહ્યું.

મેં ફરીથી તેને નામ પૂછ્યું. તેણે અતિ ક્ષીણ સ્વરે ઉત્તર આપ્યો.

" મારૂં નામ સુમનસુંદરી. "

" તમારા પિતાનું નામ ? "

" વિનોદરાય મઝુમદાર. "

" ક્યાંનાં રહેવાસી છો ? "

" સુરત. "

" તેઓ શું ધંધો કરે છે ? "

એ વખતે કેપ્ટને વળી મને અટકાવ્યો.

" એ બધું પૂછવાની શી જરૂર છે ! બહાર ચાલો.

" આપને સંદેહ તો નથી આવ્યોને ? "

" કાંઇક તેવુંજ છે. "

" તો લ્યો આ આપની વીંટી. તે પાછી લઇ લ્યો હું આપના પક્ષમાં રહેવાને યોગ્ય નથી. "

" એમ ખફા થવાની વાત નથી; પણ વ્યર્થ સમય ગુમાવવાની શી જરૂર છે ? "

મેં તેને ધીમેથી સમજાવ્યું. " આપ સમજતા નથી. કોઇ પણ મનુષ્ય એકદમ નીચે પડવાને તૈયાર ન થાય, તેને માટે બહુ જાળ ફેલાવવી પડે છે. મારા પ્રશ્નો તેને માટેજ છે. "

" કેવી જાળ ? જરા સમજાવ તો ખરો. "

" પછી કહું છું. હાલ મને એક બે વાત પૂછવા દો. "

" ઠીક. પૂછી લે. "

મેં પૂછ્યું. " તમારી જાત શી છે ? "

" ક્ષત્રિય. "

" અહીં શી રીતે આવ્યાં ? "

" મારે દુર્ભાગ્યે ! " એ શબ્દ બોલતાં તેણે પોતાને કપાળે આંગળી અડકાડી. તેની આંખમાં અશ્રુ ભરાયાં.

આવી સૌંદર્યશશિ બાલિકામાં કોઇ પ્રકારનું વિષ હોવું અસંભવજ હોય. જે પાપપૂર્ણ હૃદય આ પવિત્ર પતિવ્રતાને પાપના કાદવમાં ફસાવવા માગતું હશે, તેને માટે સર્વ શક્તિમાન પ્રભુએ કોણ જાણે કેવી સજા ઘડી હશે ? બદમાસોએ છળથી એ બાલિકાને અહીં લાવી કેદ કરી હતી. એને છુટવાની તદબીર શું છે ? હું વિલાયત જવાનો છું, તે પહેલાં એનું કાંઇ ન કરૂં તો એક નિષ્પાપ પવિત્ર હૃદય આ પશુઓના બળાત્કારથી ધર્મચ્યુત થઇ જાય ! અને તેનું પાપ મારે માથે આવે. ઇશ્વરની સામે હુંજ દોષિત ગણાઉં; પરંતુ ઉપાય શો ?

* સુમનસુંદરી ધીરજ રાખી બોલી:—" શું આપ મને બચાવશો ?"

---

* બેઠકમાં સુલાગ્યે કેપ્ટન ચીરૂટ સળગાવવા માટે દીવાસળી લેવા પાસેના ઓરડામાં ગયો. તે અરસામાં મેં તે બાળા સાથે નીચે પ્રમાણે વાર્તાલાપ કરી લીધી.

* " મારા પર વિશ્વાસ રાખો તો હું તમને બચાવી શકું. " મેં ધીમે સાદે કહ્યું.

" બાબત શી છે, તે વર્ણવીને કહો તો અવશ્ય બચાવીશ."

" તો સાંભળો. મારા પિતા કંઇક કામને લીધે મુંબાઇ આવ્યા. તેમની એકની એક પુત્રી છું અને તેઓ મને હમેશાં તેમની સાથેજ ાખે છે. અમારી સાથે બીજાં પણ અનેક માણસો હતાં. કાલે હું ટલાંક માણસો સાથે સાગર-સ્નાન માટે ગઇ હતી. મારા સ્નાન રવાના સ્થાનથી થોડે દૂર એક સ્ટીમર હતી. તેમાં બે ફીરંગીઓ ભા હતા, અને તીક્ષ્ણ દષ્ટિથી તેઓ મારી તરફ જોતા હતા.

" સ્નાન કરીને હું ગાડીમાં બેસી પાછી ફરી તો રસ્તામાં પુનઃ ઓ ફીરંગીઓ દેખાયા. મેં ધાર્યું કે તેઓ કાંઇ કામે જતા હશે. ને સ્વપ્નેયે ખ્યાલ ન હતો કે તે દુષ્ટોએ મારો પીછો પકડ્યો તો. ગયે સોમવારે હું દર્શન કરવા માટે મહાલક્ષ્મીને મંદિરે જવા ીકળી. પિતાજી ઘેર ન હતા એટલે હું તેમની રજા લઇ શકી નહિ. ંદિરની પાસે પહોંચતાંજ મેં ફરીથી એ ફીરંગીઓને જોયા. તેઓ ારી પાછળ પાછળ આવતા હતા.

" એ વખતે મને બહુ ભય લાગ્યો. મેં ઝડપથી મંદિરમાં જઇ ર્શન કર્યાં અને સુખરૂપ ઘેર પહોંચાડે એવી માતાજીને પ્રાર્થના રી. અંધારૂં થવા આવ્યું હતું. હું મારા ગાડીવાળાને ઉતાવળ કર-ાનું કહેવા લાગી. તે પીધેલો હોવાથી બેભાન થઇ ત્યાં ગાડીમાંજ ડ્યો હતો. તેને મહા મહેનતે ઉઠાડ્યો ને તેણે ગાડી હાંકવા માંડી.

" અંતે અંધકાર પથરાઇ ગયો. મહાલક્ષ્મીથી શહેરમાં આવવાના સ્તા પર કેવું અજવાળું હોય છે, તે આપ જાણતાજ હશો. જેમ તેમ હું ગાડીમાં બેસીને નીકળી. થોડો વખત ગયા પછી મેં મંદરથી એક ગોળીનો બાર સાંભળ્યો. બારી ઉપાડી જોયું તો વીસ ચ્ચીસ માણસોએ મારી ગાડીને ઘેરી લીધી હતી.

" બંદૂકો ફુટવા લાગી. મારામાર થવા લાગી. મારા ગાડીવાળાને ોળી લાગવાથી તે ઘોડાના પગમાં પડી ગયો. તરત કોઇએ આવીને ારો હાથ ઝાલ્યો. મેં ભયથી બુમ પાડી અને આંચકો મારી હાથ છોડાવ્યો; પણ અબળાનું બળ ક્યાં સુધી ચાલે ? ફરી પાછળથી મને

કોઇએ ઝાલી અને ' સાહેબ ! સાહેબ ! આવો. ' એમ બુમ પાડી.

" સાહેબ દોડતો આવ્યો. હું ચીસો પાડવા લાગી અને છૂટવા પ્રયત્ન કરવા લાગી. મારૂં હૃદય થરથર ધ્રુજતું હતું. કોઇનો હાથ મારા મોં પર પડચો. તે સાથે હું મૂર્છિત થઇ ગઇ.

" જ્યારે હું જાગી ત્યારે મારી આંખ આગળથી સર્વ દુનિયા નાસી ગઇ હતી. પૃથ્વીનો પ્રલય થયો હતો. અંધકાર વિના હું કાંઇ જોઇ શકતી ન હતી. ઓ દયાળુ મહાશય ! આજે સાત સાત દિવસ થયાં હું આવીજ આંખે રડું છું. મેં નિદ્રા, અન્ન, કાંઇ લીધુંજ નથી; અને ..એમજ હું...મરીશ. "

છેલ્લા શબ્દો તે મહા મહેનતે બોલી શકી. તેના અવાજ પરથી લાગતુ હતું કે તેનું હૃદય ભરાઇ આવ્યું છે. તેનું વર્ણન સાંભળી મને પણ જરા આંસુ આવ્યાં.

" હવે હું બોલી શકીશ નહિ. " કેપ્ટન દાખલ થઇ બોલ્યો.

" હવે જરાક પૂછવાનું છે. " મેં કહ્યું.

" તમારા પિતા મુંબાઇમાં શા માટે આવ્યા છે ? "

" સરકારી કામને માટે. "

" તે ક્યાં રહે છે ? "

" વાલકેશ્વરમાં હાર્કનેસ રોડ ઉપરના એક બંગલામાં. "

" ઠીક, તમે હવે રોશો નહિ. હું તમને બચાવીશજ. "

એમ કહી હું કેપ્ટનની સાથે બહાર આવ્યો. સુમન હજુ કેદમાંજ રહી.

૧૫

કેદખાનાની હવા.

અંધારી કોટડીમાંથી બહાર નીકળીને કેપ્ટને કરીમને બુમ પાડી. તે હાજર થયો. કરીમ આ ટોળીનો વિશ્વાસુ માણસ છે. એને આવ્યાને થોડા દિવસજ થયા છે. તે માનવી શયતાનોએ એને બુઢ્ઢો અને ભોળો જાણી પોતાની દુષ્ટ ટોળીમાં દાખલ કર્યો હતો.

"આપ જેને તેને શા માટે આપણી ટોળીમાં દાખલ કરો છો?" મેં કેપ્ટનને કહ્યું.

"આ દેશમાં અમારી ટોળીના માણસ બહુ થોડા છે, માટેજ અમારે બે ચાર માણસને હાથ પર રાખવાં જોઇએ."

"હરિફ ટોળીનો કોઇ માણસ ડિટેક્ટીવ થઇ અહીં ભરાય તો?"

"ભલેને ભરાય, અમારૂં સૈન્ય બહુ મોટું છે. એક આદમી તેમાં ઘુસીને શું નુકસાન કરવાનો છે?"

"ધારો કે હુંજ શત્રુપક્ષનો ડિટેક્ટીવ હોઉં તો તમને નુકસાન ન થાય?"

"નહિજ. ધારો કે તું શત્રુ પક્ષનો છે તોયે શું થયું? અમે સેંકડો તરફથી અમારી જાળ પ્રસારી છે. મારા તારા જેવાં અસંખ્ય મનુષ્યો તેમાં સામેલ થયાં છે. જાળની દોરી પકડી બેઠાં છે. શિકાર આવશે તેવીજ દોરી ખેંચાશે. વળી અમારી ટોળીમાં લંડનના મોટા મોટા અમીર ઉમરાવો પણ મેમ્બર છે."

"તમારા વિલાયતમાં જે આપણા ઓફીસર હોય તેના ઉપર મને એક ચિઠ્ઠી લખી આપો તો સારૂં."

"તેને અમે તાર મારફતે ખબર દઇશું. તે તને આપેલી વીંટી જોઇને તરત ઓળખશે."

"તે તો ઠીક. લેડી ફ્રોસેટને કાંઈ કાગળ આપવો છે?"

"હા તે હું લખી આપું છું."

એમ કહી કેપ્ટન પત્ર લખવા માટે બીજા એક ઓરડામાં

ગયો. હું ત્યાંજ ઉભો રહ્યો. સુમનસુંદરીનું રૂદન પુનઃ સંભળાયું. આ વખતે તે અત્યંત કરૂણોત્પાદક હતું–દુઃખ ભર્યું હતું. તેનાં ડુસકાં સંભળાયાં. એને બચાવવા માટે હું શું કરૂં ! એ વિચારે મારા મગજને ઘેર્યું. તે જ ક્ષણે બુઠ્ઠો બબર્ચી કરીમ ત્યાં આવ્યો. એને જોઇ મને પેલો ફકીર યાદ આવ્યો.

" તું તો બચ્ચા બહુ ચતુર જણાય છેને ? "

" બાપુ ! હું તો ભોળામાં ભોળો અને નિખાલસ દિલનો આદમી છું. " મેં જવાબ આપ્યો.

" કેમ, કેપ્ટનની માફક શું તું મને પણ બેવકુફ સમજે છે?"

" તમે તો ભલા માણસ છો. બાપુ ! તમે જાણો છોને કે હું તમારીજ ટોળીનો માણસ છું. "

" તે તો મેં હમણાં હમણાંજ જાણ્યું. પરંતુ તું પોલિસ છે, ડિટેક્ટીવ કમિશ્નર હર્ષદ છે, તે તો હું કયારનો જાણું છું. "

કરીમને મોંઢે મારૂં નામ સાંભળી હું આશ્ચર્યચકિત થયો. કંઇક ભય પણ લાગ્યો. એણે મને કેવી રીતે ઓળખ્યો ? હજુએ મેં મારો વેષ છુપાવવા માંડ્યો.

" હવે તો મને ખાત્રી થઈ કે તમે તદ્દન ગાંડા છો. "

" બેશક હું ગાંડો છું. પરંતુ તું તો ગરજગાંડો છે.

" તમે નકામો સંદેહ રાખો છો. "

" તું મને સમજાવવાને વૃથા પ્રયત્ન કરે છે. "

" સાચું કહો કે તમે કોણ છો ? "

" પહેલાં તુંજ કહે કે તું કોણ છે ? "

" હું તો તમારાજ પક્ષનો એક માણસ છું. "

" ઠીક છે, તું ક્યાં સુધી જુઠું ચલાવીશ તે હું જોઇશ. "

એમ કહી કરીમ હસતો હસતો ચાલ્યો ગયો તેથી મને તેનો ભય લાગ્યો. પહેલાં તો મેં એને એક નજીવો ચપરાશી ધાર્યો હતો, પણ હવે તો મને લાગવા માંડ્યું કે એ તો એક ભયાનક આદમી છે અને એની આંખમાં ધુળ નાંખવી સહજ નથી.

એજ વખતે હાથમાં એક ચિઠ્ઠી લઇને કેપ્ટન બહાર આવ્યો. " આ પત્ર લેડી ફ્રેસેટને આપી દેજે. " એમ કહી તેણે તે પત્ર મારા હાથમાં મૂક્યો.

" જરૂર આપી દઇશ. " મેં તે પત્ર ગજવામાં મૂકતાં કહ્યું.

" બીજી એક વાત કહેવાની હું ભૂલી ગયો છું, તે આમ છે. લંડન શહેરમાં ' હેનરીસ્ટ્રીટ ' નામનો એક મહોલ્લો છે, ત્યાં મિસ મેરીઅટ નામની એક સ્ત્રી પોતાની મા સાથે રહે છે: તેને મળીને ખબર આપજે કે અમે એકાદ અઠવાડીઆમાં વિલાયત આવી પહોચશું. હું સહીસલામત છું. હિંદુસ્થાનમાં અમારૂં કામ ઘણું ખરૂં સફળ થયું છે. એમ એને મારા તરફથી સમજાવજે. તેઓ ધારે છે કે મારા પર કોઇની નજર પડી છે અને હું પકડાઇ જઇશ; પરંતુ તું તેમને હિંમત આપજે. હું તને લંડન આવ્યા પછી ઇનામ આપીશ. "

" ઇનામની વાત જવા દોને; અત્યારે તો આપને ખુશ કરવા એજ મારૂં કર્તવ્ય છે. "

એમ કહી હું ત્યાંથી બહાર નીકળ્યો. રસ્તા સુધી કેપ્ટન મારી સાથે આવ્યો અને મને શહેરમાં પાછા આવવાનો રસ્તો બતાવ્યો. (વાંચકોને યાદ હશે કે મને પાટા બાંધીને લાવવામાં આવ્યો હતો.)

મકાનમાંથી બહાર નીકળી હું થોડે દૂર ગયો. રસ્તામાં કોઇ આવતું જતું ન હતું. એક ગેસના દીવા પાસે આવી મેં ગજવામાંથી કાગળ કાઢયો અને પાકીટ ફોડી તે વાંચ્યો.

" પ્રિય ફ્રેસેટ,

તમારા અત્રેથી વિદાય થયા પછી સાત દિવસમાં અમારી સ્ટીમર અહીંથી ઉપડશે. મેં આજેજ લંડન તાર કર્યો છે. તમે ત્યાં પહોંચશો કે જ્યોર્જ મિલ્ટનનો છોકરો તમને મળશે; તેની સલાહ પ્રમાણે તમે વર્તજો. એ નિશ્ચયથી જાણજો કે મેં સોંપેલું કાર્ય પુરૂં થતાં હું તમારો ગુલામ થઇ જઇશ એજ.

લી૦ તમારો

કે. સ્મીથ. "

ચિઠ્ઠી મેં ફરીથી ગજવામાં મૂકી. સુમનસુંદરી માટે મારે શું કરવું ? હું તેનો વિચાર કરવા લાગ્યો. જો એને માટે અત્યારેજ હું કાંઇ તજવીજ નહિ કરૂં તો એ પવિત્ર પુષ્પ આ બદમાસોના પગ તળે ચગદાઇ જશે. હું ત્યાંથી પાછો ફર્યો અને કેપ્ટનના મકાનની સામે આવ્યો.

દરવાજો બંધ હતો. પરંતુ ત્યાં કોઇ માણસ ન હતું. હું ધીરે ધીરે દરવાજા ઉપર ટકોર કરવા લાગ્યો. કોઇએ જવાબ ન આપ્યો. મેં દરવાજો ખખડાવવા માંડ્યો, તોયે જવાબ ન મળ્યો. દરવાજાને ધક્કો માર્યો તો આપોઆપ ઉઘડી ગયો; તે ઉઘડતાંજ એક માણુસનો અવાજ આવ્યો.

" કૌન હૈ ? "

જેણે એ અવાજ કહાડ્યો તે કરીમ તો નહોતોજ બીજું કોઇ હતું. તેણે મને જોયો હતો છતાં ઓળખ્યો નહિ. હું તેની પાસે જઇ ધીમેથી વાત કરવા લાગ્યો.

" શું તેં મને પહેલાં જોયો ન હતો ? હું કેપ્ટન સાહેબનોજ માણુસ છું. "

" હા હા તમને મેં જોયા છે. તમે તો ચાલ્યા ગયા હતાને. એટલામાં પાછા કેમ આવવું પડ્યું ? "

" એક વાત સાહેબને પૂછવી ભૂલી ગયો હતો તેથી અડધેથી પાછા ફરવું પડ્યું. "

" સાહેબ તો સુઇ ગયા છે, એમની સાથે હમણાં મુલાકાત થઇ શકશે નહિ. "

" ઠીક સાહેબને ન મળાય તો કાંઈ નહિ; પેલી છોકરીને કેદ કરી છે તેને મળીશ તોયે ચાલશે. "

" કેમ ? તેની સાથે તમારે શું કામ છે ? "

" મારે પોતાને તો કાંઇ નથી, બધું સાહેબને માટે છે. કાલે અમે લંડન જઇશું. જે સાહેબને માટે આ છોકરીને આપણે પકડી છે તેના ઉપર એની પ્રીતિ ઉત્પન્ન કરવાનું કામ મારે માથે છે. હવે

કાલેજ હું વિલાયત જવાનો છું, તો તે પહેલાં જો હું એને રાજી કરી શકું તો અવશ્ય મને ઇનામ મળશે. માટે જો તું અત્યારે એની સાથે મારી મુલાકાત કરાવે તો તને પણ હું રાજી કરીશ. ”

“ મુલાકાત કરાવું તો ખરો પણ સાહેબ કાંઇ બોલે તો ? ”

“ તે શા માટે બોલે ? આપણે એનુંજ કામ કરીએ છીએ તો પછી એને શું વાંધો છે ? ”

“ એને પૂછી આવું ? ”

“ છટ્, હુંજ એનો વિશ્વાસુ માણસ છું તો પછી પૂછવાની શી જરૂર છે ? ”

“ ઠીક. ઇનામમાં મને શું આપશો ? ”

મેં આંગળી પર આંગળી મૂકી અડધો ભાગ બતાવ્યો.

“ ન આપો તો ? ”

“ કસમ ખાઉં છું કે–”

“ નાજી. હમણાંજ કંઈ આપો તો...”

“ લે. ”

એમ બોલી તે પોતાનું વાક્ય પુરૂં કરે તે પહેલાંજ મેં તેના હાથમાં પાંચ રૂપીઆ સેરવી દીધા. તે મને અંદર લઇ ગયો. જે ખંડમાં સુમનને કેદ કરી હતી તેના બારણા પાસે આવી અમે ઉભા રહ્યા. ધીમેથી દરવાજો તેણે ઉઘાડચો. ઓરડામાં અંધારૂં હતું. મેં ફાનસ સળગાવ્યું અને તે માણસને બારણું બંધ કરી બહાર ઉભા રહેવાનું કહી હું અંદર ગયો.

સુમન મને જોઇને ઉભી થઇ. ભયભીત હરણીની માફક તે આકુળ વ્યાકુળ બની મારા તરફ જોવા લાગી.

“ સુમનસુંદરી ! તમે બ્હીશો નહિ. તમને બચાવવાની તદબીર હું હમણાંજ કરૂં છું અને તે માટેજ પાછો આવ્યો છું. ” મેં કહ્યું. સુમન રડવા લાગી.

“ તમે રડશો નહિ, રડવાથી કાંઇ વળવાનું નથી. આપણા શત્રુઓ જાગી ઉઠશે, અને તમે તેમજ હું બને સપડાઇ જઇશું. ”

" આપ કોણ છો ? મારી સાથે આપને શું સ્વાર્થ છે ? "

" સ્વાર્થ એજ કે તમને છોડાવી પુણ્ય મેળવવું. "

" હું કેમ માનું કે આપ મારા શુભેચ્છક છો ? "

" ધર્મને સાક્ષી રાખી હું એમ કહું છું. "

" ભલે. પણ આપ મને કેવી રીતે બચાવશો ? "

" તે મારે વિચારવાનું છે. આ વખતે તો તમને હું જે કાંઇ પૂછું, તેનો તમે ઉત્તર આપશો એટલે બસ છે. "

" ખુશીથી પૂછો. "

" તમે મારી સાથે બહાર નાસી આવશો ? "

" પકડાઈ જાઉં તો ? "

" તેમ બનવાનુંજ નથી. કારણ કે મારી પાસે તેનો ઉપાય છે."

" શું ? "

" તમે મારાં વસ્ત્ર પહેરી લ્યો. મારી પાસે આ ઓવરકોટ છે તે તમે ચઢાવી લ્યો અને બહાર ચાલ્યાં જાઓ. "

" શુ હમણાંજ જાઉં ? "

" હાસ્તો. પછી વખત ક્યાં છે ? જેમ જેમ વખત જાય છે તેમ તેમ સ્થિતિ ભયંકર થતી જાય છે. "

" ઠીક, હું જઇશ. "

એ પછી મેં મારો ઓવરકોટ તથા ફેંટો એને પહેરાવ્યો. ફેંટામાં એનો સુંદર મનોહર કેશકલાપ લપાઇ ગયો. મેં મારી નકલી દાઢી પણ તેને પહેરાવી. એના પગનાં ઝાંઝર અને હાથનાં ઘરેણાં ઉતારી લીધાં. તેને સાથે લઇ હું બારણા પાસે આવ્યો. ધીરે ધીરે એને કહેવા લાગ્યો:–" એકદમ રસ્તા પર જઇને તમે ઉભાં રહો, હું હમણાંજ કંઇક યુક્તિ કરીને તમને આવી મળું છું. "

" આ અંધારામાં હું ક્યાં જાઉં ? દરવાજો ક્યાં છે ? "

" દાદર જોડેના ઓરડામાં છે, તે ઉતરતાં દરવાજો સામોજ દેખાશે તે ખુલ્લોજ છે. ઝટપટ બહાર નીકળી પોલીસચોકી પર જઇ ઉભાં રહેજો. "

"પણ તમારૂં શું થશે? હું તો નહિ જાઉં. તમને દેહાંતદંડ સોંપી હું પાપ નહિ વહોરૂં."

"સુમનસુંદરી! મારે માટે તમે ફીકર ન કરશો. જેમ વખત જાય છે તેમ ભય પાસે આવે છે, માટે બ્હેન! ત્વરા કરો અને મારૂં કહ્યું માનો. આ એક બગુચક બહાર બેઠો છે, તેને છેતરતાં મને વાર લાગશે નહિ."

"હું તમારા આભારનો બદલો શી રીતે વાળીશ?"

મેં ફાન્સસ હોલવી નાંખ્યું, પેલા માણસને બોલાવ્યો.

"અલ્યા ભાઇ! દરવાજો ઉઘાડ, આપણું કામ થઇ ગયું. શિકાર રાજી થઇ ગયો છે. હું એકવાર કેપ્ટન સાહેબને મળવા જઇશ. તું દરવાજા પાસેજ બેસી રહેજે, હું પાછો આવું ત્યારે દરવાજો બંધ કરજે."

તેણે બારણું ઉઘાડ્યું અને મારે બદલે વેષધારી સુમન બહાર નીકળી ગઇ. બારણું પાછું બંધ થયું ને હું એ ઘરમાં કેદ રહ્યો. એ રીતે લગભગ દશ પંદર મીનિટ વીતી ગઇ. તે માણસ ત્યાંજ બેસી રહ્યો. મેં ધાર્યું કે હવે સુમનસુંદરી બહાર નીકળી ગઇ હશે!

"હવે હું મારે માટે શું ઉપાય કરૂં?"

એક વાર બારણા પર જરા ધક્કો માર્યો એટલે પેલો બોલી ઉઠ્યો:—"બસ કર ચાલાકી જવા દે...નાસશે ક્યાં? જાણતી નથી કે આ તારો કાળ અહીં બેઠો છે?" તે સાંભળી હું મનમાં હસ્યો.

થોડી વારમાં કેપ્ટન સાહેબની કોટડીમાંથી અવાજ આવ્યો:— "ફત્તુ! ફત્તુ!" આ માણસે જવાબ દીધો.

"જી હજુર."

"ક્યા કરતા હૈ?"

"જી. બેઠા હું."

"આમ આવ, આમ આવ."

તે બારણાની સાંકળ ચઢાવી સાહેબ પાસે ગયો ને હું અંદર રહ્યો. કાલે તો વિલાયત જવું છે? હવે શો ઉપાય કરવો?!

હાય ! પુનઃ કેદખાનું ?

(સુમનસુંદરીના શબ્દમાં.)

હું તે કાળરૂપી દરવાજામાંથી બહાર નીકળી રસ્તા પર આવી ઉભી રહી. કોઇ મનુષ્ય જણાતું ન હતું. રાત ઘણી વીતી હતી. ત્રણેક વાગ્યા હશે. દૂર એક ગેસનું ફાનસ સળગી રહ્યું હતું. ત્યાં જઇ હું ઉભી રહી અને આમ તેમ જોવા લાગી.

રાત્રિની ખુલ્લી હવાથી મારા અર્ધમૃત શરીરમાં પ્રાણ આવ્યા. નવા ચૈતન્યનો સંચાર થયો. ચિત્ત કંઇક શાન્ત થયું. અત્યાર સુધી તો હું સ્વાર્થી ચિંતામાં ગ્રસ્ત હતી. હવે જે મહાત્માએ મને બચાવી તેના સંબંધમાં વિચાર આવવા લાગ્યા.

આટલી બધી વાર થઈ! તે આવ્યા કેમ નહિ ?...હું દુઃખથી આંધળી થઇ ગઇ હતી. મારી જગ્યાએ અન્યને મૂકી હું નાસી આવી ! હું શું પાપ કરું છું...

વળી પાએક કલાક વીત્યો. હજુ તે આવ્યા નહિ. શત્રુઓના પંજામાંથી હું બચી; પરંતુ માત્ર પરમાર્થ માટે આટલી તકલીફ વેઠી, સાહસ કરી જેણે મને છોડાવી, તે આ વખતે શત્રુઓની જાળમાં ફસાય અને મને કાંઇ લાગે નહિ ! ચિંતાથી મારું મન ડામાડોળ થવા લાગ્યું. શું કરું ? ત્યાં પાછી જાઉં ? અન્યને દુઃખમાં નાંખી પોતે પ્રાણ લઇ નાસી જવું તે શું પાપ નહિ ?

હું પાછી ફરી. દરવાજો તેમનો તેમજ ખુલ્લો હતો. ત્યાં કોઇ ન હતું. ધીમે ધીમે હું અંદર ગઇ. એ વખતે કોઇએ 'ફત્તુ ! ફત્તુ !' કરીને બુમ પાડી. જે માણસ મારા કેદખાનાનું બારણું સાચવી બેઠો હતો તેણે 'જી હજુર' કહી સાહેબને જવાબ દીધો. પછી તે ઉઠીને બીજા ઓરડામાં ગયો. સાહેબની પાસે ગયો હશે. હું ચાલીને કેદખાનાના બારણા આગળ આવી ઉભી.

બારણા પર સાંકળ લગાડેલી હતી. મેં તે ઉઘાડી નાંખી. અંદરથી કાંઇ જવાબ આવ્યો નહિ.

" અંદર કોઇ છે કે ?" મેં પૂછ્યું.

જાણે ધ્રુજ બોલતી હોઉં તેવા સ્વરે કોઇએ જવાબ આપ્યો:- " તમે કોણ છો ?"

મેં તરત જાણ્યું કે તે મહામાએ મારા અવાજની નકલ કરી છે. મેં ધીમેથી કહ્યું:-" હું સુમન. આપ જલદી અહીંથી બહાર નીકળો."

એટલું બોલતા પહેલાં તો મેં બારણું હળવેથી ઉઘાડ્યું. અંદર જઇ મેં ફેંટો તથા ઓવરકોટ કાઢી આપ્યાં.

" તમે પાછાં શા માટે આવ્યાં ?...ઠીક, હવે અહીં કોઇ નથી તો તમારાજ વેષમાં અહીંથી બહાર નીકળી જાઓ. હવે મને આવતા વાર લાગશે નહિ."

ઇચ્છા ન હોવા છતાં પણ હું બહાર નીકળી. બારણું બંધ કર્યું; પણ સાંકળ ચઢાવી નહિ. એ વખતે પેલો માણસ તે સાહેબ સાથે વાતચિત કરી રહ્યો હતો; તે મને કંઇક સંભળાઇ.

" ઓરડામાં કેદી છે તેના ઉપર નજર રાખે છે કે ?"

" જી હા. ખૂબ ચોકી રાખું છું."

" હમણાં અવાજ કોનો સંભળાયો ?"

" એ તો પેલીના રડવાનો હશે બીજું કાંઇ નથી."

" ફાનસ સળગાવ. હું હમણાં ત્યાં આવીને જોઉં છું."

" આથી વધારે હું સાંભળી શકી નહિ. મારા વિષેજ વાતચિત થતી જોઇ મને ભય લાગ્યો. હું જલદી જલદી રસ્તા તરફ ગઇ; હવે ક્યાં જાઉં ? થોભું તો પુનઃ જાળમાં ફસાઉં છું. થોડાજ વખતમાં તે પાપીઓ આ ઓરડામાં મને ખોળશે. મને ન જોવાથી તેઓ ચારે તરફ માણસો દોડાવશે અને તે વખતે પકડાઇ જાઉં તો પછી શું થશે ? પ્રભુ ! બચાવો."

કંઇક આગળ વધી હું અને તેટલી ઝડપથી દોડવા લાગી. દોડતાં દોડતાં એકાદ પોલિસ ગેટ પાસે આવી પહોંચી. એક સિપાઇ પહેરે ભરતો હતો. મને જોઇ તે બોલ્યો:-" કૌન જાતા હૈ ?"

" ભાઇ ! હું બહુ મુસિબતમાં પડી છું; મને બચાવો."

" ઉભી રહે. ઉભી રહે. નાસીશ નહિ. "

હું ઉભી રહી. સિપાઇએ પોતાના ફાનસથી પ્રકાશ નાંખી મને જોઇ લીધી. મને જોઇને તે ચોંકયો. શા માટે ચોંકયો તે તો પ્રભુ જાણે.

" કોઇ મોટા ઘરની ઓરત જણાય છે. " તે બોલ્યો.

" હા, ભાઇ ! મારા ભાગ્યદોષથી હું આવી મુસિબતમાં પડી છું."

" તું કયાં રહે છે ? "

" મોતીબાગ આગળ. "

" અહીં કેવી રીતે આવી ? "

" કોઇ સાહેબોએ મને પકડી અહીં કેદ કરી હતી. ત્યાંથી જેમ તેમ નાસી આવી છું. ભાઇ ! મારી દયા લાવી, મને કોઇ સલામત જગાએ લઇ જાઓ. "

" થોડી વાર ઉભી રહે. જમાદાર સાહેબ આવશે એટલે તેની સાથે તને થાણા પર મોકલી આપીશ. અહીં કાંઇ પણ બીક નથી."

એની વાત સાંભળી મને ધૈર્ય આવ્યું. વાતચિત પરથી તો એ ભલો માણસ લાગતો હતો. થોડીક મિનિટો પસાર થયા પછી કોઇકના આવવાનો અવાજ સંભળાયો. મનમાં વિષમ આશંકાઓ ઉપસ્થિત થવા લાગી–શત્રુ તો આવતા નથી ? થોડી વારમા સંદેહ વિશ્વાસમાં ફેરવાઇ ગયો.

એક માણસ આવી પહોંચ્યો. તેને જોતાંજ–ઓળખતાંજ હું કંપી ઉઠી. તે કરીમ હતો.

એણે પાસે આવી પહેરાવાળાને બોલાવ્યો મંત્રમુગ્ધ સાપની માફક તે તેની પાસે ગયો. સલામ કરીને ઉભો રહ્યો. મને એક વાર વિચાર આવ્યો કે અહીંથી નાસી જાઉં; પરંતુ નાસીને કયાં જાઉં ?

બંને ધીમે ધીમે કોણ જાણે શું વાત કરવા લાગ્યા. પછી તે બુઢો મુસલમાન કરીમ મારી પાસે આવ્યો અને મને કહેવા લાગ્યો:–

" તું શા માટે નાસી આવી ? તારા ઉપર એવો તે શું અત્યાચાર થતો હતો ? શું તું જાણતી નથી કે હું તારો શુભેચ્છક છું ? "

એના શબ્દો સાંભળી મારૂં માથું ફરી ગયું. કયાં જાઉં ? મને

કોણ બચાવશે ?...પહેરાવાળાને કહ્યું:—"કેમ, તમે મને બચાવશો કે નહિ ? એ ભાઈ ! "

"તારા પર કોઇ જુલમ તો કરતું નથીને ? ત્યારે તું જુવાન સ્ત્રી થઇ પોતાને ઘેરથી કેમ નાસી જાય છે ? "

શિવ ! શિવ ! અહીં પણ જાળ ! અહીં પણ કૂટ કૌશલ્ય ! મેં કહ્યું:—" હું એને ઓળખતી નથી. એની સાથે મારો કાંઇ સંબંધ નથી. જેણે મને કેદ કરી હતી તેનો એ માણસ છે. તે મને પકડવા માટે આવ્યો છે. "

" મને ખબર છે કે તું ગાંડી થઇ ગઇ છે; તારૂં મગજ ખસી ગયું છે; તેથી તુ આ પ્રમાણે ગમે તેમ બકે છે. "

" નહિ, નહિ; એ તમને છેતરે છે. ભાઇ ! મારૂં મગજ ઠેકાણે છે. હું ગાંડી નથી, તમે મને બચાવો. અસહાય સ્ત્રીને બચાવો. "

એ વખતેજ એક અંગ્રેજ ત્યાં આવી પહોંચ્યો. હું ભયથી ધ્રુજવા લાગી. અંતે હિંમત આણી, બીજી કાંઇ તદબીર ન જોવાથી નાસી જવા પ્રયત્ન કરવા લાગી; પરંતુ પેલા સિપાઇએ મારો હાથ પકડી લીધો.

" કરીમ ! પકડ એને ! " તે સાહેબ પાસે આવતાંજ બોલી ઉઠયો.

કરીમે આવી પહેરાવાળાના હાથમાંથી મને ખેંચી લીધી. હું ચીસ પાડી ઉઠી, કરીમ મને સમજાવવા લાગ્યો. " બહેન ! તું ચુપ રહે, મારી સાથે ચાલ તને કાંઇ ભય નથી. "

એજ વખતે તે અંગ્રેજ મારી સામે આવી ઉભો. એને જોતાંજ હું એને ઓળખી ગઇ. એ ફીરંગીએજ જહાજ પરથી મને જોઇ હતી; અને એ પાપીએજ મારી પુંઠ પકડી મને આવી દશામાં આણી હતી.

એ સાહેબને જોતાંજ પેલા સિપાઇને પોતાની ભૂલ માલમ પડી. અત્યાર સુધી હું ધારતી હતી કે એ પહેરાવાળો પણ આ લોકોનો પાળેલોજ હશે. પરંતુ હવે મને ખાત્રી થઇ કે તેમ ન હતું.

તે બોલ્યો:—" ના, હું એને જવા દઇશ નહિ. એ સ્ત્રીની સાથે

તમારે કાંઇ સંબંધ નથી."

"તેં ક્યાંથી અને કેમ જાણ્યું કે એ સ્ત્રીને અમારી સાથે સંબંધ નથી ?"

"તમારા રંગ ઢંગજ એવા દેખાય છે."

"હું કહું છું કે એ છોકરી અમારા નોકર કરીમની દીકરી છે; એની ડાગળી ચસકી ગઇ છે તેથીજ એ નાસી જવા પ્રયત્ન કરે છે, તથા ગમે તેમ બકે છે."

હું બોલી ઉઠી:—"એ સૌ જુઠું છે. હું હિંદુ છું. કરીમ તો મુસલમાન છે. જમાદારભાઇ ! તમે મને થાણામાં લઇ ચાલો, ત્યાં સર્વ વાત આપોઆપ ખુલી જશે."

એ સાંભળી પહેરાવાળાએ મને કરીમના હાથમાંથી ખેંચી લીધી, અને બોલ્યો:—"તમારી વાત પર મને વિશ્વાસ આવતો નથી. તમે પણ આજ લોકોના માણસ છો."

આ ગડબડ સાંભળી તે વખતેજ ત્યાં એક સાર્જન્ટ આવી પહોંચ્યો. મેં બહુજ કરગરીને તેને કહ્યું:—"ઓ ભાઇ ! ધર્મની ખાતર મને બચાવો, આ દુષ્ટોથી બચાવો."

પેલા સાહેબે આવી મારૂં મોઢું દાબવા માંડ્યું. પરંતુ આ સાર્જન્ટ તથા પેલો સિપાઇ વચમાં આવી ઉભા. તેઓ તેને તથા કરીમને અટકાવવા લાગ્યા.

પરંતુ પુનઃ એક, બે, ત્રણ સાહેબો આવી પહોંચ્યા. તેઓએ સાર્જન્ટ તથા સિપાઇને ધક્કો મારી દૂર કર્યા. જો કે રોશની સળગતી હતી છતાં સર્વ વસ્તુ સ્પષ્ટ દેખાય એમ ન હતું. મેં એક બંદુકનો અવાજ સાંભળ્યો.

બંદુક ક્યાં ફુટી અને કોણે ફોડી ? તે સમજાય તે પહેલાં તો કરીમે મને પોતાની ખાંધ પર ઉંચકી અને ચાલવા માંડ્યું. ત્રણ ચાર અંગ્રેજ મળી સાર્જન્ટ તથા સિપાઇને રોકવા લાગ્યા; અંત મારવા લાગ્યા

"કરીમની ખાંધ પરથી પાછી ભયંકર કેદખાનામાં ? હાય હાય !

મારૂં શું થશે ?" કરીમ જેમ જેમ મને લઇ ચાલતો હતો તેમ તેમ મને ભય લાગવા માંડયો. મારી આશા સઘળી ઉડી ગઇ. છુટકારાનો કોઇ ઉપાય ન જોતાં હું ઇશ્વરને સંભારવા લાગી.

થોડે દૂર જઇને કરીમે મને ખાંધ પરથી ઉતારી. એ વખતે પુનઃ બંદુકનો અવાજ સંભળાયો. તે પેલા અંગ્રેજોએજ ફોડી હશે. સાર્જંટ તથા પહેરાવાળાને નસાડવા માટે તેઓ પ્રયત્ન કરતા હશે.

" સુમનસુંદરી ! બેટા ! તું બ્હીએ છે શા માટે ? પેલા તને છોડાવનારની માફક હું પણ તારો શુભેચ્છક છું.

" તમે મારા શુભેચ્છક હો તો તમે મને પાછી શા માટે પકડી લાવ્યા ? "

" તું સમજતી નથી. બેટા ! એમાંજ તારૂં અને મારૂં બંનેનુ હિત સમાયલું છે. "

મને તે આમ ઉંધું સમજાવતો જોઇ તેના ઉપર મને તિરસ્કાર આવ્યો.

" ના ના, એ બધું જુઠું છે. તું મારા શત્રુઓમાંનો એક છે. તે હું મારી આંખે જોઉં છું. તારૂં કામ પણ એવુંજ છે. હું એમ સમજી જવાની નથી કે તું મારૂં હિત ઇચ્છે છે. "

" કદાચ પેલા સાહેબડાઓ મારી વાત સાંભળી લે તે બીકથીજ હું તને સંતોષકારક ઉત્તર આપી શકતો નથી. પરંતુ હું ખુદ અલ્લાના કસમ-તમારા ભગવાનના-સોગંદ લઇને કહું છું કે હું તને મારી પોતાની દીકરી માફક જોઉં છું. તારો ધર્મ ન જાય, તારૂં શિયળ ભ્રષ્ટ ન થાય, તે માટે હું પ્રાણ જતાં પણ પ્રયત્ન કરૂં છું અને કરીશ. "

એના બોલવાની ઢબ એવી હતી કે મને એના ઉપર વિશ્વાસ આવવા માંડયો. વાંચનાર ! શું એ ખરૂં હશે ? શું મારો શુભેચ્છક હશે કે શત્રુકળનોજ ચાલાક નોકર હશે ? સરળતા ભરી વાત ઉપર સર્વને વિશ્વાસ આવે છે અને મારો તો તેના પર વિશ્વાસ લાવ્યા વિના છુટકોજ ન હતો; એટલે એની થોડી પણ સહાનુભૂતિ મારા

હૃદયને દીલાસો દેવા લાગી.

લાચારીએ હું કરીમની સાથે તે ભયંકર મકાન પાસે પુનઃ આવી પહોંચી. ફરીથી એજ દશામાં પડીશ ?...ફરીથી એમ કેદીજ બનીશ !...એવી ચિંતાઓથી મારા મનમાં વિષમ ભયનો સંચાર થવા લાગ્યો. પરંતુ ઉપાય શું ? એ નિઃસહાય અવસ્થામાં પ્રભુની કૃપા વિના કોનો આધાર લઉં ?

મકાનમાં ન જતાં કરીમ બહારજ ઉભો રહ્યો. હું પણ તેથી બહારજ ઉભી રહી.

" સુમનસુંદરી ! તું બ્હીએ છે ?"

" તારી વાતો ઉપર વિશ્વાસ કરૂં કે નહિ એમ થાય છે. "

" તને શાથી વિશ્વાસ ઉત્પન્ન થશે ? "

" મને તે કાંઇ અત્યારે સમજાતું નથી. "

" સાચું કહું છું કે હું શત્રુ નથી. "

" આટલા બધા શત્રુઓમાં એક મિત્ર ક્યાંથી હોય ? "

" સમય આવે તું મને બરાબર ઓળખશે કે હું શત્રુ છું કે મિત્ર. "

" એક વાત પૂછું છું–તું મને શા માટે બચાવશે ?"

" કારણ કાંઇ નથી. હું આ ટોળીમાંનો નથી. પરંતુ આ લોકોની બદમાસી તથા પાપિષ્ઠતાનો પત્તો મેળવવા માટે હું એ લોકોમાં ઘુસ્યો છું. હમણાં તો મારે એ લોકોની આજ્ઞા અને ઇચ્છા પ્રમાણે કામ કરવુંજ જોઇએ. "

" ન કરે તો શું થાય ? "

" તો મારૂં કાર્ય સિદ્ધ ન થાય અને તેથીજ હાલ હું મારી ઇચ્છાની વિરૂદ્ધ વર્તુ છું. "

" મેં માન્યું કે તમે મારા શુભેચ્છક છો. પરંતુ તેમ હોય તો મને પકડીને પાછી લાવવાનું શું કામ ? ચાલોને, હમણાંજ નાસી જઇએ: " એને માટે હવે કંઇક માન અને વિશ્વાસ ઉત્પન્ન થતાં મેં પુનઃ ' તું ' નું ' તમે ' કરીને બોલવા માંડ્યું.

" બેટા ! મારો ઉદ્દેશ ઘણો મોટો છે. અત્યારે તું નાસી જઇ શકે એમ છે અને હું તને નસાડી પણ શકું; પરંતુ તેમ કરતાં આ લોકો મારા ઉપર સંદેહ લાવે અને મારૂં પોગળ ફુટે તો મને જીવતો ન રહેવા દે. "

" તમે પણ સાથે નાસી ચાલોને. "

" બ્હેન ! એમ કરૂં તો પછી આવા લોકોની બદમાસીનો અંત ક્યારે આણું ? વળી મારૂં એક મોટું કામ પણ સરી શકે નહિ, મારે તો અહીં રહેવુંજ પડશે. "

* * * * *

" ઠીક. પણ તમે મને કેવી રીતે બચાવશો ? "

" એટલી મારામાં તાકાત અને બુદ્ધિ છે, અને તેથીજ તને મેં અહીં પાછી લાવવા દીધી છે. ગમે તેમ કરી તને બચાવીશ. "

" આ લોકો મને પકડી શું કરવાના છે ? "

" કંઇ કરવાના નથી, તું નિર્ભય રહેજે. "

" વારૂ, જેણે મને પહેલાં બચાવી મુક્ત કરી હતી તેનું નામ શું ?"

" હર્ષદરાય. "

" તે કોણ છે ? "

" તે એક અસામાન્ય વ્યક્તિ છે. "

" તે શી ન્યાત છે ? "

" ઘણું કરીને સુરતી વૈશ્ય હશે, મને બરાબર ખબર નથી. "

" તેણે મને શા માટે છોડાવી ? "

" એનું એ કર્તવ્યજ છે. વળી મારી પેઠે એ પણ તારો શુભેચ્છક છે. મારે એક પૂછવાનું નને આ લોકો વિલાયત લઇ જાય તો તારી ન્યાતજાત નષ્ટ તો ન થઇ જાયને ? "

" વિલાયત ? તે શું ? તે ક્યાં છે ? "

" વિલાયત એક દેશ છે. ત્યાં આ સાહેબ લોકો રહે છે. "

" તે ક્યાં આવેલો છે ? "

" એક મહિનાનો રસ્તો છે, અહીંથી દૂર તો ખરો. "

" ત્યાં વહાણમાં જવાતું હશેને ? "

" હા. "

" તો તો અવશ્ય મારી જાતિ ભ્રષ્ટ થશે. ત્યાં તો મારાથી ι જ જવાય. "

" પરંતુ આ લોકો બળાત્કારથી લઇ જાય તો ? "

" મને બળાત્કારથી ત્યાં લઇ જાય ? શા માટે ? "

" ધાર કે તારે ત્યાં જવું પડ્યું અથવા લઇ જાય તો પછી ιારા પિતા તને પાછી રાખે ખરા કે નહિ ? "

" કરીમ ! મને કાંઇ સમજાતું નથી. એ લોકો શા માટે મને વેલાયત લઇ જશે ? "

" જો સાંભળ, આ લોકો હજુ અહીં સાત દિવસ રહેનાર છે. ιટલા વખતમાં હું તને બચાવી ન શકું તો તારે વિલાયત જવું ιડશે; પણ ખાતરી રાખજે કે ત્યાં પણ હું તારા ઉપર અત્યાચાર ιવા દઇશ નહિ. જ્યાં સુધી હું જીવતો છું ત્યાં સુધી તારો વાંકો ιાળ પણ થવા દઇશ નહિ. "

" પરંતુ તમે મને અહીંજ ન બચાવો ? "

" પ્રયત્ન તો કરીશ; પણ જો સફળ ન થાય તો કદાચ ત્યાં ϳવું પડશે. "

હું નિરાશ થઇ. મેં હરિને સર્વ વાતનો આધાર બનાવી કહ્યું:– ' તમને યોગ્ય લાગે તે કરો. પરંતુ ત્યાં જવાથી મારી જાતિ નષ્ટ ιશેજ. " મારી આંખમાં આંસુ આવ્યાં.

કંઇક ક્ષણ ચૂપ રહી કરીમ બોલ્યો:–" તું ગભરાઇશ નહિ. જે ιારૂં હશે તે જ હું કરીશ. તને ભ્રષ્ટ થવા નહિ દઉં...હવે પેલાઓનો ખાવવાનો વખત થયો છે એથી તું ચાલ. હું તને એક બીજા સારા મંડમાં લઇ જઇ બંધ કરૂં કે તે લોકોને મારા ઉપર વિશ્વાસ આવે."

હું કાંઇ બોલી નહિ. તેની આગળ મેં ચાલવા માંડ્યું.

" બીજી એક વાત છે. તું અત્યાર સુધી ભૂખીજ રહી છે, ιરંતુ હવેથી હું એક બ્રાહ્મણ રસોયા પાસે રસોઇ બનાવરાιι આપીશ

તે તું બિલકુલ ભય વિના ખાજે. "

હું કરીમની સાથે સાથે એક બીજા ઓરડામાં ગઇ. પેલા કરતાં આ ઓરડો કંઇક સારો હતો. બારી તો નહોતીજ, માત્ર એક લોખંડની જાળી હતી. ત્યાં સાફ કરાવી કરીમે મને પુનઃ કેદી બનાવી.

પુનઃ હું કેદી બની......નાના પ્રકારની ચિંતાથી, ભયથી અને ઝંખનાથી મારૂં મગજ ઘેરાઇ ગયું...હું પુષ્કળ રડી...એ વખતે મારા હૃદયને એક માત્ર જગદીશ્વરનોજ આધાર હતો.

૧૭

સંદેહ—કુસુમકીટ !

(લૉર્ડ નોરટનના શબ્દમાં)

આજ સવારે ડાકટર ચાર્લ્સે કહ્યું કે એલનની તબીયત કંઇક સુધરી છે. ઇશ્વરને ધન્યવાદ આપ્યો.

આજેજ અમે લંડન જવા ઉપડીશું. અત્યારે તો હું એક ક્ષુદ્ર ખૂની છું. પહેલાંની મારી માન-મર્યાદા ઉડી ગઇ છે ! મેં રાજ્ય સન્માન પણ ગુમાવ્યું છે. હરિ હરિ ! એક નજીવા મનુષ્યને મારવા માટે શત્રુઓએ કેટલી જાળ ફેલાવી છે ? !

શત્રુઓ દિનપ્રતિદિન સંખ્યામાં વધતા જાય છે. મંત્રીસભા (કેબીનેટ) ના કેટલાએ સભ્યો મારી વિરૂદ્ધ પડી ગયા છે. એમની વાતો પર વિશ્વાસ કરી મહારાજા પણ મારા ઉપર નાખુશ થયા છે.

સ્વનેત્રે જોનાર સાક્ષીઓ વડે સાબિત કરવામાં આવ્યું છે કે મેં સ્ટીફના પિતા જૉર્જ મિલ્ટનને મારી નાંખ્યો. જો એમાં હું એમ કહું કે " મિલ્ટનની સાથે મારે દોસ્તી હતીજ નહિ અને તે મારી સાથે સ્કૉટલાંડ આવ્યોજ ન હતો." તો તો નિઃસંશય સિદ્ધ થશે કે મેંજ એને મારી નાંખ્યો છે...અને હું જુઠું તો નહિજ બોલું.

મેરીઆ લુઇસા વાળી વાત પણ કંઇક અંશે સાચી છે. તેનો પણ હું સ્વીકાર કેમ કરી શકું ?

વળી એક બીજી આપત્તિ છે. મેરીઆની પાસે હું તો પ્રતિજ્ઞા કરી ચુક્યો છું કે–" આપણી વચ્ચેની સર્વ બીના તથા સંબંધ હું ગુપ્ત રાખીશ." હવે જો એ વાત પ્રકાશ કરૂં છું તો એક સાધ્વી સ્ત્રીની કીર્તિને કલંક લાગે છે.

મારા તુચ્છ જીવનની રક્ષાને માટે–મારી જાતને બચાવવા માટે શું હું એક અસહાય બાલિકાને સમાજમાં હલકી પાડું ? દુનિઆમાં લાંછિત કરૂં ?...નહિ નહિ. એટલા માટે હું એવું કરીશ નહિ. લુઇસા વિષે કાંઇ પણ હું પ્રગટ કરીશ નહિ.

આથી સાફ માલમ પડે છે કે મારા બચાવના સર્વ માર્ગ બંધ થઇ ગયા છે.

વિરૂદ્ધ પક્ષવાળા ખૂબ ધામધુમથી પોતાનો મુકર્દમો ચલાવશે; કારણ કે તેઓ તો પુષ્કળ સરંજામ લઇ મેદાનમાં ઉતર્યા છે. વળી પૈસાદાર–ધનાઢ્ય લોકો તેમના સહાયક છે. સ્મીથ અને વિલિયમ બંને મારા શત્રુ છે અને બંને ઈંગ્લાંડના પ્રખ્યાત ધનાઢ્ય ગણાય છે. આ ધમાલ એ બંનેએજ મચાવી છે.

વિલિયમ એલનના રૂપ પર મોહિત છે. તે મારો જીવ લીધા વિના મને છોડશે નહિ. સંભળાય છે કે તે બાળપણથી એલનને ચાહતો હતો. જો તેમ હોય તો વળી તે લગ્ન કરવા શા માટે તૈયાર ન થાય ? પરંતુ એલન તેમાં ખુશી ન હતી.

વિલિયમ સ્વરૂપે કાંઇ કદરૂપો નથી. ધન મર્યાદામાં પણ એને કાંઇ કમીના નથી. તે એલનનો બાલસખા હતો. એલન પણ એને થોડું ચાહતી ન હતી. તે છતાં પણ એણે લગ્ન કરવાની કોણ જાણે શા માટે ના કહી ?

એલને જો પ્રથમથીજ કહી દીધું હોત કે ' હું તારી સાથે લગ્ન કરીશ નહિ,' તો એ આટલું સાહસ કદી કરત નહિ. પ્રેમ બતાવી આ પ્રમાણે દગો દેવો તે એને યોગ્ય ન હતું–ઉચિત ન હતું.

મેં પણ એની સાથે લગ્ન કરીને ભૂલ કરી છે ! મારે લીધેજ વિલિયમ એને મેળવી ન શક્યો...મેં મારા હક્કને પણ છેતર્યું !...

કે હું રૂપ ઉપર મોહ્યો હતો ?

એલને શું કર્યું ? આટલો પ્રેમ વિલિયમ તરફ બતાવી તેને પરણવાની અંતે ના કહી !... અને મારી સાથે લગ્ન કરવા તૈયાર થઇ ! નક્કી મારૂં દ્રવ્ય અને માન જોઇનેજ એણે તેમ કર્યું હશે...શું એલન એવી હશે ?

અરેરે ! સ્ત્રીઓનાં હૃદય અતિ ગૂઢ હોય છે ! તેમનાં મન અતિ ચંચળ હોય છે. ઇશ્વર પણ તેમના ચંચળ ચિત્તસાગરનો પાર પામી શકે તેમ નથી.

હવે હું સમજ્યો કે એલનનું સુંદર સ્વરૂપજ વિલિયમની આંખમાં ભરાઇ બેઠું છે...એને એલન વિના પોતાનો સર્વ સંસાર સુનો લાગતો હશે. એથીજ એ મને મારવાને અને તેને મેળવવાને આટલો પ્રયત્ન કરી રહ્યો હોય તો તેમાં કંઇ પણ આશ્ચર્ય જેવું નથી !

મનુષ્ય માત્ર સુખની આશા રાખે છે. એલનનું પાણિગ્રહણ કરી મેં સુખી થવાની આશા રાખી હતી. પરંતુ હાય ! તે આશા વૃથા ગઇ ! મારા સુખ માટે મેં એકને અસુખી બનાવ્યો:-વિલિયમનો આનંદ લઇ લીધો તેથીજ મને સુખ ન મળ્યું !

શું એલન સુખી થશે ?...નહિજ. તેને ખટક્યાં કરતું હશે કે એક સરળ હૃદય એને માટે સદા બેચેન છે...તેથીજ મને લાગે છે કે મેં એલનની સાથે લગ્ન કરી મોટી ગંભીર અને ભયંકર ભૂલ કરી છે; અથવા એલનેજ મારી પાસે એ ભૂલ કરાવી છે.

પરંતુ એ ભૂલને મારે કેવી રીતે સુધારવી ?

એક ઉપાય છે- શત્રુજ જે ધમાલ મચાવે છે તે પરથી માલમ પડે છે કે તે માત્ર મારો જીવ લેવા માગે છે. તેમ કરીને તે એલનને મેળવશે...જો હું તેમની વિરૂદ્ધ કાંઇ બોલું તો, હું આ દુનિયામાંથી સદાને માટે જઇશ...અને મારી પાછળ વિલિયમ એલનને મેળવી સુખી થશે...

એલને મારા દ્રવ્ય પર દૃષ્ટિ રાખી હોય, તો તે પણ હું એને લખી આપું. શું આ ઉપાય ખોટો છે ?

હું શું વિચાર કરૂં છું ? ઓ પ્રભુ

બીજો ઉપાય એલન જાતેજ મારો ત્યાગ કરે તો ?...તો એ સુખી થાય...ત્યારે શું હું એને તેમ કરવાની છુટ આપું ?

એથી વિલિયમ પણ આ બધાં પાપોથી છુટશે.

એવા એવા અનેક વિચારને અંતે હું એલનના ઓરડમાં ગયો. આજે એની તબીયત કંઇક સારી હતી. મને જોઇ તેણે મોં મલકાવ્યું. તે સહજ હસી. હું પણ સામું હસ્યો.

" ડીયર ! શું આજ મને સારી જોઇને તમને આનંદ નથી થતો ?"

" આમ ગાંડું ગાંડું શું બોલે છે એલન ! ? તને સારી જોઇ મને શું આનંદ ન થાય ! ? અત્યાર સુધીમાં તેં મારી આવીજ પરીક્ષા કરી લીધી ? "

એણે માત્ર ઇશારતથીજ ઉત્તર આપ્યો.

" આપણે આજેજ લંડન જવાનું છે કે ? "

" હા. "

" જવાનો સર્વ બંદોબસ્ત થઇ ગયો ? "

" હા. "

" આપણી સાથે કોઇ ડાકટર પણ આવશે કે ? "

" હાસ્તો. "

" કોણ આવશે ? "

" ડા. ચાર્લ્સને લેવાનો વિચાર છે. "

" બીજું કોઇ ? "

" બીજું કોઇ ડાકટરમાં તો નથી. પરંતુ દાઇઓ બે આવશે. "

" કોણ કોણ ? ફોસેટ તેમાં છે કે ? "

" હા. તે અને એક બીજી આવશે. "

" ઠીક. ફોસેટના આવવાથી મને નિરાંત રહેશે. "

" એલન ! તેં સાંભળ્યું છે કે લંડનમાં સૌ કોઇ આપણી સામે થઇ ગયું છે ? "

" ના ના. મને તેની કાંઇ ખબર નથી. પરંતુ તેમ થાય તો

તે મને અસંભવિત લાગતું નથી. ”

“ મંત્રીસભાના ઘણા સભાસદો આપણી વિરૂદ્ધ થઇ ગયા છે.”

“ તેમનું તમે શું બગાડયું છે ? ”

“ રાજાની સમક્ષ આપણને માનપાન મળતું જોઇ તેમને અદેખાઇ આવી લાગે છે. ”

“ તમને રાજાએ કાંઇ પત્ર લખ્યો છે ? ”

“ એવી આશાજ કયાંથી હોય ? ”

“ કેમ ? ”

“ પત્ર લખવો તો દૂર રહ્યો; પરંતુ એમણે તો મારા નામનો સમન્સ પણ કહાડયો છે. ”

“ રાજા પણ, ત્યારે તો અસંતુષ્ટ છે ! અત્યંત દુ:ખભરી વાત છે. ”

મેં ધીમેથી કહ્યું:–“ આ આરોપના રંગઢંગ જોતાં મને લાગે છે કે કોઇ પણ રીતે હું બચી શકીશ નહિ. ”

“ એમ શું બોલો છો ? શા માટે હિંમત હારી જાઓછો ? તમે તો બિલકુલ નિર્દોષ છો. ઇશ્વર તમારી રક્ષા કરશેજ. ”

“ ડીયર એલન ! નિર્દોષ હોવાથી શું વળ્યું ? આજ કાલ કાયદો બહુ ખરાબ ચીજ છે. સત્યને પ્રમાણિત કરવા માટે પણ અસત્યનો આશ્રય લેવો પડે છે; અને તે હું કદી કરીશ નહિ. ”

“ એમાં અસત્ય શા માટે બોલવું પડે ? ”

“ જો ત્યારે હું એમ સિદ્ધ કરવા માગું કે મેં સ્મીથના પિતાનું ખૂન કર્યું નથી, તો મારે એમ જુઠું બોલવું પડે કે હું તેની સાથે સ્કૉટલાંડ ગયો ન હતો. ”

“ એની સાથે ગયા હતા ખરા, પણ ખૂન કર્યું નથી. ”

“ એટલું હું સ્વીકાર કરૂં તેની સાથેજ ખૂન સિદ્ધ થાય છે. ”

“ કેવી રીતે ? ”

“ એ મારી સાથે હતો અને ત્યાર પછીથી દેખાયો નથી. એટલેજ એના પક્ષવાળાઓએ સાબિતી ઉભી કરી છેને ? ”

" તો હવે ઉપાય ? "

" અત્યારે તો કાંઇ ઉપાય નથી. ઇશ્વરની મરજી હશે તે પ્રમાણે થશે. "

" મારા શબ્દો સાંભળી એલને એક ઉંડો નિઃશ્વાસ નાંખ્યો અને આંખો મીંચી દીધી. મનના આવેગને લીધે મેં બહુ વાતો કહી નાંખી તે સારૂં ન કર્યું. એલનમાં હજુ અશક્તિ ઘણી છે. તેથી મારી વાતો સાંભળી એને મનમાં ઘણું દુ:ખ થતું હશે. માનસિક પીડાએ શારીરિક દુ:ખને ઘણું વધાર્યું હશે. "

અસ્તુ. મેં એ વાત છોડી બીજો વિષય કહાડચો.

" કાલે તું ગાડીમાં ફરવા શા માટે ન ગઇ ? " મેં પૂછ્યું.

" આજે આપણે જવાનું છે. તેથી તેની તૈયારી કરાવવામાં બહુ વખત ગયો અને તેટલું કરતાં હું થાકી ગઇ. "

થોડીવાર તે શાંત રહી.

" મને ચિંતા થાય છે કે લંડન પહોંચ્યા પછી શું થશે ?... "

" એલન ! તું ડરીશ નહિ. ભય જેવું કાંઇ નથી. અંતે પણ એક ઉપાય છે. તે અજમાવવાથી આપણાં બેઉનું શુભ થશે. "

વિચારગ્રસ્ત વિહ્વલ રોગીની માફક એલન ઉઠીને બેઠી થઇ. તેણે મારો હાથ એકદમ ઝાલ્યો અને ગાંડાની માફક બોલી:—

" પ્રિય નોરટન ! આપણે કેવી રીતે બચીશું ? મને કહો. એ સાંભળવા માટે હું આકુળવ્યાકુળ થઇ રહી છું. "

" તું ધૈર્ય ધર. હું તને અવશ્ય પછી કહીશ. "

" શું તમે મને ચાહતા નથી ? તમે મને તમારાં દુ:ખોની સાથી બનાવવા નાખુશ છો ? "

" ના. ના. હું એવું ઇચ્છતો નથી. હું તને ચ્હાતો નથી—એ કેમ બને ? પરંતુ એટલો પ્રેમ હોવા છતાં પણ હું તને હૃદયમાં રાખી શકતો નથી. "

" શા માટે રાખી ન શકો ? ચોકખું કહો. તમને મારા સમ છે. આજે મને સર્વ વાત સાફ સાફ કહી દો. નહિ કહો તો હું માનીશ,

કે મારા ઉપર તમારો વિશ્વાસ નથી. હું વિશ્વાસને પાત્ર નથી શું ?"

"એલન ! તું ગભરાઇશ નહિ. સર્વ વાત તને કહીશ. તને ન કહું તો હું કોને કહીશ ? પરંતુ સમય આવવા દે. તું જરા હજુ સારી થાય, દરીઆની હવા લાગે અને તારી તબીયત સુધરે, એટલે હું આપોઆપ સર્વ વાત કહીશ."

"આજે કહો તો શું છે ?...ઠીક, તો પછી તો કહેશોને ? મને વચન આપો."

એમ બોલી એણે પોતાનો જમણો હાથ લંબાવ્યો.

"વચનની શી જરૂર છે ? એલન ! શું તને મારો વિશ્વાસ નથી ?"

"વારૂ. ત્યારે હું જીદ કરતી નથી."

"હવે તું જરા આનંદથી આરામ લે."

"એક વાત પૂછવાની છે."

"શું ?"

"તમે ઉદાસ કેમ છો ?"

"નાના પ્રકારની ચિંતાઓથી મારૂં મન ઉદાસ થઇ ગયું છે."

"વ્હાલા ! તમે જાણતા નથી, કે તમને સુખી કરવા માટે હું પ્રાણ પણ દઇ શકું છું ! તમે કહો તો લંડન ગયા પછી તરતજ હું વિલિયમની પાસે જઇ તેને પગે પડી માગી લઉં કે તે તમને હવે વધારે કષ્ટ ન દે."

આ શું ? શું સમજવું ? એલન શા ભાવથી એવું વાક્ય બોલી ? મેં દાણો દાબી જોવા ઇચ્છયું.

પરંતુ તે તો કદાચ એમજ કહે કે "જ્યાં સુધી તું નોરટનનો ત્યાગ ન કરે ત્યાં સુધી હું તારૂં માનીશ નહિ."

"તો તમારા સુખને માટે હું તે પણ કરી શકીશ."

એલનની છેલ્લી વાત સાંભળીને મને મનમાં અત્યંત દુઃખ થયું. તેને બિલકુલ જણાવ્યા વિના હું હળવે હળવે ઉઠીને બહાર ચાલ્યો આવ્યો.

"તમારા સુખને માટે હું તે પણ કરી શકીશ !"

એલનના એ શબ્દનો ભાવાર્થ શું ? મારા સુખને માટે શું તું તેમ કરે ? કે કદાચ તારાજ સુખને માટે ? મને કંઇ પણ સમજાતું નથી કે તું શા ઉદ્દેશથી આમ બોલે છે ?...હરિ ! હરિ ! સ્ત્રીઓનાં હૃદય અત્યંત ગૂઢ હોય છે ! તેમનાં મન અતિ ચંચળ હોય છે ! !

બહાર નીકળતાંજ દાદર પર જુલિઅટ સાંમે મળી. બહેનનું મધુરૂં—સરલ મુખ જોઇ હું બંનેને સરખાવવા લાગ્યો. અંતે જુલિઅટની સરલતાએ મને એ વિચારો પણ ભૂલાવ્યા.

" ભાઇ ! લૉર્ડ સેસીલ નીચે દિવાનખાનામાં તમારી વાટ જુએ છે. " જુલિઅટે કહ્યું.

" ઠીક હું ત્યાંજ જાઉં છું. " કહી હું નીચે આવ્યો. દિવાનખાનામાં કોઇ ન હતું. લૉર્ડ સેસીલ આમ તેમ કોઇ ઠેકાણે ગયા હશે, એમ ધારી તેની માર્ગપ્રતીક્ષા કરતો હું ત્યાંજ બેઠો. બેસતાંજ પાછા વિચારો મારા મનમાં ઉભરાવા લાગ્યા.

શું એલન મારો ત્યાગ કરી શકે છે? કે કરવા ઇચ્છે છે? આટલી યાતના અને અવિશ્વાસને અંતે પણ ખુદ એનેજ મોંઢે એવા શબ્દો સાંભળવાની મેં જરા પણ આશા રાખી ન હતી......

શું મારો એ ત્યાગ કરી શકે ? અલબર્ટ વિલિયમને ચાહતી નથી એમ કહેવાનું સાહસ પણ કેમ કરે ?...મને તો લાગે છે કે જો એલન અને વિલિયમમાં સહેજ પણ પ્રીતિ હોય તો મેં એલનની સાથે લગ્ન કરીને મોટો અન્યાય કર્યો છે.

મેં મોટો અન્યાયજ કર્યો છે; એ પાપના પ્રાયશ્ચિત્ત તરીકે એ મારો ત્યાગ કરે તે જ ઉચિત છે. તે મને છોડવા નહોતી ઇચ્છતી, તો હું પણ એને ત્યાગવા અચકાતો હતો. હવે તેમ નથી.

ભગવન્ ! તમારી માયા વિલક્ષણ છે. કોઇ કંઇ સમજી શકતું નથી !

ગમે તેમ પણ એ વિલિયમને ચ્હાય છે એમાં તો સંદેહ નહિ. જો એમ ન હોત તો એ મારો ત્યાગ કરવા શા માટે તૈયાર થાય ?

ર-પ્રવેશ !

(લેડી એમનની ડાયરીમાંથી)

મુંબઇ તા. ૨૮ મી માર્ચ ૧૮૩૫.

કાલ સાથે સરખાવતાં આજે મારી પ્રકૃતિ સારી માલમ પડે હું લખી શકું એટલી શકિત મારામાં આવી છે અને એથીજ ા જીવનમાં બનતા સર્વ બનાવો લખી લેવાને મારૂં મન પાછું સાહિત થયું છે.

આજે એ મને મળવા આવ્યા. એમના ચહેરા પર કંઇ અજબ લેખ હતો. શું તે ક્રોધ હશે? કે આશ્ચર્ય? મનમાંજ એમને યંત કષ્ટ થતું દેખાતું હતું. આજે એમણે મારી સાથે બરાબર ાચિત પણ ન કરી. મારા પ્રતિ એમનું આવું આચરણ મેં પહેલાં : જોયું ન હતું.

ગને લાગે છે કે મારા ભાગ્યમાં સુખ નથી. વિધાતાની એવી છા ન હશે કે નોરટન મને મેળવીને સુખી થાય. તે જાણતા નથી હું એમને કેટલી ચ્હાઉં છું. એ તો રાત દિવસ મેરીયા લુઇસાની તામાં નિમગ્ન રહે છે. કદાચ એમણે લુઇસાના કંઇક માઠા સમાચાર ભળ્યા હશે.

જો એમણે પોતાનું હૃદય બીજે સ્થાને અર્પણ કર્યું હતું તો ગી મારી સાથે શા માટે પ્રેમ કર્યો? મને પરણવા શા માટે તત્પર ા? મને શા માટે ન કહ્યું કે એમનું હૃદય તે કંઇ મારૂં નથી? મે સ્ત્રીઓ ! અમારો સ્વભાવ સરળ હોય છે. અમારો પ્રેમ પણ ળ અને નિઃસ્વાર્થી હોય છે. પુરૂષોનાં કપટ અમારાં ભોળાં હૃદય ા સમજી શકે ?

એમની સાથે પ્રેમ કરીને શું મેં કોઇ અન્યાય કર્યો છે ?... મ કેમ બને ? મનુષ્યનો એ સ્વભાવજ છે. સંસારની અન્ય સર્વ ા ત્યજીને મારૂં હૃદય લૉર્ડ નોરટન તરફજ આકર્ષાયું ! એનો તે શું આ બદલો મળ્યો ?

બદલો એજ કે એમણે મારા પ્રેમની ઉપેક્ષા-અવગણના કરી. એ લુઇસાને ચહાવા લાગ્યા. એ શું મારા પ્રેમનુંજ પરિણામ !

મને પ્રેમનું પ્રતિદાન મળે કે ન મળે તોયે મારા પ્રેમીનું દુ:ખ દેખી મારૂં ચિત્ત બળે છે. હું શું કરૂં કે એ સુખી થાય ?

સૌ કોઈ કહે છે કે 'અલબર્ટ વિલિયમ એલનને લીધેજ લૉર્ડ નોરટનની પુઠે પડયો છે.' પરંતુ મને એ પર વિશ્વાસ આવતો નથી. વિલિયમ એટલો નીચ તો નહિ હોય...તે છતાં પણ **માનવચરિત્રને સમજવું સહેલ નથી !** વિલિયમ મને ચ્હાય છે; છતાં હું એને એના પ્રેમનો બદલો દઇ શકી નહિ. હું નોરટનને ચ્હાઉં છું, ત્યારે તે તો બીજેજ સ્થાને દીલ લગાડી રહ્યા છે ! **ખરેખર આ જગતમાં સર્વને જે જોઇએ તે મળતું નથીજ ! !**

અસ્તુ. ગમે તેમ થાય તોપણ હું લંડન જઇ વિલિયમને મળીશ અને સમજાવીશ. શું તેમ કરવા છતાં પણ તે માનશે નહિ ? શું નોરટન તરફની શત્રુતા તે ત્યાગશે નહિ ?

પછી હું મેરીઆ લુઇસાને મળીશ. એણે મારૂં જીવન...ઓ લુઇસા ! ભાગ્યવતી છતાં પણ તું મને કાળ સ્વરૂપ લાગે છે...મેં જેને મારૂં જીવન સર્વસ્વ સોંપ્યું તેનેજ તું છીનવી લે છે !

પરંતુ લુઇસાનો શો દોષ ? દોષ તો એમનો પોતાનોજ કે એમણે જાણી બુઝીને શા માટે આવું કર્યું ? હજુએ જો લુઇસા એમને સુખી કરી શકતી હોય તો હું તેમાં વાંધો લેવા ઇચ્છતી નથી.

× × × × ×

(પાછળથી લખેલું.)

તે દિવસે એક વાગે ખબર મળી કે સ્ટીમર તૈયાર છે. ડા. ચાર્લ્સે આવી મને તૈયાર થવાનું કહ્યું. મેં તૈયાર થઇ તેને ખબર કરી.

ખબર મળતાં ડા. ચાર્લ્સને બદલે બીજું કોઇ આવ્યું. કોણ આવ્યું ?...અહા ! આવું ઉદાસી મુખ મેં એમનું કદી જોયું ન હતું. હું કાંઇ બોલી-કહી શકી નહિ.

" એલન ! સર્વ કોઇ તૈયાર થઇ ચુકયાં છે. તું હવે ધીમે ધીમે

ચે ચાલ, સૌ તારી વાટ જુએ છે." એમણે અતિ મધુર સ્વરથી કહ્યું.

પરંતુ મને એ સ્વરમાં કૃત્રિમતા લાગી. હું ઉઠીને ઉભી થઇ. સેટ મને હાથનો ટેકો આપ્યો. નોરટને પણ મારો હાથ ઝાલ્યો. ધીમે રહીને તેમનો હાથ છોડાવ્યો અને બોલી:-"કાંઇ આવ- ક્તા નથી. ફ્રેસેટનો આધાર છે તે ચાલશે."

એ સાંભળી તે દૂર ખસી ગયા. એ વખતે મને અંગ્રેજ વીર રીવર્ડ અને ટોર્ક્રીડાની વચ્ચે દિલ ઉંચાં થયાં હતાં તે સમયના સંગો સાંભર્યા. બિચારી ટોર્ક્રીડાના જેવી મારી સ્થિતિ છે એમ મને ાગતાં મારી આંખમાં આંસુ આવ્યાં. મેં પણ મનમાં કહ્યું:-

"તમારે તો એજ જોઇતું હતું ને?"

× × × ×

હું નીચે આવી. ત્યાં સર્વ મારી માર્ગપ્રતીક્ષા કરતાં હતાં. મને ઇ સર્વેએ સહજ અભિવંદન કર્યું.

અમે ગાડીમાં બેઠાં. હું અને મારા—મને 'મારા' શબ્દ બોલતાં ચાર થાય છે-પતિ એક ગાડીમાં હતાં...પરંતુ ઇશ્વર જાણે શાથી, ડીમાં જરા પણ વાતચિત થઇ નહિ!

આવી તે શી લુઇસાની ચિન્તા!?

૧૯

રીમ શત્રુ હશે કે મિત્ર?

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં)

જે વખતે 'ફ્રતુ' ને બુમ પાડવામાં આવી, ત્યાર પછી એક સેકન્ડમાંજ મેં પુનઃ સુમનસુંદરીનો અવાજ સાંભળ્યો. એણે બારણું પાડ્યું. એને જોઇ મને ભય લાગ્યો કે રખેને એ પકડાઇ જાય?

આથી મેં તેને ત્યાં શોભવા દીધીજ નહિ. તે બહાર ગઇ તે કેલાં મને મારો પોષાક પાછો આપતી ગઇ, તે મેં તરત પહેરી લીધો.

એ પછી મને ફ્રતુ અને સાહેબની વચ્ચે કાંઇ વાતચિત થતી

સંભળાઇ. કદાચ એવું ન થાય કે મારૂં પોગળ ફુટી જાય ! એથી મેં એક તદબીર લગાવી. હું તરત સાહેબ અને ફત્તુ વાત કરતા હતા તે ઓરડામાં ઘુસ્યો.

" તું પાછો કેમ આવ્યો ? " મને જોતાંજ કેપ્ટન સાહેબ બોલી ઉઠ્યા.

" અરે ! વહેલા થાઓ, શિકાર નાસી ગયો. "

" શું ?...શિકાર ભાગી ગયો ? "

ગભરાટ તથા ઉતાવળથી સાહેબ તથા ફત્તુ બહાર નીકળ્યા. હું તેમની આગળ દોડ્યો. સુમનવાળા કેદખાનામાં જઇ સાહેબે ફાનસ સળગાવ્યું. જોયું તો ઓરડામાં કોઇ નહોતું.

" તેં ક્યાંથી જાણ્યું કે શિકાર ઉડી ગયો ? " સાહેબે ખફા થઇ પૂછ્યું.

" હું રસ્તે જતો હતો ત્યારે થોડેક દૂર રસ્તામાં બે ત્રણ માણસ ઉભા ઉભા મસલત કરતા હતા. તેમને જોઇ મને સામાન્ય રીતે સંદેહ ઉત્પન્ન થયો. પછી તેઓ ચાલવા માંડ્યા એટલે મેં તેમનો પીછો પકડ્યો. તેઓ આ તરફ દોડતા આવ્યા અને મકાનમાં ઘુસ્યા. આપણા દરવાજા તો ખુલ્લાજ હતા. હું પણ તેમની પાછળ અંદર આવ્યો ને જોઉં છું તો તે માણસ ગુમ થયા હતા. હું આ ઓરડા તરફ આવ્યો ને જોયું તો બારણું ઉઘાડું, ને કોઇ ન મળે !! "

સાહેબ આશ્ચર્ય પામ્યો. એક બે મીનિટ પછી તે બોલ્યો:–

" અલ્યા ! હું જાણું છું. આ બધી તારીજ ચાલાકી છે. "

માત્ર મને દમ મારવા માટેજ એ આમ બોલે છે, તે હું તરત સમજી ગયો. મેં ગંભીર દેખાવ રાખીને કહ્યું:–" સાહેબ ! આવો અન્યાય આ મંડળમાં થતો હોય તો મારે રહેવું નથી. હું તમને કહેવા આવ્યો ત્યારે મનેજ તમે ચોર બનાવો છો !! "

" વારૂ. ચાલ તો ફત્તુ ! હજુ એ આટલામાંજ હશે; સૌ મળી એને શોધી લાવો. " એજ મીનિટમાં સર્વ હથીઆરથી સજ્જ થઇ શિકારની તપાસમાં બહાર નીકળ્યા.

રસ્તા પર પહોંચી મેં કેપ્ટનને કહ્યું:–" આપ લોક આ તરફ જાઓ. હું આ દિશામાં એની ખોળ કરૂં છું." તેમ કરવામાં આવ્યું. હું મારા નિર્દિષ્ટ સ્થાનની દિશામાં વળ્યો.

સંકેત સ્થાન પર જઇ હું જોઉં છું, તો ત્યાં કોઇ ન હતું. મને ચિંતા થવા લાગી. સુમનસુંદરી પુનઃ પકડાઇ તો નહિ ગઇ હોય ? હું આમ તેમ શોધવા જતો હતો, એટલામાંજ એક માણસ કોઈ સ્ત્રીને પોતાની ખાંધ પર બેસાડી લઇ જતો દેખાયો. એ સ્ત્રી સુમન તો નહિ હોય ?

થોડીજ ક્ષણમાં મારૂં અનુમાન સત્ય થયું. ખરેખર, સુમન-સુંદરીને ખાંધ પર લઇ કરીમ જતો હતો. તેઓ વાતચિત કરતાં હતાં. આ શું ? એ મકાન તરફ જતાં સુમન હવે ડરતી કેમ નથી ? વાંધો કેમ કાઢતી નથી ? કરીમને અટકાવતી કેમ નથી ?

શું કરીમે એને પટાવી દીધી છે ? કે જે કારાગૃહમાંથી છૂટવાને એ આટલાં ફાંફાં મારતી હતી તેમાં પાછી જતાં સહજ પણ વાંધો લેતી નથી ? શું કરીમે એને ભુરકી નાંખી છે ?...કે સુમન, તુંજ મને ઠગે છે ?

હું તેમની પાછળ પડયો. થોડે દૂર ગયા પછી સુમનને કરીમે નીચે ઉતારી. બંને ચાલવા લાગ્યાં. એ મકાન પાસે આવી તેઓએ ઉભાં રહીને વાતો કરી. પછી તેઓ અંદર ગયાં અને હું પણ પાછળ પાછળ ગયો તો જોયું કે કરીમે સુમનને એક બીજા ઓરડામાં કેદ કરી તાળું માર્યું ! સુમન ખુશીથી કેદી થઇ ! હરિ ! હરિ ! આ શું ?!

તાળું મારી કરીમ મારા તરફ ફર્યો. હું તેનાથી છુપાવા જતો હતો પણ એણે મને ઉદ્દેશ્યો–

" કેમ, મી૦ હર્ષદરાયજી ! શા માટે અમારો આટલો બધો પીછો પકડો છો ? "

એની ચતુરાઇ જોઇને હું તો મહાત થયો. 'એ કરીમ કોણ હશે ?' એમ મને વિચાર આવ્યો. ' અજબ મગજ છે !'

" હર્ષદરાય વળી કોણ છે અહીં ? " મેં આશ્ચર્ય બતાવ્યું.

" કોણ છે ? તમે વળી એટલા ભોળા કયારથી બન્યા ? " કરીમે કહ્યું.

" હું કોઇ હર્ષદરાય નથી. હવે એ પાગલપણું જવા દઇને સીધો સીધો હું પૂછું તેનો જવાબ આપી દે..."

" તમે સુમનને માટે પૂછવાના છોને ? "

" હા, પણ તેં એનું નામ ક્યાંથી જાણ્યું ? "

" હું તમારૂં પણ નામ જાણી લઉં તો એનું નામ જાણવું મારે શું મુશ્કેલ છે ? "

" નકામી વાતો જવા દે હવે..."

" તમેજ ક્યાં કામની વાત કરો છો ? "

" વારૂ, તું એને પાછી કેમ પકડી લાવ્યો ? "

" તમારા ભ્રમને ઉરાડવાને. "

" મારો ભ્રમ ? "

" હા, તમે સમય આવ્યા વિના આ કાર્ય કરવા માગતા હતાં. "

" સમય વિના એટલે ?...વખત જતાં એનો ધર્મ નષ્ટ થાય, તેનો જુમ્મેદાર કોણ થશે ? "

" હું. બીજું કોણ ? "

" તું એનું હિત ઇચ્છે છે, તેનું કારણ શું ? એમાં તારો સ્વાર્થ શું છે ? "

" તેમાં તમારો સ્વાર્થ શું છે ? "

" સીધો જવાબ આપને. તું જરૂર કોઇ બહુરૂપી છે. "

" તમે પણ તેવાજ છોને ? "

" ખરે, ચાલ હું તે સ્વીકારૂં છું પરંતુ બોલ, તું મારો શત્રુ છે કે મિત્ર ? "

" એક પણ નહિ. "

" તારે આ ધાંધલમાં પડવાની શી જરૂર છે ? "

" તે આપને પછીથી માલુમ પડશે. "

" ઠીક, તું કેદીને કેવી રીતે બચાવશે ? "

" તે વિષે આપ નિશ્ચિંત રહો. "

" તું ધર્મથી એને બચાવવાનું માથે લે છે ? "

" હા, તમે કાલે વિલાયત જશો ને ? "

" હા. "

" સાવધ રહેજો, કારણ કે શત્રુ સાથેજ રહેશે. "

" તું કોને શત્રુ ગણે છે ? "

" મિસ ફોસેટને. "

" જણાય છે કે તું સર્વ વાત જાણે છે. "

" હું સૌ જાણું છું. તમે સાથેજ રહેજો. વિષ આવ્યું છે, તો તેનાથી દુશ્મનો એલનને મારી નાંખે નહિ, તે તરફ ધ્યાન રાખ્યા કરજો. "

" તું મારો મિત્ર છે. એ વિષ મેંજ આણી અપ્યું છે, તેથીજ હું ઘણો સાવચેત છું; પરંતુ તું તારા ખુદાને ખાતર પણ સુમનને ધર્મભ્રષ્ટ થવા દઈશ નહિ. "

" ચિંતા ન કરો...હવે સાહેબોને આવવાનો સમય થયો છે, માટે તમે સત્વર ચાલ્યા જાઓ. તમારે માટે હું તેમને ગમે તેમ સમજાવી દઈશ. "

કંઇ ન બોલતાં હું ત્યાંથી ચાલ્યો. રસ્તામાં મગજ વિચારને ચગડોળે ચઢ્યું. " આ કરીમ કોણ હોવો જોઈએ ? "

ચારેક વાગે હું ઘેર પહોંચ્યો. લેડી ફોસેટને મળ્યો અને કેપ્ટનની ચિઠ્ઠી તેને આપી.

\+ + + +

બીજે દિવસે અમે વિલાગત જવા ઉપડ્યાં. લૉર્ડ સેસીલ હજુ મારે વિષે શકમાંજ રહ્યા અને મેં પણ તેને કાંઇ જણાવ્યું નહિ.

૨૦

પુનઃ કેદી !

(સુમનસુંદરીના શબ્દમાં)

' વિધાતાની ઇચ્છાને કોણ રોકી શકે છે ? ' એ વિચારથી હું ઓજવાર પકડાયા છતાં પણ રડી નહિ. મનને સમજાવ્યું કે ભાગ્યમાં

જે લખ્યું હશે તે થયા વિના રહેવાનું નથી. પરંતુ ભાગ્યને આધીન રહી હું મનને પાપમાર્ગે કદી પણ જવા દઇશ નહિ.

ચરિત્ર અને ધર્મરક્ષા એ એકજ છે. ચરિત્ર ગયું તો ધર્મ પણ ડુબ્યોજ. જીવન કરતાં પણ ધર્મ વધારે મૂલ્યવાન છે. ધર્મ બચાવવા માટે પ્રાણ પણ આપવો જોઇએ. આ દુષ્ટો મારો ધર્મ નષ્ટ કરવા આવશે તો હું આત્મહત્યા કરીશજ.

ડિટેક્ટીવ હર્ષદનું નામ મેં સાંભળ્યું છે. પરંતુ તે કોણ છે ? આ કરીમ કોણ હશે ? એ મને પાછી શા માટે પકડી લાવ્યો ? એની ઇચ્છા શું છે ? મારી સાથે એ આવી સારી રીતે શા માટે વર્તે છે ? હર્ષદરાય પણ એના મતના કેમ થઇ ગયા ? એ બધું કંઇ સમજાતું નથી......

મારા મનમાં એવા વિચાર ઉઠતા હતા, એટલામાં કોઇએ બારણું ઉઘાડયું. બે અંગ્રેજો તથા હાથમાં ફાનસ લઇ કરીમ અંદર આવ્યા. હું ભયથી ધ્રુજી ઉઠી. કરીમે મારી પાસે આવી કહ્યું:—

" બ્હીશ નહિ. સુમન ! આ સાહેબોની ઇચ્છા પૂરી કરવાને હું તને આડા અવળા કાંઇ સવાલ પૂછું તો બ્હીશ નહિ. "

એટલું ધીમેથી કહી તે પાછો સાહેબ પાસે ગયો. હું ચૂપ રહી. એક સાહેબે તેને કહ્યું:—" એને પૂછ કે તને કોણે બહાર કાઢી ? "

કરીમ મારી પાસે આવી મોટેથી પૂછવા લાગ્યો:—" બોલ તને કોણે છુટી કરી હતી ? "

હું એનું કહેવું સમજી ગઇ હતી. મારા શુભેચ્છકનું જીવન બચાવવા માટે હું અસત્ય બોલી—જીવનમાં પહેલીજ વાર જૂઠું બોલી:— " મને કોઇએ છુટી કરી નથી. બારણું ઉઘાડુંજ હતું... "

" અરે તું સાચું બોલજે; નહિ તો તારો પ્રાણ લઇશ. " કરીમે ઘણોજ મોટો ઘાંટો પાડી કહ્યું.

" હું સાચુંજ કહું છું. "

કરીમ સાહેબ તરફ ફર્યો. " સાહેબ ! એ સાચું બોલતી લાગે છે. ફતુજ બારણું વાસવાનું ભૂલી ગયો હશે. "

"એમજ હશે."

કરીમે કહ્યું:—"તું નાસી જવાની કોશીશ શા માટે કરે છે ? સાહેબ લોક તને બહુ સુખચેનથી રાખવાને માટે લાવ્યા છે."

હું કાંઇ બોલી નહિ.

એક સાહેબે બીજાને કહ્યું:—"શિકાર અડધો ખુશી થઇ ગયો દેખાય છે."

"એને તું પુછ કે તું અમારી સાથે વિલાયત આવવાને ખુશી છે કે ?" પેલાએ કરીમને કહ્યું.

"એક વાત સાંભળ; બહુ સંભાળીને જવાબ આપજે. વિલાયતનો એક દ્રવ્યવાન અમીર તારી સાથે લગ્ન કરશે; તને તે ઘણું સુખ આપશે, માટે તું વિલાયત આવશે કે ?"

હું તરતજ બોલી ઉઠી:—"નહિ—નહિ. હું કદી ત્યાં આવીશ નહિ."

એ સાંભળી એક સાહેબે બીજાને કહ્યું:—"હેનરી ! તારી વાત સંભવિત લાગતી નથી. આ કદી વિલાયત જવાને તૈયાર થશે નહિ"

એકદમ કરીમ બોલી ઉઠયો:—"આપ ધીરજ ધરો. હજુ તો આપણે જવાને વાર છે, એટલામાં હું એને સમજાવી દઇશ."

"ઠીક છે."

એમ કહી તે સાહેબો બહાર ચાલ્યા ગયા. કરીમ પણ પાછળથી બારણું દઇને ગયો. મને એક ઓરડામાંથી બીજા ઓરડામાંથી કેમ કેદ કરી ? તે વિષે સાહેબોને પહેલેથીજ કરીમે કંઇક સમજાવી દીધુ હશે, એમ લાગે છે.

આ પ્રમાણે છ દિવસ પસાર થયા. કરીમે રાખેલો બ્રાહ્મણ રસોયો મારે માટે ભોજનનો પ્રબંધ કરતો; તે વડે હું ઉદરનું ઋણ ચુકવતી અને રાત દિવસ શોક કરતી કે:—"ઓ ભગવાન્ ! મારી શી દશા થશે ?"

× × × ×

સાતમે દિવસે બપોરે ત્રણેક વાગે કરીમ મારી કોટડીમાં આવ્યો. એને જોઇ હું રડવા લાગી. એણે મને બહુ સમજાવી સાંત્વન આપ્યું.

" કાલે અમે વિલાયત જઇશું. તારે આવવાને કાંઇ વાંધો તો નથીને ? "

" ઓ ભાઈ ! તું મારૂં હિત ઇચ્છતો હોય તો હવે મને અધિક લાંછિત શા માટે થવા દે છે ? "

" તું લાંછિત થશે નહિ. તારા આવવાથી હું ત્યાં એક મોટું પરમાર્થનું કામ પાર પાડી શકીશ. તેથીજ તું ત્યાં આવે એમ હું ઇચ્છું છું. "

" હું વિલાયત આવું તો તારૂં તો કામ થતું હશે, પરંતુ ભાઇ ! મારૂં તો સત્યાનાશ વળી જશે. "

" કેવી રીતે ? "

" જાતિચ્યુત થઇશ; ધીટકાર પામીશ; માતાપિતાનું મારાથી ફરીને મુખ જોવાશે નહિ...'

" હું તારે માટે આ રસોયાને સાથેજ લઇશ. એથી તું જાતિ ભ્રષ્ટ થશે નહિ. અને પ્રતિજ્ઞા લઉં છું કે—હું કદી પણ તારૂં ચરિત્ર બગડવા દઇશ નહિ અને આપણે એક મહિના પછી તો અહીં પાછાં આવીશુંજ. "

" હર્ષદરાય મારા શુભેચ્છક છે. શું તે તારી સાથે આ બાબતમાં સંમત છે ? "

" તેં ઠીક યાદ દેવડાવ્યું...ડિટેક્ટીવ હર્ષદરાય જાતેજ વિલાયત ગયા છે. શું તેને કોઇ જાતિચ્યુત નહિ કરે ? "

" શું તે વિલાયત ગયા છે ? "

" હા, તે પણ તારી ત્યાં રક્ષા કરશે. "

" તે ક્યારના ત્યાં ગયા ? "

" આજે છ દિવસ થયા. "

" તે શા માટે ગયા ? "

" અમે બંને એકજ કાર્યમાં રોકાયા છીએ. એકજ વ્રતના ઉપાસક છીએ. "

" તમે શા કાર્યમાં રોકાયા છો, એ સર્વ મને સાફ કહી

સમજાવો. મારા આવવાથી શું મહત્કાર્ય થાય એમ છે, તે બતાવો; તો હું વિલાયત આવવાને ઇન્કાર કરીશ નહિ. "

" સાંભળ ત્યારે. વિલાયતના એક ધનવાન અમીર તરફથી લૉર્ડ નોરટનના ઉપર એક ભયંકર આરોપ મૂકવામાં આવ્યો છે તેમજ તેનું ખૂન કરવાને આ પાપીઓ મથ્યા કરે છે. એ લૉર્ડ નોરટને થોડા વખત ઉપર એલન નામની એક સુંદર સ્ત્રી સાથે લગ્ન કર્યું છે. વિલિયમ નામનો એક બીજો ધનવાન યુવક એલન પર મોહ પામ્યો હતો. જ્યારે તેણે જોયું કે એલને નોરટન સાથે લગ્ન કર્યું છે, ત્યારથી તે એની પાછળ પડયો છે. "

" લગ્ન કોણે કર્યું ? "

" તે સમજાતું નથી. હવે વિલિયમ આ બંનેને અનેક રીતે હેરાન કરવા ઇચ્છે છે. છેવટે ખૂન સુદ્ધાં કરવા માગે છે. આ મારી સાથેવાળા એ વિલિયમના મળતીઆ છે. તેઓએ વળી એક મોટો ખૂનનો આરોપ લૉર્ડ નોરટન ઉપર મૂકયો છે. એ બધાં આ લોકોનાં કારસ્તાન તથા તારા જેવી અનેક અબળાને ફસાવવું, એ બધું હું ત્યાં જઇ પ્રકટ કરીશ. તે વખતે મને તારી જરૂર પડશે. તું હશે તોજ હું આ પાપીઓનો પાપનો ઘડો ફોડી શકીશ...બોલ, હવે તારી શું ઇચ્છા છે ? "

" મારી ઇચ્છા શું હોય ? એવા પાપીઓનાં પાપ ફોડવા માટે હિંદુસ્થાનની એક બાળાને પોતાનાં પ્રિય માતાપિતાને છોડી-બીજાં પ્રિયજનોને ત્યાગી-છેક વિલાયત જવું પડે એ શું યોગ્ય ગણાય ? " મેં કહ્યું.

" પણ બહેન ! તું ત્યાં આવવા ન ઇચ્છે તોપણ હું તને અત્યારે મુક્ત કરી શકું તેમ નથી. કારણ કે તેમ કરવા જાઉં તો આપણે બંને પ્રાણ ગુમાવી બેસીએ; માટે આટલું દુઃખ ખમ્યું તો થોડું વધારે ખમવા તૈયાર થા. એક મહિનામાં તો આપણે પાછાં આવીશું. "

" તો તને યોગ્ય લાગે તેમ કર...વિધાતાએ ભાગ્યમાં જે

લખ્યું હશે તે ટળવાનું નથી......ઓ ભગવાન્ !...

" વિલાયતમાં તો મારા સિવાય અનેક જણ તારૂં રક્ષણ કરનાર મળશે; તું ડર રાખીશ નહિ. "

એમ કહી કરીમ ગયો.

*   *   *

બીજે દિવસે એક બંધ ગાડીમાં બેસાડીને મને દરીઆ કિનારે લઇ જવામાં આવી. ત્યાં એક સ્ટીમર ઉભી હતી તેમાં મને તેઓ લઇ ગયા.

મારે માટે પહેલેથીજ એક નાનો ઓરડો સજ્જ કર્યો હતો. તેને એ લોકો 'કેબિન' કહેતા. હું તેમાં ગઇ અને અંદરથી દ્વાર બંધ કર્યું. પુનઃ મારૂં હૃદય કંપવા લાગ્યું અને હું રડવા લાગી. હાય ! કરીમના કહેવાથી હું રાજી શા માટે થઇ ગઇ ? એ કોણ જાણે શું મંત્ર જાણે છે ?

એ મને છેતરતો તો નહિ હોય ?......મારાં માતાપિતા અને આપ્તજન મારે માટે શું ધારશે ?......કે, ધનની લાલચથી મેં ધર્મ ગુમાવ્યો !...દ્રવ્યને લોભે મેં સ્વજન છોડયાં !...અને મારી જન્મ-ભૂમિ છોડીને હજારો ગાઉ દૂર પરદેશ ચાલી ગઇ !...હરિ ! હરિ ! લોકો મારે માટે શું ધારશે ? મારાં માબાપ તેમને શું મોં બતાવશે ?

એવા એવા અનેક વિચારોના ઉભરાઓએ મારૂં મગજ ઘેર્યું. 'કેબિન' માં એક કૉચ ગોઠવેલો હતો, તેના ઉપર મેં પડતું મૂક્યું અને હું પુષ્કળ રોઇ !

" આ પાપીઓ તો એમજ માનશે કે એમના શેઠને પરણવાને હું ખુશી છું !...ઓ કરીમ ! તું મારૂં સત્યાનાશ વાળે છે !..."

આગળ હું રડી શકી નહિ. આંખમાં આંસુ ફુટયાં અને ગળામાંના શબ્દ ગળામાંજ અટકયા.

એક કલાક પછી સ્ટીમર ચાલવા માંડી. કેબિનની એક નાની બારી ઉઘાડી મેં માતૃભૂમિનું છેલ્લું દર્શન કરી લીધું.

સ્ટીમર ધીમે ધીમે ચાલતી હતી, અચાનક મારી નજર કિનારા

પર પડી-મેં ત્યાં શું જોયું ?

મારાં વૃદ્ધ માતાપિતા કિનારા પર ઉભાં હતાં-ઉભાં ઉભાં સ્ટીમર તરફ જોઇ રહ્યાં હતાં. મારાથી એક ચીસ પડાઇ ગઈ અને હું બેભાન થઇને પછડાઇ પડી.

× × × × ×

હું ક્યાં સુધી એમ પડી રહી, તેની મને ખબર નથી. જાગૃત થતાં માલુમ પડ્યું કે હું એક બિછાના પર સુતી છું. કરીમ મારી પાસે બેસી પંખો નાંખી રહ્યો હતો, હું ઉઠવા ગઇ પણ મારામાં શક્તિ ન હતી.

" ઉઠવા જશે તો બેટા ! તું પડી જશે. સ્ટીમર બહુ વેગથી ચાલી રહી છે. "

" મેં પિતાજીને કિનારા પર જોયા છે ...કદાચ તેમણે મને-પાપિણીને-જોઇ પણ હશે...હાય ! વૃદ્ધાવસ્થામાં એમને હું બહુ કષ્ટ આપનાર થઇ ! એ મારે માટે કેટલું રડશે !... "

" તું રડીશ નહિ. મેં તેમને ઘણું સમજાવી દીધું છે. હું તેમને મળ્યો હતો, મારા જીવતાંજ તારો કોઇ વાંકો વાળ પણ કરી શકશે નહિ. "

" તું મારાં માબાપને ક્યારે મળ્યો ? "

" તેં તે દિવસે હર્ષદરાયને તારા પિતાનું ઠેકાણું આપ્યું હતું ત્યારે હું તે છુપાઇને સાંભળતો હતો. તે પછી મેં ઘણા પ્રયત્નો કરી તેમને શોધી કહાડ્યા અને સર્વ વાતો સમજાવી છે. તેઓ માત્ર તને જોવા માટેજ કિનારે આવ્યા હતા. "

હું કાંઇ બોલી નહિ-બોલી શકી નહિ. મારૂં મગજ ભમતું હતું; અને મને ગભરામણ થતી હતી. કરીમે સમજાવ્યું કે એ તો માત્ર દરીઆની હવાના ફેરફારને લીધે છે.

બીજે દિવસે સ્ટીમર એક બંદરમાં થોભી. શા માટે થોભી ? તે પુછવાને મેં કરીમને બોલાવવા મોકલ્યું. ખબર મળી કે કરીમ સ્ટીમર પર નથી ! એ ક્યાં ગયો ?

એટલામાં એક અંગ્રેજ મારી કોટડીમાં ધુસી આવ્યો. તે તુટી ફુટી ગુજરાતી ભાષામાં કોણ જાણે કેટલીયે ખરાબ વાતો મારી આગળ બકી ગયો. તેની વાતો સાંભળી મને અત્યંત ક્રોધ આવ્યો.

"પિશાચ ! અહીંથી દૂર જા. નહિ તો આ છરીથી તારી છાતી ચીરી નાંખીશ." અંતે મેં કહ્યું.

"હેં ? એટલી બધી હિંમત ?"

એમ બોલી તે મારા તરફ આવવા લાગ્યો. મેં મારી ગુપ્ત છરી ઉઘાડીને તેના સામે ઉગામી. તેણે પોતાની લાંબી લાકડીવડે મારા જમણા હાથ પર એક ઝપાટો માર્યો. હાથ પર સજ્જડ ચોટ લાગી અને છરી નીચે પડી ગઇ. હું ભયભીત થઇ. મારૂં હૃદય કંપવા લાગ્યું.

તેણે છરી ઉઠાવીને બહાર ફેંકી દીધી. પછી તે મારી તરફ વધવા લાગ્યો ને પોતાની ભાષામાં કંઇ કંઇ બકવા તથા ચાળા કરવા લાગ્યો.

"છરી નથી તો શું થયું ? હું આ નખથી પણ તારૂં પેટ ચીરી નાંખીશ અને પછી આત્મહત્યા કરીશ..." મેં કહ્યું.

તે છતાં પાપી ગયો નહિ. એકદમ તેણે મારા તરફ ધસીને હુમલો કર્યો.

૨૧

પ્રિન્સેસ ડૉક.

(કરીમના શબ્દમાં)

સ્ટીમર ઉભી રહી; તે જોઇ મેં કેપ્ટન સાહેબને તેનું કારણ પૂછ્યું. કારણ તે પોતેજ જાણતા ન હતા.

"પોર્ટ કમિશ્નરની આજ્ઞાનુસાર સ્ટીમર ઉભી રાખવામાં આવી છે. તેનું કારણ પૂછવાને હું તેમને મળવા જાઉં છું." એમ કહી કેપ્ટન અને બીજા એક બે માણસો કિનારા પર ગયા.

જે વખતે સ્ટીમર ઉભી રહી તે વખતે સંધ્યાકાળ હતો. સાડા પાંચ વાગ્યા હશે. સૂર્ય પશ્ચિમમાં ઉતરતો હતો.

મને સ્ટીમરમાંજ રહેવાની આજ્ઞા મળી હતી. હું કઠેરા આગળ ઉભો હતો. થોડા વખત પછી કિનારા પરથી એક માણસ મને ઇશારત કરી બોલાવવા લાગ્યો. એ માણસનો પોષાક કંઇ ભપકાદાર ન હતો છતાં તેના ચહેરા પરથી તે કોઇ મોટો માણસ હોય, એમ લાગતું હતું.

પહેલાં તો મેં એની ઇશારત ઉપર ધ્યાન આપ્યું નહિ. મેં મારૂં મોં ફેરવી નાંખ્યું; પરંતુ તે મને મારૂં નામ દઇ બુમ પાડવા લાગ્યો. આથી હું તેને શાંત રહેવાનું કહી, સ્ટીમર પરથી ઉતરી તેની પાસે ગયો.

પાસે જતાં માલમ પડયું કે તે કોઇ પશ્ચિમ દેશનો ધનવાન માણસ છે. તે મને થોડે દૂર લઇ ગયો. અમે એક ઝાડ નીચે જઇ ઉભા.

" તમારૂં નામ કરીમ છેને ? "

" હા. "

" હું જાણું છું કે તમારૂં એ નામ નકલી છે છતાં પણ તમે એ નામેજ ઓળખાઓ છો તેથી હું..."

" કૃપા કરી હવે આપને મારી સાથે શું કામ છે તે કહેશો ?"

" હું તમને એક મિત્ર તરીકે મળવા આવ્યો છું. હું આશા રાખું છું કે તમે મને મારા કામમાં મદદ કરશો. "

" મારાથી બની શકે તેમ હશે તો ખુશીથી મદદ કરીશ. "

" ઠીક. તો હું પૂછું તે કહો–આ સ્ટીમરના કેપ્ટનનું નામ સ્મીથ છેને ? "

" હા. "

" એ સ્મીથ લૉર્ડ નોરટનનો દુશ્મન છે ખરૂંને ? "

" ના. દુશ્મનનો ભાડુતી માણસ છે. "

" તે કેવી રીતે ? "

"લૉર્ડ નોરટનને તથા લેડી એલનને ઠાર કરવા તથા તેમનું અનેક રીતે સત્યાનાશ વાળવા, એ કામ એને સોંપાયલું છે." એને મારા પક્ષનો જાણી મેં બધું કહેવા માંડયું.

"તે સિવાય એને કાંઇ બીજું કામ નથી?"

"છે."

"શું?"

"તે બધું જાણીને આપને શું કામ છે?"

"તમે જાણો છો કે હું તમારા પક્ષનોજ છું. તો મને કહેવામાં શી હરકત છે?"

"તો સાંભળો. જુદા જુદા દેશોમાંથી સુંદર સ્ત્રીઓને પકડી લાવવાનું અથવા ફસાવી આણવાનું કામ એને માથે છે."

એ સાંભળતાંજ તે મનુષ્યના ચહેરા પર ક્રોધનાં ચિહ્ન જણાયાં અને તેણે એક નિઃશ્વાસ નાંખ્યો.

"ભાઇ સાહેબ!" તે મને કહેવા લાગ્યો:-"સાચું કહેજો કે અત્યારે આ સ્ટીમરમાં કોઇ હિંદુસ્થાનની સ્ત્રી કેદી છે?"

"પહેલાં તો મેં તેને ઉડાવવા માંડ્યો. પરંતુ તે સહેજમાં છોડે એવો ન હતો. અંતે મારે કહેવું પડયું કેઃ-

"હા. એક સ્ત્રી છે ખરી."

"તેનું નામ કહેશો?"

"સુમનસુંદરી."

નામ સાંભળી તે કંઇક આનંદ પામ્યો. મેં ધાર્યું કે આ માણસ સુમનસુંદરીનો કોઇ સંબંધી હશે; અને તેની શોધમાં ફરતો હશે. આજે તેનો પત્તો લાગ્યો તેથીજ એને આનંદ થયો.

"આપ એના કોઈ સગા છો?"

"હા. પરંતુ જો આજે હું એને બચાવી ન શકું તો એનો હું સગો છું, એમ કહેતાં મને શરમ લાગશે!"

"આપ એને કેવી રીતે મદદ આપશો?"

"તે વિચારીશું. પરંતુ તેમાં આપ મને મદદ કરશો?"

" નહિજી. હું એ કાર્યમાં આપની સાથે સંમત નથી."

" કેમ ?"

' લાભ નહિ."

" હું ધારતો હતો કે તમારી પાસેથી મને પુષ્કળ મદદ મળશે."

" તોપણ તમે નિશ્ચિંત રહેજો. હું એને અપવિત્ર થવા દઇશ નહિ."

" તમે વેષ બદલી શત્રુઓમાં ઘુસ્યા છો; પરંતુ તમે પકડાઇ ગયા તો સુમનસુંદરીની શી સ્થિતિ ?"

" મારી મતલબ ઓરજ છે. હું પકડાઇશ નહિ, મારે એક કાંકરે બે પક્ષી મારવાં છે...."

" એ તમારી ભૂલ છે. જો તમારાં પક્ષી મુઆં નહિ, તો આની શી અવસ્થા થશે ?...એક નિર્દોષ બાલિકાનું સર્વ નાશ થઇ જશે."

" મારી ચારે તરફ નજર છે."

" આપ ભૂલ કરો છો."

" હશે હવે હું વખત મળે ભૂલને સુધારતો જઇશ."

" આપની પાસેથી મને મોટી આશા હતી. હું નિરાશ થયો છું."

" હું તે માટે દીલગીર છું."

એમ કહી અમે છુટા પડયા.

સ્ટીમર પર આવતાં મને વિચાર આવવા માંડયાઃ—" એ કહે છે તે ખરૂં તો છે. એક ભોળી બાળાને સાથે લઇ શેતાનની સાથે ખેલવું, એ કાંઇ સહેલ નથી. કોણ જાણે છે કે ભવિષ્યમાં શું થશે ? મેં એની મદદથી કાંઇ પણ કર્યું હોત તો ઠીક. અહીં તો હું એકલો છું અને શત્રુઓ ઘણા છે !..."

મને લાગ્યું કે મેં એનો આમ તિરસ્કાર કર્યો, તે ઠીક નહિ કર્યું. પાછો જઇ તેની સાથે વાત કરવાનો વિચાર કરતો હતો એટલામાં સુમનસુંદરીની કેબિનમાંથી રડવાનો અવાજ આવ્યો. એક ચીસ સંભળાઇ. હું તરત તે તરફ દોડયો.

જઇને જોયું તો સુમન ભોંય પર પડી હતી. તેના વાળ વિખે-રાઇ ગયા હતા. એ મેં બહારથી જોયું—ન જોયુ એટલામાં એક અંગ્રેજ એ કેબિનમાંથી નીકળ્યો. એનું નામ વ્હીલર હતું. કેપ્ટનને એ જાણે જમણો હાથ હોય તેવો ઉપયોગી હતો.

મને જોતાંજ તેનું મોં ફીકકું પડી ગયું. શી બાબત બની છે, તે હું તરત સમજી ગયો. તે બીજી બાજુ પર ચાલ્યો ગયો. હું કેબિનની અંદર ગયો.

સુમન ઉઠીને બેઠી થઇ. મારે પગે પડીને—મારા પગ પકડીને તે કહેવા લાગી:—"તને ધરમના સોગંદ છે—આ પાપીઓથી મને છોડવ, મને મુક્ત કર, હું તારે પગે પડું છું."

"હા. સુમન! મેં ભૂલ કરી છે; હું આજેજ તને મુક્ત કરીશ. તું રડ નહિ, સૌ જાણી જશે."

એ પ્રમાણે બે ચાર વાતો એને સમજાવીને હું બહાર આવ્યો અને વિચારવા લાગ્યો:—"હું એને કેવી રીતે બચાવું?"

સાંજ પડી હતી. દીવા વખતે કેપ્ટન એક અપરિચિત મનુષ્યને સાથે લઇને સ્ટીમર પર આવ્યો. એ અપરિચિત મનુષ્ય કોણ છે, તે મેં કેપ્ટનને પૂછ્યું.

"કરીમ! એ અયોધ્યાના નવાબના વંશનો છે. કોઇ મુકર્દમામાં સંડોવાયાથી એને હાલને હાલ લંડન જવું પડે છે. પોર્ટ કમિશ્નરના આગ્રહથી હું એને આપણી સ્ટીમરમાં લાવ્યો છું. બહુ ઉતાવળને લીધે એ કોઇ નોકર ચાકર સાથે લાવી શકયો નથી. માટે તું એની સેવામાં તત્પર રહેજે." તેણે મને જવાબ આપ્યો.

"વારૂ, સાહેબ."

હું તેને એક સુંદર ઓરડામાં (કેબિનમાં) લઇ ગયો. ત્યાં તેને માટે જોગવાઇ કરી આપી. એ નવાબનું નામ 'પ્રિન્સ શેરખાં બહાદુર' હતું. પરંતુ મારી આંખે કંઇ છુપું ન રહ્યું કે એ નવાબ બનાવટી છે.

થોડી વાર પછી તેણે મને પોતાની કેબિનમાં બોલાવ્યો. તેણે

વાતો કરવા માંડી. સ્ટીમરમાં કેટલા અંગ્રેજો છે, કેટલા હિંદીઓ છે, કોઈ બીજી કેદી છે કે નહિ, એ બધું મને પૂછ્યું. મેં સુમનસુંદરી વાળી બાબત છુપાવી.

સાંજે હું ખાણું તૈયાર કરી ત્યાં ગયો તો એ સાહેબ પોતાની કેબિનમાંજ ન મળે. બહાર નીકળ્યો ત્યારે એ સુમનની કેબિનમાંથી આવતો જણાયો! મને એને વિષે બહુ સંદેહ ઉત્પન્ન થયો. એ કોણ હશે?

રાત્રે હું દૂર ઉભો રહી એ પોતાની કોટડીમાં શું કરે છે, તે જોવા લાગ્યો. તેણે કેટલાંક કાગળીઆં કાઢ્યાં. પેન્સીલ તથા એક ચોપડી કાઢી તે લખવા લાગ્યો—જાણે કોઇ જોનારને એમજ લાગે કે એ ચોપડીમાંથી કાંઇ ઉતારી લે છે.

અર્ધા કલાક પછી તે ધીમે ધીમે બહાર નીકળ્યો. સુમનની કેબિન તરફ તેણે ચાલવા માંડ્યું. બારણા પાસે જઇ તેણે આંગળીવડે તે પર ટકોરા કર્યા.

"કોણ? કરીમ કે?"

"હા. બારણું ઉઘાડ."

સુમને બારણું ઉઘાડ્યું એટલે નવાબ સાહેબ કોણ જાણે શું એ તેના હાથમાં મૂકી ઝડપથી પાછા ફર્યા. તેના ગયા પછી હું સુમનની કેબિનમાં ગયો.

અંદર જઇ મેં તેને પૂછ્યું:—"સુમન બેટા! અત્યારે કોણ તારી પાસે આવ્યું હતું?"

"એને હું ઓળખતી નથી, કોણ છે એ? હું તો ધારતી હતી કે તેં બારણું ખખડાવ્યું હશે. બીજું કોઇ છે, એમ જાણત તો ઉઘાડતજ નહિ."

"વારૂ, તે તને શું આપી ગયો?"

"સુમન ચુપ રહી, કંઇ બોલી નહિ.

"મારા ઉપર તને વિશ્વાસ આવતો નથી?" મેં ફરીથી કહ્યું. હજુ એણે ઉત્તર ન જ આપ્યો.

મેં જરા ગુસ્સે થઇ કહ્યું:—"હું તારે માટે આટઆટલું કરૂં છું

છતાં તું મારા ઉપર વિશ્વાસ પણ રાખતી નથી."

આખરે તે બોલી.

"હું તારાથી કાંઇ છુપાવવા માગતી નથી. એમણે મને એક પત્ર આપ્યો છે, એ મારા શુભેચ્છક છે; અને જો તું એને મદદ કરે તો હું આજેજ છુટી શકું."

"એ પત્ર તું મને આપીશ?"

પહેલાં તો એણે આનાકાની કરી. પરંતુ મેં બહુ કહ્યું એટલે પોતે તે પત્ર વાંચીને પછી મને આપ્યો.

"વ્હાલી સુમન,

ગમે તેમ કરીને હું અહીં આવી પહોંચ્યો છું. મેં વેષ બદલેલો હોવાથી તું મને ઓળખી શકી નહીં હોય.

તું કરીમને તારો શુભેચ્છક ધારીશ નહિ. આજે સાંજે હું એને મળ્યો હતો. મેં તારા છુટકારા માટે એને ઘણું કહ્યું. પરંતુ એણે માન્યું નહિ અને મને મદદ પણ કરી નહિ.

હવે ગમે તેમ કરી હું તને છોડાવીશ. અહીંજ બચાવી ન શકું તો વિલાયત જવું પડશે. જો કરીમ મને મદદ કરે તો હું આજેજ તને મુક્ત કરી શકું. પરંતુ વિધાતાની એવી ઇચ્છા નથી. તું ચિંતા કરીશ નહિ. એજ.

લી॰ તારોજ

ચંદ્રરાય."

પત્ર વાંચતાંજ આ વ્યક્તિ કોણ છે, તે હું સમજી ગયો. તે સમજતાં મને શરમ લાગી; એ વ્યક્તિ નવાબના વંશજનો પાઠ આવી અલૌકિક રીતે ભજવી શકે, એમ મેં કદી ધાર્યું ન હતું...હું પણ એને ઓળખી શક્યો નહિ. મને મનમાં જરા આનંદ પણ થયો. હું તરત ત્યાંથી ચંદ્રરાય પાસે ગયો.

એજ વખતે સ્ટીમર ડોલવા લાગી, અને હાય! એક બે મિનિટમાંજ તેણે ચાલવા માંડ્યું! સુમનસુંદરીને પ્રિન્સેસ ડૉકમાંજ મુક્ત કરવાની આશા ઉડી ગઇ—મરી ગઇ!!

અગાધ સમુદ્રમાં ભુસકો !

(એલનની ડાયરીમાંથી ઉતારો.)

સમુદ્રની સપાટી પર–તા. ૬ એપ્રીલ ૧૮૩૫

મર્મયાતના અતિ ભયંકર છે. સ્ત્રીઓ વિના તે કોણ સહન કરી શકે ? આજે કેટલાક દિવસ થયાં એ મારી સાથે વાત કરતા નથી–રે, બોલતા પણ નથી ! હાય ! એ કેમ સહન થાય ?

આજે સવારેજ આવીને તે મને પૂછે છે–" કેમ, સમુદ્રની હવાથી તારા શરીરને ફાયદો લાગે છેને ? "

મને ફાયદો શું લાગે ? શરીરને સુખ થાય તોપણ હૃદય તો અંદર બળીને ખાખ થઇ જાય છે ! તબિયત કેવી રીતે સુધરે ? અને સુધરે પણ શા માટે ? પ્રિયજનનો તિરસ્કાર પામવા ?

આટલા દિવસ પછી આવું વાક્ય મને ઉદ્દેશીને બોલાયું તેથી મારૂં માનસિક દુઃખ અધિક થયું. મારી આંખોમાંથી બે અશ્રુબિંદુ ટપક્યાં, તે જોઇ તેમણે કહ્યું:–

" એલન ! તું કહે, કે ન કહે પણ તને કોઇ મોટું દુઃખ થાય છે. તું તે મને કહે તો તેનો કંઇક ઉપાય કરીએ. "

" ભાગ્યમાં જે લખ્યું હોય તે થયા કરે છે. મારા કર્મમાં એમ નથી કે હું તમને પામીને સુખી થાઉં ! "

" એલન ! મારે લીધે જો તું દુઃખી થતી હોય તો તે પણ મને કહે. હું તને સુખી કરવાનો પ્રયત્ન કરીશ; મારી ભૂલ સુધારીશ. "

" આપની કાંઇ ભૂલ નથી. મારૂં દુઃખ દૂર કરવાની કાંઇ જરૂર નથી. આપનામાં તેમ કરવાની શક્તિ નથી અને–"

" કેમ 'અને' કહીને અટકી ગઇ ? બોલી દે જે કહેવું હોય તે."

" અને તેમ કરવાની ઇચ્છા પણ નથી. મને ખબર છે, કે આપ મારો ત્યાગ કરવાજ ઇચ્છો છો ! ભલે તેમ કરો. મારો ઇશ્વર સાક્ષી છે. "

"એલન ! તું શાથી આવું માને છે ? હું કહું છું કે તું ભૂલ કરે છે. આપણે પ્રેમમાં ગેરસમજ કરી દીધી છે. તેનું સંશોધન કરવુંજ ઉચિત છે. મેં શું એવું કામ કર્યું ? બોલ, મેં શું તારી ઇચ્છા વિરૂદ્ધ કર્યું ?"

"આપે કંઇ મારી ઇચ્છા વિરૂદ્ધ કર્યું નથી. આપને મારો ત્યાગ કરવો હોય તો ભલે કરો. હું આપને દુઃખરૂપ-કંટકરૂપ થવા ઇચ્છતી નથી. હું આપનો માર્ગ ખુલ્લો કરી આપું છું."

બોલતાં બોલતાં મેં મારા હૃદયનો બધો ઉભરો કાઢી નાંખ્યો. તે સાંભળી એ બે ત્રણ સેકન્ડ સુધી શાંતજ રહ્યા. મેં જાણ્યું કે મારા બોલવાની તેમને ઠીક અસર થતી હશે.

"એલન ! જે સુખની આશાથી હું તારી સાથે લગ્ન કરી ગૃહસ્થ બન્યો હતો, તે સર્વ તેં નષ્ટ કરી છે. હું જાણતો ન હતો કે કમળના કંડીઆમાં કાળો સાપ બેઠો છે. ભલે તારી એમ ઇચ્છા છે તો હું એમજ કરીશ."

એટલું બોલી, બધો વાંક અને આરોપ મારા ઉપર ઢોળી તે ઝડપથી ઓરડા બહાર ચાલ્યા ગયા. મેં ધાર્યું કે મારૂં સર્વસ્વ ગયું-ચોરાઇ ગયું-લુંટાઇ ગયું-બળી ગયું-મરી ગયું ! ! !

સંધ્યા સમય થયો. હું ધીમે ધીમે ચાલીને ઓરડાની બહાર જઇ સ્ટીમરના કઠેરા પાસે ઉભી રહી. પશ્ચિમ દિશામાં સૂર્ય લટકી રહ્યો હતો. દશ્ય સૃષ્ટિનો એ પતિ બે ત્રણ મિનિટમાં નાસી જવાનો હતો; પણ તે કાલે આવશે એ આશાથી સૃષ્ટિ રડતી ન હતી.

મારે તેમ ન હતું. હું તો રડતી હતી.

થોડેક દૂર ઉભા રહીને તેઓ મારી તરફ જોઈ રહ્યા હતા; પણ તે પ્રેમદષ્ટિથી નહિ !...શું તે પોતાનાં કૃત્ય માટે પસ્તાવો કરતા હશે ?

ના. ના. ઉલટી હુંજ એમના સુખમાં વિઘ્નરૂપ થઇ પડી છું મેંજ એમના મનને કષ્ટ દીધું છે !...જો લુઇસા એમને સુખી કરી શકે તો તેમાં મારે નારાજ થવાનું કાંઈ કારણ નથી...પરંતુ મારૂ

મન કેમ માનતું નથી?

મેં એક વાર પુનઃ એમના તરફ દૃષ્ટિ નાંખી. એ મારી તરફ જોઇજ રહ્યા હતા. મને થયું કે હું એકવાર એમને પગે પડીને માગી લઉં કે મારો કાંઇ અપરાધ થયો હોય તો ક્ષમા કરો!!

વળી વિચાર આવ્યો, કે 'માફી માગવાથી શું ફળ? જે ક્ષમા કરવાને બદલે દણ્ડ દેવાને તત્પર થાય તેની પાસે ક્ષમા માગવી તે વૃથાજ છે!'

ધીમે ધીમે અંધકાર વધતો ગયો, અને તે અંધકારમાં મારી પ્રિય મૂર્તિ અદૃશ્ય થઇ. મારૂં હૃદય પણ દુઃખરૂપી અંધકારથી ઘેરાઇ ગયું—અંધકારમાં દટાઇ ગયું.

હું આંસુ પાડતી મારી કેબિનમાં ગઇ તો ફ્રેસેટ ત્યાં મારી વાટ જોતી હતી. મને જોઇ તે બોલી:—"એમ જણાય છે કે તમને મનમાં કંઇક દુઃખ થાય છે."

હું કાંઇ બોલી નહિ.

"હું જાણું છું કે તમારા દુઃખનું કારણ લૉર્ડ નોરટનજ છે. પરંતુ તેથી તમે દુઃખી ન થાઓ. ધીરજ ધરો, તો હું એક ખબર કહું."

"સારી છે કે માઠી?" મેં પૂછ્યું.

"એ સાંભળીને કદાચ તમારૂં કષ્ટ અધિક થશે."

"શું એમના વિષે કંઇ વાત છે?"

"હા."

હું ઉઠીને બેઠી થઇ. "તું ખુશીથી કહે. મેં મારા હૃદયને સખત બનાવી દીધું છે."

"હું આપને આ વાત ન કહેત પરંતુ અરેરે! તમારા જેવી ભોળી, ભલી, સાદી રમણીને લૉર્ડ કેવી રાતે છળે છે-ફસાવે છે!! માઇ ગૉડ!"

"ફ્રેસેટ! તારે જે કાંઇ કહેવાનું હોય તે મને ખુશીથી કહે; મને જરા પણ દુઃખ થશે નહિ."

" પહેલાં આપ મને વચન આપો કે આપ બીજા કોઇને આ વાત જણાવશો નહિ. કારણ કે હું લૉર્ડ નોરટનની ગુપ્ત વાત ઉઘાડી કરૂં છું તે જો એમને ખબર પડે તો હું જીવતી ન રહી શકું."

" લે વચન. હું કોઇને કહીશ નહીં. "

મેં વચન આપ્યું.

" તો સાંભળો. એમણે મેરીઆ લુઇસા નામની કોઇ સ્ત્રીને પત્ર લખ્યો છે. "

" તેમાં શું લખ્યુ છે ? "

" આપને બતાવવા માટે હું તે સાથેજ લાવી છું. "

એમ બોલી તેણે એક પત્ર મારા હાથમાં મૂક્યો. મેં તે ઉઘાડ્યો એ વખતે જે વિષ–જ્વાળા મારા હૃદયમાં પ્રજ્વલિત થઇ રહી હતી તેનું વર્ણન લેખિની દ્વારા થઇ શકે એમ નથી !

મેં મારા પતિનો છુપો પત્ર–પોતાની બીજી પ્રિયા પર લખેલો પત્ર વાંચ્યો:—

એડન તા. ૨૫ મી માર્ચ ૧૮૩૫.

" પ્રિય લુઇસા !

હું થોડાજ વખતમાં લંડન તારી પાસે આવી પહોંચીશ. તને મળીને એક બે દિવસમાં બધું ઠીક ઠાક કરી દઇશ.

કદાચ તેં સાંભળ્યું હશે કે શત્રુઓએ મારો પ્રાણ લેવા માટે મહાજાળ ફેલાવી છે. બચવાની કાંઇ આશા જણાતી નથી.

જો હું મારો બચાવ કરવા જાઉં છું તો તારૂં અનિષ્ટ થાય છે; હું તે કદી કરી શકીશ નહિ. મારા પ્રાણ જતાં પણ તારૂં શુભ થતું હોય તો હું જીવનનો ત્યાગ કરવા પણ તૈયાર છું.

ચિંતા માત્ર એલનની હતી. પણ તે તો મારો ત્યાગ કરવાને તત્પર છે–અરે, ગાંડી બની રહી છે. એની તરફની મારી પ્રીતિ હવે ધીમે ધીમે ઓછી થાય છે. સંસારમાં હવે મારાં સંબંધીમાં માત્ર તુંજ છે. તું ન હોત તો હું આ દુનિયામાંથી ક્યારનોએ વિદાય થઇ ગયો હોત !

અસ્તુ. વ્યર્થ વાતોનું શું પ્રયોજન છે? તને તરતજ મળીશ અને મારૂં હૃદય તારી પાસે ખોલીશ—

લી૦ તારો એકલો શુભેચ્છક

નોરટન"

મેં કહ્યું છે કે મેં પત્ર વાંચ્યો. વાંચતી વખતે મારૂં હૃદય પત્થરથી પણ કઠણ થઇ ગયું! એવું કે સહસ્ર વજ્રપાતથી પણ એ જીગરના ચુરેચુરા થાત નહિ!!

"જા. આ પત્ર પાછો જ્યાંનો ત્યાં મૂકી આવ. હવે પછી કદી પણ મને આવો પત્ર બતાવતી નહિ. ખબરદાર!"

"બાઇસાહેબ! મેં કાંઇ દોષ કર્યો હોય તો માફ કરશો. કોણ-જાણે શાથી લૉર્ડ સાહેબે તે પોસ્ટ કર્યો ન હશે અને તે મારા હાથમાં આવ્યો તેથી હું તો આપનું હિત જાણીને એ લાવી. હવે આપ ના કહો છો તો ફરી એવું લાવીશ નહિ."

એમ કહી રોષ કરી ફ્રેસેટ ચાલી ગઇ. એના ગયા પછી મને લાગ્યું:—"એમાં એનો શો દોષ? એણે તો મારા મિત્રનું કામ કર્યું." આમ મને એનો તિરસ્કાર કરવા માટે પસ્તાવો થયો.

બીજીવાર ફ્રેસેટ મને મળી ત્યારે મે તેની પાસે માફી માગી.

"એમાં તારો દોષ કંઇ નથી. ફ્રેસેટ! દોષ તો મારા દૈવનોજ છે. હું તારા ઉપર નાહક ગુસ્સે થઇ હતી. તું કંઇ મનમાં માઠું લગાડતી નહિ."

"હું તો જાણુતીજ હતી, કે તમારી અવસ્થામાં પડી હોય તે વખતે કોઇ પણ સ્ત્રીની મતિ-ગતિ ઠેકાણે રહી શકતી નથી. તમે તમારી માનસિક પીડાને લીધેજ એમ બોલતાં હતાં."

હવે હું સમજી છું કે તું મારૂં હિતજ ઇચ્છે છે. હું જાણતી ન હતી કે એ વાત આટલે સુધી આવી છે. તેં મને ઠીક સાવધાન કરી."

"હું બહુ આનંદ પામું છું કે આપ મારી સાથે બહેનની માફક વર્તો છો. બધાં તમને ત્યજી જશે તોયે હું તો તમને સહાય કરીશજ."

" તું ખરેખર મારી બહેન છે...હવે મારે શો રસ્તો લેવો તે તું મને સમજાવ."

" એક બીજી ખબર છે; તે મેં આપને હજુ કહી નથી."

" તે શું છે વળી ?"

" સાંભળીને મારા ઉપર ગુસ્સે થાઓ તો..."

" ના ના. હવે હું એવું શા માટે કરૂં ? તું એકદમ કહી નાંખ."

" તો સાંભળો. લંડનના ડિટેક્ટીવોએ એક પત્ર પકડ્યો છે; તે મેરીઆ લુઇસાની તરફથી લૉર્ડ નોરટન પર આવતો હતો. એ પત્ર જોતાં એક પ્રકારે ખૂનની વાત સિદ્ધ થઇ જાય છે. વિલાયતના સ્ટેટ સેક્રેટરીએ એ ખબર લૉર્ડ નોરટનને મોકલી છે. તે પત્ર હું એમના ટેબલમાંથી છુપી રીતે ઉપાડી લાવી છું."

એમ કહી તેણે વળી એક પત્ર મારા હાથમાં મૂક્યો. તે વાંચતાં હું સ્તબ્ધ થઇ ગઇ...ત્યારે શું નોરટન એક ખૂની છે !!

કાંઇ ન બોલતાં મેં પત્ર ફોસેટને પાછો આપ્યો. તે લઇને તે ગઇ. હું તે જતી હતી તેની પાછળ જોઇ રહી.

મારૂં હૈયું હું ખાળી શકી નહિ. પલંગ પર પડતું મેલી એક નાના બાળક માફક હૃદય ખોલીને રડી !

* * * * *

સમુદ્રની સપાટી પર—તા. ૭ મી એપ્રીલ ૧૮૩૫.

ઓ પ્રભુ ! દિવસે દિવસે વાત વધતી જાય છે ! હું કેટલું રડું ? શું રડું ?...રડતાં રડતાં મારી આંખ મળી ગઇ.

મને લાગ્યું કે ફોસેટે આવીને મને ઉઠાડી. હું ઉંઘના ઘેનમાં હતી. એણે આવીને મારી સાથે કંઇ કંઇ વાતો કરી. નોરટનની તરફની મારી લાગણી તે કાપતી ગઇ અને મારી સ્થિતિનું ખરૂં સ્વરૂપ મને બતાવતી ગઇ.

પછી તે મારી સારવાર કરવા લાગી. મને માનસિક વ્યથાના થાકથી ઉંઘ આવી ગઇ.

" હવે શું કરવું ? હવે મરવુંજ બહેતર છે. ફોસેટની પણ એજ

સલાહ છે...હું આત્મહત્યાજ કરીશ" એવા વિચાર કરતી હું ઉઠી ગઇ. મારૂં મન કેવું થઇ ગયું છે! હું નિદ્રાવસ્થામાંજ મારી કેબિનની બહાર નીકળી. જાણે ઘોર અંધકારમાં વરસાદની માફક સામે ભયાનક સમુદ્ર ફેલાઇ રહ્યો છે!

× × × ×

હવે વાર શું છે? ચારે દિશામાં દૃષ્ટિ નાંખી તો જોયું કે, કોઇ મને જોતું નથી. બસ, આજ સમય ઉત્તમ છે. હું કઠેરા પર ડાબો પગ મુકી ઉપર ચઢી.

વળી મનમાં એકવાર ઇચ્છા થઇ કે એકવાર માત્ર એકજવાર છેલ્લીવાર હું એમને પેટ ભરીને આ જન્મમાં જોઇ લઉં. કઠેરા પરથી ઉતરી ધીમે ધીમે તે કેબિન તરફ મેં ચાલવા માંડયું. ફરી હવે હું એને કયાં જોઇ શકીશ?

એમની કેબિનની પાસે હું પહોંચી. અંદર કોઇ મોટેથી વાત કરતું તથા હસતું સંભળાયું. એક કાચની બારી હતી, ત્યાં આવી મેં દૂરથી અંદર જોયું.

એક સુંદર બાલિકા, વિજળીક દિવાના પ્રકાશમાં અવ્યવસ્થિત રીતે એક સોફા ઉપર બેઠી હતી–પડી હતી. એની સામેજ મારા પતિ! બંને એક બીજાંના સામુ જોઇ હસતાં હતાં...એ બાલિકા મારા કરતાં વધારે સુંદર હતી.

કંઇક શબ્દ સંભળાયા.

"મેરીઆ! મેરીઆ! તું આટલી સુંદર કયારે બની?"

આ બાલિકા તે પેલી મેરીઆ લુઇસા! કેવી નફટાઇ! હું સ્વપ્નેય ધારતી ન હતી કે નોરટન આવી નીચતા કરશે! હવે હું જીવન કેમ ટકાવું?

હું ત્યાંથી દોડી; ડેક પર જઇ કઠેરા પર ચઢી અને મને ઉત્પન્ન કરનાર ઇશ્વરને સંભારી મેં અપાર સમુદ્રમાં ભુસકો માર્યો. મને ફક્ત એટલું સંભળાયું કે કોઇએ મને સમુદ્રમાં પડતી જોઇ એક ચીસ પાડી!!!

૨૩

સંદેહ શ્રીનો સ્વાભાવિક વ્યાધિ

(લૉર્ડ સેસીલની ડાયરીમાંથી ઉતારો.)

આજ તા. ૨૮ મી માર્ચને દિવસે ' સાલસેટ ' નામની સ્ટીમરમાં અમે લંડન જવા નીકળ્યાં. મેં મારા કામનો ભાર સર ફ્રાંસિસ વેડરબર્નને સોંપી દીધો હતો.

લૉર્ડ નોરટન અને લેડી એલન, બંને આજે અતિ ઉદાસ દેખાય છે. આ મોટો આરોપજ એમની ઉદાસીનું કારણ હશે.

ડિટેક્ટીવ હર્ષદને સાથે લેવાનું નક્કી થયું હતું; પરંતુ એ કોણ જાણે કયાં રખડે છે ! કેટલા બધા દિવસ થયાં એ અમને કોઇને મળ્યો નથી. અમે લંડન જવાના હતા; તેની પણ એને ખબર ન હશે. ઇશ્વર જાણે, આમજ એ કરતો હશે, તો આટલો પ્રખ્યાત કેમ થયો હશે ?

ફ્રોસેટનો પેલો રસોઇયો નકામો સાથે લેવાયો છે. એ નટખટ બબર્ચી ભયંકર માણસ દેખાય છે.

ડિટેક્ટીવ હર્ષદને ફ્રોસેટના ઉપર સંદેહ હતો; પરંતુ મેં આજ સુધીમાં એનામાં કાંઇ સંદેહજનક વર્તન જોયું નથી; છતાં પણ હું નજર રાખતો જઇશ.

સમુદ્ર તા. ૩૦ મી માર્ચ.

આ શું ? લૉર્ડ અને લેડી નોરટન હવે તો બિલકુલ વાત કરતાં પણ માલમ પડતાં નથી. મને લાગે છે કે એ બંનેમાં કાંઇ તકરાર થઇ છે. લૉર્ડે તો હવે અમારી સાથે પણ વાતચિત કરવાનું ઓછું કર્યું છે !

એ બે વચ્ચે તકરાર થાય તે તો અસંભવિત છે ! એમના વચ્ચે પ્રેમ તો અનહદ છે.

બીજી એક વાત છે. હવે મને લાગે છે કે ફ્રોસેટ પણ એક સંદેહજનક વ્યક્તિ છે. જ્યારે ત્યારે અવસર મળે છે કે એ પેલા

બબર્ચી સાથે ગુસપુસ વાતો કરવા મંડી પડે છે. અમારી સાથે હર્ષદરાય ન આવ્યો તે સારૂં ન થયું.

સમુદ્ર તા. ૫ મી એપ્રીલ.

અહિં અમને મુંબાઇની ટપાલ મળી. વિલાયતના સ્ટેટ સેક્રેટરીનો પત્ર લૉર્ડ નોરટન પર આવ્યો, તે તેમણે મને વંચાવ્યો.

તે લખે છે કે "મેરીઆ લુઇસાના હાથનો લખેલો એક કાગળ મારી પાસે આવ્યો છે, તે પરથી તમે કરેલું ખૂન સાબિત થાય છે. લંડનના ડિટેક્ટીવોએ એ પત્ર પકડયો છે, અને તે કોર્ટમાં રજુ કરવામાં આવ્યો છે."

ત્યારે શું લૉર્ડ નોરટન ખૂની હશે?

આજે બે અંગ્રેજ ઉતારૂ અમારી સ્ટીમરમાં આવ્યા છે. અમારી સ્ટીમરમાં બહારના ઉતારૂઓને લેવામાં આવતા નથી. પરંતુ લૉર્ડ નોરટને તેમને આવવાની રજા આપી છે. તે કોણ છે? એમ મેં પૂછ્યું, ત્યારે કાંઇ બરાબર ઉત્તર મળ્યો નહિ.

તેઓ કહે છે કે–"અમે લંડન જતા હતા. અહીં અમે રસ્તામાં ઉતર્યા એટલામાં અમારી સ્ટીમર ઉપડી ગઇ." દેખાવ પરથી બંને જણા પાદરી હોય એમ લાગે છે.

સમુદ્ર તા. ૬ ઠ્ઠી એપ્રીલ.

આજે લેડી તથા લૉર્ડ બંને બહુ ઉદાસ છે. બંને કોઇ સાથે બોલતાં નથી...અવશ્ય એમાં કાંઇ પણ જટિલ–રહસ્ય હોવું જ઼ઇએ. દાળમાં જરૂર કંઇક કાળું તો છેજ.

હું બેઠો બેઠો એ પ્રમાણે વિચાર કરતો હતો એટલામાં ત્યાં જુલીઅટ આવી. તે બોલી કે:–

"સેસીલ! હમણાં હમણાં આ બંને (લૉર્ડ તથા લેડીને ઉદ્દેશીને) આમ કેમ કરે છે? તમને કાંઇ એમની ઉદાસીનું કારણ માલમ પડે છે?"

"મને લાગે છે કે બંનેમાં કાંઇ વૈમનસ્ય ઉત્પન્ન થયું છે. તમે શું ધારો છો?" નાનપણમાં અમે એક બીજાને 'તું' કહી સંબો-

હતાં. પરંતુ હવે સમય કોણ જાણે શાથી બદલાઇ ગયો કે અમારે 'તમે' કહેવું પડે છે.

"હું પણ એમજ ધારૂં છું. તમને ભાઇએ કાંઇ કહ્યું હશેને?"

"ના. કાંઇ કહ્યું નથી."

"આ કેસ વિષે કાંઇ છે?

"ના ના."

"તમારા ઉપર વિલાયતથી કાગળ આવ્યો છે ને?"

"ના...તમે જાણો છો કે મેરીઆ લુઇસા કોણ છે?"

"હું એ વિષે વિશેષ કઇજ જાણતી નથી. પરંતુ મેં ભાઇને મોઢે એ નામ ઘણી વાર સાંભળ્યું છે."

"બસ એટલુંજ?"

"વધારામાં, ભાઇ એની બહુ તારીફ કરતા હતા."

"લગ્ન થયા પછી કે તે પહેલાં?"

"પહેલાં."

"તો બહુ ખોટું કામ એમણે કર્યું છે."

"કેમ?"

"એક રમણીની સાથે ગુપ્ત રીતે પ્રેમ તથા લગ્ન કરી પાછુ બીજાની સાથે લગ્ન કરવું એ કેટલું નિંદ્ય કામ છે!"

'મને વિશ્વાસ આવતો નથી કે ભાઇએ લુઇસાની સાથે લગ્ન કર્યું હોય."

"પરંતુ એવું લગભગ જાહેર થઇ ગયું છે."

"ત્યારે હોય પણ ખરૂં. કારણ કે પુરૂષોનો વિશ્વાસ થઇ શકે નહિ."

"હવે ભાઇને છોડીને તું મારા ઉપર કટાક્ષ કરે છે!" મેં હવે 'તમે' ને બદલે 'તું' કહી બોલાવા માંડ્યું.

"તમે દોષિત હશો તેથીજ તમને આ વાક્ય કટાક્ષરૂપ લાગે છે."

"તું ભલે એમ ધાર. કારણ કે સંદેહ એતો સ્ત્રીઓનોસ્વા-

ભાવિક વ્યાધિ છે. એમાં તારો શો દોષ ?" એમ કહી હું હસી પડચો.

"ના. ના. હું કાંઇ એવું માનતી નથી. નમાગ..."

જુલીઅટે વાકય પુરૂં ન કર્યું, એટલામાં બહાર મોટો કોલાહલ સંભળાયો. એક ચીસ પણ સંભળાઇ. અમે તરત ઉઠીને ત્યાં દોડયાં.

ડેક પર જઇ જોયું તો લેડી એલન જળમાં ડુબકાં ખાતી હતી. બે ત્રણ જણા તેને કાઢવાને પાછળથી કુદી પડયા હતા. લાઇફ બોટો પણ ઉતારવામાં આવી હતી !

મારો કોટ કાઢી નાંખી હું પણ પાણીમાં કુદી પડચો.

૨૪

બેડો પાર!

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં.)

મિસ ફ્રોસેટનાં કામ પર હું સખત નજર રાખ્યાં કરતો હતો. વાંચકને યાદ હશે કે હું હમણાં ફ્રોસેટનો બબરચી બન્યો છું. અમારી સ્ટીમરમાં બે પાદરીઓ આવ્યા છે. ફ્રોસેટ તેમની સાથે મારી ઓળખાણ કરાવી દીધી.

એકનું નામ 'માર્લી' છે ને બીજાનું નામ 'હાર્વી' છે. મારા પર હજુ એમનો વિશ્વાસ નથી. જ્યાં એ બંને મસલત કરતા હોય છે ત્યાં મને તેઓ આવવા દેતા નથી. એથીજ એ લોકો કાલે સાંજે ફ્રોસેટની સાથે મસલત કરતા હતા તે મેં છુપાઇને સાંભળી:—

માર્લી—માછલી જાળમાં તો આવી છે. પરંતુ હવે જાળી ઉપાડવી કયારે છે ?

હાર્વી—ઉતાવળ કરવાની જરૂર નથી. હજુ અવસર તો આવવા દે.

ફ્રોસેટ—એક તક તો આવી છે. અત્યારેજ શા માટે ન ઉપાડી લેવી ?

હાર્વી—કયારે ?

ફ્રોસેટ—આ વખતેજ. એલનનું મન બગડયું છે, તો અત્યારેજ

એને ઠાર કરીએ તો આપણે લોકોને મનાવી શકીશું કે એણે આત્મહત્યા કરી છે.

માર્ગી—જો એમ હોય તો એને પોતાનેજ આત્મહત્યા કરી લેવા દેને કે સૌ પંચાતનો અંત આવી જાય...

એ પછી તેઓ બહુ ધીમે ધીમે બોલવા લાગ્યા. હું કાંઇજ સાંભળી શક્યો નહિ. અંતે ફેસેટ બોલતી સંભળાઇ.

"કામને વખતે વ્યર્થ તર્કવિતર્ક કરવો ઉચિત નથી. તમારે કામ કરવું હોય તો અગ્રેસર થાઓ; નહિ તો ચુપ બેસીને જોયાં કરો."

માર્ગી બોલી ઉઠયો:—"તું બરાબર કહે છે. તારી સલાહ પ્રમાણેજ કામ ઉપાડીશું. ચાલો હવે."

હું તરત તે જગ્યા પરથી દૂર ખસી ગયો ને જાણે હું કામ કરતો હોઉં તેવો દેખાવ કર્યો. તેઓ છુટા પડયા. બે ત્રણ મિનિટ પછી ફેસેટે મને બોલાવ્યો. તે મને પોતાની સાથે સ્ટીમરના નીચલા ભાગમાં જ્યાં તેની પોતાની કોટડી હતી, ત્યાં લઇ ગઇ.

તેણે અંદરથી બારણું બંધ કર્યું. પછી એક નાની પેટી ઉઘાડી વિષની શીશી કહાડી.

"આજે એક કામ કરવાનું છે. કરી શકીશ?"

"આજ્ઞા આપો."

"કદાચ તને ખબર હશે કે આજકાલ એલન તથા નોરટનની વચ્ચે ખટપટ થઇ રહી છે. એલનને તો આત્મહત્યા કરવા હું સમજાવી દઇશ. પરંતુ જો તેમ બની શકે નહિ, તો આ શીશીનો ઉપયોગ કરવાનો તારે માથે."

"હું સમજી ગયો. હું તે કરવા તૈયાર છું."

"વારૂ. પણ મારો ઉપાય સફળ થાય તો એનું શબ ઉપાડી પાણીમાં પધરાવવાનું પણ—તારે માથે."

"હું તો આપ કહો તે કરવા તૈયાર છું."

"ઠીક. કામ થતાં હું તને સો રૂપીઆ આપીશ. તેમાંના પચાસ તને અત્યારેજ આપું છું. જોજે બહુ સાવચેત રહેવાનું છે."

એમ કહી એણે પચાસ રૂપીઆની એક નોટ મને આપી. નોટ લઇ મેં તેને નમન કર્યું, અને હું બહાર આવ્યો. ગજવામાં મૂકવા જતાં નોટ પર મારી નજર પડી–તીક્ષ્ણ નજર પડી.

“ અરેરે ! પાપીઓ તે કેવા ? !...કેટલું સાહસ ! નક્કી હું એ બધાંનો પાપનો ઘડો ફોડીશ ! ” હું બોલી ઉઠ્યો.

× × × × ×

મને અનેક વાર થયું કે અત્યારેજ લૉર્ડ સેસીલ પાસે જઇને આ લોકોનાં સર્વ પાપ જણાવી દઉં. પરંતુ તેથી શું લાભ ? ધારો કે ફોસેટ માર્લી અને હાર્વી પકડાયાં. પરંતુ તેથી પેલા વિસ્તૃત વિપક્ષી મંડળને શું શિક્ષા થઇ ?

અંતે મેં નિશ્ચય કર્યો:–“ જો હું એકલો એલનને બચાવી ન શકું તોજ હું બીજાની મદદ લઇશ. ” એથી વધારે કાંઇ પગલું ભરવું મને ઉચિત લાગ્યું નહિ. કારણ કે મારો હેતુ મહા ગંભીર હતો.

હું ધીમે ધીમે એલનની કેબિન તરફ ગયો. તેનું બારણું બંધ હતું. પણ સાંકળ દીધેલી ન હતી. ઉઘાડીને જોયું તો એલન ઉંઘી ગઇ હતી. હું અવાજ ન થાય તેમ તેની પાસે જઇ પલંગ નીચે ભરાઇ ગયો.

થોડી વારમાં ફોસેટ ત્યાં આવી. એના હાથમાં એક ચાહની પ્યાલી હતી. હું સમજી ગયો કે તેમાં વિષજ છે. પ્યાલીને ટેબલ પર મૂકી તેણે એલનની પાસે આવી તેને જગાડી.

“ ફોસેટ ! શી ખબર છે ? ”

“ લૉર્ડ તો લુઇસાની ચિંતામાં નિમગ્ન છે. તમે શાની ચિંતા કરી રહ્યાં છો ? ”

“ મારાં દુર્ભાગ્યની. ”

“ ખરેખર. તમારૂં નસિબ તે કેવું ? હું તો સાચું કહું છું કે તમારી સ્થિતિમાં હું હોઉં તો તરત આત્મહત્યા કરી નાખું...લુઇસાની આજે પણ એમણે એક પત્ર લખ્યો છે. એ પત્રમાં તો ઓહ લૉર્ડ ! એણે હદ વળી નાંખી છે ! ”

એલનનો ધીમો અવાજ સંભળાયો.

" શું લખે છે ? "

" અરે ઉતાવળને લીધે હું લાવી શકી નથી. નહિ તો તમને બતાવતજ. વાંચીને એમજ થાય કે હવે શા માટે જીવવું જોઇએ ? બસ મરવુંજ બહેતર છે. "

એલને પુનઃ પૂછ્યું.

" બોલને. શું લખે છે ? "

" લખે છે કે હવે મારે એલનનો ત્યાગ કરવોજ પડશે. હું ત્યાગ કરીશજ. ઓ લુઇસા ! તું નિશ્ચય જાણજે કે હું પ્રાણ જતાં પણ તને છોડી શકીશ નહિ. તું પણ મને એમજ ચહાજે. માત્ર એલનજ મારા રસ્તામાં કંટક થઇ પડી છે. પરંતુ તું ચિંતા કરીશ નહિ. એથી આપણો પ્રેમ છે તે અગાધ થતો જશે. વળી પાછું નીચે, લખે છે કે ' આપણે હવે જલદીજ મળીશું. હું તારોજ બની રહીશ'

એલન ધીમે રહીને બોલી:–" બઅઅસ. " મને લાગ્યું કે એ ઉંઘની ઘેનમાંજ બોલે છે.

" બસ શું કહો છો ? હજુ તો ઘણું છે. મારા જેવી હોય તો ક્યારની આ દુનિઆમાંથી વિદાય થઇ ગઇ હોય. "

" ફ્રોસેટ ! હું શું ? " એલને જાગૃત થઇ પૂછ્યું.

" હું તમારી સ્થિતિ સમજું છું. ખરેખર ! ધણીથી તરછોડાવા કરતાં મૃત્યુજ વધારે સારૂં છે. હું તમારે સ્થાને હોઉં તો તો પહેલાં એક ગોળીથી નોરટનને યમલોક્રો મોકલીનેજ પ્રાણ આપું. "

" તેમને મારવાનું શું કામ છે ? તેમનો શો દોષ ? મારા નસીબનોજ દોષ..."

" જેણે તમારૂં જીવન દુઃખમય બનાવ્યું, તે શું ગુન્હેગાર નહિ કે ? અણજાણતાં નહિ પરંતુ જેણે જાણી બુઝીને આમ દગો દીધો, એવા નરપિશાચને હું તો કદી સ્વામી કહી ન શકું. એને ઠાર કરવામાં કાંઇ પાપજ નથી. "

" ફ્રોસેટ ! એમની વાત જવા દે. તારે જે કાંઇ કહેવું હોય, તે મનેજ કહે. "

" તમે તો બહુ ભોળાં છો. છટ્ ! હજુ પણ તમારી એના ઉપર પ્રીતિ ! તમે તો ગાંડાં છો ! એવા વિશ્વાસઘાતી ઉપર પ્રેમ શો ? બીજી કોઇ પણ તમારી જગ્યાએ હોય તો, એ બધી પ્રીતિ તોડીને આપઘાત કરી લે. પણ એવા અંતઃકરણ શૂન્ય સંસારમાં કદી રહે નહિ. "

" તું ખરૂંજ કહે છે. હું જ્યારે એમના સુખમાં કાંટા રૂપ છું, ત્યારે મારે મરવુંજ યોગ્ય છે "

એલન ઉઠીને બેઠી થઇ. તે રડવા લાગી.

" અરેરે ! આવી સ્થિતિ તો મારા શત્રુને પણ ન હજો. "

ફ્રેસેટ પલંગ પર તેની પાસે બેસી ગઇ. પલંગની પાછળની ભીંત પર બંનેનો ઓળો પડતો હતો. એલન ફ્રેસેટની ખાંધ પર માથું નાંખી રડતી હતી–ડુસકાં ખાતી હતી.

એ દૃશ્ય જોઇને મારી પણ છાતી પીગળી ગઈ. મારી આંખમાં આંસુ આવ્યાં. " આ શયતાન પણ શું કરી રહી છે ? સમજાતું નથી કે વિધાતાના સુખમય રાજ્યમાં આવા જીવો કેમ ઉત્પન્ન થયા ?"

એલન જરા શાંત થઇ એટલે ફ્રેસેટ બોલી:–

" જરા ચ્હા પીશો ? "

" ના "

" થોડીક પીશો તો શરીરને આરામ થશે. "

" હવે આરામની શી જરૂર છે ? "

" તોયે છેલ્લો એક મારો શુકન નહિ રાખો ? "

" ચ્હા તૈઆર છે ? "

" હા તૈઆર છે.

" થોડીવાર રહીને લઉં છું. તું જરા જોઇ આવ કે નોરટન અને સેસીલ તથા જુલીઅટ વગેરે ક્યાં છે; ને શું કરે છે ? "

એલનના આ છેલ્લા શબ્દો સાંભળી મારો જીવ હેઠો પડ્યો–મને નિરાંત વળી. કદાચ તે વખતેજ એ પાપિણીએ પ્યાલી લાવીને એના હાથમાં મૂકી દીધી હોત તો ? . . .

ફ્રોસેટ બહાર ગઇ. તેને આવતાં ઘણીવાર થશેજ, એમ મને લાગ્યું. એલન પણ પાછી પલંગ પર પડી. મને તેના શાંત શ્વાસોચ્છ્વાસનો અવાજ સંભળાયો. મેં જાણ્યું કે તે ઉંઘી ગઇ છે.

હું બને તેટલી ઝડપથી અને બને તેટલી શાન્તિથી પલંગ નીચેથી નીકળ્યો. પ્યાલીમાંનું વિષ પલંગની નીચે ઢોળી દીધું એલનની માંદગીને લીધે તેની પાસેજ થોડું દુધ, પાણી, બીસકીટ વગેરે પડી રહેતાં. પ્યાલીને ધોઇ નાંખી તેમાં દુધ અને એક બીસ્કીટ મેળવીને ભર્યાં. પછી જેમની તેમ પ્યાલી ગોઠવી દીધી. હું પાછો પલંગ નીચે ભરાઇ ગયો.

ઘણીવાર પછી ફ્રોસેટ પાછી આવી.

"લૉર્ડ સેસીલ તથા જુલીઅટ ડેક પર બેસીને વાતચિત કરી રહ્યાં છે. લૉર્ડ નોરટન પોતાની કેબિનમાં મેરીઆ વિષે વિચાર કરતા બેઠા છે."

એના ઉત્તરમાં એક દીર્ઘ નિઃશ્વાસ સંભળાયો. તે મર્મભેદી હતો !

પછી ફ્રોસેટે તે પ્યાલી ઉઠાવીને એલનના હાથમાં આપી. તેણે અંદરની ચ્હા (!) પી લીધી. ફ્રોસેટે કહ્યું, "હવે જરા તમે સુઇ જાઓ. હું બહાર જાઉં છું." એમ કહી તે બહાર ચાલી ગઇ.

તે મનમાં કેટલો આનંદ પામતી હશે ! કે જાણે **બેડો પાર !**

એલન પાછી ઉંઘમાં પડી હોય એમ મને લાગ્યું. હવે તો એનો શ્વાસોચ્છ્વાસ પણ સંભળાતો ન હતો. મને એથી ઘણોજ ભય ઉત્પન્ન થયો. હું પલંગની નીચેથી બહાર નીકળ્યો. એલનને નાકે હાથ ધર્યો. '**જીવતી**' છે, એમ જાણી મને અનહદ આનંદ થયો.

ત્યાંથી પછી હું ડેકપર ચાલ્યો ગયો. જઇને ત્યાં એક ખૂણા પર ઉભો રહ્યો. પાંચ દશ મીનિટ થઇ હશે, એટલામાં ફ્રોસેટ, મોર્લી તથા હાર્વા એલનની કેબિનમાં ઘુસ્યા. હું તરતજ બારણાં પાસે આવી ઉભો.

મોર્લીએ કહ્યું:–"હજુ શ્વાસ ચાલી રહ્યો છે. પહોંચી ગઇ નથી. હજુ વાર છે."

"તું તો બહુ બીકણુ છે. વિષ ખાઈને પણુ માણસ જીવતું રહે ખરૂં કે ?" હાર્વી બોલ્યો.

"તુંજ હાથ નાકે મૂક જો.

હાર્વીએ તેમ કર્યું. "ઠીક. તોયે મારી પાસે આ દવા છે, તે એનો ઉપાયજ છે."

એમ કહી તેણે એક શીશીનું મોં ઉઘાડી એલનના નાક આગળ ધરી. તરતજ પાછી લઇ શીશીનું મોં બંધ કરી દીધું. એ ક્લૉરોફોર્મ હતું.

એ પછી મોર્લી તથા હાર્વીએ એલનને ઉચકી લીધી. સ્ટીમરના એક અંધારા ખૂણા તરફ તેઓ તેને લઇ ગયા. હું દૂર ઉભો હતો. માત્ર એજ વખતે પાપીઓને મદદ કરવા માટે ચંદ્રમા વાદળામાં ભરાઈ ગયો.

શું કરવું ? તે નહિ સમજ પડતાં હું ડેક તરફ જોઉં છું તો ત્યાં લૉર્ડ સેસીલ કે જુલીઅટ કોઇ ન મળે ! આ દુષ્ટોને અવસર આપવા માટે બધાં ક્યાં ગયાં ?

હું ચીસ પાડવા જતો હતો; તે પહેલાંજ દુષ્ટોનું કાર્ય પુરૂં થયું; ધબ્ દઇને અવાજ થયો !

કઠેરા પર ચઢાવીને પાપીઓએ એલનના શરીરને દરીઆમાં ધકેલી દીધું ! તે વખતે એલને એક કારમી પણ ધીમી ચીસ પાડી !

૨૫

"તૂટ પડી, વહ ફિર નહિ મિલતા !"

(એલનના શબ્દમાં.)

મારી આંખ ઉઘાડતાં મને માલમ પડયું કે હું સમુદ્રના જળમાં તણાઉં છું. મારી પાછળ બીજા પણ કેટલાક મનુષ્યો પડયા હતા. તેઓ પણ તણાતા હશે. થોડે દૂર સ્ટીમર ઉભી હતી.

એટલામાં કોઇ મારી પાસે તરતું તરતું આવ્યું. તેણે મારો

હાથ પકડી લીધો અને મેં પાછળ ડોકું ફેરવી જોયું. એ કોણ ?

લૉર્ડ નોરટન !

માત્ર એકજ વાર મેં હાથ છોડાવી નાંખવાની ચેષ્ટા કરી; માત્ર એકજ વાર મેં એમના મુખ તરફ દૃષ્ટિ નાંખી; તે રડતું હતું. માત્ર એકજ અશ્રુબિંદુ મારી આંખમાંથી ટપક્યું ! માત્ર એકજ વાર હું તેના તરફ જોઇ હસી !

મને જોર કરતી જોઇ એમણે કહ્યું:–" એલન ! મારે માટે નહિ, તોપણ શું અલબર્ટને માટે પણ તું જીવવા ઇચ્છતી નથી ? "

ઓ વિધાતા ! આવે સ્થાને—આવી સ્થિતિમાં-પણ વ્યંગ અને વ્યંગોક્તિ !

મેં કંઇ જવાબ આપ્યો નહિ. એટલામાં ફ્રોસેટનો બબર્ચી તરતો તરતો મારી પાસે આવી પહોંચ્યો. એણે મને પકડી લીધી. બન્નેએ મળી મને એક લાઇફ બોટમાં ચઢાવી. મને લાગ્યું કે શું ફરી મારે કર્મે મેરીઆ લુઇસાને જોવાનું લખ્યું છે ? હાય ! હું અભાગણીના નસિબમાં મોત પણ નથી ?

મને સ્ટીમર પર લઇ જવામાં આવી. કેબિનમાં જઇ કોરાં વસ્ત્ર પહેરાવ્યાં. ફ્રોસેટ તથા જુલીઅટ મારી સારવાર કરવા લગ્યાં. ડૉ. ચાર્લ્સે આવીને ઔષધની વ્યવસ્થા કરી. મેં ઔષધ લેવાની ના કહી પરંતુ ફ્રોસેટે જાણી જોઇને મને તે લેવાનો ઘણો આગ્રહ કર્યો.

× × × × ×

ધીમે ધીમે, ઔષધ ખાતાં હું સાજી થઇ.

" એલન ! તું દરીઆમાં શા માટે કુદી પડી ? શું મારાં ચરિત્ર ઉપર તને વહેમ આવ્યો છે ? કે કોઈ શયતાને તને બહેકાવી છે ? " એક દિવસ અમે બે એકલાંજ હતાં, ત્યારે એમણે મને પૂછ્યું.

અને એમની વાત સાંભળી મને વિચાર થયો કે–" અત્યારેજ સર્વ વાત ખુલ્લી કરીને પૂછું; પરંતુ જે દૃશ્ય મેં મારી આંખોએ જોયું છે, તેમાં સંશય શું ? તેમાં કોઇને પૂછવાનું કારણ પણ શું ?"

નોરટને જે પત્ર પોતાને હાથે લુઇસાને લખેલો છે તે મેં

વાંચ્યો છે! વળી ધારું કે ફ્રોસ્ટેરિજ ખોટી જાળ ફેલાવી છે; પરંતુ તેમ બની શકે એમ નથી. કારણ કે હું એમના અક્ષર બરાબર ઓળખું છું...નક્કી, પોતાની મતલબ કાઢી લેવાને તથા મને છળવા-નેજ એ આમ મીઠી મીઠી વાતો કરી રહ્યા છે!

મેં કહ્યું, "હું મારી પોતાની ઇચ્છાથી અને ખુશીથી સમુદ્રમાં પડી. મને કોઇએ સમજાવી નથી..." મારૂ હૃદય મેં ધીમે ધીમે ઉઘાડવા માંડ્યું. "જો હું આપના સુખના માર્ગમાં કંટક બનીને રહું, તો શું આપને માટે ઠીક પડે? શું મેરીઆ લુઇસા મને જીવતી જાણી સુખી થઇ શકશે? કદી નહિ! એ સર્વ વિચાર કરી મેં આત્મહત્યા જેવું ભીષણ કાર્ય કરવાનો વિચાર-નિશ્ચય-કર્યો છે. તેમાં વાંધો લેવાને આપને શું હક્ક છે?...હવે મારૂં જીવન મારૂં પોતાનુંજ છે, હું મરૂં કે જીવું, તે મારી ઇચ્છાનેજ આધીન છે!"

મારી વાત સાંભળીને એ ઘણીવાર સુધી ચૂપ રહ્યા. મારા હાથ પર એક-બે-ત્રણ એમ ઉન્હાં આંસુનાં ટીપાં પડવા માંડ્યાં. તે અવશ્ય નોરટનની આંખોમાંથીજ!

શું એ અનુતાપ હશે? કે ભોળી સ્ત્રીઓને ભમાવવાનું પુરૂષોનું એક કૌશલ્ય માત્ર હશે?

હાય! મારી સાથે આટલી બધી ઠગાઇ?!!

મેં મારો હાથ પાછો ખેંચી લીધો-કાંઇ બોલી નહિ.

"તું કહે છે કે-મેરીઆ લુઇસાને લીધે તું મારા પર નારાજ છે. શું એ સાચું છે?...કે વિલિયમ સાથે તારાં લગ્ન થઇ ન શક્યાં તેથી આટલી નાખુશ છે? એ બેમાંથી શું સત્ય છે? માલમ પડતાં તેનો ઉપાય થશે. એને માટે આઘાત કરવાની શી જરૂર છે?"

ત્યારે શું એમને મારા પર સંદેહ આવ્યો છે? એ સંદેહને પાકો કરી દેવો તે જ ઠીક છે.

"અલબર્ટ વિલિયમ મારે માટે ગાંડો બની ગયો છે. એના પ્રેમની પરવાહ ન કરતાં મારૂં હૃદય આપના તરફ ઝુક્યું!...તે વખતે જ મને આવી ખબર હોત, તો આજે મારી આટલી અવહેલના તથના!"

"જો ખબર હોત તો શું કરત?"

"આપની સાથે પ્રીતિ ન કરત..."

"અને?"

"અને વિલિયમની સાથે લગ્ન કરત."

"તેથી તો હું કહું છું કે આપણે ભૂલ કરી છે. હવે એનો ઉપાય કરવોજ જોઇએ"

"હા. આપે તો કહ્યું હતું. પરંતુ તે વખતે હું સમજીજ ન હતી. હવે સર્વ સમજાય છે. ઉપાય હોય તો તે હમણાંજ કરવો જોઇએ."

"ઉપાય છે. તારી સંમતિ ન હોવાથીજ હું આજસુધી કરતો ન હતો. હશે; તું ગભરાઇશ નહિ. લંડન પહોંચતાંજ હું કોઇ તદબીર કરીશ."

"એક વાત પૂછું છું—જો હું પછી વિલિયમ સાથે લગ્ન કરૂં તો આપ દુઃખી તો નહીં થાઓને?"

"નહિજ. કદી નહિ."

"કેમ?"

"જ્યારે તું પોતાની ઇચ્છાથી મારો ત્યાગ કરે છે, તો પછી મારે દુઃખી થવાનું કારણ શું? જો એટલું મારામાં ધૈર્ય ન હોય તો મારૂં પૌરૂષ પણ વ્યર્થજ જાય!"

હાય! મને ત્યાગીને એને જરા પણ શોક થશે નહિ! એ વિચારે મને દુઃખ ઉત્પન્ન થયું. મેં કહ્યું:—

"હું સર્વ સમજી; આપને જેમ દુઃખ ન થાય—આપ જે રસ્તે સુખી થશો, તે જ માર્ગ હું પકડીશ."

એ પછી તેઓ બહાર ચાલ્યા ગયા. જતી વખતે પણ એ આંસુભરી આંખે મારી સામું જોતા હતા. શું એ પશ્ચાત્તાપ હશે?

એ વિષેના વિચાર પુરા થયા તે પહેલાં જુલીઅટ મારી પાસે આવીને બેઠી. ડૉ. ચાર્લ્સ અને ફોસેટ પણ આવ્યાં. મને એક દવા આપી.

મેં મનમાંજ કહ્યું, "કેવા બેવકૂફ છે! વ્યાધિ તો મનમાં છે! તો પછી પેટમાં દવા નાંખવાથી શું વળશે?"

ઘણીવાર પછી જુલીઅટ મારી સાથે એકલી પડી ત્યારે તેણે મને પૂછ્યું:–

"એલન ! તમારાં બેનાં મનોમાલિન્યનું કારણ શું છે ? મને સાફ કહો તે જાણીને હું તેનો ઉપાય કરીશ."

"જુલીઅટ ! તું હજુ દુનિયામાં બાળક છે. એ બધી વાતો સાંભળવાની તારે શી જરૂર છે ? તે જાણીને પણ તારાથી તેનો પ્રતિકાર થઇ શકશે નહિ."

"થાય કે ન થાય તોપણ મને કહો. હું સંશોધન કરીને પણ તમારો ભ્રમ મટાડી શકીશ. આવી 'પ્રિયજનની ગેરસમજ' શું કામની ?"

એટલામાંજ લૉર્ડ સેસીલ તથા ડૉ. ચાર્લ્સ મારા ઓરડામાં પ્રવેશ કર્યો !

૨૬

મૈં કયા નહિ કર સકતા ?

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં)

જેવી એ પાપીઓએ એલનને કઠેરા પરથી સમુદ્રમાં ગબડાવી પાડી તેવીજ મેં પણ એલનની સાથે એક ચીસ પાડી અને હું તરતજ કઠેરા પર ચઢી પાણીમાં કુદી પડયો.

મારી પાછળજ લૉર્ડ નોર્ટન કુદ્યા. કદાચ એણે અમારી ચીસ સાંભળી હશે. પછી બીજા પણ કેટલાક માણસો પાણીમાં પડયા. સ્ટીમરમાંથી લાઇફ બોટો પણ ઉતારવામાં આવી.

મહા મહેનતે અમે એલનને પકડી લાઇફ બોટમાં ચઢાવી. અંતે સ્ટીમર પર લાવી કેબિનમાં લઇ ગયા. ઇશ્વર કૃપાથી એલન જીવતીજ હાથ લાગી !

\+ \+ \+ \+

"ઓ ઠગ ! સૌથી પહેલા એલનને બચાવવાને તુંજ શા માટે કુદી પડયો ?" અમે એકલાં મળ્યાં ત્યારે ફ્રેસેટ મને ધમકાવવા લાગી.

" તમે સમજ્યાં નહિ, જે વખતે તમે એને સ્ટીમર પરથી ફેંકી દીધી તે વખતે લૉર્ડ નોરટન જાતે ડેક પરથી જોતા હતા, તેથી હું જ અંદર કુદ્યો કે જેથી એ એમ ધારે કે આપઘાત કરતી એલનને અટકાવવા માટે–બચાવવા માટે હું પડયો. વળી મારો ઉદ્દેશ તો એવો પણ હતો કે એ જ્યાં સુધી મરે નહિ ત્યાં સુધી એને પાણીમાં દાબી રાખું; પરંતુ તેમ થઇ શકયું નહિ. પેલો કમબખ્ત નોરટન ત્યાં આવી ચઢયો તેથી મેં તેને સમજાવી દીધો. હવે આપ મને આમ ગમે તેમ ગાળો દ્યો, તે હું કેમ સાંખી રહું ? હજુ આપનો મારા ઉપર વિશ્વાસ નથી...ઓ ભગવાન ! "

એમ મેં ઢોંગ કરવા માંડચો.

" નહિ. તું નારાજ થતો નહિ. હું તો સમજતીજ હતી કે કંઇ સારૂં કામ જોઇનેજ તેં હાથ નાંખ્યો હશે. પરંતુ હાર્વીને તારા ઉપર શક આવ્યો હતો. "

" નહિ કોઇ કોઇ વાર આપ લોકોની વાતો સાંભળીને મને એવો તો ક્રોધ આવે છે કે ન પૂછો વાત ! આપને માટે હું ખુદ જાન આપવાને પણ તૈયાર છું; છતાં આપ તો મારો વિશ્વાસજ કરતાં નથી ! "

" ખેર. હવે એ વાત જવા દે હવે સાવધ થઇ જા આપણી વાત કોઇ જાણે નહિ. "

" તે વિષે આપ નિશ્ચિંત રહો. "

અમે છુટાં પડયાં.

* * *

મધ્ય રાત્રિ વીતી ગઇ હતી. હું ડેક પર એક ખુરસીમાં પડી ઝોકાં ખાતો હતો. એટલામાં એક તોપનો અવાજ સંભળાયો.

જાગીને જોઉં છું તો હાર્વી ડેકના એક ખૂણા પરથી દૂરબીન વડે કાંઇ જોઇ રહ્યો હતો. સ્ટીમરના પાછળના ભાગમાં મને એક કોટડી આપવામાં આવી હતી. ત્યાંથી હું મારૂં ઘણુંજ પાવરફુલ (ઘણે દૂર જોઇ શકાય એવું) દૂરબીન લઇ આવ્યો. જે દિશામાં

હાર્વી જોતો હતો તે તરફ મેં પણ જોવા માંડ્યું.

દૂરથી એક મોટી ક્રુઝર આવતી હતી. તેના ઉપર એક વિચિત્ર રંગનો તેજસ્વી દીવો હતો. સમજાયું નહિ કે તે ક્રુઝર કોની છે! બાંગીઆઓની કે શત્રુઓની?

હું તરતજ ફોસેટ પાસે દોડી ગયો. તેને જગાડીને વાત કહી. તે ઝડપથી ડેક પર આવી હાર્વીને પૂછવા લાગી.

"કેમ શું છે? કોની સ્ટીમર આવે છે?"

"તમને કોણે કહ્યું?"

"કોઇએ નહિ. મેં અનુમાનથી જાણ્યું."

"તમે બરાબર અનુમાન કર્યું છે. એ આપણા પક્ષની સ્ટીમર છે એમાં આપણા મંડળનાં ઘણાં માણસ છે."

"એ આ તરફ શા માટે આવે છે?"

"ઘણું કરીને યુદ્ધ કરવા માટે."

"તેથી શું વળશે?"

"જો તે આ સ્ટીમરને હરાવી શકશે તો અવશ્ય આપણું કાર્ય સિદ્ધ થશે."

"અને ન હરાવી શકે તો?"

"તોપણ આપણા મંડળને કાંઇ નુકસાન નથી."

આ બંનેની વાત સાંભળી મને ભય ઉત્પન્ન થયો. હું તરતજ મારી કોટડીમાં દોડ્યો ને એક ચિઠ્ઠી લખી.

"લૉર્ડ સેસીલ,

સાવધ થઇ જાઓ. શત્રુઓની એક લડાયક ક્રુઝર યુદ્ધ કરવા માટે આવે છે—આવી પહોંચી છે!

લી૦

હિતેચ્છુ."

ચિઠ્ઠી લઇ હું લૉર્ડ સેસીલની કેબિનમાં ગયો; એ વખતે મેં મારી દાઢી કહાડી નાંખીને વેષ બદલી નાંખ્યો હતો. લૉર્ડ સેસીલ ઘોર નિદ્રામાં પડ્યા હતા. સામેજ મહા વિપદ્ આવીને ઉપસ્થિત

થઇ છે; છતાં તેની લેશ પણ ખબર તેને ન હતી.

મેં તેમને ધીરે ધીરે જગાડ્યા.

" તમ કોણુ છો ? " તે નિદ્રાથી ઘેનમાંજ બોલ્યા.

" આપનો દાસ. "

" શું કામ છે ? "

મેં તરત પેલી ચિઠ્ઠી તેના હાથમાં મૂકી દીધી, અને વિદ્યુત્ વેગે કેબિનની બહાર નીકળી ગયો.

ફોસેટ, હાર્વી, અને મોર્લી ડેક પર હતાં. હાર્વી હાથમાં એક રંગીન ફાનસ લઇ તે વડે પેલી ક્રુઝર તરફ કંઇ ઇશારત કરતો હતો. પુનઃ એક તોપ ફુટવાનો અવાજ સંભળાયો અને ત્રણે પાપીઓ પોતપોતાની કોટડીમાં ચાલ્યાં ગયાં. જાણે તેમને કાંઇ ખબરજ નથી !

ત્યાંથી હું અમારી સ્ટીમરના કેપ્ટન પાસે ગયો. એનું નામ સંડરલેન્ડ હતું. એ એક વીર સૈનિક હતો. એ સિવાય બીજા ત્રણસો ગોલંદાજ તથા પાંચસો ખલાસાઓ હતા. સો તોપ તૈઆર ગોઠવેલી હતી.

હું ગયો, તે પહેલાં લૉર્ડ સેસીલ ત્યાં પહોંચી ગયા હતા. કેપ્ટનસાહેબ દૂરબીન વડે, આવતી ક્રુઝર જોઇ રહ્યા હતા.

" લૉર્ડ ! જે સ્ટીમર આવે છે તે એક લડાયક ક્રુઝર જણાય છે અને એની ઉપર તોપો પણ પુષ્કળ છે. તોપચીઓ પોતપોતાને સ્થાને ગોઠવાઇ ગયા છે. બે ચાર માણસો એક બાજુ પર ઉભા રહી આપસમાં મસલત કરી રહ્યા છે. હું ધારૂં છું કે તે ચાંચીઆ-ઓની હશે. " સંડરલેન્ડે કહ્યું.

" આ સિવાય તમને કોઇ દિવસ આ રસ્તે ચાંચીઆઓ મળ્યા હતા ? "

" નહિ, લૉર્ડ ! "

એમ કહી કેપ્ટને દૂરબીન મૂકી દીધું અને બ્યુગલ વગાડ્યું. પહેલીવાર કોઇએ સાંભળ્યું; કોઇએ ન સાંભળ્યું. બીજીવાર વગાડતાં સૌ ડેક પર ભેગાં થયાં. કેપ્ટને તે સઘળાંને કહ્યું:—

" ચાંચીઆઓની એક ક્રુઝર આપણા ઉપર હુમલો કરી

આપણને લુંટવા માગે છે. તમે સૌ જાણો છો કે આપણી સ્ટીમરમાં મહા વ્યક્તિઓ ઉતારૂ તરીકે છે. મહારાજા વિલિયમની પરમકૃપાવાળા લૉર્ડ તથા લેડી નોરટનના બચાવની જવાબદારી હાલ આપણા ઉપર છે. તો તમે સર્વ એમના બચાવ માટે તત્પર છો કે નહિ ?"

• ઉપસ્થિત મંડળમાંથી એકે અવાજે બે ચાર જણ બોલ્યા:–

"પ્રાણ જતાં પણ અમે તૈઆર છીએ."

"શું સોગંદપૂર્વક તમે કહો છો ?"

"નિશ્ચયથી અને ખરેખરૂં !"

ફરીથી બ્યુગલ વાગ્યું. અને સર્વ લોકો પોતપોતાની 'ડયુટી' (ફરજ) બજાવવા ચાલ્યા ગયા. હું નીચે ફ્રેસેટ વગેરે શું કરતાં હતાં, તે જોવા ગયો.

રસ્તામાં ફ્રેસેટ મળી. તે મને પોતાની ઓરડીમાં લઇ ગઇ.

"કેમ કેપ્ટનને તેંજ સાવચેત કરી દીધોને ?" તેણે કહ્યું.

"આપ ફરી અવિશ્વાસની વાત કરી રહ્યાં છો. હું તો કયારનો ડેક પર ઉભો રહીને આપણા મંડળની સ્ટીમરની વાટ જોયાં કરૂં છું."

"મોર્લી કહે છે કે તેંજ કેપ્ટનને જણાવી દીધું છે...શું એ વાત સાચી છે કે ?"

"કદી નહિ. મોર્લીસાહેબ અંદાજથી—અનુમાનથી કહેતા હશે. એણે મને જોયો છે તેમ કરતાં ?"

"હશે. હું એની વાત માનતી નથી. વારૂ, તું એક કામ કરી શકીશ ?"

"એવું તે શું છે કે હું ન કરી શકું ? મૈં ક્યા નહિ કર સકતા ?"

"કરી શકીશ ?"

"તક મળવી જોઇએ. કામ બતાવો."

"જ્યારે યુદ્ધ ચાલે ત્યારે તું લૉર્ડ નોરટનને ઠાર કરી શકીશ ?"

"લાગ આવશે તો છોડીશ નહિ... પણ ઇનામ શું મળશે ?"

"દશ હજાર રૂપીઆ."

"અત્યારે તો કાંઇ આપો. હું તો ગરીબ માણુસ છું. મરી જાઉં, તો મારાં બૈરી છોકરાં રવડી મરે."

એ સાંભળી ફ્રેસેટે રૂપીઆ પાંચસોની નોટ મારા હાથમાં મૂકી. એજ વખતે શત્રુ પક્ષની એક તોપનો ગોળો અમારી સ્ટીમરના ડેક પર આવી પડ્યો.

હું ઉપર આવ્યો અને બોલ્યોઃ–"**મૈં ક્યા નહિ કર સકતા?**"

૨૭

મારી પરીક્ષા.

અમારી સ્ટીમર ઘણા વેગથી પૂર્વ દિશામાં દોડતી હતી. દોડવાનાં કારણુની ખબર ન હતી. શત્રુઓ અમારી પૂઠે પડયા હતા. તેમની તોપોના ગોળા અમારી સ્ટીમરને અથડાઇ ડુબી જતા; પરંતુ બહુ નુકસાન કરી શકતા નહિ. એટલામાં અમારી સ્ટીમરની દિશા બદલાઇ.

હું દોડતો લૉર્ડ નોરટનની કેબિન તરફ ગયો. તેઓ ત્યાં ન હતા. એલનની કેબિનમાં સર્વ ભેગાં થયાં હતાં. ફ્રેસેટ પણ ત્યાં હતી. હું ત્યાં ગયો.

એટલામાં કેપ્ટને આવી સર્વને કહ્યું, "તમે સૌ નીચે જાઓ; કારણુ કે શત્રુઓની તોપોના ગોળા અહીં આવીને પડે છે."

"અમે પણ વિચાર કરીએ છીએ." લૉર્ડ નોરટને કહ્યું "એલનને આ સમયે નીચે લઇ જવીજ ઠીક છે. બીજો કોઇ ઉપાય નથી."

ફ્રેસેટ બોલી ઉઠી.

"ખરેખર, નીચે લઇ જવાંજ ઠીક છે. બીજો કોઇ ઉપાય નથી."

સૌ મળી એલનને નીચેની કેબિનમાં લઇ ગયા. હું પણ તેમને મદદ કરવા જતો હતો. પરંતુ અટક્યો.

એક બાજુ પર મોર્લી અને હાર્વી મસલત કરતા હતા. કેપ્ટને તેમને કોઇ સુરક્ષિત સ્થાન પર જઇ ઉભા રહેવાનું કહ્યું. હાર્વીએ

જવાબમાં શૌર્ય બતાવ્યું.

"કેપ્ટન સાહેબ! આ ક્ષણભંગુર જીવનને માટે ભય રાખવો વ્યર્થ છે. જો મરવાનું છે તો ડેક પર ઉભા રહીનેજ પ્રાણ આપીશું!"

"શાબાશ!"

એમ બોલી કેપ્ટન અન્યત્ર ચાલ્યો ગયો. તે જતો હતો, ત્યારે મોર્લી તેની પાછળ હસવા લાગ્યો. એક થાંભલાની પાછળ ઉભો રહી હું એ ચિત્ર જોતો હતો. એટલામાં ફ્રોસેટ ત્યાં આવી અને વાતો થવા લાગી.

"શું આ સ્ટીમરમાં સ્મીથ પણ છે કે?" ફ્રોસેટે પૂછ્યું.

"હાસ્તો. નોરટન લંડન જાય છે, તે ખબર એને મળી ચુકી છે. અમે 'રોમ'માં હતા ત્યારે અમેજ એને ત્યાંથી ખબર કરી હતી."

"એનો આ સ્ટીમર પર હુમલો કરવાનો ઉદ્દેશ શું છે, તે તમે જાણો છો?"

"બરાબર નહિ, પરંતુ પોતાના શત્રુઓને મારવા અથવા તો ડુબાડી દેવા."

"અને તેમની સાથે આપણને પણ?"

"સ્મીથ એટલો બેવકુફ નથી."

"વારૂ. તને હાલ શું કામ સોંપાયલું છે?"

"હાલ ને હંમેશ! લાગ આવે કે શત્રુને ઠાર કરવા. બીજું શું હોય?"

"તે કામ તો મેં મારા માણસને સોંપ્યું છે..."

"શું?"

"જ્યારે યુદ્ધ ચાલે ત્યારે શત્રુઓને લાગ જોઇ ઠાર કરવાનું."

"બહુ ખોટું કર્યું છે. તમારા એ માણસ પર મને બિલકુલ વિશ્વાસ નથી. એનું આચરણ જોઇ મને સદેહ ઉત્પન્ન થાય છે."

"પણ મને એનો પુરો વિશ્વાસ છે," ફ્રોસેટે કહ્યું.

"તો ભલે. વારૂ બીજું: આપણા મંડળની સ્ટીમર હારી ગઇ તો નોરટનના ખુન માટે અમે પણ નવા હોવાથી પકડાઇશું અને

પકડાયા એટલે તો પહોંચ્યાજ ! ! "

" નહિ. નહિ. 'આપણી જીત થશે એમ લાગે તોજ તું તેમનાં ખૂન કરજે. એમ મેં કહ્યું છે. "

" હશે. પરંતુ મને એના ઉપર વિશ્વાસ આવતો નથી. "

" તું ભૂલે છે. એ આદમી કેપ્ટન સ્મીથનો વિશ્વાસુ નોકર છે. એને વિશ્વાસુ જાણીનેજ એણે મારી પાસે મોકલ્યો છે. "

" ઠીક છે. એના કામ પરથી સૌ માલમ પડશે. "

એ પછી હું કાંઇ સાંભળી શક્યો નહિ. તેથી ત્યાંથી ધીમે ધીમે નીકળીને નીચે ગયો. નીચે લૉર્ડ સેસીલ વિચારગ્રસ્ત થઇ બેઠા હતા. અને નોરટન વિચારમાં આમ તેમ આંટા મારતા હતા.

" સેસીલ ! હવે શું કરવું ? જો આ યુદ્ધમાં આપણે હાર્યા, તો એલનનો બચાવ કેવી રીતે થશે ? "

" આપ ગભરાઓ છો શા માટે ? આ લોકો માત્ર ચાંચીઆ-ઓજ છે. હમણાં નાસી જશે. "

" તમે ભૂલો છો. આ લોકો ચાંચીઆ નહિ પણ વિલિયમના મંડળવાળાજ છે. એલનને છીનવી લેવા આવ્યા લાગે છે. "

" પરંતુ મને તો લાગે છે...... "

લૉર્ડ સેસીલનું એ વાક્ય પુરૂં થાય તે પહેલાં ઉપર બ્યુગલ વાગ્યું. થોડા સમયને માટે સ્ટીમર ઉભી રહી અને અમારી સ્ટીમરની તોપો ગર્જવા લાગી. ડૉ. ચાર્લ્સને એલનની પાસે મૂકી નોરટન તથા સેસીલ ઉપર ગયા.

તેમના ઉપર ગયા પછી મોર્લી તથા હાર્વી નીચે આવ્યા. ડૉ. ચાર્લ્સને તેઓ એલનની તબિયત પૂછવા લાગ્યા. ડૉક્ટરે તેમને તેને માટે ધન્યવાદ આપ્યો.

" તબિયત ઠીક છે. તમે ઠીક સારવાર કરો છો, તેથીજ હવે આરામ છે. અમારી સાથે આવવાથી તમને પણ આ સંકટમાં પડવું પડ્યું છે "

" થનારને કોણ ટાળી શકે છે ? " મોર્લીએ જવાબ આપ્યો.

"અમને તો એજ આશા છે કે અમે કોઇ પણ રીતે આપ લોકોની સેવા કરીએ. એથીજ અમારા ઉપર તમે ઉપકાર કર્યો છે, તેનો બદલો વાળી શકીશું"

એ વખતે ઉપર ગરબડ થતી સંભળાઇ.

"તમે જરા અહિં બેસજો. હું ઉપર જઇ જોઉં છું કે શું થાય છે ?"

મોર્લી તથા હાર્વીને એમ કહી ડૉ. ચાર્લ્સ ઉપર ગયા. એ બંને આવી એલનની પાસે ખુરસી પર ગોઠવાઇ ગયા. એટલા વખતમાં હું પાછો ડેક પર જઇ આવ્યો. નીચે આવી જોઉં છું, તો મોર્લી તથા હાર્વી એલનની કેબિનમાં ન હતા—ફ્રોસેટ આમ તેમ ફરતી હતી.

"સાહેબ કયાં ગયા છે ?" મેં ફ્રોસેટને પૂછયું.

"ચૂપ રહે. તેઓ કામે ગયા છે." તેણે બહુ ધીમે જવાબ આપ્યો.

"શું કામ છે ?"

"તેની પછી ખબર પડશે. તું તૈયાર થજે. હમણાં તારે અમારી સાથે આવવું પડશે."

"કયાં ?"

"અમે જઇશું ત્યાં."

"તમે તો મને નોરટનનો નિકાલ કરવાનું કામ સોંપ્યું છે ને ?" મેં કહ્યું.

"તે હમણાં બની શકશે નહિ."

"ઠીક ત્યારે હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ."

એ પછી ફ્રોસેટ એલનની પાસે ગઇ. મોર્લી અને હાર્વી પણ પાછા આવ્યા. હાર્વીએ મને એક ખૂણા પર બોલાવ્યો અને ડોળા કાઢી કહેવા લાગ્યો:—

"બચ્ચા ! હું જાણું છું કે તું નોરટનના પક્ષનો છે. સાચું બોલજે નહિ તો આ ગોળી તારી ખોપરીના ચુરેચુરા કરી નાંખશે."

એમ બોલી એણે તો ખરેખર પિસ્તોલનો ઘોડો ચઢાવ્યો હું જરા હસીને પાછો હઠયો.

"તોબા! અલ્લા જાણે છે. હજુર! મેં જેનું લુણ ખાધું છે તેની સાથે હું બેઇમાની કદી કરતો નથી."

"મરતી વખત પણ તું સાચું બોલતો નથી?"

"હું ધર્મના સોગંદ ખાઇ કહું છું કે હું કદી જુઠું બોલતો નથી. હું કેપ્ટન સ્મીથનો એક વિશ્વાસુ નોકર છું. મારો ભાઇ કરીમ હજુ પણ એમની પાસે નોકરી કરે છે. અમે બંને ભાઇઓ એના વિશ્વાસપાત્ર છીએ. હિંદુસ્થાનમાં અમારી સાથેજ એમની પહેલી ઓળખાણ થઇ હતી."

"તો લુચ્ચા! તેં એલનને બચાવી શા માટે? આપણા મંડળની સ્ટીમર આવતી હતી તે વિષે કેપ્ટનને ચેતવણી આપી શા માટે?... તારી બધી ચાલાકીની અમને ખબર છે"

"આપને જો બધી ખબર હોય તો મને શા માટે રાખો છો? છોડી મૂકો. હજુ પણ હું કેપ્ટન સ્મીથને મળી શકીશ. તમે એલનને સમુદ્રમાં ગબડાવીને બહુ મોટી ભૂલ કરી હતી. જો તમે ક્લોરોફોર્મ તેને સુંઘાડયું ન હોત, તો એલનનો જાન નીકળી જાત...વળી આપને ક્યાં ખબર છે કે હું એલનને બચાવવાને માટે નહિ, પરંતુ ડુબાડવાને માટે પાણીમાં પડ્યો હતો. પણ નોરટનના આવી પહોંચવાથી તેમ બની શકયું નહિ તે છતાં પણ આપ લોકો મારા ઉપર વહેમ લાવ્યા કરો છો! મને રાખવાની આપને મરજી ન હોય, તો ભલે; ફોસેટને કહીને મારો પગાર અપાવી દ્યો, કે હું ચાલ્યો જાઉં..."

"કેમ? નોરટનનું ખૂન કરવાને બહાને તેં ફોસેટ પાસેથી પાંચસો રૂપીઆ શું નથી લીધા?"

"તેમાં ખોટું શું કર્યું છે? જે કામ પૂરૂં કરવામાં આપ સર્વ આટલા બધા ગુંથાયલા છો, તે જો હું પૂર્ણ કરૂં તો મને શું એટલું પણ ઇનામ ન મળે?"

"તારે એ કામ કરવાનું નથી. તારૂં ભલું ચાહતો હોય તો એ રૂપીઆ પાછા આપી દે."

"મેં કેપ્ટનની મહેરબાનીથી રૂપીઆ મેળવ્યા છે. તેઓ જાણે

છે કે મને જેટલી કામની ફીકર રહે છે, તેટલી રૂપીઆની નથી. આ લ્યો, આપના રૂપીઆ પાછા. ”

એમ કહી મેં તે નોટો તેની આગળ ફેંકી દીધી. તેણે તે ઉપાડી લીધી. એ વખતે ત્યાં ફ્રેસેટ આવી પહોંચી. રડવા જેવું મોં કરી મેં તેને ફરીઆદ કરી.

“ તમે લોકો વારંવાર મારા પર વહેમ લાવ્યા કરો છે। ! જો મારૂં કામ તમારી મરજી મુજબ ન હોય તો મને કેપ્ટન સાહેબ પાસે પાછો જવા દો. ”

કંઈક ક્રોધિત થઈ ફ્રેસેટ બોલી:-“ કેમ શું થયું ? કોણે તારા ઉપર સંદેહ આણ્યો ?

“ મને મારી નાંખવાને હમણાંજ હાર્વી સાહેબે પિસ્તોલ ઉઠાવી હતી. તમે આપ્યા હતા તે પાંચસો રૂપીઆ પણ એમણે લઇ લીધા છે; મને તેઓ સામા પક્ષનો કહ્યા કરે છે. ” મેં લાડ કરતાં કહ્યું.

આ સાંભળી ફ્રેસેટ હાર્વીની સાથે નારાજ થઇ બોલી:-“ જો, તું પહેલેથીજ મારા આદમી ઉપર વહેમ લાવીને એને પજવે છે; એ સારી વાત નથી. એણે આજસુધીમાં એક પણ સંદેહજનક કામ કર્યું નથી. એના રૂપીઆ એને પાછા આપી દે. ”

ફ્રેસેટના શબ્દ સાંભળી હાર્વી ખસીઆણો પડી ગયો અને તેની ક્ષમા માગવા લાગ્યો.

“ આપ નારાજ ન થાઓ; મેં તો એના ઉપર અમસ્તોજ સંદેહ કર્યો હતો. હવે માલમ પડે છે કે એ આપણો માણસ છે. ”

એ પછી મારી તરફ ફરીને, મને દશ રૂપીઆ આપતાં તે બોલ્યો:-“ તું ગભરાઇશ નહિ. મેં તો માત્ર તારી પરીક્ષાજ કરી હતી. મારી પરીક્ષામાં તું પાસ થયો છે તેથી લે આ હું તને ઇનામ આપું છું. ”

“ આપને મન તો પરીક્ષા છે અને મારો તો જીવ જતો રહે છે...હવે આપ મારા ઉપરથી અવિશ્વાસ દૂર કરો છો, એજ મારૂં નસીબ છે. મારે રૂપીઆની જરૂર નથી. ”

"પણ હું મારી ખુશીથી આપું છું; તે તો લે."

ફ્રેસેટ વચમાં બોલી ઉઠી કે:–

"હાર્વી ! પાંચસો રૂપીઆ લઇ દશ આપવા તે સારી વાત નથી. આપવા હોય તો બધાજ આપી દે."

મને બધા રૂપીઆ મળ્યા. મનમાં આનંદ થયો, કે ઠીક તાલ જામ્યો છે.

એ પછી ફ્રેસેટ એલનની પાસે ચાલી ગઇ. મોર્લી મારી પાસે આવીને મને કહેવા લાગ્યો:–"આજે અમે આ સ્ટીમર છોડી જઇશું, તું અમારી સાથે આવશે ને ?"

"હાસ્તો. જ્યાં આપ ત્યાં હું."

"એમને એમ જવાનું નથી. એક કામ કર્યા પછી જવાનું છે."

"તે શું ?"

"તે પછી કહીશ......હમણાં તને પાંચસો રૂપીઆ શા માટે મળ્યા તે શું તું ભૂલી ગયો ?"

એમ કહી તે બીજી તરફ ચાલતો થયો. મેં વિચાર કર્યો કે:– "આજે અવશ્ય આ લોકો કાંઇનું કાંઇ કરશે. મારે બહુ સાવધ રહેવું પડશે. જો બહુ ગરબડ કરશે, તો આજેજ એ સૌને પકડાવી દઇશ. હવે એમને અધિક વખત આપવો તે સહીસલામત નથી."

એમ વિચારતો હું ડેક પર ગયો.

૨૮

તોપની ગર્જના !

બન્ને સ્ટીમરો વચ્ચે તુમુલ યુદ્ધ જામી રહ્યું છે. અનેક ગોલંદાજ તથા ખલાસીઓ મરેલા પડ્યા છે. કેટલાક ઘાયલ થએલા માણસો કેપ્ટનના ઓરડામાં પડેલા હતા. ડૉ. ચાર્લ્સ તેમને તપાસતા હતા.

આટલી ગર્જના છતાં જુલીઅટ ડેક ઉપર લૉર્ડ સેસીલ તથા પોતાના ભાઇ સાથે ઉભી હતી. એનું સાહસ જોઇ મને આશ્ચર્ય લાગ્યું. રાતના દશ વાગે સામેની સ્ટીમરમાંથી એક ગોળો છુટ્યો;

તેનાથી અમારી સ્ટીમરનો મુખ્ય સ્થંભ ભાગી ગયો અને દશેક ખલાસીઓ મરણ પામ્યા !

લૉર્ડ સેસીલે જુલીઅટને નીચે–એલનની પાસે જવાનું કહ્યું. પરંતુ તેને તેનો ' સાથ ' છોડવાની ઇચ્છા ન હતી.

" તમે તોપની સામે ઉભા રહેશો અને હું નીચે જઇને શું મારા પ્રાણને બચાવું ! ? હું તેમ કરી શકીશ નહિ. એલનની પાસે પુરતાં માણસો છે. તેઓ સુરક્ષિત સ્થાનમાં છે. આપણે તેમની ચિંતા કરવાની જરૂર નથી. "

" તેની નહિ, તો મને તારી તો ચિંતા કરવા દે...જુલીઅટ ! તું હજુ બાળક છે ! હું તોપની સામે મારી રક્ષા કરી શકું છું. તારાથી તે થશે નહિં. ઉલટું તારે લીધે હું મુસીબતમાં આવી પડીશ. જો, તારા ભાઇ પણ તને નીચે જવાનો આગ્રહ કરી રહ્યા છે. "

" સેસીલ ! તમે આટલા બધા કાયર ક્યારથી થયા ? તમે પોતે તોપથી ડરતા હો તો ભલે; પરંતુ બીજાને શા માટે ડરાવો છો ? હું તો તમને મૂકી અહીંથી નીચે........"

જુલીઅટ પોતાનું એ વાક્ય પુરૂં કરે, તે પહેલાં અને " શું આવો પ્રેમ તે માત્ર યુરોપીઅન લોકોમાંજ હશે ? " એવા મારા વિચારો પૂરા થયા તે પહેલાં–એક બંદુકની ગોળી આવી, અને જુલીઅટના પગને ઘા કરી નીકળી ગઇ. જુલીઅટ મૂર્છિત થઇ નીચે પડી.

સેસીલ, નોરટન, સંડરલેન્ડ વગેરેએ દોડીને તરત એને ઝાલી લીધી. લૉર્ડ સેસીલે મને પાણી લાવવાનું કહ્યું. હું તે લેવા દોડયો. તેઓ જુલીઅટને ઉચકીને નીચે કેબિનમાં લઇ ગયા.

ડૉકટરે પરીક્ષા કરીને કહ્યું કેઃ–" ઘા બહુ ગંભીર નથી. ઘુંટણમાં ચોટ સજ્જડ લાગી છે. પરંતુ ગભરાવા જેવું નથી. "

એ વાત એલનથી છુપીજ રાખવામાં આવી.

રાત્રે બેએક કલાક સુધી લડાઇ બંધ રહી. બંને સ્ટીમરો પર સફેદ ધજાઓ ઉડવા લાગી. સર્વ સમજ્યા કે જો લડાઇ આજ પ્રમાણે ચાલે તો આઠ દશ કલાકમાં અમારી સ્ટીમરના ચુરેચુરા થઇ જશે.

હું એકવાર એલનની કેબિન તરફ ગયો. બહારથી લૉર્ડ નોરટન ફ્રોસેટને પૂછતા હતા:–" એલનને કેમ છે ? "

" ઘણું સારૂં છે. વારંવાર આપની તથા યુદ્ધની ખબર પૂછ્યાં કરે છે. મેં એમને કંઇ કંઇ સમજાવીને રાખ્યાં છે. "

" બહુ સારૂં કર્યું. એને કહેજો કે લુંટારાઓનું એક વહાણુ આપણુને લુંટવા મથે છે, પરંતુ તેમનું કાંઇ વળવાનું નથી. "

" જેવી આજ્ઞા. એમજ કહીશ. આપ એમના વિષે નિશ્ચિંત રહો. "

એ સાંભળી તે ઉપર ચાલ્યા ગયા. લાર્ડ સેસીલ જુલીઅટની પાસે રોકાયા હતા. સવારના ચાર વાગે ફરી બ્યુગલ વાગ્યાં. સફેદ ધ્વજાઓ ઉતારી લેવાઇ અને બંને સ્ટીમરોમાંથી તોપો છૂટવા લાગી.

ભળકું થયું. લૉર્ડ નોરટન સંડરલેન્ડ પાસે જઇને કહેવા લાગ્યા:–" મે દુરબીન વડે જોયું છે કે અલબર્ટ વિલિયમ પણ સામેની સ્ટીમરમાં છે. "

" નહિજી, આપે જોવામાં ભૂલ કરી છે ! હું વિલિયમને બરોબર ઓળખું છું. જે માણસને આપ વિલિયમ ધારો છો, તે બીજોજ કોઇ છે. વિલિયમને એ ઘણો મળતો આવે છે. પરંતુ એ વિલિયમ નથી. "

" તમે ગમે તેમ કહો પરંતુ મને તો એ વિલિયમ લાગે છે. "

કમળાવાળી આંખે સર્વ પીળુંજ દેખાય ! " એમ કેપ્ટન ધીમેથી બોલ્યો, તે નોરટને સાંભળ્યું નહિ કારણ કે તે નીચે ચાલ્યા ગયા હતા.

આખો દિવસ તુમુલ યુદ્ધ ચાલ્યું. સામી સ્ટીમરના મુખ્ય માણસો દેખા દેતા ન હતા. માત્ર લડનારા લડતા હતા.

અંતે સાંજ પડી અને દીવા કરવાનો સમય આવ્યો. મેં મારા પાવરફુલ દૂરબીન વડે જોયું તો એક નાની બોટ દૂરથી આવતી જણાઇ. તેમાં પાંચ છ સાહેબ ઉભા હતા. તે અમારી સ્ટીમરની પાછળથી અમારી તરફજ આવતી હતી. એટલામાં હું ઉભો હતો ત્યાં ફ્રોસેટ, મોલી તથા હાર્વી આવી પહોંચ્યાં.

મને આવતી બોટ પર વહેમ પડ્યોજ હતો. આ પાપી ત્રિપુટીને જોઇ હું તરત એક ખૂણામાં છુપાઇ ગયો. મોર્લી એક વિચિત્ર રંગનું ફ્રાનસ લઇ, તેને હલાવી, ઇશારતો કરવા લાગ્યો. એ બોટમાંથી તે ઇશારતનો એજ પ્રમાણે જવાબ મળ્યો. ફ્રાસેટ અને હાર્વી નીચે ચાલ્યાં ગયાં.

હું સમજી શક્યો નહિ કે આ કેવી બાબત છે? પરંતુ એ વિચારવા જાઉં છું, તેટલામાં તો તે નાની બોટ અમારી સ્ટીમરની લગોલગ આવીને ઉભી રહી.

અમારા સિવાય સ્ટીમરના પાછળના ભાગમાં બીજું કોઇ ન હતું અને આવે એમ પણ ન હતું. (આવે તોય રાત્રિના ઘોર અંધકારમાં કાંઇ માલમ પડે તેમ ન હતું.) કારણ કે આગળના ભાગમાં યુદ્ધ બહુ ધમધોકાર ચાલતું હતું.

હું મારી જગ્યા પરથી નીકળ્યો. ધીમેથી જઇને મોર્લીના ખભા પર હાથ મૂક્યો. તેણે હસીને કહ્યું:—

" ચાલ બચ્ચા ! તૈયાર હો જાઓ. "

" કેમ ? " મેં પૂછ્યું.

" કામ કરવાનો વખત આવી પહોંચ્યો છે. આપણું મંડળ આવી પહોંચ્યું છે. "

" વારૂ, મારે શું કરવાનું છે ? "

" જા. મિસ ફ્રેસેટ તથા હાર્વીને બોલાવી લાવ. "

હું નીચે એલનની કેબિનમાં તેમને બોલાવવા ગયો.

" તું હાર્વીને તેડી જા. હું હમણાં આવું છું " ફ્રેસેટે કહ્યું.

હું હાર્વીની સાથે ઉપર આવતો હતો. સીડી પર લૉર્ડ નોરટન મળ્યા. તેમણે અમને અટકાવ્યા.

" તમે એલનની પાસે હતા ને ? એની તબીયત કેમ છે ? " તેમણે પૂછ્યું.

" લેડી હમણાં સૂઇ ગયાં છે; આપ ચિંતા ન કરો અમે કોઇ રીતે ઉણપ પડવા દઇશું નહિ. આપ સુખેથી ઉપરનુંજ સંભાળો "

હાર્વીએ જવાબ આપ્યો.

લૉર્ડ ચાલ્યા ગયા. અમે પાછળથી મોર્લીની પાસે ગયા. ત્યાં જઇ જોઉં છું તો પાંચ લઠ્ઠ ખલાસીઓ અમારી સ્ટીમર પર ચઢી આવ્યા હતા. તે સર્વ મોટા મોટા કામળા ઓઢીને એક ખૂણામાં ઉભા હતા.

"હાર્વી ! સ્મીથે કહેવરાવ્યું છે કે નોરટનનું ખૂન કરી એલનને ઉઠાવી લાવવી."

"હાલ ખૂન કરવાનું બની શકે એમ નથી. તેમ કરવા જતાં આપણે સપડાઇ જઇશું માટે એલનને લઇ ચાલો."

"ઠીક; તેમ કરો."

એમ કહી મોર્લી મને તથા હાર્વીને નીચે તેડી ગયો. ફ્રોસેટે ક્લૉરોફૉર્મની શીશી કાઢી એલનને સુંઘાડી. હાર્વીએ કહ્યું:–" ચાલો ઉપાડો."

મારે પણ તેમને એમાં મદદ કરવી પડી. એકવાર વિચાર કર્યો કે હાલને હાલ આ પાપીઓનાં પાપ ફોડી તેમને યમદ્વાર મોકલું ! ! પરંતુ તેમ કરવાથી મારો ઉદ્દેશ પૂર્ણ થાય એમ ન હતું. કારણ કે મારો હેતુ મોટો હતો ! !

એ લોકો પાછળની સીડી પરથી એલનને ઉપર લઇ ગયા. હું અને મોર્લી આગળની સીડી પરથી ઉપર આવતા હતા. રસ્તામાં લૉર્ડ નોરટન મળ્યા.

'ફ્રોસેટ એલનની પાસે છે કે ?" તેમણે પૂછ્યું.

"જી હા. આપ ચિંતા ન કરો. અમે સૌ તેમની સેવામાંજ નિયુક્ત છીએ." મોર્લીએ જવાબ આપ્યો; અને તે ભોળો માનવી પાછો ગયો ! !

અમે પાછળના ભાગ પર આવ્યા. તે વખતે પેલા ખલાસીઓએ એલનને નીચેની બોટમાં ઉતારી દીધી હતી. ફ્રોસેટ અને હાર્વી પણ ઉતર્યા હતાં. સૌથી છેલ્લા અમે ઉતર્યા. બોટ તીરની માફક છુટી !

એ વખતે અમારી સ્ટીમરમાંથી તોપની ગર્જના અ[illegible]ક થઇ ! !

૨૯

માનવ-ચરિતની ગંભીર ગુફાઓ !

(સેસીલના શબ્દમાં.)

જુલીઅટ ગોળીની ચોટથી બેભાન થઇ પડી. ઘા કાંઇ ગંભીર ન હતો. પરંતુ એને સખત જ્વર આવ્યો હતો, તે ભયનું કારણ હતો. આજે આખો દિવસ યુદ્ધ ચાલ્યું. લુંટારાઓ લુંટ માટે આટલું બધું યુદ્ધ ચલાવે, તે તો અસંભવિતજ ! લોર્ડ નોરટનનું કહેવું ખરૂં પણ હોય !

સંધ્યા સમયે નોરટનને ખબર મળી, કે એલનની તબીયત સારી છે; અને ફ્રોસેટ તથા પેલા બે પાદરીઓ તેમની સેવા કરે છે. મને એ પાદરીઓ કોણ છે ? તે જાણવાની ઘણી ઉત્કંઠા થતી પરંતુ સાધન ન હતું.

આજે પણ મને ફ્રોસેટના બબર્ચી ઉપર ઘણો સંદેહ હતો. પરંતુ એણે મને મધ્યરાત્રે શત્રુઓની ખબર શા માટે આપી ? એ કોણ હશે ? કદાચ એ શત્રુઓની સર્વ હિલચાલ જાણતો હશે.

યુદ્ધમાં વખત પસાર થતો હતો. સાંજ પડી અને રાત્રિનો અંધકાર પણ ફેલાઇ ગયો.

થોડીકવાર પછી લૉર્ડ નોરટન જુલીઅટની પથારી પાસે આવ્યા. એમનું મોં અત્યારે ઘણુંજ ઉદાસીન હતું. તે જુલીઅટની પાસે બેસી તેના માંથા પર હાથ ફેરવવા લાગ્યા.

" આપ લેડી એલનની પાસે જાઓ. હું જુલીઅટની સંભાળ રાખું છું. બે અજાણ્યા પાદરીને ભરોસે એમને છોડવાં તે સારૂં નથી. " મેં કહ્યું.

" મારા જવાથી એનું મન બહુ નારાજ થાય છે; તેથી હું એની પાસે જવાની હિંમત કરતો નથી. પરંતુ વારંવાર ફ્રોસેટ તથા મોર્લીને ખબર પૂછ્યાં કરૂં છું. "

એ વખતે કેપ્ટન સંડરલેન્ડ નીચે આવ્યો અને આનંદના

ખબર આપ્યા.

"લૉર્ડ ! શત્રુઓની સ્ટીમર બરાબર નવ વાગે યુદ્ધ બંધ કરી પશ્ચિમ દિશા તરફ નાસી ગઇ છે. મારો એનો પીછો પકડવાનો વિચાર હતો; પરંતુ આપણો સરંજામ આવી રહ્યો છે."

"શું ? ખરેખર એ લોકોએ પીઠ દેખાડી ?"

"પણ એમ એકાએક નાસી જવાનું શું કારણ ?"

"હું ધારું છું કે એમના દારૂગોળાનો અંત આવી ગયો હશે."

એ પ્રમાણે સૌ તર્ક ચલાવતા હતા એટલામાંજ ડૉ. ચાર્લ્સે ગભરાતાં ગભરાતાં આવીને સમાચાર આપ્યા.

"લેડી એલન અને ફ્રોસેટ વગેરે કોઇ ત્યાં નથી. તમે સૌ જલદી આવો."

એકાએક વિજળીનો આઘાત થયો હોય, તેમ લૉર્ડ નોરટન જમીન પર ઢળી પડયા ! !

અમે સ્ટીમરનો ખૂણેખૂણો ફરી વળ્યા પણ કોઇ માલમ પડયું નહિ. સ્ટીમરના પાછલા ભાગ પર ફક્ત એક સીડી લટકતી હતી. તે પરથી "પંખીઓ ઉડી ગયાં." એમ સર્વેએ ધાર્યું.

મેં નાસી ગએલી સ્ટીમરની પાછળ પડવાનું કેપ્ટનને કહ્યું; પરંતુ લૉર્ડ નોરટને ઉદાસ અને ક્રોધિત ચહેરે તેમ કરવા ના પાડી.

"સંભવ છે કે એલન પોતાની ઇચ્છાથીજ અલબર્ટ પાસે ગઇ હોય ! ! !"

અરેરે ! આ શું ? લૉર્ડ નોરટનને આવી શંકા ? એને ખબર નથી કે એલન એની ઉપર કેટલો પ્રેમ બતાવે છે ! નહિ તો પોતાની ખોવાયલી સ્ત્રીને માટે શું તે શોધ ન કરે ?

પરંતુ એલન એક સ્ત્રી છે. સ્ત્રીના હૃદયને કોણ સમજી શક્યું છે ! એમનું ધારવું ખરૂં પણ હોય !

મને ફ્રોસેટ સિવાય બાકીનાં ત્રણ માણસો પર પહેલાંથીજ વહેમ હતો. તેઓજ એને સમજાવીને અથવા જોર જુલમથી લઇ ગયા હશે. આ બનાવથી લૉર્ડ નોરટનને તો બહુ ન લાગ્યું, પરંતુ મારૂં હૃદય

તો રડવા લાગ્યું.

"મારૂં જીવન જુલીઅટ સાથે જોડાય તો મારે પણ એવો વખત આવે ખરો કે ? !!"

× × × × ×

લૉર્ડ નોરટને મને કહ્યું:—

"તમે હવે જુલીઅટની પાસે જાઓ; તે એકલી છે. મારે માટે તમે ચિંતા કરશો નહિ. હવે હું આનંદથી ફાંસી પર ચઢીશ. ખૂન સિદ્ધ કરવા માટે હવે શત્રુઓને વધારે તકલીફ લેવાની જરૂર નથી. હું ખૂન કર્યું સ્વીકારૂં છું."

લૉર્ડ નોરટનની વાત સાંભળીને હું તો આભોજ બન્યો. ત્યારે શું એ કહે છે તે ખરૂં છે ? એણે ખરેખર ખૂન કર્યું છે ? હું એને ઓળખી શકયોજ નહિ ? ! !

માનવ–ચરિત્રની ગંભીર ગુફાઓ શું આવી હશે ? આજ સુધી હું તો એને પરમ ધાર્મિક, સત્યપરાયણ અને ન્યાયવાન મનુષ્ય ધારતો હતો ! તે આજે ખૂનનો અપરાધ કબુલ પણ કરે છે ! ઓ ઇશ્વર !

૩૦

શત્રુ કે મિત્ર ?

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં.)

થોડીજ વારમાં બોટ શત્રુઓની સ્ટીમર પાસે જઇ પહોંચી એટલામાં એ સ્ટીમર જ્યાં હતી ત્યાંથી ઘણે દૂર ખસી ગઇ હતી અને યુદ્ધ પણ પા કલાકથી બંધ રહ્યું હતું.

સ્ટીમર પરથી સીડી ઉતારવામાં આવી. અમે સૌ ઉપર ચઢી ગયા. એલનને પણ બહુ સાચવીને સ્ટીમરપર લેવામાં આવી. એક સુંદર કેબિનમાં લઇ ગયા. ત્યાં એક પલંગ પર તેને સૂવાડવામાં આવી.

એલન સ્ટીમર પર આવતાંજ સર્વેએ એક આનંદધ્વનિ કર્યો. એક હૃષ્ટપુષ્ટ ભયંકરતાની સાક્ષાત મૂર્તિજ હોયની ! એવા સાહેબે આવીને ફોસેટની સાથે શેકહેન્ડ કરી. મને માલૂમ પડયું કે સ્ટીમર

પરનાં સર્વ માણુસો તેની તરફ માનથી વર્તતાં હતાં. ફ્રોસેટે તેની સાથે મારૂં ઓળખાણુ કરાવ્યું.

ફ્રોસેટ તથા હું એલનની સેવામાં નીમાયાં. મેં વિચાર કર્યો કે– " આ વખતે હું શત્રુઓની જાળમાં ઘુસ્યો છું. જો મારા પર સહેજ પણુ સંદેહ આવ્યો, તો યમદ્વારેજ છુટકો ! "

મારી પાસે અણીનો વખત સાચવવા માટે માત્ર એક સાત બારનો તમંચો (મોટી પીસ્તોલ) તથા એક નાની છરીજ હતાં. એ સિવાય બીજું કોઇ મારૂં મદદગાર ન હતું. ઘણીવાર મને લાગતું કે મેં આવી વાઘની ગુફામાં પ્રવેશ કરીને મોટી ભૂલ કરી છે. એલનને પણુ અહીં સુધી લાવવા દેવામાં ડહાપણુ કર્યું નથી. સૌ ભેગાં થઇ જો એના ઉપર અત્યાચાર કરે તો હું એકલો કાંઇ કરી શકું એમ નથી.

બીજી તરફથી વિચાર કરૂં છું તો માલુમ પડે છે કે–એ મંડળમાં ઘુસ્યા વિના હું નોરટનને બચાવી શકીશ નહિ. મારે બધી ખબર મેળવવીજ જોઇએ કે કોણુ કોણુ આ મંડળમાં સામેલ છે ? કોના ખૂનનું કામ કોને સોંપવામાં આવ્યું છે ?

સવારે નવ વાગે એલન સ્હેજ શુદ્ધિમાં આવી. એ વખતે ફ્રોસેટ તથા હું ત્યાંજ બેઠાં હતાં.

" ફ્રોસેટ ! યુદ્ધની શી ખબર છે ? "

" લડાઇ બંધ થઇ છે, તમે સુઇ જાઓ. લૉર્ડ નોરટન માર્યા ગયા છે. " ફ્રોસેટે જવાબ આપ્યો.

એલન એકદમ બેઠી થઇ અને ગાંડાની માફક ચારે તરફ જોવા લાગી.

" ફ્રોસેટ ! તું મારી મશ્કરી તો કરતી નથીને ? સાચું બોલ, તેઓ સારા તો છેને ? "

" જરા મોં સંભાળીને બોલ, અહીં તો તું મારી દાસી છે. આ સ્ટીમર સ્મીથની છે. તારો હુકમ હવે મારા પર ચાલશે નહિ. અહીં તો તારે દાસી થઇને રહેવાનું છે. "

તે સાંભળી એલન તો આભીજ બની ગઇ!

"આ શું?" તે વધારે બોલી શકી નહિ ને મૂર્ચ્છિત થઇ પડી.

હું ફોસેટને બહાર લઇ ગયો. તેને સમજાવવા માંડી:–"આ પ્રમાણે એને અત્યારથીજ નિરાશ કરવાથી તો એ ભડકીને મરી જશે."

"અરે મરવા દે. ટાઢે પાણીએ ખસ જશે. જેને મારવાને આટલો આડંબર કર્યો છે તે પોતેજ મરી જાય તો અમે એક પાપમાંથી તો છુટીએ!"

એમ કહી એતો કંઇ કામે ચાલી ગઇ. તેની પાછળ હું બબડ્યો:–"ઓ દુષ્ટા! પાપ શું છે, તે જો તું જાણતી હોત તો આટલું પણ શાને કરત?!"

હું એલન પાસે ગયો. મહા મહેનતે પાણી છાંટી–પવન નાંખી મેં તેની મૂર્ચ્છા દૂર કરી; પરંતુ માનસિક વ્યાધીને લીધે તે નેત્ર મીંચીનેજ પડી રહી.

સાંજે ડૉકટરની સાથે તે સ્ટીમરનો કેપ્ટન આવી પહોંચ્યો. તેણે નાડી જોઇ કહ્યું:–"નાડી બહુ ક્ષીણ ચાલે છે. જ્વર ભરાયો છે; પરંતુ જીવવાની પૂરી આશા છે."

બાજુ પર જઇ કેપ્ટને ફોસેટને કહ્યું:–"તમે બને મળીને એની સારવાર બરાબર કરજો. એ જીવતી હોય તેમાંજ આપણને ફાયદો છે. મરશે તો નહિ."

"ઠીક, તો અમે એની સારવાર કરીશું. તમે ચિંતા કરશો નહિ. આપણે એને સારી અને વધારે સુંદર બનાવીને વિલિયમને સોંપી શકીશું."

કેપ્ટન અને ડૉકટર ચાલ્યા ગયા. ફોસેટે આવી મને કહ્યું:–"તું નીચે જા. ત્યાં અનેક હિંદુસ્તાનીઓ છે; તેમની સાથે ભોજન કરી લે."

મારા ચિત્તને ત્યાંજ મૂકી હું ચાલ્યો.

બહાર ડેક પર આવીને મેં સ્ટીમર પર તપાસ કરવા માંડી. અમારી સ્ટીમર કરતાં આ સ્ટીમર કાંઇક મોટી હતી. કેટલાક ભાગો

તૂટી ગયા હતા. ત્યાં સમાર કામ ચાલતું હતું.

સ્ટીમર પર સાહેબોની સંખ્યા બહુ મોટી ન હતી. ડ્રોઈંગરૂમ (દિવાનખાના) માં બેસી ચારેક સાહેબો માંહોમાંહે ગુસપુસ વાતો કરતા હતા. તે સાંભળવાને હું થોભ્યો.

"હું ધારૂં છું કે આપણે એના કરતાં પહેલાં લંડન પહોંચીશું."

"એમાં શો સંદેહ ? પરંતુ મારે એમ કહેવાનું છે કે શત્રુઓની સંખ્યા જેમ થોડી હોય તેમ સારૂં."

"એટલે ?"

"એટલે એજ કે એલન હાથમાં આવી છે તો એને શા માટે જીવતી રાખવી ? સાપને પકડીને પંપાળવો શા માટે ?"

"બરાબર કહે છે..."

"નહિ, નહિ; જ્યાં સુધી કેસ પૂરો થાય નહિ, ત્યાં સુધી એને અંધારામાંજ રાખવાની છે. એમ નહિ કરીએ તો ખૂનનો કેસ ઉલટો આપણા પરજ ચાલશે."

"એ પણ સાચું કહો છો."

એ વખતે એક સાહેબ બહાર નીકળ્યો. મને ત્યાં ઉભેલો જોઇ તેણે પૂછ્યું:–"કોણ છે રે ?"

મેં સમયસૂચકતા વાપરી:–"હજુર ! હું મિસ ફોસેટનો નોકર છું. પૂછવા આવ્યો છું કે હું મારૂં ખાવાનું કયાં બનાવું ?"

"આવ, હું તને બતાવું છું."

એમ કહી તે મને નીચે તેડી ગયો અને રાંધવાની જગ્યા બતાવી. બીજા માણસોની પાસે જઇને તે કહી આવ્યો કે–"આ એક અપરિચિત વ્યક્તિ છે; માટે એના ઉપર વિશેષ નજર રાખવી."

એના હાવભાવથી હું એ શબ્દો સાંભળી–પારખી શકયો. ખાઇ કરીને હું ઉપર જવા માટે સીડી પર ચઢતો હતો ત્યાં એક સુંદર દેખાવનો સાહેબ મળ્યો.

"તું લેડી ફાસેટની સાથે આવ્યો છે કે ?"

"જી, હા."

" લેડી એલનને પણ સાથે લાવ્યો છે ? "

" હા. "

" એની સારવારમાં કોણ છે ? "

" હું જ, સાહેબ. "

એ સાંભળીને તેણે એક પત્ર કાઢીને મને આપ્યો.

" આ પત્ર એકાન્તમાં જઇને વાંચજે. "

એમ કહી તે તો ચાલ્યો ગયો. 'વાંચજે' ને બદલે મને 'વાંચજો' કહ્યું તેથી–તથા આટલા માન સહિત મને એક પત્ર આપ્યો તેથી–હું અજાયબ થયો. એ પત્ર આપવાની એની મતલબ શું હશે ?

એ પછી હું એલનના ઓરડામાં ગયો. ત્યાં ફ્રોસેટ હતી. તે મને એકલો મૂકીને બીજી તરફ ચાલી ગઇ. જતી વખતે મને કહેતી ગઇ કે–

" રાત્રે હવે હું આવવાની નથી. તું તપાસ રાખજે. ટેબલની નીચે દવા છે; તેમાંથી એક એક ભાગ બે કલાકને અંતરે એલનને આપવાનો છે. "

એ વખતે નવ વાગ્યા હતા. મેં વિચાર કર્યો કે, આવી સ્થિતિમાં એ લોકોની દવા ખવડાવવી તે બહુ ભયંકર છે. કદાચ તેમાં ઝેર પણ હોય ! "

મેં ગજવામાંથી પેલો પત્ર કાઢ્યો અને વાંચ્યો:–

" પ્રિય ડિટેક્ટીવ હર્બર્ટ !

હું સુમનસુંદરીની ચિંતામાં અને તમે એલનની ચિંતામાં !... બંને રોકાયા છીએ; પરંતુ કામ કાંઇ થયું નથી !

મને લાગે છે કે આપણે બંને ભૂલ કરીએ છીએ. આપણે બંનેએ પકડેલો રસ્તો સલામત નથી. તેથી હું સલાહ આપું છું કે તમે લંડન પહોંચીને તરતજ તમારૂં કાર્યક્ષેત્ર બદલજો. હું પણ એમજ કરીશ.

બીજી એક વાત છે. ફ્રોસેટની સાથે તમે જેમ ભળી ગયા છો તે જ પ્રમાણે હાલ ગાડું ચલાવશો. હું પણ અહીં કેપ્ટન સ્મીથની

સાથે ભળી ગયો છું.

એમ ભળતોજ રહીને હું મારાં કાર્યનો ઢંગ બદલીશ. એથી એક તીરે બે શિકાર થશે!

તમે પણ એમજ કરશો. એજ.

લી૦

પેલો–વૃદ્ધ ફકીર ”

× × × ×

પત્ર વાંચતાંજ હું સમજ્યો કે એ પત્ર કરીમનો લખેલો છે અને “ પેલો વૃદ્ધ ફકીર ” તે કરીમજ હતો.

“ પરંતુ જે સાહેબે આ પત્ર મને આપ્યો તેની સાથે કરીમનો પરિચય કેવી રીતે થયો ? ” એ વિચાર મારા મનમાં ઘોળાતો હતો; એટલામાં બારણું ખખડ્યું.

લેડી એલન ઉંઘતી હતી અને તે હમણાં જાગશે પણ નહિ, એમ મને ખાત્રી હતી: મેં ઉઠી બારણું ઉઘાડ્યું. મને પત્ર આપનાર સાહેબ અંદર આવ્યો.

આવતાં વારજ તેણે અંગ્રેજીમાં બોલવા માંડ્યું–“ તમે એક છુપાવેશમાં રાજકર્મચારી છો, તે મારાથી કાંઇ છુપું ન રહ્યું. આપણા બંનેનું કાર્ય એકજ છે, તો આપણે પરસ્પર વિશ્વાસ રાખવો જોઇએ.”

“ આપ કોણ છો, તે હું જાણતો નથી. આપે શું કાર્ય માથે લીધું છે તે પણ મને ખબર નથી. તે ઉપરાંત આપ મને કોઇ ડિટેક્ટીવ માનો છો, તે બહુ વિચિત્ર લાગે છે. હું માત્ર એક સામાન્ય બબર્ચી છું. ” મેં તેને બનાવટી ભાષામાં—બબર્ચીની ભાંગી તૂટી અંગ્રેજી–ભાષામાં–કહ્યું.

“ હવે એ બધી ચાલાકી જવા દો. તમે ડિટેક્ટીવ હર્ષદ વિના બીજા કોઇ નથી. ”

“ સાહેબ ! આપ ભૂલો છો. ”

એ સાંભળતાંજ તેણે પોતાના રૂમાલમાંથી એક છબી કાઢી મારી સામે ધરી, તે જોઇ હું જરા ઝંખવાણો પડ્યો.

" આ કોણ છે ? ઓળખો છો ? "

હું ચૂપજ રહ્યો.

" કેમ ? શું વિચાર કરો છો ? આ ફોટો કોનો છે ? "

તે છબી મારીજ હતી. પશ્ચિમ વિભાગના મુખ્ય ડિટેક્ટીવ ઑફીસરની પદવી જ્યારે મને મળી હતી ત્યારે મારો એ ફોટો લેવાયલો હતો. હવે હું ક્યાં સુધી છુપો રહી શકું ? !

સાહેબે બોલવા માંડ્યું:-

" હું બીજા કોઇની સ્ટીમરમાં છું તેથી તમે એમજ ધારતા હશો કે હું તેના પક્ષનોજ હઇશ, પરંતુ હું તો લૉર્ડ અને લેડી નોરટનનો પરમ શુભેચ્છક છું. "

" આપનું નામ જાણ્યા વિના હું આપની સાથે વિશ્વાસની વાત કેમ કરી શકું ? "

" મારૂં નામ જાણીને શું પ્રયોજન છે ? "

" પરતુ કહેવામાં કાંઇ હરકત છે ? "

" ના...અલ્બર્ટ વિલિયમ. "

શું ? વિલિયમ તે આજ ? લૉર્ડ નોરટનનો પૂરો પ્રતિપક્ષી-હરિફ ! એનો કટ્ટો શત્રુ ! લૉર્ડ નોરટને એને આ સ્ટીમર ઉપર જોયો જ હતો.

એ આજે મારો વિશ્વાસુ બની મને ફાંસીએ ચઢાવવા આવ્યો છે ! ફરીમે ચિઠ્ઠી એની મારફતે મોકલવામાં કેવી ભયંકર ભૂલ કરી છે !

મને વિચાર કરતો જોઇ વિલિયમે કહ્યું:- તમે શું વિચાર કરો છો ! હજુ મારા ઉપર શું તમને વિશ્વાસ આવતો નથી ? હું ઇશ્વરને સાક્ષી રાખીને કહું છું કે હું લૉર્ડ નોરટનનો શત્રુ નહિ, પણ મિત્રજ છું. "

" ત્યારે તો આપ મિત્રભાવથીજ અત્રે મારી પાસે આવ્યા હશો ?"

" હું ફક્ત મિત્ર ભાવથીજ તમારી પાસે આવ્યો છું. તમે મારા ઉપર સંદેહ ન લાવતાં મારા કામમાં મદદ કરશો, એમ હું ધારૂં છું."

" હું હંમેશ સત્કાર્યમાં મદદ કરતો રહું છું. તમારૂં કાર્ય જોઇને

હું તમને મદદ કરીશ."

"હજુ તમને મારા ઉપર વિશ્વાસ આવતો નથી; પરંતુ હું ધર્મથી કહું છું કે..."

"ના. ના. મને તમારા પર વિશ્વાસ છે. આપ લૉર્ડ નોરટનના મિત્ર છો. એને શત્રુઓના ફંદામાંથી બચાવવામાં આપ મને મદદ કરશો તો જરૂર હું આપને આપના કાર્યમાં જીવથી મદદ કરીશ."

"હું તમારો આભાર માનું છું."

એમ કહી વિલિયમ ઉઠીને એલનની પાસે ગયો અને તેના માથા પર હાથ ફેરવવા લાગ્યો.

"મૂર્ચ્છાની સાથે જ્વર પણ ચઢ્યો છે, તમે એને કેટલી વાર દવા ખવાડી છે?"

"મને એ લોકોની દવા પર વિશ્વાસ ન હોવાથી મેં બિલકુલ આપી નથી."

"ના. ના. એટલા બધા અવિશ્વાસનું કંઇ કારણ નથી. તમે જાણતા હશો કે હવે એ લોકો એને મારી નાંખવા ઇચ્છતા નથી."

"હા. તે હું સમજું છું."

"તો એ દવા આપવામાં વાંધા જેવું કાંઇ નથી. તે છતાં પણ હાલ એને દવાની નહિ, પણ આરામની જરૂર છે."

"તેથીજ મેં દવા આપી નથી."

"તે ઠીક કર્યું."

એ પછી મને વિલિયમે પોતાની પાસે એક ખુરસી પર બેસવા કહ્યું.

"નહિ. સાહેબ! આ વખતે હું ખુરસી પર બેસીશ નહિ. આપ જાણો છો કે આ સ્થાન શત્રુઓથી ભરપુર છે. તો અહીં હું આપનું સન્માન સ્વીકારવા જાઉં તો આપણે બંને ફસાઇ પડીએ. અત્યારે તો આપ મને ફ્રેસેટના સામાન્ય નોકર તરીકેજ માનજો." મેં કહ્યું.

"તમે કહો છો તે ખરૂં છે; પરંતુ હું તમારૂં ખરૂં સ્વરૂપ ઓળખ્યા પછી પણ કેવી રીતે એમ કરી શકું? ત્રીજું કોઇ હાજર હોય ત્યારે ભલે તમે તેમ કરજો."

હું દરવાજો બંધ કરી આવીને ખુરસી પર બેઠો. અમે ઘણી ઘણી વાતો કરી. રાત્રે બે વાગ્યા તોયે અમારી વાતો પૂરી થઇ નહિ. અંતે હું અલબર્ટને ત્યાંજ મૂકી આખી સ્ટીમર બારીકીથી જોઇ વળવા માટે બહાર નીકળ્યો.

ઘોર અંધકારમાં સ્ટીમર પૂર્ણ વેગથી ચાલતી હતી.

૩૧

આ સામે કોણ છે ?

આમ તેમ નજર નાંખતો હું ચાલ્યો. કોઇ કોઇ ખલાસીઓ કામે લાગ્યા હતા—લડાઇ વખતે તૂટેલા ભાગો સમારતા હતા. બાકીનાઓ નિદ્રામાં પડ્યા હતા. સંખ્યા આશરે સોએકની હશે.

લાઇનબંધ ઓરડીઓ આવી. એક સર્વથી મોટી હતી. તેમાં સ્મીથ સૂતો હતો. બીજી ઓરડીઓમાં બે સાહેબો સૂતા હતા. ત્રીજીમાં અંધારૂંજ હતું. એક ઓરડીમાં ફ્રેસેટ સૂતી હતી. ત્રણે ઓરડીમાં દીવા સળગતા હતા.

સૌને પડતાં મૂકી હું ધીમે ધીમે સ્મીથની ઓરડીમાં ઘુસ્યો. મારા ગજવામાંથી એક તાળું કાઢીને મેં અંદરથી બારણાંને લગાવ્યું. પછી ક્લૉરૉફૉર્મની શીશી કહાડીને સ્મીથના નાક પાસે ધરી.

ધીમે ધીમે તેનો શ્વાસ બંધ પડવા લાગ્યો અને એક બે મીનિટમાં તો તે બિલકુલ બેભાન થઇ ગયો. હું આમ તેમ તપાસ કરવા લાગ્યો.

મેજ પર ઘણા કાગળો પડ્યા હતા. એક પછી એક હું તે જોવા લાગ્યો. કેટલાક સ્મીથના પોતાના કાગળો હતા. એક ફ્રેસેટના હાથનો લખેલો હતો; તેમાં મારે વિષે—હું એનો બબર્ચી થઇ રહેવા આવ્યો તે વિષે—લખેલું હતું. મારે તે વાંચવાની બહુ જરૂર ન હતી.

એ પછી મેં સ્મીથની ડાયરી શોધી કહાડી. તેમાં અગત્યનું એવું ઘણું લખેલું હતું. મેં મારી નોટબુક કાઢી તેમાંથી અગત્યનું બધું ઉતારી લેવા માંડ્યું.

એક ઠેકાણે લખ્યું હતું:–

કંઇક દિવસ થયાં પિતાજી ફરવા માટે સ્કૉટલાંડ ગયા છે આજે તેમનો પત્ર મળ્યો. તે લખે છે કે:—

જો તું પિતૃઋણ અદા કરવા ઇચ્છતો હોય તો દુરાત્મા નોરટનનો વંશ નષ્ટ કરવાને તત્પર થા. આજે એણે મારૂં ઘણું અપમાન કર્યું એટલુંજ નહિ, પરંતુ મેરીઆ લુઇસા નામની એક બદચલન સ્ત્રીની સાથે એ બદમાસે મારાં લગ્ન કરી દીધાં છે. લગ્ન કાયદેસર થયાં છે. જો લુઇસાને પહેલાંનું કોઇ સંતાન હશે તો તે મારી સંપત્તિના હિસ્સા પર હક્ક ધરાવશેજ. એ બધું હું પહેલાં જાણતો ન હતો. મને ફાંસામાં લઇને એણે આ કામ કર્યું છે. હાલ એણે લુઇસાને કોઇ સ્થળે છુપાવી દીધી છે. હું તેને શોધતોજ ફરૂં છું. જડશે તો અવશ્ય હું એનું ખૂન કરીશ. જ્યાં સુધી તું નોરટનનું સત્યાનાશ ન કાઢે ત્યાં સુધી હું તને મળીશ નહિ.

મારા પિતાનું આ પ્રમાણે અપમાન કરનાર દુષ્ટ નોરટનને એના કર્મનું ફળ ચખાડવાની હું આજે પ્રતિજ્ઞા લઉં છું.”

બીજે એક પાને લખ્યું હતું:—

આજે પિતાજીનો એક કાગળ આવ્યો. તેમાં તેઓ લખે છે કે:–

મેં નોરટનનું ખૂન કરવા માટે સમરૂને મોકલ્યો; પરંતુ કમનસીબે તે તે કામ કરી શકયો નહિ. સંભળાય છે કે નોરટન હિંદુસ્થાન જવાનો છે. એથી મેં એ તરફ પહેલેથીજ આપણા મંડળનાં માણસોને મોકલવાનો વિચાર કર્યો છે. કાલેજ કેપ્ટન સ્મીથ અત્રેથી હિંદુસ્થાન વિદાય થશે.

લંડન શહેરની **જેકોબાઇન** કલબના પંદર સભ્યો આપણા મંડળમાં દાખલ થયા છે. સર્વ સોગંદપૂર્વક તેના સંહાર માટે તૈયાર છે. જ્યાં સુધી તું એ કામ પૂરૂં ન કરે ત્યાં સુધી તું મારો પુત્ર નહિ.

એક આનંદની વાત છે. આજે હું એક શત્રુને મારીને શાંતિ પામ્યો છું. એથી કંઇક સંપત્તિ આપણે હાથ આવશે. મારા મસિઆઇ ભાઇ હેનરીને કોઇ ભાઇ બહેન નથી. હવે એની મિલકતનો હુંજ

અધિકારી છું-વારસ છું.

સમરૂએ મને એ કામમાં બહુ સહાયતા કરી છે કામ એવી ચાલાકીથી કર્યું છે કે ડૉકટર તો કહે છે કે એ હૃદય-રોગથી મરી ગયો છે.

હેનરીનો નિકાલ થઇ ગયો, તે એક સારી વાત છે. હું ક્યારનો એના વિચારમાંજ હતો. હવે પિતાજીને એક બાબતથી સંતોષ આપવાનું મારે માથે છે.

એ બધું મેં ઉતારી લીધું. મને વિચાર આવ્યો કે આ બધાં કાગળીઆંજ ઉપાડી જાઉં; પરંતુ પકડાઇ જવાના ભયથી તેમ ન કર્યું.

હું સર્વ ચીજો પાછી જેમ હતી તેમ ગોઠવતો હતો, એટલામાં પાસેની ઓરડીમાંથી કોઇના નિઃશ્વાસનો અને રૂદનનો અવાજ આવ્યો. જાણે સુમનસુંદરીજ રડતી હોયને !

પરંતુ તે આ સ્ટીમરમાં ક્યાંથી આવી ? તે આવી તો કરીમ ક્યાં ગયો ! ત્યારે શું કરીમે મને ઠગ્યો ?

એટલામાં પાછો રૂદનનો સ્વર સંભળાયો. એ ઓરડીની પશ્ચિમ તરફ એક બારણું હતું, તે ઉઘાડવાને પ્રયત્ન કર્યો. પરંતુ ત્યાં તો તાળું મારેલું હતું.

ઘણી મહેનતે આમ તેમ શોધ્યા પછી મને એક કબાટની ઉપરથી ચાવી હાથ લાગી. અવાજ ન થાય તેવી રીતે ધીમેથી મેં બારણું ઉઘાડ્યું.

ઓરડો ઘણોજ નાનો હતો: અંધકારમય હતો. અંદર કોઇ દેખાયું નહિ. પણ—

આ શું ? આ સામે કોણ છે ?

માનવ ? ભૂત ? કે દેવ-પ્રતિમા ?

મેં મારી પાસેનું ફાનસ સળગાવ્યું. એક અસામાન્ય સુંદરી ! બાલિકા ! !

મોં પર છેડો ઢાંકી તે રડતી હતી. મને જોઇ તેણે આશ્ચર્ય પણ ન બતાવ્યું ! મેં ધીમે ધીમે તેને અંગ્રેજીમાં પુછ્યું:-" બાઇ !

તું કોણ છે ? તને અહીં કોણે કેદ કરી છે ? "

તેણે ભાંગી તુટી અંગ્રેજી ભાષામાં જવાબ આપ્યો.

" હું એક ઇટાલીઅન બાળા છું. મારા પતિ વેનીસની ફોજના સેનાપતિ છે–છે નહિ, પણ હતા. આ દુષ્ટોએ તેમને ભાગ્યેજ જીવતા રાખ્યા હશે. આજ પચીસ દિવસ થયા, અમે કોર્સિકા જતાં હતાં. રસ્તામાં અમારૂં વહાણ લુંટાયું. લુંટની સાથે મને પણ લુંટવામાં આવી. મને અહીં લાવવામાં આવી. શયતાન મને બહુ દુ:ખ દે છે. આપ જો માનવહિતેચ્છુ સદ્‌વ્યક્તિ હો તો મારી રક્ષા કરો. "

એમ કહી તે પાછી રડવા લાગી. મેં મીઠા શબ્દોથી તેને ધીરજ આપવા માંડી. પરંતુ તે મારા શબ્દ પર ભાગ્યેજ ધ્યાન આપતી હશે.

" જો તું અધીર થશે તો હું તને છોડાવી શકીશ નહિ. તને અહીં મળ્યો છું, એ વાત કોઇને કહીશ નહિ. હું આ સ્ટીમરમાં એક સાહેબનો નોકર છું. જો આ વાત ઉઘાડી પડશે, તો તારી તો દુર્ગતિ થશેજ; પણ મારા તો પ્રાણ જશે. મારી સલાહ–ઉપદેશ જો તું સાંભળીશ તો તારૂં ભલું થશે. "

" બોલો. આપ શું સલાહ આપો છો ? હું અવશ્ય તે પ્રમાણે કરીશ. "

" અત્યારે તો મારી એજ સલાહ છે કે હાલ તું કોઇને પણ આ વાતચિતની ખબર પડવા દઇશ નહિ. કોઇ દ્રવ્ય કે સુખની લાલચ આપે તોયે કોઇને કહીશ નહિ. હું શપથપૂર્વક કહું છું કે લંડન પહોંચીને હું તરત તારા ઉદ્ધારનો ઉપાય કરીશ. "

" આપણે લંડન કયારે પહોંચીશું ? "

" હવે બહુ વખત નહીં લાગે ફક્ત બે એક દિવસ. "

" પછી આપ મને છોડાવશો ? "

" હા. નક્કી. "

" મારા પતિનું..."

" તેને હું કેવી રીતે ઓળખી શકું ! એને ઓળખ્યા વિના તેનો પત્તો પણ કેવી રીતે મેળવી શકું ? "

તે બાળા વિચારમાં પડી.

" વારૂ. એક વાત પૂછવી ભૂલી ગયો. તારૂં નામ શું ?"

" મિસ લીલી જ્યૉર્જ."

" અને તારા પતિનું ?"

એ પ્રશ્નનો જવાબ આપવાને બદલે તેને કાંઇ યાદ આવ્યું હોય તેમ, પોતાની ડોકમાંથી એક કંઠી કાઢી. તેમાં એક સોનાનું લૉકેટ ભેરવેલું હતું. તેણે ઝટ તે લૉકેટ કાઢી મારા હાથમાં મૂક્યું.

અહા ! આશા કેવી મધુરી છે ! એક અજાણ્યા મનુષ્યને આ પ્રમાણે લૉકેટ કદાપી અપાવે, તે આશાજ કની ?

લૉકેટમાં તેના પતિનો ફોટો તથા નામ પણ હતાં. તે લઇ હું તે બાળાને ધીરજ આપી બહાર નીકળ્યો. પાછું બારણું ચોક્કસ બંધ કર્યું. ચાવી ઠેકાણે મૂકી દીધી.

" આજે મેં જે પુરાવા મેળવ્યા છે તેથી મારો આટલા દિવસનો પરિશ્રમ સફળ થયો છે ! કરીમ કહે છે કે મેં ખોટો રસ્તો લીધો છે. પરંતુ મને તો લાગે છે કે હું ખરૂંજ કરૂં છું."

મેજ પર એક નાનકડી પેટીમાં અનેક શીશીઓ હતી તેમાં એક કલૉરોફૉર્મની પણ હતી. તે જોઇ મને એક યુક્તિ સૂઝી.

એ શીશીનો બુચ મેં ઉઘાડી નાંખ્યો. બુચ ખુલતાંજ કલૉરોફૉર્મની વાસથી આખી ઓરડી ભરાઇ ગઇ. એ ઓરડીનું બારણું બંધ કરી હું ચાલ્યો આવ્યો. એલનના ઓરડામાં અલબર્ટ વિલિયમ હજુ તેને પવન નાંખી રહ્યો હતો !

" તમને બહુવાર લાગીને ?!"

" કારણ કંઇ વિશેષ નથી. આખી સ્ટીમર હું જોઇ આવ્યો. અંદર કેટલાં માણસો છે તે પણ જોયું."

તેણે વિશેષ કાંઇ પૂછયું નહિ. ઘડીઆળમાં ત્રણના ટકોરા થયા ત્યારે તે એલનને નિદ્રામાં મૂકી પોતાની ઓરડીમાં ગયો અને દરરોજ પડે છે, તેમ સવાર પડી !

× × × ×

બીજે દિવસે સ્મીથ સવારમાં બહુ મોડો ઊઠ્યો. તે ફોસેટની સાથે વાત કરતો હતો તે મેં છુપાઇને સાંભળી.

" કાલે રાત્રે તો મારા પર બહુ આફત આવી પડી હતી. હું તો તોબા થઇ ગયો ! "

" શું થયું હતું ? " ફોસેટે પૂછ્યું.

" અરે આ ક્લૉરોફૉર્મનીજ મોહકાણ તો...આજે તમે લોકો મારૂં મોં પણ જોઇ શકત નહિ ? "

" એવું તે શું દુઃખ આવી પડ્યું હતું ? "

" શીશીનું મોં કોણ જાણે શાથી ઉઘડી ગયું હતું અને બારણું બંધ હતું એટલે આખા ઓરડામાં વાસ ભરાઇ ગઇ. તેથી આખી રાત મારૂં માથું દુખ્યું છે અને હું બેભાન પડી રહ્યો. સારૂં થયું કે બારણાને સાંકળ મારી ન હતી. પવનથી તે ઉઘડી ગયું અને સવારે વાસ છેક ચાલી ગઇ ત્યારે મારો જીવ ઠેકાણે આવ્યો. હજુ પણ મગજ ભમે છે. "

" ઓહ ! એતો કાંઇ ભયંકર ઘટના બની. તમારા જીવને કાંઇ નુકસાન ન થયું તે માટે ઇશ્વરનો ઉપકાર ! "

એ પ્રમાણે બે ત્રણ દિવસ ગયા. સ્મીથ અંદરથી બારણું બંધ કરી સૂતો હતો. દિવસે લાગ આવે તો હું ખબર કાઢતો હતો કે પેલી ઇટાલિઅન બાલિકા–મિસ લીલી. જ્યૉર્જ પર કાંઇ અત્યાચાર તો થતો નથીને !

એટલા વખતમાં એલન સારી થઇ. જ્યારે તેણે પહેલવહેલો વિલિયમને જોયો–ઓળખ્યો, ત્યારે તે ઘણું રડી. તેણે રડતાં રડતાં ઘણીવાર વિલિયમને કહ્યું:–

" વિલિયમ ! મારો પ્રાણ લેવો હોય તો ભલે લે, પરંતુ નોરટનને બચાવ; તેને છોડી દે. "

વિલિયમે પણ એને ખરી વાત બહુ સમજાવી. પોતે લૉર્ડ નોરટનનો શત્રુ નહિ પણ મિત્ર છે, એમ પણ કહ્યું.

કદાચ તેણે તેનું કહેવું માન્યું હશે.

આલબર્ટ હંમેશાં રાત્રે કોઇ ન હોય ત્યારે એલનની પાસે આવતો અને તેની સારવાર કરતો. કેટલીક વાર તે ઘણા વખત સુધી એલનની સાથે વાતો પણ કરતો.

કોઇ વાર તેમને એકલાં મૂકીને હું કાંઇ બહાને બહાર ચાલ્યો જતો અને પછી ધીમેથી બારણા પાસે આવીને વિલિયમની હિલચાલ જોતો. ઘણું ખરૂં હું તેમને વાતો કરતાં જોતો. એક બે વાર તેમને સાથે રડતાં—શાન્ત આંસુ પાડતાં જોયાં !!

" આ બે વચ્ચે શું સંબંધ હશે ? અત્યારે શો સંબંધ છે ? " એમ હું વિચાર કરતો. કોઇવાર મને આશ્ચર્ય લાગતું કે:—

" શું એલનને બે હૃદય હશે ? ! "

× × × × ×

એક અઠવાડીઆમાં અમે ઇંગ્લાંડનો કિનારો જોયો. સંધ્યા સમયે અમારી સ્ટીમર ' ટેમ્સ ' નદીના ડૉકમાં જઈ પહોંચી.

પહેલેથી સ્મીથના માણસો ત્યાં હાજર હતા. તેઓ પરસ્પર મસલત કરવા લાગ્યા કે આ બે કેદીઓને શહેરમાં કેવી રીતે લઇ જવા!

અંતે નક્કી થયું કે એ બંને સ્ત્રીઓનાં મોં ઢાંકીને શહેરમાં લઇ જવી. મિસ લીલીને લઇ જવાનો ભાર વિલિયમને માથે આવ્યો.

૩૩

હાઆઆઆશ !

(ડિટેકટીવ હર્ષદનાજ શબ્દમાં.)

રાત્રે અગીઆર વાગે કેદીઓને શહેરમાં લઇ જવાનો હુકમ થયો. લેડી એલનને અમે સમજાવી દીધું કે અમે જે કાંઇ કરીએ તેમાં તમારે કાંઇ પણ બોલવું નહિ. મિસ લીલીને એ વાત હું કહી શક્યો નહિ. પરંતુ તેને આજ સુધી વારંવાર હું ધૈર્ય આપતો હતો.

અસ્તુ. અમે નિર્વિઘ્ને કિનારે આવ્યાં. સ્મીથે તે બાલિકાની આંખ પર પાટા બાંધી દીધા હતા. ગાડીઓ તૈયાર હતી. એલન, હું

અને અલબર્ટ એક બ્રુમમાં (ગાડીમાં) ચઢી બેઠાં. બીજાંઓ બીજી ગાડીઓમાં બેઠાં.

ગાડીઓ ચાલવા માંડી. કહેવાની જરૂર નથી કે સ્ત્રીઓવાળી ગાડીઓને સૌની વચમાં ચલાવવામાં આવી !

ગાડીમાં બેસી વિચાર કર્યો:–" હવે એલનને અધિક સંકટમાં પડવા દેવાથી શું ફાયદો છે ? જેને માટે મેં આટલો પરિશ્રમ ઉઠાવ્યો હતો–આટલો સ્વાર્થ ત્યાગ કર્યો હતો, તે કાર્ય તો થઇ ગયું છે !...

" વળી આજ વખતે મારો છદ્મવેશ કાયમ રાખીનેજ એને મુક્ત કરૂં તો શું હરકત છે ?...કંઇ નહિ. ઉપરાંત અત્યારે તો અલ-બર્ટ મારો મદદગાર છે તો અવશ્ય એ કામ પાર ઉતરશેજ. "

મેં એ વિષયમાં અલબર્ટની સલાહ લીધી.

" જુઓ, " તેણે કહ્યું:–" આપણું કર્તવ્ય હજુ પુરૂં થયું નથી. હજુ આપણે ઘણી વાત જાણવાની બાકી છે, તે વિના લૉર્ડ નોરટ-નનો બચાવ થવો સંભવિત નથી. "

" આપ જે પ્રમાણો–સાબિતીઓ વગેરે મેળવવા માટે આ મંડળમાં રહેવાનું પસંદ કરો છો, તે બધી સાબિતીઓ મેં મેળવી છે. તે માટે આપ નિશ્ચિંત રહો. એ સિવાય જે કાંઈ કરવાનું છે તેને માટે હું એ મંડળમાં રહીશ. આપ એલનને લઇને જાઓ. "

" ક્યાં જાઉં ? "

" કોઇ સુરક્ષિત સ્થાને. "

" મારા ગયા પછી તમારા ઉપરજ સંદેહ આવશે. "

" એની ચિંતા મારે માથે. "

" તમે શું કરશો ? "

" ઢોંગ કરીને પડીશ...જાણે તમે મને ક્લૉરોફૉર્મથી બેહોશ કરીને નાસી ગયા હો !...એ બધો મેં વિચાર કરી મૂક્યોજ છે. "

" એ ઉપાય ઠીક તો છે. પણ–"

" હવે પણ–બણ કરવાનો વખતજ નથી. આપણે જ્યાં જવાનું છે તે સ્થાન હવે બહુ દૂર નથી. જો આપ લેડી એલનને બચાવવા

ઇચ્છતા હો તો મારી સલાહ પ્રમાણે તરતજ કરો. ”

“ તમારી એમ સલાહ હોય તો તમેજ લઇ જાઓ અને મને હજુ આ મંડળમાં રહેવા દો. ”

“ એમ કરવામાં મને કાંઇ હરકત નથી. પરંતુ તમે જાણો છો કે હું આ શહેરમાં નવો સવોજ છું. એમને લઇને હું એકલો કયાં જાઉં ? કયાં રહું ? ”

“ તેની ફીકર ન કરો. હું લૉર્ડ નોરટનની હવેલીનું ઠેકાણું લખી આપું છું. તે કોઇ પણ ભાડુતી ગાડીવાળાને કહેશો તો તરત તમને પહોંચાડી દેશે. ”

“ વારૂ. મારે પૂછવાનું છે કે લેડી એલનને બચાવવાનું તમારૂં કામ નથી ? ”

“ પરંતુ એથી હું એકને બચાવીશ, અને અહીંજ રહીશ તો લૉર્ડ નોરટનને પણ બચાવી શકીશ. ”

“ વારૂ. આપની એમ મરજી છે, તો એમ કરો. આપ એલનની સાથે પોષાક અદલબદલ કરી લ્યો. ”

“ કેમ ? તમે શી યુક્તિ કરવા ઇચ્છો છો ? ”

મેં તેને ટુંકમાં યુક્તિ કહી સમજાવી.

“ તમને ઠીક નવા નવા બુટ્ટા સૂઝે છે ! ” તેણે હસીને કહ્યું.

બંનેએ પોષાક બદલી લીધો. એલને પોતાનો ઉપરનો ઝબ્બો ઉતારી અલબર્ટનો કોટ તથા ઓવરકોટ ચઢાવ્યાં. ઓવરકોટ છેક એને પાની સુધી પહોંચ્યો; એટલે પાટલુન પહેરવાની જરૂર ન રહી. અલબર્ટ કદી મુછ રાખતો નહિ; એટલે તે બાબતમાં એલનનો વેષ પકડાઇ જવાનો સંભવ ન હતો.

અલબર્ટે પણ એલનનો ઝબ્બો એવી રીતે ઓઢી લીધો કે કોઇને પણ સંશય ન પડે. એ પછી મેં ક્લૉરોફૉર્મવાળો એક રૂમાલ તેને આપ્યો.

“ આ શા માટે ? ”

“ કોઇ પણ તમારી પાસે આવે તેના દેખતાં એ રૂમાલને તમારા

નાક પાસેથી પડવા દેવો. ”

“ એમ કરવાથી તો સંદેહ...”

“ નહિ આવે. એ પછી તમારે બે ત્રણ મીનિટ બેભાન થઇ પડી રહેવું. પછી જાગૃત થઇ પૂછે ત્યારે કહેવું કે મેં તમારા મોંમાં ડુચો મારી હાથ પગ બાંધી દીધા. પછી તમને આ અર્કથી બેભાન કરી મેં એલનનાં કપડાં તમને પહેરાવ્યાં. એ પ્રમાણે...”

“ એતો હું સમજી ગયો. ”

“ બીજી એક વાત છે—આપ અહીં રહો તોયે લાગ મળતાં મને છુપી મદદ કરતા રહેજો. હું હંમેશાં છળવેશમાં તમારી પાછળજ ફરીશ. વારૂ, સ્મીથ ક્યાં રહે છે? તથા તમે મને ક્યાં મળશો?”

વિલિયમે પોતાની નોટબુકમાંથી બે કાગળ ફાડી, મને બે શીરનામાં લખી આપ્યાં. એક ત્રીજે કાગળ લઇ મેં લખ્યું:-

“ સાહેબ !

એલનને પકડી રાખવાની મારામાં શક્તિ નથી. એ વારંવાર ગાડીમાંથી કુદવા જાય છે અને ચીસો પાડે છે. આપ બે જબરા માણસોને મારી ગાડીમાં મોકલી આપો.

મને બહુ ભય લાગે છે. સમય પણ ખોટો છે. સંભવ છે, કે શહેરની પોલિસની નજર અમારી ગાડી પર પડે.

લી૦ સેવક

આલ્બર્ટ વિલિયમ ”

ચિઠ્ઠી લખીને મેં આ પ્રમાણે વિલિયમની સહી કરાવી લીધી. મેં મારી સર્વ ચીજો કમ્મરમાં બાંધી લીધી. એલનને સમજાવી દીધું કે મારી સાથે બીજા એક બે માણસને આવતાં જુઓ કે તરતજ નીચે ઉતરીને ઉભા રહેવું, અને વાત કરવી પડે તો અવાજ બદલીને ટુંકામાં બોલવું.

પછી મેં કોચમેનની પાસે ગાડી ઉભી રખાવી. અમારી ગાડી ઉભી રહેતાં આગળ પાછળની બધીજ ગાડીઓ ઉભી રહી. મેં સ્મીથની ગાડી પાસે જઇ તેના હાથમાં ચિઠ્ઠી મૂકી.

ગાડીમાંથી ઉતરી ફાનસના પ્રકાશમાં તેણે ચિઠ્ઠી વાંચી. વાંચીને તરત ' જ્હૉન ! ' કહીને બુમ પાડવા લાગ્યો. જ્હૉન તથા એક બીજો સાહેબ ગાડીમાંથી ઉતરી આવ્યા.

" તમે બંને આ માણુસની સાથે જાઓ. એલન જે ગાડીમાં છે તેની તમે રક્ષા કરો...નાસે નહિ. ધ્યાન રાખજો. " સ્મીથે ધીમેથી આજ્ઞા કરી.

" બહુ સારૂં, જેવી આજ્ઞા ! "

" અને વધારે ગરબડ કરે તો ક્લૉરોફૉર્મથી બેભાન કરી નાંખજો. "

" ઠીક. "

એમ કહી તેઓએ મારી સાથે ચાલવા માંડ્યું. અમને જોઇ એલન તરત ગાડીમાંથી ઉતરી પડી.

જ્હૉને કહ્યું:—" અલબર્ટ ! તમે બહુ બીકણુ માણુસ છો. એક સાધારણુ સ્ત્રીને દબાવી શકતા નથી ? "

ચતુર એલને તરત અલબર્ટના અવાજનું અનુકરણુ કરી ઉત્તર આપ્યો—" હાલ હવાલ સારા ન જોઇ મેં એને ક્લૉરોફૉર્મથી બેભાન કરી નાંખી છે. "

" હા એ ઘણુંજ સારૂં કર્યું છે. " જ્હૉનની સાથેવાળો બોલ્યો.

" હવે આપ લોક આ ગાડીમાં બેસો. પાછળ ચાલવાની કાંઇ જરૂર નથી. અમે બીજી ગાડીમાં જઇ બેસીએ છીએ. " મેં કહ્યું.

" હા. તમે અમારાવાળી ગાડીમાં જાઓ. "

એમ કહી તે બંને ગાડીમાં ચઢી બેઠા. ગાડીઓ ચાલવા માંડી સારૂં થયું કે પાપીઓએ વખત પણુ રાત્રિનોજ પસંદ કર્યો હતો !

મેં અને એલને જે રસ્તેથી આવ્યાં તે તરફ ચાલવા માંડ્યું.

સર્વ ગાડીઓ પસાર થતાં અમે એક ગલીમાં ઘુસ્યાં. તરતજ એક પોલિસે અમને પકડ્યાં. તમે કોણુ છો ? ક્યાં જાઓ છો ? વગેરે પ્રશ્નો તે અમને પૂછવા લાગ્યો. મારા આપેલા ઉત્તરથી સંતોષ ન પામતાં તે અમને થાણુામાં લઇ ચાલ્યો.

એવી ચક્રમ્ વ્યક્તિની સાથે નકામી માથાફોડ ન કરવાનું યોગ્ય માની અમે તેની પાછળ પાછળ ચાલવા માંડ્યું. ચિંતા માત્ર મને એલનની હતી, કારણ કે તે હજુ પણ અલ્બર્ટના બેગમાંજ હતી.

થાણું બહુ દૂર ન હતું. ત્યાંનો ઉપરી પણ બહુ ભલો માણસ હતો. તે અમને સર્વ બાબત પૂછવા લાગ્યો. મેં જોયું કે એવા માણુસની સહાય મેળવીને વિદેશમાં હું કાંઇ પણ કરી શકીશ. એથી મેં તેને સર્વ વાત કહી. પણ તે સાથે એ વાતો છુપી રાખવાની સુચના પણ કરી.

લૉર્ડ નોરટનનું નામ સાંભળતાંજ તેણે એલનનું તથા મારૂં બહુ સન્માન કર્યું; અને અમને લૉર્ડ નોરટનના મકાને પહોંચાડવા માટે તેણે પોતાનીજ ગાડી તૈયાર કરાવી. તે તૈયાર થાય તે વખતમાં એમણે મને મારા વિષે વાતો પૂછવા માંડી. બીજી વખત મળીવાનું મેં વચન આપ્યું.

જ્યારે એલન અને હું લૉર્ડ નોરટનની હવેલીએ પહોંચ્યાં ત્યારે ઘડીઆળમાં બે વાગ્યા હતા. થાણાના ઇન્સ્પેક્ટરની આજ્ઞાથી કોન્સ્ટેબલો મકાનની આસપાસ ચોકી કરતા હતા.

મેં થોડો ફળાહાર એલનને લાવી આપ્યો; પરંતુ તેણે તે દિવસે કાંઇ ન ખાધું !

૩૪

" કૃપા કરી એ ન પૂછશો ! "

બીજે દિવસે સવારે હું પોલિસ-કમિશ્નરને મળ્યો. મારી સર્વ બાબત તેમને કહી. તેમનાથી છુટા પડતાં તેમણે મને એક આજ્ઞાપત્ર લખી આપ્યું. તેમાં લખ્યું હતું કે:-

" આ પત્રવાહક હિન્દી સરકારના એક મુખ્ય ડિટેક્ટીવ કર્મચારી છે. તેઓ અત્રે અમુક કાર્ય માટે આવેલા છે. લંડનના સમસ્ત પોલિસ વિભાગનું કર્તવ્ય છે, કે એમને જે મદદ જોઇએ તે આપવી. "

પોલિસ-કમિશ્નર-લંડન. "

આજ્ઞાપત્ર લઇ મેં તેમનો ઉપકાર માની રજા લીધી. નવ વાગે હું થોડુંક ખાઇને બહાર ફરવા નીકળ્યો. (લંડન ડાયરેક્ટરી) લંડનનો નકશો સાથે લીધો. મેં પોષાક એક તુર્કનો પહેર્યો હતો.

સાંજના ચાર વાગ્યા સુધીમાં હું ઘણા રસ્તાઓથી વાકેફ થઇ ગયો શહેરના મધ્યભાગની ગલીએ ગલીએ હું ફરી વળ્યો. અલ્બર્ટે જે બાગમાં મળવાનો સંકેત કર્યો હતો તે બાગ પણ શોધી કાઢ્યો.

તે વખતે હજુ સૂર્યાસ્ત થયો ન હતો તેથી હું મકાન પર પાછો આવ્યો. દરવાજા તરફ આવતાંજ જહૉન ત્યાં ભટકતો દેખાયો. હું અંદર ન જતાં રસ્તાની બીજી બાજુ પર એક ખૂણામાં ઉભો રહ્યો.

કંઇકવાર પછી જહૉન સીસકારી કરવા લાગ્યો. મકાનમાંથી એક ઠીંગણો નોકર બહાર આવ્યો. તે બંને કંઇક વાતો કરવા લાગ્યા; વાતો કરતા કરતા ચાલવા લાગ્યા. હું તેમની પાછળ પડ્યો.

લૉર્ડ નોરટનના સુરમાં પણ શત્રુ! આતો બહુ ભયંકર બાબત છે!

જે બાગમાં મેં અલબર્ટને મળવાનો સંકેત કર્યો હતો, તેમાંજ એ બંને વાતો કરતા ઘુસ્યા. એક એકાંત જગાએ જઇ તેઓ બેઠા. હું પણ પર્યટનમાં રાગડા તાણતો, તેમની જાણે દરકાર ન હોય તેમ, તેમનાથી થોડે દૂર જઇ બેઠો.

હું કાંકરે રમવા લાગ્યો. પરંતુ મારૂં ધ્યાન એ બંનેની વાતચિત સાંભળવામાં હતું. પેલો ઠીંગણો નોકર બોલ્યો:-

"તમે કહો છો તે ખરૂં. પરંતુ તે બહુ ચાલાક છે."

"તેથી શું થયું?"

"સહજમાં કાગળ કાઢી આપે એમ નથી."

"કેમ?"

"તેને મારા ઉપર વિશ્વાસ હોય તોને."

"તે ક્યાં જાણે છે કે તું અમારો માણસ છે?"

"જાણતો નથી. પણ થોડા વખતમાં જાણશે."

"કંઇ નહિ. તું બહુ સાવચેતી રાખજે."

એ પછી તેઓ બીજી ત્રીજી વાતો કરવા લાગ્યા. એ કોની

પાસેથી કાગળ કઢાવવા માગે છે તે ન સમજાયું. ઘણો વખત વાત કરી તેઓએ ઉઠીને ચાલવા માંડ્યું.

હું પણ તેમની પાછળ જવા લાગ્યો. એટલામાં એક દીવા આગળ અલબર્ટને મેં જોયો. મેં પાસે જઇ તેના ખભા પર હાથ મૂક્યો. પહેલાં તો મને ન ઓળખવાથી તે ચમક્યો.

" હું ક્યારનો આપની વાટ જોઉં છું. બીજા કોઇને જોયો છે ? "

" સ્મીથના મંડળના જર્દાન નામના એક બદમાસને હમણાંજ અહીંથી જતાં જોયો. "

" તેણે આપને જોયા તો નથીને ? "

" ના. તે તો વાતની ધુનમાં હતો. "

એજ વખતે થોડેક દૂર ઝાડીમાંથી બે ત્રણ પિસ્તોલ સાથે ફુટવાનો અવાજ આવ્યો અને તે સાથેજ એક સ્ત્રી—એક નવયૌવના સુંદરી—ચીસ પાડતી અમારી તરફ આવી.

આવીને તરતજ અલબર્ટના પગ પકડી તે રડતી કહેવા લાગી:-

" ઓ મહાશય ! મારી રક્ષા કરો. બદમાસો મને પકડીને લઇ જાય છે ! "

તેને ઉઠાડી અમે સાંત્વન આપ્યું, એને જોતાંજ મને કાંઇ વહેમ પડ્યો હતો. તેને શું દુ:ખ દેવામાં આવ્યું હતું ? અને કોણ પકડી જતું હતું ? એ વિષે પૂછતાં તેણે કહ્યું:—

" હું સાંજે એકલી પાર્કમાં ફરવા આવી હતી. મને એક બાઇએ આ તરફ બોલાવી અને એકાંત જોઇને બે ત્રણ બદમાસોએ મારા પર હુમલો કર્યો. તેઓ મારા મોંમાં ડુચો મારી મને ઘસડી લઇ જતા હતા, એટલામાં કાંઇ અવાજ થયો તેથી મને છોડી મૂકી. હું નાસીને તમારી તરફ આવતી હતી ત્યારે એ પાપીઓએ મને મારી નાંખવા માટે પિસ્તોલ ફોડી. "

" હવે તું ડરતી નહિ. અમે તારી રક્ષા કરીશું. એમ કહી અમે તેને શાંત પાડી.

" એમ માલમ પડે છે કે આ પૈશાચિક કામ પણ સ્મીથના

મંડળનુંજ છે. કારણ કે હમણાંજ પેલો અહીં આવી ગયો."

"આપનું અનુમાન ખરૂં હશે. ગમે તેમ હો; પરંતુ આપણે આ સ્રીને કોઇ સુરક્ષિત સ્થાનમાં પહોંચાડી દેવી જોઇએ."

"હા. એને આપણી સાથેજ લૉર્ડ નોરટનના મકાન પર લઇ જઇએ. ત્યાંથી પછી એને જ્યાં જવું હશે ત્યાં મોકલીશું."

લૉર્ડ નોરટનનું નામ સાંભળતાંજ તે યુવતિ ચમકી, અને આલબર્ટની સામે તાકીને જોવા લાગી. જાણે તે લૉર્ડ નોરટનને બહુ સારી રીતે ઓળખતી હોયને! એવું અનુમાન કરી મેં તેને પૂછ્યું.

"તું લૉર્ડ નોરટનને ઓળખે છે?"

"મારી વિનતિ છે કે આપ કૃપા કરી એ ન પૂછશો. મારો આગ્રહ છે કે એ માણસ વિષે મને કાંઇ પણ પૂછશો નહિ. પૂછશો તો હું ઉત્તર આપીશ નહિ."

એના શબ્દો સાંભળી મારા મનનો સંદેહ દૃઢ થવા લાગ્યો એની ઓળખાણ મેળવવા માટે મેં યુક્તિથી પ્રશ્નો પૂછવા માંડ્યા.

"લૉર્ડ નોરટન વિષે વાત જવા દેતાં હું બીજા પ્રશ્ન પૂછું તો ઉત્તર દેશોને?"

"હા. દઇશ."

"ત્યારે તમે આ શહેરમાં રહો છો કે?"

"ના, મારૂં વતન આ નથી."

"ત્યારે ક્યાં છે?"

"કૃપા કરી એ ન પૂછશો."

"વારૂ, અહીં ક્યાં મુકામ છે?"

"આ પાર્કની પેલી તરફના એક મહોલ્લામાં"

"તમારૂં અહીં કોઇ સગું હશે?"

"મારા પાલક પિતા."

"તમારૂં નામ શું?"

"કૃપા કરી એ ન પૂછશો; હું આપને પગે પડું છું કે હવે મને વધારે પ્રશ્ન ન કરશો. મારા પર દયા લાવી મને મારા મકાન

પર પહોંચાડશો તો હું જન્મભર આપની ઉપકૃત થઇ રહીશ."

"અમારી સલાહ માનો તો તમારા મુકામ પર ન જતાં લૉર્ડ નોરટનને ઘેરજ આજે રહેવું વધારે સલામતીભર્યું છે. કારણ કે તમારા શત્રુઓ તમારી પાછળ પડયા છે તે તમારો પીછો છોડવાના નથી, અને લૉર્ડ નોરટનના મકાનમાં કાંઇ ભય નથી." મેં કહ્યું.

આલ્બર્ટે પણ તેવીજ સલાહ આપી ત્યારે તેણે કહ્યું:–"આપને જેમ યોગ્ય લાગે તેમ કરો. તેમને મકાને મને ભલે લઇ જાઓ. પરંતુ મને હવે વધારે પૂછશો મા"

"જેમાં તમે નાખુશ થાઓ તે કામ અમે કરીશું નહિ."

એ પછી અમે પાર્કની બહાર આવ્યા. તે સ્ત્રીને અમારી સાથે ન ચલાવતા તેને થોડેક આગળ ચાલવા કહ્યું.

"આપ મારી સાથેજ ચાલો. મને બહુ ભય લાગે છે !"

"ના. હવે બ્હીવાની જરૂર નથી. કારણ કે અમે તમારી પાછળજ નજર રાખ્યા કરીશું."

તેણે આગળ ચાલવા માંડયું, એટલે મેં વિલિયમની સાથે વાતો કરવા મ ડી.

"કેમ, તમે શું ધારો છો ?"

"મને કાંઇ સમજાતું નથી. માત્ર સંદેહ—"

"શો સંદેહ પડે છે ?"

"કે આ કાવતરામાં પણ લૉર્ડ નોરટનને નુકસાન કરવાનો ઇરાદો હશે."

"બરાબર છે. હું પણ એમજ ધારૂં છું."

"માત્ર ધારવાથી બસ નથી. એનું મૂળ શોધવું જોઇએ."

"તે હું ભૂલું એમ નથી."

"આ રહસ્ય–ભેદ સ્પષ્ટ થાય ત્યાં સુધી છોડશો નહિ"

"ઠીક હવે તમે જાણુવા યોગ્ય શી બાબતો ભેગી કરી લીધી છે?"

"હા. આપને બે ત્રણ વાત કહેવાની છે."

"અને તે કહેવાનો આજ વખત છે."

મારા શબ્દ પર ધ્યાન ન આપતાં અલબર્ટ કહેવા લાગ્યો:–
"પહેલું તો એ, કે તમે ફ્લોરેન્સના બબર્ચી બનીને શત્રુઓની ઘણી વાતો જાણી લીધી છે તે તેઓએ જાણી લીધું છે..."

"આટલું થયા પછી તેઓ એટલું ન જાણે, તો તેઓ મર્ખા જ કની!"

"અને તમે કોણ છો તે પણ જાણ્યું છે!"

"એમ?"

"હા."

"તે કેવી રીતે જાણ્યું?"

"તે તો કોણ જાણે. બીજું–તેમણે પોતાની તરફથી લંડનના એક ચતુર પ્રાઇવેટ ડિટેક્ટીવને નિમ્યો છે."

"તે તો હું ધારતોજ હતો."

"વળી ત્રીજું એ છે કે લૉર્ડ નોરટનના કેસમાં એક સ્ત્રીનો ઘોટાળો લાવવામાં આવ્યો છે. તે સ્ત્રીને મારી નાંખવા માટે હાલ પ્રયત્ન થાય છે."

"શા માટે?"

"ઘણું કરીને તેના મરણથી એ લોકો કેસમાં ફાવી જશે એમ લાગે છે."

"તે સ્ત્રીનું નામ, ઠામ, શું છે?"

"તેનો કાંઇ પત્તો લાગ્યો નથી. આપણે લૉર્ડ નોરટનનેજ એ વિષે પૂછીએ તો?"

"તો કદાચ તે જવાબજ નહી દે તો?"

"કેમ?"

"કારણ કે તેણે એવી પ્રતિજ્ઞાજ કરી લીધી છે. કોણ જાણે શો વિદ્વેષાગ્નિ એના હૃદયને બાળી રહ્યો છે!"

"ઠીક. તો હવે હું તમને કાલે આજ વખતે ફ્લૉરેન્સ ગેલરીમાં મળીશ. આપ ત્યાં આવજો. આ સ્ત્રી સંબંધી રહસ્યમાં પણ શું ભેદ છે તે જાણવાને માટે પણ પ્રયત્ન કરીશું."

અમે છૂટા પડ્યા. હું તે યુવતિને સાથે લઈ લૉર્ડ નોરટનના મકાને પહોંચ્યો. હવેલી થોડે દૂર હતી, એટલામાં તે સ્ત્રીએ ચમકીને મારા ખભા પર હાથ મૂક્યો. મેં પૂછ્યું, "કેમ, શું છે ?"

"પેલા બે ગયા-પેલા." તે ગભરાટમાં બોલી.

"કોણ ?"

"જેણે મારા પર પિસ્તોલનો બાર કર્યો હતો તે."

"ઠીક. તમે બ્હીશો નહિ. આ સામેના મકાનમાં જાઓ. ત્યાં કાંઇ ભય નથી. હું હમણાંજ તમારી પાછળ આવી પહોંચું છું."

તે મકાનમાં ગઇ અને હું સામેની એક હૉટલમાં ગયો. અંદર જઇ મેં મારો વેષ બદલી નાંખ્યો. એક તુર્કમાંથી બદલાઇને ખલાસી થઇ ગયો. બહાર નીકળ્યો અને મકાનની પાસેજ આંટા મારવા લાગ્યો.

થોડી વારમાંજ પેલો ઠીંગણો નોકર અને જ્હૉન વાતો કરતા આવતા દેખાયા. તેઓ એક શરાબખાનામાં ઘુસ્યા. લાગ જોઇ તેમની પાછળ હું પણ ઘુસ્યો.

તેમની વાતો સાંભળી શકાય અને તેમને સંશય પડે નહિ તેવે સ્થાને જઇ હું બેઠો.

"હવે કાંઇ કહેવાનું છે ?"

"ના. મારે જવાનો વખત પણ થયો છે."

હું નિરાશ થયો.

"તો ફરી કયાં મળશો ?"

"તને બુમ પાડીશ...વારૂ, પણ તને ખાત્રી છે કે તે મેરીઆ લુઇસાજ હતી ?"

"એમાં કાંઇ શક નહિ. મેં મારી આંખે જોઇ છે. એનેજ ઠાર કરવા માટે હાલ સ્મીથ સાહેબે ઘણાં માણસો નિમ્યાં છે."

"તેમાંનો એક હું છું."

"તેં બરાબર જોયું છે, કે તે નોરટનનાજ મકાનમાં ગઇ ?"

"હા. મને ખાત્રી છે. તે કદાચ પેલા ડિટેક્ટીવનો આશ્રય લેવા માટે આવી હશે."

"તેમજ છે...પણ મેં કહ્યું તે ભૂલશો નહિ."

"નહિ ભૂલું."

"વખત ખોવામાં માલ નથી. કામ તરત થવું જોઇએ."

બંને છુટા પડયા. હું પણ વેષ બદલી લૉર્ડ નોરટનની હવેલી-માંજ આવ્યો પણ આશ્ચર્ય કે તે સ્ત્રી ત્યાં દેખાઇજ નહિ!!!

૩૫

"જીગર કેમ તૂટતું નથી?"

(લૉર્ડ સેસીલના શબ્દમાં.)

આજેજ અમે લંડન પહોંચ્યા. જુલીઅટની પ્રકૃતિ હવે સારી છે. સાંજે પાંચ વાગે અમારી સ્ટીમરે ડૉકમાં લંગર નાંખ્યું. સર્વ ઉતારૂઓ એક પછી એક નીચે ઉતર્યા. લૉર્ડ નોરટન આજ કેટલાક દિવસથી ઉદાસ છે.

આશ્ચર્યની વાત છે કે અમે ઉતર્યા કે તરત ડિટેક્ટીવ હર્બર્દની સાથે મારે મુલાકાત થઇ! મને બહુ નવાઇ લાગી કે એ અહીં ક્યાંથી?

થોડા શબ્દમાં તેણે મને બધી બાબત સમજાવી દીધી. એમ પણ કહ્યું કે એલનને શત્રુઓના હાથમાંથી છોડાવી છે. મેં તે ખુશ ખબર લૉર્ડ નોરટનને કહ્યા. પરંતુ તેમણે જરા પણ આનંદનાં ચિહ્‌ન બતાવ્યાં નહિ! એટલુંજ નહિ પણ મારા કહેવા પર ધ્યાન પણ આપ્યું નહિ.

સરકારી હુકમ પ્રમાણે ગાડી સહિત પોલિસ-કમિશ્નર સાહેબ ત્યાં હાજર હતા. તેમણે કહ્યું કે–"અમને લૉર્ડ નોરટનને એક સામાન્ય કેદી તરીકે કેદખાનામાં લઇ જવાનો હુકમ મળ્યો છે."

એ વાત લૉર્ડ નોરટનને કહી.

"રાજાજ્ઞા અવશ્ય પાળવીજ જોઇએ. જો એમજ કહ્યું હોય તો એમજ કરો." તેમણે જવાબ આપ્યો.

પોલિસ-કમિશ્નર તેમને કેદખાના તરફ લઇ ચાલ્યા. અમે–હું અને જુલીઅટ–પણ પાછળ ચાલવા લાગ્યાં. એક વાર એલનને

મળવા માટે મેં નોરટનને કહ્યું અને પોલિસ–કમિશ્નરે તેમ કરવાની છુટ આપી છતાં નોરટને તેનો ઇન્કાર કર્યો.

" મારે આ વખતે કોઇને મળવું નથી ! "

" અમે વધારે આગ્રહ કરી ન શક્યાં. જતી વખતે હર્ષદરાયે મને કહ્યું હતું કે:–" હું જ એલનને લઇને લૉર્ડ નોરટનને જેલમાં મળવા જઇશ. તમે મારે માટે પરવાનગી લઇ મૂકજો. " મેં પોલિસ કમિશ્નરને મળીને તેની પરવાનગી લીધી.

સાડા છ વાગે અમે લંડનની સેંટ્રલ જેલની સામે આવી પહોંચ્યાં. પોલિસ–કમિશ્નર અને નોરટન અંદર ગયા. અમને અંદર જવા ન દીધાં. જતી વખતે પણ નોરટન અમારી સાથે કાંઇ બોલ્યા નહિ ! જુલીઅટ તેની સામે ગરીબડી આંખે રડી રહી હતી–રોતી હતી; પણ તેની સામું એણે એક વાર પણ ન જોયું !

અમે એલનની વાટ જોતાં બહાર ઘણો વખત સુધી બેસી રહ્યાં. રાતના દશ વાગ્યા; જવાનો વિચારજ કરતાં હતાં એટલામાં એક પોલિસ–સાર્જંટ તથા ડિટેક્ટીવ હર્ષદ અને લેડી એલન આવી પહોંચ્યાં.

લૉર્ડને ખબર પહોચાડી. જવાબ આવ્યો કે " તે અત્યારે કોઇને મળવા ઇચ્છતા નથી. "

હર્ષદરાય જાતે તેમને મળવાને અંદર ગયા. તેમને લૉર્ડે કહ્યું:–

" જુઓ, મિ. હર્ષદ ! એલનની સાથે વાતચિત કરવાથી મને કાંઇ લાભ થવાનો નથી. ઉલટું મારૂં અને એનું બંનેનું હૃદય દુખાશે. માટે તેને આલબર્ટ વિલિયમની પાસે ચાલી જવાનું કહો. "

હર્ષદરાયે પાછા આવી તે સમાચાર શબ્દે શબ્દ અમને કહ્યા. અમે નિરાશ–નિરૂપાય–થઇ ગયાં; પણ લેડી એલન તો " ઓ જીગર ! **તું તૂટી કેમ નથી જતું ?** " એમ બોલી મૂર્છિત થઇ પડી. તેને પડતી વખતે મેં અને જુલીઅટે ઝાલી લીધી ન હોત તો એ કુસુમ-હૃદયી યુવતિનું શું થાત, તે–

તેને એવીજ અવસ્થામાં અમે ઘેર લાવ્યાં ! ઇશ્વર જાણે એના હૃદયમાં શું તોફાન ઉઠતું હશે !

૩૧

" હાય ! એ તો સુમનસુંદરીજ ! "

(કરીમના શબ્દમાં.)

છવ્વીસમી એપ્રીલને દિવસે અમે લંડનમાં પગ મૂકયો. મુકામ પર આવ્યાં તે પહેલાં હું ચંદ્રરાયને એક અલગ સ્થાને રાખી આવ્યો. સુમનસુંદરીને અમારી સાથે સ્મીથના મુકામ પર લાવવામાં આવી.

રાત્રે એના મંડળની સભા મળી. સ્મીથ અને સ્મીથસન ભેગા થયા. સભામાં કેસ કેવી રીતે ચલાવવો, તે બધું નક્કી કરવામાં આવ્યું.

દશેક વાગે સ્મીથ અને સ્મીથસન બંને મારી પાસે આવ્યા અને મને સુમનસુંદરીનો ઓરડો ઉઘાડી બતાવવાનું. કહ્યું મેં પ્રસંગનું અવલોકન કરી કહ્યું:–

" સુમનસુંદરી આજ કેટલાક દિવસો થયાં બિમાર છે. આ વખતે એની પાસે જવું ઉચિત નથી. એ એવી તો ગભરાઇ ગઇ છે કે જો અત્યારે એના ઉપર સહજ પણ અત્યાચાર કરવામાં આવશે તો એ આપઘાત કરી બેસશે. એથી આપ હાલ એની પાસે ન જાઓ તો સારૂં. "

મારી આ વાત સાંભળી સ્મીથે ભ્રકુટી ચઢાવી. " હાં, હાં, સમજ્યો. હવે તુ તો એનો હિતચિંતક થઇ ગયો છે. "

" આપને ભરોંસો ન આવતો હોય તો આ રહી ચાવી. આપ ખોલીને ખાત્રી કરી જુઓ." એમ કહી દમમાંજ મેં તેના હાથમાં ચાવી મૂકી દીધી.

તે લઇ તેઓ સુમનના કેદખાના તરફ ગયા. તેઓ બારણું ઉઘાડી અંદર પેઠા. ત્યાં અંધારૂં ફેલાઇ રહ્યું હતું. સ્મીથ ફાનસ મંગાવે તે પહેલાં મે સુમનની પાસે જઇ કહ્યું:–" તું માંદી હોવાનો ઢોંગ કરજે. " પછી ત્યાંથી ખસી જઇ મેંજ ફાનસ સળગાવ્યું.

મારા કહેવા પ્રમાણેજ સુમનને સુતેલી જોઇ તે સંતોષ પામ્યો. એ પાપીની સુમનના સુંદરતા ગમી ગઇ. સુમનને જોઇ એને મોહ ઉપ-

જ્યો. ઓરડો પાછો જેમ હતો તેમ બંધ કરવામાં આવ્યો.

" સાહેબ ! પેલી ચાવી આપની ભૂલી ગયા. " મેં તેની પાસેથી ચાવી પાછી મેળવવા કહ્યુ:—

" કંઇ નહિ. હવે એ હુંજ રાખીશ. " તેણે કહ્યું.

" પણ સાહેબ ! એને ખાવાનું મારે આપવાનું છે. "

" તે હું મોકલાવીશ. "

એમ કહી એણે ચાવી પોતાના ગજવામાં મૂકી ચાલવા માંડયું. એ સમયે મને લાગ્યું કે આજે આ લોકો નક્કી સુમનસુંદરીને અહીંથી ખસેડી નાંખશે.

લાગ જોઇ હું બહાર નીકળી પડયો. ચંદ્રરાયને જઇ મળ્યો. તેને બધી વાત કહી. તે સાંભળી તે બહુ ગભરાયો.

મેં કહ્યું, " તમે જરા પણ ગભરાશો નહિ. આ શરીરમાં જ્યાં સુધી લોહી છે ત્યાં સુધી હું કદી સુમનસુંદરી પર અત્યાચાર થવા દઇશ નહિ ! "

" પરંતુ એ પાપીઓ અત્યાચાર કાંઇ તમને પૂછીને કરવાના નથી. તેથીજ મારૂં કહેવું એમ છે કે જેમ બને તેમ ઉતાવળે કામ કરવું જોઇએ. "

" આપણે એજ પ્રમાણે કરીશું. "

" કરીમ ! તમે અમારો એકવાર મેળાપ કરાવી શકશો ? "

હું વિચારમાં પડયો. જો ચંદ્રરાયને—એટલે પેલા નવાબજાદાને સ્મીથ કે એનો કોઇ માણસ ફરીથી જુએ તો નિઃસંશય તેઓ વહેમ લાવ્યા વિના રહે નહિ.

" એ તો બહુ સાહસનું કામ છે. "

" પ્રાણ જવાનું સાહસ પણ હું કરી શકું એમ છું. "

" પણ તેથી ફાયદો શો ? '

" એટલે એમ કે હું સાહસથી હારી જઇશ નહિ. "

" ઠીક છે. એક યુક્તિથી તમને લઇ જઇશ. "

એમ કહી તેને મેં એક બુઢ્ઢા અગ્રેજનો વેષ પહેરાવ્યો. રાતનો

વખત હતો એટલે સ્વરૂપ ઓળખાઇ જાય એવું ન રહ્યું. અમે સાથે બહાર નીકળ્યા. બાર વાગ્યા હતા.

ચંદ્રરાયને બહાર ઉભો રાખી હું મકાનમાં ઘુસ્યો. એક ઓરડામાં સ્મીથ તથા બીજા સાહેબો પરસ્પર સલાહ લઇ રહ્યા હતા. ઇંગ્લાંડના બે પ્રખ્યાત બારીસ્ટરો પણ તેમાં હતા.

એ લોકો પર ધ્યાન ન આપતાં હું સુમનના ઓરડા તરફ ગયો. ધીમે ધીમે બારણાં પર ટકોર કર્યા. અંદરથી પૂછ્યું:—

"કોણ ? કરીમ ?"

"હા. તું અહીં છે કે નહિ, તે જાણવા માટેજ આવ્યો હતો. આજે કોઇ પણ તારા ઉપર અત્યાચાર કરવા આવે તો તું તેનાથી બ્હીની નહિ; હું અને ચંદ્રરાય આજેજ તને છોડવવાને તૈયાર થઇ ગયા છીએ."

"વારૂ. પણ આજે તું બહારથી કેમ વાત કરે છે ? અંદર શા માટે આવતો નથી ?"

"આજે મારાથી એકદમ આવી શકાય તેમ નથી."

"કેમ ?"

"સ્મીથે તારા ઓરડાની ચાવી મારી પાસેથી લઇ લીધી છે, પણ તે હું—"

"હેં ! શું ચાવી લઇ લીધી છે ? તો હવે શું થશે ?"

"તું ગભરાઇશ નહિ. સાંજ સુધીમાં અમે તને છોડાવીશું."

"વારૂ. તું ચંદ્રરાય સાથે મારી મુલાકાત કરાવ."

"તે નીચેજ ઉભા છે. અમે તને મુક્ત કરવાને માટે સર્વ તૈયારી કરી મૂકી છે."

"અને તો તેને અહીં તેડી લાવને."

"ઠીક. હું લાગ જોઉં છું."

એમ કહી હું ચાલ્યો. ધીમે પગલે મકાનની બહાર આવ્યો. અને ચંદ્રને શોધવા લાગ્યો. આશ્ચર્યની વાત છે કે જ્યાં મેં એને ઉભા રહેવાનું કહ્યું હતું ત્યાં કે તેટલામાં એ હતોજ નહીં !

હું ચારે દિશામાં એને ખોળવા લાગ્યો. કાંઇ પત્તો લાગ્યો નહિ. લાચાર થઇ મકાન પર પાછો આવ્યો. પાછો ફરું છું એટલામાં કોઇએ મને બોલાવ્યો. અવાજ મારી જમણી તરફથી આવ્યો હતો.

એક ઝાડ નીચે બે વ્યક્તિઓ ઉભી હતી. હું મારી પિસ્તોલનો ઘોડો ચઢાવી તેમની પાસે ગયો. પરંતુ એટલામાંજ મારા હાથ પર એક ડાંગનો ઘા પડયો. પિસ્તોલ પડી ગઇ. એક ક્ષણમાં તો મારા ગળા પર ફાંસીની માફક રૂમાલ ફરી વળ્યો ! અને—

હું બેહોશ થઇ પડયો !

જ્યારે પુનઃ જાગૃત થયો ત્યારે જોયું કે મારા હાથ દોરડીથી બાંધ્યા છે. બહુ પ્રયત્ન કરવા છતાં પણ હું છુટી ન શક્યો. હું એક ઓરડામાં હતો અને તે ઓરડાનું બારણું ઉઘાડું હતું.

એક ગેલેરીમાં થઇને મેં એક માણસને કોઇ સ્ત્રીને ખાંધ પર ઉપાડી જતાં જોયો. તેમાંની એક વ્યક્તિ ઓળખાઇ, તે જહૉન હતો; તેમાંની બીજી વ્યક્તિ પણ ઓળખાઇ. "હાય ! એ તો સુમનસુંદરી જ છે !" એમ મારાથી બોલાઇ જવાયું.

૩૭

"આ મકાન ભાડે આપવાનું છે."

(ડિટેકટીવ હર્ષદના શબ્દમાં.)

લૉર્ડ નોરટનને બચાવવાને માટે આ વખતે બે ઉપાય છે. એક તો મેરીઆ લુઇસાની જુબાની અને બીજો જ્યૉર્જ મિલ્ટનને જીવતો અદાલતમાં હાજર કરવો તે.

લુઇસા શત્રુઓના હાથમાં ફસાઇ હોવી જોઇએ. પણ તેને તો હું છોડાવી અને મેળવી શકીશ. એટલે એની જુબાની અપાવવી તો સહેલ છે. પરંતુ મિલ્ટનને પકડી લાવવો એ સહજ વાત નથી.

લુઇસા નોરટન સંબંધી કોઇ વાત બતાવવાને રાજી નથી. પણ તે એની પાસેથી જાણવીજ પડશે...હવે એ આ મકાનમાંથી જાતે ચાલી ગઇ કે શત્રુઓ એને પકડી ગયા ? ગમે તેમ હો પણ

મારે તો એનો પત્તો મેળવવોજ જોઇએ.

એમ નિશ્ચય કરી પહેરેગીરાને સાવધ રહેવાનું કહી હું હવેલીની બહાર નીકળ્યો. અલ્બર્ટના લખી આપેલા સરનામા પરથી સ્મીથનું મકાન શોધી કહાડયું. પરંતુ આ શું ?

આ તો કોઇ બીજાનું મકાન છે ! કાંઇ પણ ઉદ્દેશથી અલ્બર્ટેજ મને છેતર્યો. મેં મારૂં ચોર ફાનસ કાઢયું. જોયું તો બરાબરજ હતું.

બારણા પર પાટીયું માર્યું હતું.

" To be let–(આ મકાન ભાડે આપવાનું છે.) "

" જો અલ્બર્ટ શત્રુપક્ષનોજ હોય તો એણે એલનને છોડવવામાં મને મદદ શા માટે કરી ? "

એવો હું વિચાર કરતો હતો, એટલામાં ત્યાં કોઇ આવ્યું. હું ફાનસનો દીવો ગેપ કરી એક ખૂણામાં જઇ ઉભો. મધ્યરાત્રિનો સમય હતો તેથી મને કોઇ જોઇ શકે એમ ન હતું. અધુરામાં પુરૂં સ્મીથે મકાન એવા લત્તામાં રાખ્યું હતું કે રાતના બે માણસ વિરૂદ્ધ દિશામાં જતા હોય તો તેઓ એક બીજાને અથડાય ત્યારેજ જાણે કે સામેથી કોઇ આવે છે !

તે વ્યક્તિ એ મકાનનાં બારણાં પાસે આવી. પોતાની પાસેની ચાવીથી બારણું ઉઘાડયું, અને સુભાગ્યે તે અંદરથી બારણું દીધા વિના ઉપર ચાલી ગઇ.

હવેજ મેં જાણ્યું કે બારણા પરનું પાટીઉં તો માત્ર મારા જેવાને છળવાને માટે છે !

હું ધીમે પગલે તે વ્યક્તિની પાછળ ઘરમાં ઘુસ્યો. પરસાળમાં બધે અંધારૂં હતું. ઉપર વાતચિત થતી હતી.

" હવે બ્હીવાનું શું છે ? મુખ્ય સાક્ષી હાથમાં આવ્યો છે એટલે આપણા મંડળનો જય અનિવાર્યજ છે ! " જ્હૉન બોલતો સંભળાયો.

" હા. મારૂં પણ એવુંજ ધારવું છે. "

" પરંતુ પેલા હરામખોર ડિટેક્ટીવને સ્વર્ગમાં પહોંચાડી દેવો હજુ બાકી છે ને ? "

"તે કાંઇ મોટું કામ નથી."

"એ તો હું માથે લઉં છું." જ્હૉન બોલ્યો.

"વારૂ. પણ આ છોકરીને અહીંથી ખસેડવી જોઇએ."

"હા. આપનું કહેવું બરાબરજ છે."

"એને કાલ બપોર સુધીમાં બીજે લઇ જઇશું."

"પરંતુ આ ણી આસપાસ ડિટેક્ટીવો બહુ ફરે છે. તેમનાથી ચેતતા રહેજો."

મને ભય લાગ્યો કે આ વાક્ય મારા ઉપરજ ટીકારૂપે બોલાયું હશે, પણ આગળ વાત સંભળાતાં શાંતિ થઇ.

"એને અહીં રાખવાથી કોણ જાણે શું નવો ઝઘડો ઉત્પન્ન થશે. એને તો જેમ બને તેમ જલદી આ સ્થાનેથી દૂર કરવી જોઇએ." જ્હૉન બોલતો સંભળાયો.

"આટલો વખત સાચવ્યું તો કાલે બપોર સુધી સાચવી લેજો. એથી મોડું નહિ થાય."

આ લોકોની વાત સાંભળી હું વિચારવા લાગ્યો. "ખરેખર. લુઇસા આ લોકોના હાથમાં પડી છે. મારે તેને કાલે સવાર સુધીમાં બચાવવીજ જોઇએ."

એ વિચાર પૂરા થાય તે પહેલાં હું ચમક્યો! મારા ખભા પર કોઇનો હાથ પડ્યો!!

"હર્ષદરાયજી! ઓળખો છો કે?"

"કોણ? હું કોઇ હર્ષદરાયજી નથી."

"ત્યારે કોણ છો?"

"સ્મીથ સાહેબનો નોકર છું."

"ત્યારે હું ભૂલ્યો હઇશ. આપને જુઠું બોલવાની પ્રેકટીસ છે. મને નથી. બોલો ઓળખો છો ખરાને?"

"કોણ છો તમે?" મેં પૂછ્યું

મારા કાનમાં સ્વર આવ્યો: "કરીમ."

"કોણ? કરીમ!"

"જી હા. આપ અહીં શા માટે આવ્યા છો ? સાંભળો, લુ-સા અને સુમન બંને અહીં છે. આવતી કાલે આ વખત પહેલાં તે બંનેને મુક્ત કરવાની હું ધર્મથી પ્રતિજ્ઞા લઉં છું."

"પણુ તે શા કામનું ? કાલે બપોરે આ લોકો એને ખસેડવાની વાતો કરે છે."

"એ લોકો મૂર્ખા છે."

"કેમ ?"

"મને ખાત્રી છે કે કાલે રાતના દશ વાગ્યા સિવાય એમનાથી કાંઇ બનવાનું નથી."

"તમે શાથી એમ માનો છો ?"

"હું જાણું છું કે આ બે કેદીઓને જ્યાં એ લોકો લઇ જવા ઇચ્છે છે ત્યાં જવા માટે, એમનાં પાપી કામને માફક આવે એની એક સિવાય બીજી ટ્રેઇનજ નથી."

"તમે નક્કી જાણો છો ?"

"હા. નક્કી. તમે નિશ્ચિંત રહેજો......બીજી એક વાત
મારા વિષે તમે જાણો છો ?"

"શું છે ?" મેં પૂછ્યું.

"એક બદમાશે મારા ઉપર હાથ ચલાવ્યો હતો..."

"ક્યારે ? કોણે ?"

"ગઇ રાત્રે હું પેલા સામેના ઝાડ તરફ જતો હતો એટલામાં અંધારામાં મારા હાથ પર ડાંગનો ફટકો પડ્યો. હું જોવા જાઉં તે પહેલાં તો મારા ગળાની આસપાસ રૂમાલ વીંટાયો અને હું બેશુદ્ધ થઈ પડ્યો. જ્યારે જાગૃત થઇ જોયું તો મારા હાથ બાંધેલા હતા..."

"ખરેખર ! તમારા ઉપર હુમલો થયો કે શું !" મેં ભયભીત થઇ કહ્યું. "ત્યારે જો તમારા ઉપર એ લોકોને સંશય આવેલો હશે તો..."

"ના. આવ્યો હતો પણ હવે નથી. પેલા બદમાશ બીલનું એ કામ હતું એમ મને પાછળથી ખબર પડી. પણ મારા ઉપર

સ્મીથની સારી નજર છે એટલે કાંઇ ફીકર નથી મેં પુનઃ યુક્તિથી તેનું મન મેળવી લીધું છે. ..પણ એ બચ્ચા બ્કીલરને મારો હાથ બતાવ્યા વિના નહિ છોડું."

"હમણાં જરા ધૈર્ય રાખજો એટલે..."

એટલામાં એક સાહેબ સીડી પરથી ઉતરતો દેખાયો. હું તરત સીડીની પાછળ ભરાઇ ગયો.

"આજે એક મોટો શિકાર હાથ કર્યો છે. તેને માટે તું સાવધ રહેજે."

કરીમે તુટી-ફુટી અંગ્રેજી ભાષામાં જવાબ આપ્યો:-"હું તો હંમેશાં સાવધ છું સાહેબ!"

એ સાંભળી પેલો સાહેબ ચાલતો થયો. તેના પાછળ હું પણ કરીમની રજા લઇ અને તેને માથે સર્વ ભાર મૂકી બહાર નીકળ્યો. લૉર્ડ સેસીલના ઘર તરફ ચાલ્યો. સામા ટાવરમાં એ વખતે રાત્રિના બે વાગ્યા

લૉર્ડ સેસીલના નોકરે તેમને ઉઘતા ઉઠાડવાની ના કહી. પરંતુ મેં મારી ખરી ઓળખાણ આપી તથા પોલિસ-કમિશ્નરનું આજ્ઞાપત્ર બતાવ્યું, ત્યારે તે અંદર ગયો.

થોડીજ વારમાં લૉર્ડ સેસીલ જાતે આવી મને સન્માનપૂર્વક અંદર તેડી ગયા. એક ઓરડામાં ચાર પાંચ અંગ્રેજો બેઠા હતા. તેમાંના એકને ઓળખ્યો; તે હાઇકાર્ટની સ્ટેન્ડિંગ કાઉન્સીલનો મેમ્બર હતો.

લૉર્ડ સેસીલે મને તેઓની સાથે ઈંટ્રોડ્યુસ કરીને (ઓળખાણ કરાવીને) કહ્યું:-"મિ. હર્ષદ! પરમ દિવસે કેસનો દિવસ છે. અમે બધા તેને માટે તૈયારી કરીએ છીએ. તમને બોલાવવા માટે હું હમણાં માણસને મોકલતોજ હતો. સારૂં થયું કે તમે આવી પહોંચ્યા."

"મારા જેવું કાંઇ કામ હોય તો જરૂર ફરમાવો."

"તમારે અત્યારેજ સ્કૉટલાંડના હાર્બર શહેરમાં જવાનું છે. [illegible]ના વૃદ્ધ પિતા રહે છે. તે પાદરી છે. તેમને રક્ષણ કરીને

અત્રે લાવવાના છે."

"તેમની આસપાસ શત્રુઓ બહુ ભમતા હશે?"

"હાસ્તો. મેં તેમને આવવાનું લખ્યું હતું: છતાં તેઓ આવી પહોંચ્યા નહિ તેથીજ ભયનું કારણ છે."

એજ વખતે એક બુઢ્ઢો ભીખારી તે ખંડમાં પૂછ્યા વિના ઘુસી આવ્યો. અમે સર્વ સડકજ થઇ ગયા. તે ભીખારીએ પોતાનો ઉપરનો ફાટો તુટો ઓવરકોટ કાઢી નાંખતાં કહ્યું:-"જુઓને ભાઇ! મારે પણ ધડપણમાં આવા આવા વેષ કાઢવા પડે છે!"

ત્યારેજ અમે જાણ્યું કે મેરીઆ લુઇસના વૃદ્ધ પિતાજ આવી પહોંચ્યા હતા!

૩૮

પ્રિન્સ હાર્મર્ટ.

બીજે દિવસે સવારે હું લૉર્ડ નોરટનને મળવા માટે જેલમાં ગયો. એક સિપાઇ મને અંદર તેડી ગયો

મેં તેની સાથે પુષ્કળ વાતચીત કરી. તેણે ઉદાસ મનથી મારી અભ્યર્થના કરી. છુટા પડતાં તેણે કહ્યું:-"આપ મારે માટે વિશેષ આડમ્બર ન કરશો. લૉર્ડ સેસીલને પણ કહેજો કે મારી તરફ બોલનાર કોઇ બારીસ્ટરને નિમવાની પણ કાંઇ જરૂર નથી. મારે હવે બચવુંજ નથી."

મેં કાંઇ જવાબ આપ્યો નહિ.

"વળી એક વાત છે-મેરીઆ લુઇસાને કદી પણ મારા તરફથી સાક્ષી આપવા માટે તમે લાવશો નહિ. એટલું હું આગ્રહપૂર્વક માગી લઉં છું."

"પણ તેમ કરવાથી આપને બચાવવાનું કામ અમારે માટે કઠણ થઇ પડશે."

"મેં કહ્યું કે મને બચાવવા માટે તમે પ્રયત્નજ ન કરશો. સર્વ સાક્ષીદાતા પરમેશ્વરજ મારો પ્રધાન ન્યાયાધીશ છે. તેની સમક્ષ

હુ નિર્દોષ છું જો દોષીત હઇશ તો ને મને શિક્ષા કરશેજ. હું જોવા માગું છું કે 'સત્યનો જય ' એ કહેવત ખરી પડે છે કે ખોટી ?"

"પણ લૉર્ડ ! આપ એ વિષે ચિંતા ન કરશો. મેરીઆ લુઇસા આ શહેરમાં ક્યારની આવી ગઇ છે અને બારી-ટરો પણ..."

"શું લુઇસા અહીં આવી છે ?"

"હા. પણ શત્રુઓના પંજામાં છે."

"શું લુઇસા શત્રુઓના પંજામાં ? ચાલો, ચાલો, તેને જલદી છોડાવી લાવીએ."

એમ બોલી લૉર્ડ નોરટને મારો હાથ પકડી મને ઘસડી ચાલવા માંડ્યું. આ શું ? લૉર્ડ નોરટન ગાંડા થઇ ગયા ? એમ ન હોય તો આટલી આકુળતા શાથી ?

એટલામાં સિપાઇએ અંદર આવી એક કાર્ડ તેમના હાથમાં મૂક્યો. તે તેમણે મનેજ આપ્યો. તેમાં લખ્યું હતું—

"પ્રિન્સ હાર્બર્ટ."

મેં નોરટનને કહ્યું:-"લૉર્ડ ! પ્રિન્સ હાર્બર્ટ નામનો કોઈ ગૃહસ્થ આપને મળવા ઇચ્છે છે."

"પ્રિન્સ હાર્બર્ટ કોણ ?"

"તે આમાં લખ્યું નથી."

સિપાઇ તરફ ફરીને નોરટને કહ્યું:-"જા. જઇને તેને કહે કે તે કોઇને મળવા ઇચ્છતા નથી."

મેં કહ્યું:-સાહેબ ! તમે તેને ઓળખતા નહિ હો તોયે એક વાર તેને જોવો તો જોઇએ. કાંઈ જરૂરી કામને માટે આવ્યો હશે."

"પણ અપરિચિત માણસને મળવાથી શો ફાયદો ?"

"કદાચ તે ઓળખાણવાળોજ નીકળે '"

"લૉર્ડ સેસીલ જાતે હોય તોયે મારે કોઇને મળવુંજ નથી. મને સુખે મરવા દો."

અહા ! કેવી ગાંડાઇ !

"આપ નિરાશ ન થાઓ. આપને માટે નહિ, તો મારે માટે

પણ તેને આવવા દઇ તે શું કહે છે તે સાંભળો."

અંતે તેને અંદર લાવવાની રજા મળી. એક કાળાં વસ્ત્ર પહેરેલો વૃદ્ધ પાદરી અંદર આવ્યો. એને જોતાંજ મને લાગ્યું કે આ કોઇ વેષધારી હોવો જોઇએ. લૉર્ડ નોરટનને અભિવંદન કરી તે મારી સામેની ખુરસી પર બેસી ગયો.

"મહાશયના આગમનનું કારણ હું જાણી શકીશ ?" મેં પૂછ્યુ.

"નામદાર લૉર્ડની સાથે વાતચિત કરવી એજ મારા આવવાનો પ્રધાન ઉદ્દેશ છે. પહેલવહેલા અમે સ્કૉટલાંડમાં મળ્યા હતા. અવશ્ય એ વાત એમને યાદ હશેજ. મેરીઆ લુઇસાની સાથે મારે સારી ઓળખાણ છે..."

"તમે લુઇસાને ઓળખો છો ?" લૉર્ડે ઉત્સુકતાથી પૂછ્યું.

"જી હા. તેના સમાચાર લઇનેજ હું અહીં આવ્યો છું."

"શું ? શું ? તેના સમાચાર લાવ્યા છો ?" એમ બોલતાં નોરટને ઉભા થઇ અનહદ સન્માનથી તેની સાથે શેકહેન્ડ કરી. બોલો બોલો. શું સમાચાર છે ?"

તે ડોસાએ સંદેહથી મારી તરફ જોયું.

"તમે એમનાથી સંકોચાશો નહિ. એ મારા પરમ મિત્ર છે. તમે છુટથી જે કહેવાનુ હોય તે બોલો."

ડોસાનો વહેમ એ છતાં પણ ગયો નહિ.

"મહાશય ! માફ કરજો. તેણે કહ્યું. એ સમાચાર કોઇની હાજરીમાં કહેવાની મને લુઇસાની આજ્ઞા નથી."

"જ્યારે મેં ડોસાને અંદર આવવા દેવાની નોરટનને ભલામણ કરી ત્યારે મને ખ્યાલ પણ ન હતો કે તે મનેજ બહાર કઢાવશે. લૉર્ડ નોરટને ઘણા વિનયપૂર્વક મને પણ પછી આવવાનું કહ્યું.

હું બહાર નીકળ્યો, અને જેલરને મળ્યો. પોલિસ-કમિશ્નરનું આજ્ઞાપત્ર તેને બતાવતાં તેણે મને એક એવા ઓરડામાં લઇ જઇને બેસાડ્યો કે જ્યાંથી એ બેની વાતચિત બરાબર સાંભળી શકાય.

હું આટલુંજ સાંભળી શક્યો:—

"ત્યારે હું જઈશ હવે."

"કેમ ? એટલામાંજ ?"

"પછી મારે પેલાને મળવું છે."

"વખત બહુ છે. ઉતાવળ કરવાની કાંઇ જરૂર નથી."

"આપનું કહેવું વ્યાજબી છે. વ્યર્થ વાતોમાં સમય ગાળવાથી શું ફાયદો થશે ?"

"મને થોડીક લુઇસા વિષે વાતો સંભળાવો."

"તે સાંભળીને આપ શું કરશો ?"

"તે સાંભળવી મને બહુજ ગમે છે...એ સારી તો છેને ?" લૉર્ડ નોરટને પૂછ્યું.

"ઘણી ખુશીમાં છે. આપને તે બહુજ સંભારે છે."

"એમ કે ?

"હા...પણ પેલા પુસ્તક વિષે શું કરવાનું છે ? '

"તે તો આપ જેમ કહો તેમ કરીએ."

"મારો તો આમ વિચાર છે કે જુઓ–આપ એક પત્ર લખી તે રજીસ્ટરીવાળી ચોપડી મંગાવીને આપની પાસેજ રાખો. અથવા આપ મનેજ એક પત્ર લખી આપશો તો હુંજ તે લાવી આપીશ." તે ડોસો બોલતો સંભળાયો.

હા. એ રસ્તો સારો છે."

"બીજું આપ લુઇસાનો પત્ર મને પાછો આપો. તે આપની પાસે રહે એ સહીસલામત નથી."

"એ પણ ખરી વાત છે. જતી વખતે આપ તેને પણ લેતા જજો. વળી હું એક પત્ર પેરીસના પાદરી પર લખી આપું છું. તે તેને બતાવશો કે તરત તમને રજીસ્ટરીવાળું પુસ્તક મળી જશે."

એમ કહી લૉર્ડ નોરટને પત્ર લખવા માટે ખડીઓ કલમ લીધાં. તેનો ગણુસારો મને સંભળાયો. વળી એક બે સેકન્ડમાં મનુષ્યનાં પગલાં પડતાં સંભળાયાં. મેં ધાર્યું કે લૉર્ડ લખે છે તે વખતમાં ડોસો આખા ઓરડાનું અવલોકન કરવા માટે ફરી રહ્યો છે.

એ લોકો રજીસ્ટરીવાળી કઇ ચોપડીની વાતો કરતા હશે તે સમજવા માટે હું પ્રયત્ન કરતો હતો; એટલામાં લૉર્ડના શબ્દ સંભળાયા.

"હવે. આ પેરીસના પાદરીને આપવાનો પત્ર...અને આ લુઇસાવાળો પત્ર; એને જીવ પેરે સાચવજો હોં !"

"આપ તેની ચિંતા ન કરશો."

એમ કહી તેણે રજા લીધી. હું પણ મારી જગ્યાએથી ઉઠયો. તે જ ઓરડામાં મેં એક ખલાસીનો વેષ ધારણ કર્યો. આંખ પર કાળાં ચશ્માં ચઢાવ્યાં. કોની મગદૂર છે કે હવે મને ઓળખી શકે ?

એવો બની હું બહાર નીકળ્યો. દશેક વારને છેટે મેં એ ડોસાને જતાં જોયો. તેણે એક વાર પાછું ફરીને જોયું. કોઇને પાછળ પડેલું ન જોઇ નિશ્ચિંત મનથી તેણે ચાલવા માંડયું.

આમ તેમ ચક્કર મારતો છેક બાર વાગે તે નોરટનના મકાનની સામે ઉભો રહ્યો. ત્યાં એક દુકાન હતી તેમાંથી પેલો ઠીંગણો નોકર બહાર આવ્યો. ડોસાના ખભા પર તેણે હાથ મૂકયો. બંનેએ પરસ્પર મોં મલકાવ્યું અને દુકાનમાં ઘુસ્યા.

તેમની વાટ જોતો હું બહારજ ઉભો રહ્યો. આશરે અડધો કલાક વીતી ગયો પણ કોઇ બહાર આવ્યું નહિ !

અંતે એક બુરખાવાળી સ્ત્રીની પાછળ પેલા ઠીંગણાને આવતો જોયો. મેં ધાર્યું કે હજુ પેલો ડોસો અંદરજ હશે. પરંતુ જ્યારે એ ઠીંગણાને તથા પેલી છુપા વેષવાળીને સાથેજ ચાલતાં જોયાં, ત્યારે મને ખાત્રી થઇ કે આ સ્ત્રી તે બીજું કોઇ નહિ, પરંતુ આપણા ડોસા કાકાજ !

હું તેમની પાછળ પડયો. તેઓ મકાનના પાછળના દરવાજામાં થઇને અંદર ઘુસ્યા. એ દરવાજા પર ચાર સશસ્ત્ર પહેરેગીરો પહેરો ભરતા હતા. હું મારો મૂળ વેષ ધરી તેમની પાસે ગયો ને દમામ-ભેર પૂછયું:—

"અલ્યા ! હમણાં એક સ્ત્રી અને પુરૂષ અંદર ગયાં તેમને કેમ જવા દીધાં ?"

" સાહેબ ! તેઓ તો અહીંનાંજ છે. "

" કોણ છે ? "

" લૉર્ડનો નોકર અને તેની સ્ત્રી. આજેજ સવારે તે સ્ત્રીને લઇને કંઇ કામે ગયો હતો; તે પાછો આવ્યો છે. "

" હરામખોર ! જુઠું બોલે છે કે ? " મેં તે સાચું બોલે છે કે નહિ તે જાણવા માટે ક્રોધ બતાવ્યો.

" નહિ સાહેબ ! નહિ. હું ધર્મથી કહું છું કે... "

" વારૂ. તેનું નામ શું ? "

" જોસેફ. "

" ઠીક છે. હવે બરાબર ધ્યાન રાખજે. "

એમ કહી હું ત્યાંથી દૂર ચાલ્યો ગયો. મને ખાત્રી થઇ કે એ ઠીગણાએ આ પહેરેગીરોને પણ ઠગ્યા છે ! આખો દિવસ મેં બહારથી ગુપ્ત વેષે મકાન પર ચોકી રાખી.

× × × × ×

સાંજે એક ચતુર ડિટેક્ટીવને મારૂં કામ સોંપી હું જેલ તરફ ચાલ્યો. નોરટનને મળી તેને કહ્યું:–" જે વ્યક્તિ આજે સવારે આપને મળવા આવી હતી, તે તો શત્રુઓનો માણસ છે. ખરેખર તે મેરીઆ લુઇસાનો મિત્ર નથી. આપે એનો વિશ્વાસ કરીને સારૂં ન કર્યું. "

મારા શબ્દ સાંભળતાંજ લૉર્ડ નોરટને ક્રોધથી જવાબ આપ્યો. " તમને તેની તપાસ કરવાનું કોણે કહ્યું ? કોણ કહે છે કે તે શત્રુઓમાંનો છે ? એમ હોય તો લુઇસા કદી તેને મારી પાસે મોકલેજ નહિ. તમે એ વિષયમાં નકામો હાથ નાંખશો નહિ. હું તમારા કરતાં વધારે જાણું છું. "

હું ફરીથી મનમાં બોલ્યો:–" આહા ! કેવી ગાંડાઇ ! " દુઃખને લીધેજ એનો સ્વભાવ બગડી ગયો છે. એથી બીજી કાંઇ વાતચિત ન કરતાં મેં એની પાસેથી રજા લીધી.

ત્યાંથી નીકળતી વખતે મને એક પત્ર આપી તેમણે કહ્યું:– " કૃપા કરી આ પત્ર એલનને આપી દેજો.

પત્ર હાથમાં લઇ મેં પૂછ્યું:—" આપનો લખેલો છે ?"

તેમણે કાંઇ જવાબ આપ્યો નહિ. માત્ર આંખમાં આંસુ લાવી મારી સામું જોઇ રહ્યા.

"એનો ઉત્તર પણ લાવવાનો છે કે ?"

"એનો ઉત્તર માગવાનો હવે મને અધિકાર નથી."

એમ કહી વિલાયતનો પ્રતિષ્ઠિત, ધનવાન, અમીર લૉર્ડ નોરટન બંને હાથે મોં ઢાંકી એક નાના બાળકની માફક હૃદય છુટું મેલી રડવા લાગ્યો !

હું એની દશા જોઈ ન શક્યો—બહાર ચાલ્યો ગયો. મારી આંખમાં પણ આંસુ આવ્યાં !

૬૯

"ભાડે આપવાનું છે !"

(કરીમના શબ્દમાં.)

ડિટેક્ટીવ હર્ષદને વિદાય કરીને હું અંધારામાંજ વિચાર કરતો ઉભો. આજે હું સુમનને મળી શક્યો ન હતો, એટલુંજ નહિ પણ તે ક્યાં હશે તે પણ હું જાણતો ન હતો. તેને મારે શોધી કહાડવાની હતી.

લુઇસાને પણ એ લોકોએ પકડીને આજ મકાનમાં લાવી રાખી છે. તેને છોડાવવાનું પણ મેં હર્ષદને વચન આપ્યું છે એ બંનેને કાલે સાંજ સુધીમાં બચાવી લેવાનાં છે.

ધીમે ધીમે હું ઉપર આવ્યો. લુઇસાવાળો ઓરડો શોધી કહાડ્યો તેને તાળું મારેલું હતું. મારી પાસેની સર્વ ચાવીઓ લગાડી જોઇ, પરંતુ એકેથી તાળું ઉઘડ્યું નહિ.

એ વખતે પાસેના ઓરડામાં વાતચિત થતી સંભળાઇ. હું બારણાની પાછળ જઇ ઉભો રહ્યો.

થોડી વારે શબ્દો સ્પષ્ટ સંભળાવા લાગ્યા. અવાજ પરથી મેં

જાણ્યું કે સ્મીથ બોલે છે.

"આપણા મંડળના સર્વ આદમીયો મૂર્ખ છે! એમ ન હોય તો શત્રુઓ આપણામાં ભળી જઇ આટલી બધી વાત જાણી શકેજ કેમ ?"

"આપણામાંનોજ કોઇ ફુટેલો હશે."

"તેમ પણ હોય. મને તો આ કરીમ પર વિશ્વાસજ નથી. એ માણસ શત્રુ પક્ષનોજ હોવો જોઇએ."

"મારી સલાહ પ્રમાણે તો એને કાઢી મૂકવો જોઇએ. જો ઠાર કરી નાંખો તો તો એથી પણ વધારે સારૂં. બીજું લુઇસા જો આપણા હાથમાં આવી છે તો તેને જીવતી શા માટે રાખવી? જ્યાં સુધી જીવતી રહેશે ત્યાં સુધી આપણને ભય લાગશેજ. પરમ દિવસેજ મુકર્દમો ચાલશે અને લુઇસા તો નોરટનની મુખ્ય સાક્ષી છે. એને જેમ બને તેમ સમાપ્ત કરવી જોઇએ."

"બરાબર છે."

"વળી પેલા ગુપ્ત લગ્નના સાક્ષીઓને તો મોર્લીએ ક્યારના સ્વર્ગમાં પહોંચાડી દીધા હશે. હવે માત્ર આ બે જણ રહ્યાં છે. લુઇસા અને કરીમ."

"પણ કરીમ પર વહેમ લાવવાનું કારણ શું? એણે આજ સુધીમાં એવું સંદેહજનક કાંઇ પણ કામ કર્યું નથી. ઉલટું એની મારફતે તો આપણે શત્રુઓની ઘણી વાતો જાણી છે. વળી એ તો એમજ કહે છે કે નોરટનને આપના પિતાનું ખૂન કરતાં મેં મારી નજરે જોયો છે, એમ હું સાક્ષી આપીશ. આપણે પણ એને સ્કૉટલાંડનો વતની ઠોકી બેસાડશું તો કોઇને સંશય આવે એમ નથી."

"ઠીક છે. તો હમણાં એને જીવવા દો." સ્મીથે કહ્યું.

હું મનમાં બોલ્યો:-"હમણાં મને જીવવા દો, અને પછી જોજે કે હું તને જીવવા દઉં છું કે નહિ!"

"વારૂ. ત્યારે આ લુઇસાનું કામ કોણ ઉપાડશે?"

એક જણ ઉભો થયો.

"બરોબર છે. તમેજ એ કામ માટે યોગ્ય છો. ધ્યાન રાખજો પરમ દિવસની સવાર પહેલાં પુરૂં થવું જોઇએ."

"અરે કાલે રાત સુધીમાં તો એ સુરંગ હતી ન હતી થઇ જશે." ઉભો થનાર બોલ્યો.

"ઠીક. કામ પુરૂં થતાં તમને ઇનામ મળશે. બીજું હવે તમે કોઇ જઇને સ્ટીવન્સનને બોલાવી લાવો."

એકે પૂછ્યું. "તે ક્યાં હશે?"

"નંબર બાર."

"૧૨ નંબરમાં જવાની અમને મનાઇ છે."

"કોણે કરી છે?"

"તે સાહેબેજ."

"ઠીક હું પત્ર લખી આપું છું, તે લઇને તમે ત્યાં જાઓ. તમને કોઇ અટકાવે તો પત્ર બતાવજો, એટલે જવા દેશે."

થોડીક વારે હાથમાં પત્ર લઇ એક માણસ બહાર નીકળ્યો. મેં તેને તરત ઓળખ્યો. તે ઓલિવરજ હતો. પત્ર ગજવામાં મૂકી તે દાદરથી ઉતર્યો. હું પણ મારૂં સ્થાન છોડી, તેની પાછળ પાછળ જવા લાગ્યો. 'એના એક હાથમાં ચાવીઓનો ઝુમખો છે તે મારે મેળવવો જોઇએ! નંબર ૧૨ ના મકાનમાં શું ચાલે છે તે પણ જાણવું જોઇએ.'

બારમા નંબરનું મકાન મેં જોયેલુંજ હતું. તે આ મકાનથી એક માઇલજ દૂર હતું. પણ રસ્તો એવો આવતો હતો કે જતાં આવતાં બે કલાક તો થાયજ. ઇંગ્લાંડના મોટા મોટા અમીરોની વાડીઓ રસ્તા પર આવતી, અને કેટલેક ઠેકાણે તો જંગલ જેવું હતું.

તે દિવસે આકાશ પણ પૂર્ણ મેઘાચ્છન્ન હતું. પવન સુસવાટા બંધ નીકળ્યો હતો. રસ્તા પરની કોઇ કોઇ બત્તીઓ હોલવાઇ ગઇ હતી.—મારા પગનો ધસારો સાંભળી ઓલિવર ચમક્યો; પાછું ફરીને જોયું. પાછો ચાલવા લાગ્યો.

એક-બે-અને ત્રણ સેકન્ડ પુરી થઇ નહિ; ખીસામાં તો હું હાથ

મારી તેના ઉપર કૂદી પડ્યો. એક આંચકાની સાથે તેને જમીન પર ચત્તોપાટ સુવાડી દીધો, અને ગળું દાબ્યું. તેને ચીસ પાડવાનો પણ વખત ન મળ્યો.

તેના મોંમાં ડુચો મારી, મેં હાથ પગ બાંધી દીધા. તે મૂર્છિત થઈ ગયો હતો. મેં ગજવાં ખોળવા માંડ્યાં. બે ચાર ચીજો હાથ લાગી. એક તમંચો, ચાવીનો ઝુમખો, તથા સ્મીથનો કાગળ અને હાથની આંગળી પરથી મંડળની વીંટી.

હવે ત્યાં ઉભા રહેવાની શી જરૂર હતી ?

ઝટ બારમા નંબરનું મકાન શોધી ઉઘાડ્યું. બારણે નોકર બેઠો હતો. તેને મેં અંદર જવા દેવાનું કહ્યું.

" અંદર જવાનો હુકમ નથી. "

" હું પત્ર લઈને આવ્યો છું. સ્મીથ સાહેબનો પત્ર છે. "

" તેમાં શું થયું ? લાવ પત્ર મને આપ. હું સાહેબને આપી આવીશ. "

" ના. તમને આપવાનો નથી. "

" ત્યારે અંદર જવાશે નહિ. "

તરત મેં મંડળની વીંટી બતાવી. એટલે તેણે મને અંદર જવા દીધો. ચાર પાંચ અંધારા ઓરડા પસાર કરી એક દિવાનખાનામાં આવી પહોંચ્યો. ત્યાં સાધારણ જ અજવાળું કર્યું હતું. એક સિપાઈ ત્યાં બેસી રહ્યો હતો તેને વીંટી બતાવતાં તે મને સ્મીથસન પાસે તેડી ગયો.

એક સીડી આવી. તે ચઢવાની નહિ, પરંતુ ઉતરવાની હતી. તે ઉતર્યો, એટલે બે ઓરડા પસાર કરી બીજી એક સીડીએ ઉતરવાનું આવ્યું. મેં વિચાર્યું કે આ મકાન તો એક મોટી ભોંયરા કરતાં પણ વધારે ભયંકર છે ! એમાં એકવાર ફસાયા તો પછી રસ્તો શોધી બહાર નીકળવું બહુ મુશ્કેલ થઈ પડે !!

* * *

" મને લાગે છે કે મેં તમને કોઈ ઠેકાણે જોયા છે. " સ્મીથસને મને જોઈ કહ્યું.

" થોડાક દિવસ થયાં હું કેપ્ટન સાહેબની નોકરીમાં દાખલ થયો છું. તેમણે મને વિશ્વાસથી આ વીંટી આપી છે. આપે મને ત્યાંજ જોયો હશે. "

" હા. એમજ યાદ આવે છે. "

" મેં આટલા દિવસમાં સ્મીથ સાહેબને અનેક કામ કરી આપ્યાં છે. તેથીજ તેઓ મારા ઉપર આટલો બધો વિશ્વાસ રાખે છે. હું પણ એથી મને પોતાને ભાગ્યશાળી માનું છું. "

" ઠીક, હવે તમારે શા કામે આવવું પડયું છે ? "

" પરમ દિવસે મુકર્દમો ચાલશે. હું તેમાં સ્મીથ સાહેબની તરફનો ચશ્મદીદ (નજરે જોનાર) સાક્ષી છું. મારા આગ્રહથીજ તેઓ આજેજ મેરીઆને ઠાર કરવા માટે તૈયાર થયા છે. માત્ર..."

' શું મેરીઆ પકડાઇ છે ? "

" હા. આપને શું તેની ખબર નથી ? "

" નહિજ. મને કાંઇ ખબર નથી. "

" હું તો ધારતો હતો કે સ્મીથ સાહેબ આપને બધી વાત જણાવતા હશે. પણ આ પ્રમાણે આપણાજ મંડળમાં એક બીજાથી આવી વાતો છુપી રખાય તે સારૂં નહિ. શું આપણા પોતાનાજ માણસોનો વિશ્વાસ નહિ ? "

આમ બોલવાના મારા બે ઉદ્દેશ હતા. એક તો સ્મીથ અને સ્મીથસન વચ્ચે તકરાર જગવવી. અને બીજો એ કે મારી ટીકાને લીધે મંડળના માણસો છુટથી એક બીજાને વાતો કરે તો મને થોડા વખતમાં ઘણી માહિતી મળે !

" વાહ. તે ક્યારે પકડાઇ છે ? "

" આજે ચાર દિવસ થયા. " મેં અદ્ધર ઠોકયું.

" તે કેવી રીતે પકડાઈ ? "

" એની પાછળ તો અમે બહુ પડયા હતા. તે આમ તેમ નાસભાગ કરતી હતી. અને તે નોરટનના ઘરમાંથીજ હાથ લાગી. આજે તેને ઠાર કરવા માટે નક્કી થયું છે. તેમાં આપની સંમતિ માટે આ

કાગળ પર આપની સહી લઇ અવવાની મને આજ્ઞા થઇ છે.”

“જોઉં એ કાગળ.”

મેં કાગળ તેના હાથમાં આપ્યો. તેણે તે વાંચીને તેના પર સહી કરી પાછો મને આપ્યો. મેં રજા માગી ત્યારે તેણે કહ્યું:– “તમે ઉભા રહો હું આવું છું.”

હું ગભરાયો. જો એ મારી સાથે આવે તો તો મારૂં બધું પોગળ ફુટી જાય. તેથી મેં ચાલાકી કરી.

“હાજી. આપ તૈયાર થઇ આવો, હું બહારજ ઉભો છું.”

એમ કહી હું ઝડપથી બહાર જઇ ઉભો. બારણા પરના પહેરેગીરને કહ્યું:–“ અલ્યા! હમણાં પેલી સ્ત્રી અંદર ગઇ તે કોણ હતી? તેને શા માટે અંદર આવવા દીધી?”

“કોણ અંદર ગયું? કઇ સ્ત્રી? મેં તો કોઇને જવા દીધી નથી.”

“તને યાદ નથી. તુ ઉંઘતો હતો ત્યારે મેં તેને અંદર જતાં મારી આંખે જોઇ છે. તે તારી પાસે પણ બે ત્રણ સેકન્ડ સુધી ઉભી હતી. પછી તને ઉંઘતો જોઇ તે છાનીમાની અંદર ગઇ.”

“ત્યારે તો ગઇ હશે. તમે જરા અહીં ઉભા રહો છો? હું અંદર જઇ જોઇ આવું કે તે શું કરે છે.”

“ના ના, મને નવરાશ નથી. હમણાં સ્મીથસન સાહેબ બહાર આવશે તેમને કહેજે કે કોઇ સ્ત્રી આપને મળવા માટે અંદર આવી છે; તે આપને મળી કે નહિ?”

એમ બોલી હું ત્યાંથી ચાલ્યો ગયો. એક ઘરના ખૂણામાં જઇ ઉભો. ત્યાંથી જોવા લાગ્યો કે હવે દરવાજા પર શું થાય છે. મને ખાત્રી હતી કે પહેરેગીરની વાત સાંભળીને સ્મીથસન અવશ્ય વહેમમાં પડશે અને એ કલ્પિત સ્ત્રી માટે તે આખું મકાન ખોળી વળશે અને થયું પણ તેમજ. તે કપડાં પહેરી બહાર આવ્યો. દરવાનની સાથે કાંઇ વાત કરતાં મેં તેને જોયો. પછી તે ક્રોધ કરવા લાગ્યો અને તેને કાન પકડીને અંદર લઇ ગયો.

એ લોકો અંદરથી બારણાને સાંકળ ચઢાવી ઉપર ગયા, અને

મેં બહારથી ચાવી લગાવી દીધી !

ત્યાંથી સપાટાબંધ ચાલીને—અરે દોડીને હું કૅપ્ટન સ્મીથના મકાને આવ્યો. હજુ ત્યાંની મસલત—સભા પૂરી થઇ ન હતી. તેમને ત્યાં વાતો કરતાજ મૂકીને હું પાધરો લુઇસાવાળા ઓરડા તરફ ગયો. વ્હીલરની પાસેથી મેળવેલા ઝુમખામાં એ તાળાની ચાવી હોવી જોઇએ. અને તે તેમાં હતીજ. અવાજ ન થાય તેમ મેં બારણું ઉઘાડયું. અંધારાને દીવો સળગાવી હાંકી કાઢયું. અંદર બેઠેલી સ્ત્રીને બહાર આવવાને ઇશારત કરી.

"બ્હીશ નહિ. હું તને છોડાવવા માટે આવ્યો છું. હું લૉર્ડ નોરટનનો હિતચિંતક છું...માટે વખત ન ગુમાવ."

અત્યંત શાંતિથી તેને લઇને હું બહાર નીકળ્યો. બારણા પાસે આવ્યો ત્યાં અંધારામાં કોઇએ લુઇસાનો હાથ ઝાલ્યો.

"ક્યાં જાઇશ ? હવે તારી ચાલાકી ચાલે તેમ નથી માટે ચાલ અંદર."

મેં તેને તરત ઓળખ્યો. એ વ્હીલર હતો. એટલામાં તે પાછો ક્યાંથી આવ્યો ! એના હાથ પગ કોણે છોડયા હશે ? એ વિચારોને પડતા મૂકીને બીજી વાર પણ અંધારાનો લાભ લઇ મેં એની તેવીજ દશા કરી.

એકદમ ફાળ મારી તેને ગળામાંથી પકડયો અને ભીંત સાથે પછાડી હેઠે નાંખ્યો. લુઇસા તો આ સર્વ આકસ્મિક, નિર્દય કાંડ જોઇ સજ્જડજ થઇ ગઇ. મેં તેને સચેત કરી કહ્યું.

"તું બ્હીશ નહિ. આ સામે ગેટ પર પોલિસ છે, ત્યાં જઇને મારી વાટ જોજે. હું હમણાંજ ત્યાં આવી પહોંચું છું."

મેરીના ગઇ અને હું પણ વ્હીલરના મોંમાં ડુચો મારી તેને ખભે ઉપાડી ચાલવા લાગ્યો. ગેટ તરફ ગયો, ત્યાં પુષ્કળ ખબર કહાડી અને શોધ કરી, પણ લુઇસા ત્યાં ન મળી !

ત્યારે શું એ પુનઃ શત્રુઓને હાથ પડી !

વ્હીલરને એ ગેટ પરજ પોલિસને સોંપી હું બાગમાં ગયો. ત્યાં સર્વ અમલદારો અને ઓળખીતા હતા. મેં તેમની સાથે કૅપ્ટન

સ્મીથને પકડવા માટે વારંટ માગ્યું.

"તમારી પાસે સાબિતી શું છે ?"

"પહેલું તો આ લુચ્ચાને ઠાર કરવા માટે એની સંમતિ રૂપી સહીવાળો પત્ર અને બીજું એ લોકો બનાવટી નોટો બનાવે છે તેમાંની એક આ નોટ." એમ કહી મેં મારા પગારને પેટે મને આપેલી નોટોમાંની એક તેમની સામે ધરી દીધી.

ઇન્સ્પેક્ટર ડ્રાઇડને વારન્ટ કઢાવ્યું અને મારી સાથેજ પોતે પણ બીજાં માણસોને લઇ ચાલ્યા. સ્મીથના મકાન પાસે આવી પહોંચ્યા, તો જોયું–"ભાડે આપવાનું છે, માલિકને મળો."

હું તો એ જોઇને સ્તબ્ધ થઇ ગયો. ચતુર સ્મીથ શું મારી ઇચ્છા જાણી ગયો હશે ? હું મનમાંજ લજ્જિત થયો. તેની બુદ્ધિથી હું હારી ગયો !

હિંમત રાખી સૌને લઇ હું ઉતાવળથી તેના મકાન પર આવ્યો તો ત્યાં પણ એવુંજ પાટીયું લગાવેલું હતું ! હું બહુ ખસીઆણો પડી ગયો.

લાચાર, મનોરથ વિફળ થયો, અને અમે પોતપોતાને સ્થાને પાછા વળ્યા !

૩૬

"સંદેહ શું સત્ય થશે ?"

(એલનની ડાયરી પરથી ઉતારો.)

લંડન–તા. ૨૭ મી એપ્રીલ ૧૮૩૫.

હું લખું ? શું લખું ? પતિના તરફથી આવું અપમાન કોઇનું થયું હશે ? હું મળવા ગઇ ત્યારે મારા હૃદયમાં શું હતું ? 'વિધિ-[illegible] પાસે ભાગી જા,' એ શબ્દો સાંભળ્યા પછી મારા હૃદયમાં શું હતું ?

મેં નજરોનજર એમને કુલટાની સાથે જોયા હતા; જ્યાં મારા ઉપરજ [illegible] [illegible] છે. હાય ! આવી ક્રૂરતા–દુષ્ટતા

શબ્દ એમને માટે વાપરતાંયે હું પાપમાં પડું છું—આવી નિર્દયતા તો એમનામાં આજેજ જોઇ !

હવે જીવન શા કામનું છે ? હર્ષદરાયે મને શત્રુઓમાંથી બચાવીજ ન હોત તો સારૂં થાત મને મારીને તેઓ નોરટનનો કેડો છોડત !

× × × × ×

આજે અલ્બર્ટ મને મળવા આવ્યો હતો. તેણે મને નોરટનને બચાવવા માટે તૈયાર કરેલી દલીલો કહી.

" એમને બચાવવાને બહુ પ્રયત્ન કરજે હોં. " મેં કહ્યું.

" તું ચિંતા કરીશ નહિ. "

" એને શિક્ષા થાય તે કરતાં મને થાય તો સારૂં. "

" શિક્ષા થશેજ નહિ...બીજું કાલે સાંજે હું અને મિ. હર્ષદ પાર્કમાં ફરતા હતા ત્યાં અમને એક સુંદર સ્ત્રી મળી હતી. તે લૉર્ડ નોરટનને બહુ સારી રીતે ઓળખે છે. એ રમણીની પાછળ બહુ શત્રુઓ પડ્યા છે. "

" હું તો ધારૂં છું કે એ લુચ્ચસાજ હશે. " મેં કહ્યું.

* * * * *

વળી કાલે સાંજે એક બનાવ બન્યો છે—ઝરૂખાની બારીએથી જોયું કે બે અપરિચિત મનુષ્યો બગીચાને દરવાજેથી અંદર આવ્યા. એ લોકોએ મને જોઇ ન હતી. મેં પણ એ વાતને ક્ષુદ્ર માની કોઇને કહી નહિ.

રાત્રે દશેક વાગે કોણ જાણે કોણે મારા શયનખંડનું બારણું ખખડાવ્યું. હું ચમકીને જાગી ઉઠી અને પૂછ્યું:—કોણ ? " એટલે બારણું ખખડતું બંધ રહ્યું. બિલાડી ભરાઇ હશે એમ ધારી હું પાછી સુઇ ગઇ. ઉંઘમાં પડી પણ તે શંકિત હૃદયે......

અડધો કલાક વીત્યો ન હશે એટલામાં હું પુનઃ ઝબકીને જાગી. બારણું જોરથી ખખડતું હતું.

હિંમત લાવી મેં પૂછ્યું:—" કોણ ? "

" લેડી ! બારણું ઉઘાડો, અને અને આશ્રય આપો. "

મેં બારણું ઉઘાડ્યું—તો બારણામાં એક ભવ્ય મૂર્તિ શ્યામ વસ્ત્રધારી વૃદ્ધ પાદરી ! તેના દેખાવ પરથી તે દુષ્ટ માણુસ હોય અથવા નકલી પાદરી હોય એમ શંકા આણુવાનું કારણ ન હતું. પરંતુ મને લાગ્યું કે આજે સાંજે જે મનુષ્યો બગીચામાં થઇ દાખલ થયા હતા તેમાંના એકનો ચહેરો આ પાદરીના જેવો હતો.

" મહાશય ! આપે શા કારણથી આટલો પરિશ્રમ ઉઠાવી અત્રે આવવાનું યોગ્ય ધાર્યું છે ? " મેં પૂછ્યું.

મને તરત જવાબ ન આપતાં તે અંદર આવી મારી સામે ખુરસી પર બેસી ગયો !

" આપની સાથે કંઇ ગુપ્ત કાર્ય હોવાથી મારે આવવું પડ્યું છે, અને તે પણ આવા સમયે. હું આશા રાખું છું કે આપ મારી વાત પર વિશ્વાસ રાખી મારી સલાહ પ્રમાણે આચરણ કરશો. "

એના હાવભાવ તથા વાતચિત જોઇ મને લાગ્યું કે સાંજે બગીચામાં ઘુસનાર વ્યક્તિ આ નથી. એતો ખરેખરો પાદરી છે.

" આપ ભલા આદમી દેખાઓ છોજ. તેથી આપનું કહેવું મારે સાંભળવુંજ જોઇએ. પરંતુ આપને આમ છુપાઇને શા માટે આવવું પડ્યું ? "

" લેડી ! એમાં ઉંડું કારણ છે......"

" આપના સિવાય બીજો કોઇ હોત તો હું અવશ્ય તેને પોલિસને સ્વાધીન કરત. આવે ભયંકર વખતે આમ ગુપ્ત રીતે ઘુસી આવવું તે કાંઇ......"

" અલબત્ત, મારી આવવાની રીતથી આપને વહેમ પડે તેમાં કાંઇ નવાઇ નથી. પરતુ જો મેં એમ ન કર્યું હોત તો આપનો મેળાપ અસંભવિતજ હતો..."

" વારૂ. હવે આપ શું કહેવા ઇચ્છો છો ? "

" સાંભળો. હું સ્કૉટલાંડમાં ' ફેરી ' શહેરનો પાદરી છું. લૉર્ડ નોરટનની સાથે મારે સારી ઓળખાણ–મિત્રતા છે. એમના ઉપર હાલ એક ખૂનનો આરોપ મૂકવામાં આવ્યો છે. કેમ એ ખરૂં છે ને ? "

"હા. આખું જગત તે જાણે છે."

"મેં સાંભળ્યું કે મેરીઆ લુઇસા નામે એક સ્ત્રી એ બધા ધાંધલનું મૂળ છે અને તે સ્ત્રી લંડનમાં પણ આવી છે. હું......"

એટલામાં બગીચામાં એક ભયંકર ચીસ સંભળાઇ. શું થયું છે, તે જોવાને હું ઝરૂખાની બારીએ આવી. અખિલ અંધકાર વિના કાંઇ દેખાયું નહિ. મારા અનુમાન પ્રમાણે એ ચીસ કોઇ સ્ત્રીની હતી.

મને થોડો થોડો ભય લાગવા માંડ્યો. સાંજે બે વ્યક્તિઓ મકાનમાં આવી હતી તે ભયંકર ભાસવા લાગી. આ ચીસમાં પણ એક ભયંકર ભેદ સમાયલો લાગ્યો અને અધુરામાં પુરૂં એક અપરિચિત વ્યક્તિ એજ વખતે મારા શયનગૃહમાં બેઠી છે !

હું પાછી એ પાદરી પાસે આવી.

આવીને જોઉં તો તે તો એક આરામ–ચેર પર લાંબા પગ નાંખીને પડ્યો હતો: આરામ લેતો હતો. મને ઘણો ક્રોધ ચડ્યો. પરંતુ તે ક્રોધ દબાવી હું એક ખુરસી પર બેસી ગઇ. નવ દશેક મીનિટ પછી તે વૃદ્ધ જાગૃત થયો.

"હાય ! શું થાક ચઢ્યો છે ! આપના બહાર જવા પછી મેં થોડો આરામ લીધો છે; એમાં કાંઇ અપરાધ થયો હોય તો ક્ષમા કરશો. આ ઘડપણમાં જરાક ચાલું છું તો થાકીને લોથ થઇ જાઉં છું...માટે આપ મનમાં લાવશો નહિ."

"કંઇ નહિ. એતો હોય." મેં કહ્યું.

"વારૂ. એ કોની ચીસ હતી ?"

"તે કાંઇ માલમ પડતું નથી."

"કેમ ?"

"બગીચામાં અંધારૂં છે. કોઇ મનુષ્ય માલમ પડતું નથી." મેં કહ્યું.

"પણ આ તો સારૂં નહિ."

"શું સારૂં નહિ ?"

"આપે અવશ્ય તપાસ કરાવવી જોઇએ. આ વખતે આપ

લોકોની પાછળ કેટલા શત્રુઓ ભમે છે તે આપને ખબર નથી ? કોણ જાણે શી દુર્ઘટના હોય !"

"હશે. તપાસ કરાવવા જેવું એમાં શું છે ? કોઇ બહારના મનુષ્યની ચીસ હશે."

"ત્યારે તે તમે જાણો."

"હવે આપને કહેવાનું છે તે શરૂ કરો."

"હા. લુઇસાને પકડવા માટે શત્રુઓ છેક સ્કૉટલાંડ સુધી આવ્યા હતા. તેમણે મારી પાસેથી જોરજુલમથી મારૂં રજીસ્ટર છીનવી લીધું છે. લુઇસા પર પણ તે લોકોએ હુમલો કર્યો હતો. તેને મેં બચાવીને અહીં નસાડી મૂકી છે. આજે સાત દિવસ થયા તે આ શહેરમાં આવી છે. મારાથી છુટી પડતી વખતે એ બિચારી કેટલુંએ રડી હતી. પણ હું શું કરૂં ? મારાથી આ ઘડપણમાં હવે શું થાય છે ? તોયે બને તેટલી સહાયતા આપવાનું મેં એને વચન આપ્યું છે."

એટલું બોલી તે વૃધ્ધે મારી પાસેથી પીવાનું પાણી માગ્યું. તે મેં આણી આપ્યું. પાણી પી તેણે પુનઃ ચલાવ્યું.

"મેરીઆ આજે સાત દિવસ થયાં અહીં આવી છે. બે દહાડા થયાં હું તેની પાછળ ભમું છું-ખોળું છું-તપાસ કરૂં છું; પરંતુ કાંઇ પત્તો લાગતો નથી.'

"એનું ઠેકાણું આપને ખબર હશેજ."

"હા. ત્યાં પણ એ નથી. મને તો ભય......"

તેને બોલતો અટકાવી મેં વચમાં પૂછ્યું:-"આપ લૉર્ડ નોરટનને મળ્યા છો ?"

"હાસ્તો. મારે ને એને તો બહુ સંબંધ છે. એની ઇચ્છાથી તો મેં મેરીઆનાં લગ્ન કરી આપ્યાં હતાં..."

"કોની સાથે ?"

"તે હું અત્યારે જણાવી શકીશ નહિ. માત્ર એટલું કહું છું કે આ ખૂની મુકર્દમામાં લૉર્ડ નોરટન બિલકુલ નિર્દોષ છે."

"આપ શાથી કહો છો ?"

"મિલ્ટનને મેં મારી આંખે જીવતો જોયો છે, અને તે પણ આ મુકર્દમો ઉભો થયો ત્યાર પછીજ."

"હજુ તે જીવે છે ?"

"હા. હજી પણ જીવે છે."

"મને પહેલેથી ખાત્રી હતી કે એ તદ્દન નિર્દોષ છે. પણ એમણે કોણ જાણે શા હેતુથી આજ સુધી મને આ વિષે કાંઇ કહ્યું નહિ. જ્યારે જ્યારે હું એ વાત છેડતી ત્યારે તે તરત વિષય બદલી નાંખતા અને મને ઉડાવતા. પછી તો મને એ વિષયમાં કાંઇ પણ પૂછવાની મના કરી દીધી. આજે આપે આટલું જણાવ્યું તો મારો સંદેહ દૂર થયો."

તે પાદરીએ ફરી મારી પાસેથી પાણી લઇને પીધું. હવે તો મને ખાત્રી થઇ કે એ આપણો હિતૈષીજ છે.

"લેડી નોરટન!" બે મીનિટ પછી તેણે બોલવા માંડ્યું, "કેટલીક વાતો આપને કહેવાની છે. આપ તદ્દન ભોળાં છો. અને ઘણી વાતો જાણી શકતાં નથી. તે બધું હું તમને જણાવીશ પરંતુ કેટલીક વાતો તમારી પાસેથી મારે જાણવાની પણ છે."

"આપ ખુશીથી જે પૂછવું હોય તે પૂછો."

"પહેલું તો એ કે આ સ્થાનમાં મારે માટે કાંઇ ભય તો નથી ને ?"

"ના. પણ એમ પૂછવાનું કારણ ?"

"તમને ખબર નથી; મારી અને લુઇસાની પાછળ સેંકડો લુચ્ચાઓ ભમે છે. મને મારા ભાઇનો પણ વિશ્વાસ નથી."

"તમે અહીં કોઇ જાતનો ભય રાખશો નહિ આ મકાનની આસપાસ ચોકી પહેરો પુષ્કળ છે."

"આપના નોકર ચાકર કોઇને પણ મારા વિષે ખબર પડવી ન જોઇએ. આપણે જે હિંદુસ્થાની ડિટેક્ટીવ રાખ્યો છે તેને પણ આપે મારા વિષે કાંઇ પણ જણાવવું ન જોઇએ. એમ હોય તોજ હું આજની રાત અહીં રહી શકું." વૃદ્ધના ચહેરા પર ભયનાં ચિહ્ન દેખાયાં.

" આપ એ વિષે નિશ્ચિંત રહો. હું કોઇને કહીશ નહિ. અને હમણાંજ આ પાસેની ઓરડીમાં આપને રહેવા માટે ઠીક કરી આપું છું. "

એમ કહી મેંજ જોડેના ઓરડામાં પથારી કરી આપી; પાદરીને હાથ પકડી ત્યાં તેડી જઇ–સુવાડયો !

૪૧

ધર્મગુરૂ કે ધુરંધર ખૂની ?

ધર્મગુરૂને સુવાડયો અને તે તરત ઉંઘમાં પડયો. હું તે ઓરડાનું બારણું બંધ કરી મારા પોતાના ખંડમાં આવી. મન બહુ ચિંતામાં હતું; શરીરમાં બહુ કલાંતિ હતી !

" મેરીઆની સાથે એમનાં લગ્ન થયેલાંજ એમાં કાંઇ સંદેહ નહિ. એમ ન હોય તો આ મને શા માટે જણાવે નહિ ?...આટલા દિવસનો સંદેહ આજે સત્ય થયો. "

" મેરીઆની સાથે લગ્ન થયાં તેમાં મને કષ્ટ કંઇ નથી· પરંતુ એનો વિચાર આવતાંજ હૃદય વિદીર્ણ થઇ જાય છે ! બળીને ખાખ થઇ જાય છે. હાય ! એક સમય જે ગંભીર સ્નેહ અને પ્રીતિની પ્યાલી મેં એમને પાઇ હતી, તે આજે ખોવાઇ ગઇ–ઢોળાઇ ગઇ. "

\+ \+ \+ \+

રાત્રે અગીઆર વાગી ગયા હતા. એ વખતે ડિટેકટીવ હર્બર્ટ મને મળવા આવ્યા. તેની સાથે નીચે પ્રમાણે વાતચિત થઇઃ–

" અત્યારે કેમ આવવું પડયું ? "

" હમણાં કોઇ સ્ત્રી આપને મળવા આવી હતી ? "

" ના. કોઇ નહિ. "

" એમ કે ? આપ મેરીઆ વિષે કાંઇ જાણો છો ? "

" બહુજ થોડું જાણું છું. "

" શું જાણો છો ? "

" લુઇસા નામની એક બાલિકા ઉપર નોરટનનો વિશેષ પ્રેમ હતો. અને મેં સાંભળ્યું છે કે એને માટેજ મિલ્ટન સાથે એમને તકરાર થઇ હતી. "

" એટલી વાત તો સૌ જાણે છે. "

" ત્યારે એ ઉપરાંત હું કશું જાણતી નથી. "

" વારૂ. પણ મારો પૂછવાનો ઉદ્દેશ એ છે કે લુઇસા સાથે લૉર્ડ નોરટનનાં લગ્ન થયાં હતાં, એવી ગપ ઉડે છે તે ખરી છે કે ખોટી ?"

" આજ સુધી તો મને એવી કોઇ ખબર નહતી. મેં એમને એ વિષે ઘણીવાર પૂછ્યું હતું, પરંતુ કાંઇ જવાબ મળ્યો ન હતો. આવી વાતોનો વિચાર કરતાં મનમાં વહેમ ઉત્પન્ન થાય છે. પરંતુ હું એવો માની ન શકું કે એમણે મિલ્ટનનું ખૂન કર્યું છે. "

" તે હશે. મારી વાત આ પ્રમાણે છે; અમને એક સ્ત્રી મળી. તેને પકડવા માટે સ્મીથનાં માણસો તેની પાછળ પડેલાં હતાં. અમે તેને એક વાર બચાવી અને અહીં મોકલી. પછી હું એની પાછળ પડનાર બદમાશોને શોધવા ગયો. થોડીવાર પછી અહીં આવી જોઉં છું તો તે અહિં ન મળે ! મેં એને જાતેજ આ મકાનમાં પ્રવેશ કરતી જોઇ હતી; તો પછી એ ગઇ ક્યાં ! "

" આલબર્ટ પણ મારી પાસે એજ વાત કરતો હતો. " મેં કહ્યું.

" ક્યારે ? "

" સાંજે મને મળવા આવ્યો હતો ત્યારે. અમે બંનેએ ધાર્યું હતું કે તે લુઇસાજ હોવી જોઇએ. "

" તે જ હશે. પરંતુ તે ગઇ ક્યાં ? "

" આજે સાંજે આ મકાનમાં બે અપરિચિત મનુષ્યો બગીચાને દરવાજેથી ઘુસી આવ્યાં હતાં. તેમને મેં મારી નજરે જોયાં હતાં. "

" ત્યારે શું આટલી આટલી ચોકીમાં કોઇને પણ શત્રુ દાખલ થઇ જાય છે ? "

" એમ નહિ, તો બીજું શું ? "

" હું તો કહેતોજ હતો કે આપના નોકરોમાંજ શત્રુ મંડળનાં

માણસો છે. "

"મને પણ એમ લાગે છે. પણ હું શું કરી શકું ?"

"વારૂ. તે દિવસે મેં આપને બધા કાગળો આપ્યા હતા, તે સાચવીને રાખ્યા છે ને ?"

"સુરક્ષિત સ્થાને છે."

"એમાંથી એક પણ ખોવાશે તો અમારૂં બધું કામ ધુળમાં મળી જશે, હોં."

"મેં તેને સારે ઠેકાણે રાખ્યા છે. ચોરાઇ કે ખોવાઇ જવાનો બિલકુલ ભય રાખશો નહિ."

ઘડીઆળમાં બારના ટકોરા થયા. હર્ષદરાય ગયા. હું ચિંતા-સમુદ્રમાં ગોથાં ખાતી મારી શેતરંજી પર જઇ પડી. જ્યારથી હું સાજી થઇ હતી ત્યારથી મેં બીછાનાનો ત્યાગ કર્યો હતો. મારા પતિ જેલમાં અને હું કેમ બીછાના પર નિદ્રા લઉં ? એ પોતાની ફરજ ચુકે તોયે હું શા માટે મારાં કર્તવ્યથી વિમુખ થાઉં ?

"તેઓ મેરીઅને સ્વીકારી સુખી થશે...પછી મારી શી દશા થશે ?......જેને મેં મારા હૃદયના દેવ માન્યા, તે બીજીના સંગી થાય તે હું કેમ જોઇ શકું ? સાંખી શકું ?...હવે મારે જીવવાની શી જરૂર છે ?"

એવા વિચારમાં આંખ મળી. તે સવારે ઉઘડી !

× × × × ×

લંડન—૨૮ મી એપ્રીલ ૧૯૩૫.

સવારે મારા મનની સ્થિતિ કેવી હતી ? હું જાતેજ તે જોઇ શકતી નથી—કહી શકતી નથી !

વૃદ્ધ પાદરીને મળી. કેસ વિષે કેટલીક વાતચિત થઇ. મેં સર્વ વાત હર્ષદરાયને જણાવવા વિષે કહ્યું, પણ તેણે અત્યંત આગ્રહથી તેમ કરવા ના પાડી.

બપોરે લૉર્ડ સેસીલની પાસેથી સંદેશો આવ્યો:—

"સ્કૉટલેન્ડના કેરી શહેરના ડૉક્ટર પાર્કર આપની પાસે આવશે

તેને છુપાવીને રાખશો. મારા આવ્યા વિના કોઇને એના વિષે ખબર ન પડે. એની પાછળ ઘણા શત્રુઓ ભમે છે. માટે ધ્યાન રાખશો. એજ

લી૦

સેસીલ."

સંદેશો મળતાંજ હું તે વૃદ્ધ પાસે લઇ ગઇ. તેમને પૂછ્યું:- "આપ લૉર્ડ સેસીલને ઓળખો છો ?"

"આહ ! ઘણી સારી રીતે."

"તેમનો કાગળ આવ્યો છે. તે લખે છે કે એ જ્યાં સુધી આવે નહિ ત્યાં સુધી મારે તમને છુપાવી રાખવા."

"બહુ સારૂં લખ્યું છે. એ અહીં ક્યારે આવશે ?"

"તે આમાં લખ્યું નથી."

"પણ તમે શું ધારો છો ?"

"હું તો ધારૂં છું કે કાલે આવી ગયા છે, એટલે હવે એ આજે નહી આવે, કાલેજ આવશે."

"શું એ એક એક દિવસને અંતરે આવે છે ?"

"હા. ઘણું ખરૂં એમજ કરે છે."

"ઠી...ક. ત્યારે તો મારે કાલ સુધી આજ ઠેકાણે રહેવું પડશે."

"હા. પણ આપને અડચણ પડવા દઇશ નહી."

તે દિવસની બપોર ગઇ, અને સાંજ પડી; પછી રાત પણ પડી. સૃષ્ટિ નિદ્રામાં પડી શાંત થઇ ગઇ. હું પણ મારી શેતરંજી ઉપર સૂતી; વિચાર કરતી ઉંઘી ગઇ.

અડધી રાત ગઇ હશે. મારા ઓરડામાં કોઇનાં પગલાં સંભળાયાથી હું જાગી ઉઠી. ખોંખારો કર્યો. કાંઇ દેખાયું નહિ, કે સંભળાયું નહિ. એટલામાં કોઇએ આવી મારૂં ગળું પકડ્યું ! એક લાંબો છરો ચળકતો દેખાયો ! વિજળીના દીવાનું બટન મારી પાસેજ હતું. તે મેં દાબ્યું.

જોયું તો તે જ પાદરી ! હાથમાં લાંબો તીક્ષ્ણ છરો; અને વિકરાળ આંખો ! છરો ઉગામ્યો !

દીવો તો માત્ર એક સેકન્ડજ સળગ્યો અને હોલવાઇ ગયો. ફરી બટન દાબવાના મારામાં હોશ ન હતા. પરંતુ એક સેકન્ડમાં એ બધું જોઇ લીધું. વિચાર્યું–" આ તે પાદરી કે ધુરંધર ખૂની ? " પરંતુ એ વિચારની સાથેજ જાણે દુનિઆ હોલવાઇ ગઇ હતી !

હર્ષદરાય કહે છે કે હું મૂર્ચ્છિત થઇ ગઇ હતી !

૪૨

શેતરંજી લોહીથી તરબોળ થઇ ગઇ !

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં.)

સંધ્યા સમયે હું નોરટનના મકાને પાછો આવ્યો. પૂર્વોક્ત ડિટેક્ટીવને મળ્યો. પૂછતાં માલમ પડયું કે પેલી સ્ત્રી હજુ પણ અંદરજ હતી અને નોકરોવાળા ઓરડામાં બેઠી હતી. તેની વાટ જોતો હું ત્યાંજ બેઠો.

લગભગ નવ વાગે બે મનુષ્યો પાછળને રસ્તેથી નીકળ્યાં. હુ તેમની પાછળ પડ્યો. ચાલતાં ચાલતાં તેઓ અંધકારમાં અદૃશ્ય થઇ ગયાં. હું ત્યાંજ ઉભો રહ્યો.

થોડી વારે મકાનની દિવાલ પર એક ચોર–ફાનસનું અજવાળુ પડયું. તે આમતેમ હાલવા લાગ્યું. ધારી ધારીને જોતાં માલમ પડયું કે કોઇ વ્યક્તિ એ ફાનસથી બીજીને ઇશારતો કરે છે. હું વધારે પાસે ગયો.

એ વખતે રાત્રિ ઘણી વીતી હતી અને એલનના ઓરડામાં એકાએક દીવો સળગ્યો. આ સર્વ જોઇ મારા મનમાં મોટો વહેમ ઉત્પન્ન થયો. આ લોકો નિ:સંશય આજે કોઇનું ખૂન કરવા માટે તૈયાર થયા છે !

મેં ચુપચુપ મકાનમાં પ્રવેશ કર્યો. પહેરાવાળાઓ સૌ જાગૃતજ હતા અને આટલા પહેરા વચ્ચે થઇને પણ શત્રુઓ મકાનમાં ધુસી ગયા હતા ! પહેરેગીરોને ધમકાવવામાં વ્યર્થ સમય ન ગુમાવતાં હું

પાધરોજ એલનના શયનખંડ તરફ ચાલ્યો. બારણાને બહારથી જરા ધક્કો માર્યો; પણ અંદરથી બંધ હતું.

એલનનું નામ દઇ બે ચાર વાર મોટેથી બૂમ પાડી પણ કાંઇ જવાબ ન મળ્યો. માત્ર એક બે વાર કોઇનું ગળું રૂંધાઇ જતું હોય તેમ " ઓ-એં-એં " એવો શબ્દ સંભળાયો. શું થતું હશે તેનું મને તરત ભાન થયું. મેં બારણાને જોરથી લાત મારી એટલે તે તરત ઉઘડી ગયું, નકુચામાંથી ઉખડી ગયું.

ફાનસ સળગાવી જોયું તો એલનનું શરીર અવ્યવસ્થિત રીતે પડ્યું છે; ખભા પરના ઘામાંથી ઘણું લોહી વહી ગયું હતું; અને— શેતરંજી **લોહીથી તરબોળ થઇ ગઇ હતી !**

× × × ×

હું ઘણા વખત સુધી તે શરીરને તપાસવામાં ગુંથાયો. " શું આટલી આટલી મહેનતને અંતે પણ હું એને મૃત્યુથી બચાવી ન શક્યો : અરેરે ! આવા પાપીઓ તો કદી મેં જોયા નથી. "

ડૉ. ચાર્લ્સને તેડાવ્યા. તે આવ્યા એટલે શરીર તેમને સોંપી હું બીજાં કામમાં ગુંથાયો. ખૂની ઓરડામાં કેવી રીતે દાખલ થયો ? બીજી કોઇ તરફ કાંઇ ચિહ્‌ન દેખાયાં નહિ. માત્ર પૂર્વ તરફની એક બારી ઉઘાડી હતી. મેં ફાનસથી અજવાળું નાંખ્યું. દિવાલમાં મોટા મોટા ખીલા ઠોકીને નીસરણી જેવું બનાવવામાં આવ્યું હતું !

બે સાથીઓને લઇ હું તે જ માર્ગે નીચે ઉતર્યો. નીચે જમીન પર બે ચાર ખીલાઓ પડ્યા હતા. તે મેં ઉપાડી લીધા. પાપીઓએ એ ખીલા પોતેજ બનાવ્યા હોવા જોઇએ. દરેક ખીલાની અણી એટલી તીક્ષ્ણ હતી કે ભીંતમાં ઠોકતાં બિલકુલ અવાજ થાય નહિ.

નીચે બને તેટલી શોધ કરી હું ઉપર આવ્યો. આવતાં મને શરમ લાગી, કારણ કે મારા આટલા પ્રયત્ન છતાં પણ હું લેડી એલનને બચાવી શક્યો ન હતો. છેલ્લો દાદર ચઢતો હતો, ત્યાં એક નોકર સામો મળ્યો. મને નક્કી લાગ્યું કે એ શત્રુઓને મદદ કરવા જાય છે. એ પેલો જોસેફ્જ હતો.

મને દેખતાંજ તે પાછો ફરી ઉપર ચઢવા લાગ્યો. પાછો ફરતી વખતે બોલ્યો:–" અરે બિછાનું સાફ કરવાનું તો ભૂલી ગયો!" મેં જાણે તેના તરફ ધ્યાનજ ન હોય તેમ વર્તન રાખ્યું. દાદર ચઢી હું જાણે બીજેજ જતો હોઉં તેમ વળ્યો. જોસેફ એલનના શયનખંડમાં ધુસ્યો.

ડૉ. ચાર્લ્સ આવતાંજ એલનના શરીરને બીજે ઠેકાણે લઇ જવામાં આવ્યું હતું. તેની શી હાલત છે, તે જોવાને બદલે હું આ ઓરડામાં જોસેફ શું કરે છે, તે જોવા બારણા પાસે આવ્યો અને ફાટમાંથી જોવા લાગ્યો.

તે તો બિચારો શેતરંજીને બદલે જાણે બિછાનુંજ બગડયું હોય તેમ તેને સાફ કરતો હતો. જેને પહેલેથી સંદેહ ન હોય તે એમ ન ધારે કે એ કંઇ પેચમાં રમે છે.

હું ત્યાં ઉભો હતો એટલામાં ડૉ૦ ચાર્લ્સ ત્યાં આવ્યા. હું તરત બારણા પાસેથી ખસી ગયો.

" એલનના શરીરમાંથી લોહી બહુ વહી ગયું છે છતાં પણ જીવવાની પૂરેપૂરી આશા છે .."

" શું તે જીવે છે?" મેં ઘણા આશ્ચર્ય તથા આનંદથી પૂછયું

" હા. શ્વાસોશ્વાસ ચાલે છે. હુંફની જરૂર છે તે આપી છે. થોડા વખતમાં હોશમાં આવી જશે."

" ઇશ્વરનો ઉપકાર કે એ જીવે છે! મને તો બિલકુલ આશા ન હતી. એમ લાગતું કે હવે હું આપને શું મોં બતાવું?"

" હશે. જે થવાનું હતું તે થયું. તમે તમારાથી બનતું કર્યું હતું પરંતુ ભાવિ બળવાન છે...હવે હું જરા કામે જાઉં છું. તમે એની સંભાળ રાખશો..."

એમ વાતચિત થતી હતી, ત્યાં જોસેફ માથે બિછાનાનો ગાંસડો લઈ શયનખંડમાંથી બહાર નીકળ્યો.

" એ ક્યાં લઇ જાય છે?" મેં પૂછયું.

" સાહેબ! આ બધાં લોહીથી બગડયાં છે. તે સાફ કરવા

લઈ જાઉં છું."

"ના. હમણાં લઇ જવાની જરૂર નથી. હજુ પોલિસ આવશે. તે એ કપડાં જોવા માગશે."

"પણ સાહેબ! આપણા સ્ટુઅર્ડે (ઘરના કારભારીએ) આજ્ઞા કરી છે કે લેડીનો ઓરડો સાફ કરી આવ, અને ચાદર-બિછાનું વગેરે ધોવા લઇ આવ."

"પરંતુ પોલિસને શું બતાવશે?"

"તેમને નીચેજ એ બતાવી દઇશું."

ડૉ૦ ચાર્લ્સે વચમાં કહ્યું:-"કંઈ નહિ. એને લઇ જવા દોને. નીચે બતાવાશે."

મેં કંઇક કારણથી બહુ આગ્રહ ન કર્યો. ગાંસડો લઇ જોસેફ એકદમ નીચે ચાલ્યો ગયો.

"હવે હું જાઉં છું." ડૉક્ટરે કહ્યું.

"હા. પણ આપ લૉર્ડ સેસીલને મળો તો જરૂર અત્રે મોકલી આપજો."

"વારૂ." કહી ડૉ૦ ચાર્લ્સ ચાલ્યા ગયા અને હું એલનની પાસે ગયો. એ વખતે રાત્રિના બાર વાગી ગયા હતા. તે કંઇક હોશમાં આવી હતી. વાત કરી શકે એટલું તેનામાં ચૈતન્ય હતું.

હવેજ મને યાદ આવ્યું કે જે કાગળો મેં સ્મીથની સ્ટીમરમાંથી મેળવ્યા હતા અને એલનને રાખવા માટે આપ્યા હતું તે જ કદાચ જોસેફ ઉઠાવી ગયો હોય! મેં વાંકા વળી, બીજું કોઇ ન સાંભળે એમ એલનને પૂછ્યું:-"પેલા કાગળો ક્યાં મૂક્યા છે?"

"સુરક્ષિત સ્થાને છે."

"પણ તે ક્યાં છે?"

"મારા શયનખંડમાં બિછાનાની નીચે સંતાડીને મૂક્યા છે."

"શું બિછાનાની નીચે?...સર્વ સત્યાનાશ વળી ગયું!!"

હું તરત ત્યાંથી ઉઠ્યો. શયનખંડમાં ગયો. પણ ત્યાં એ કાગળીઆ ક્યાંથી હોય?...અને કાગળીઆ સિવાય અમારી પાસે

બીજી કોઇ પણ મજબુત સાબિતી ન હતી !

પોષાક જરા પણ બદલ્યા વિના હું પાધરો જોસેફને ઘેર પહોંચી ગયો. તે અંદરના ઓરડામાંથી બહાર આવ્યો.

" અલ્યા ! હમણાં તું બિછાનાનો ગાંસડો લઇ આવ્યો તે કયાં છે ? લાવ તે મારે જોવો છે ! "

" તે તો સાહેબ ! મેં ત્યાંજ ધોવામાં નાંખ્યો. અહીં લાવ્યો નથી."

" વારૂ. તેમાં જે કાગળો હતા, તે કયાં છે ? લાવ આપી દે. "

" કેવા કાગળો ? સાહેબ ! "

" તેમાં હતા તે. "

" તેમાં કોઇ પણ કાગળો ન હતા... "

" હરામખોર ! જુઠું બોલે છે ? "

" નહિ. સાહેબ ! હું ઇસુના સોગંદ લઇ કહું છું કે તેમાં કોઇ કાગળ ન હતા. "

" શું તું એમ સમજે છે કે હું આંધળો છું ? અને તારી હિલચાલ જોઇ શકતો નથી ? પણ બચ્ચા ! યાદ રાખજે કે જે દિવસે તું પેલા જ્હૉન સાથે દારૂના પીઠામાં બેસી મેરીઆને પકડવાની વાતો કરતો હતો, ત્યારથી હું તારી પાછળજ છું અને આજે પણ તેં એક શત્રુને સ્ત્રી વેષમાં લૉર્ડ નોરટનના મકાનમાં ઘુસાડયો હતો તેની પણ મને ખબર છે. તમે બંને ચોર-ફાનસ વડે ઇશારતથી વાત કરતા હતા તે પણ મારાથી અજાણ્યું નથી. હું આટલી આટલી વાત જાણું છું છતાં તું મને ઉડાડવા અને છેતરવા માગે છે, કેમ ? "

જેમ જેમ હું બોલતો ગયો તેમ તેમ જોસેફના ચહેરા પર ભયનાં ચિન્હ દેખાવા લાગ્યાં. એણે અનેક વાર મારી વાતોનો ઉત્તર આપવા પ્રયત્ન કર્યો, પણ કાંઇ બોલી શકયો નહિ. હું સમજ્યો કે મારી ઔષધિની અસર થાય છે ખરી. મેં વિચાર કર્યો કે આ માણસે દ્રવ્યની લાલચથીજ શત્રુનો પક્ષ સ્વીકાર્યો હશે; તેથી જો એને લાલચ આપવામાં આવે તો એ શત્રુની સૌ વાત આપણને જણાવી દે.

એક પળમાં એ સર્વ વિચાર થઇ ગયા. હું આગળ બોલ્યો:—

"પણ જો. તું મારા પ્રશ્નનો ઉત્તર આપે કે ન આપે તોયે તને તારા પાપનું અને તું જે મંડળમાં ભળ્યો છે, તે મંડળના પાપનું પ્રાયશ્ચિત્ત ભોગવવુંજ પડશે. તે નીચ મંડળના તમામ મેમ્બરોને ફાંસીની શિક્ષા થશે અને કદાચ ફાંસીની શિક્ષા ન થઇ તો દેશપાર તો અવશ્ય થશેજ...હા. તારા બચવાનો એક ઉપાય છે. શત્રુઓ વિષે તું જે કાંઇ જાણતો હોય તે બધું અમને કહી દે તો હું તને બચાવી લઇશ. એટલુંજ નહિ પણ મને મદદ કરવા માટે તને ઇનામ પણ અપાવીશ. તે તને જીંદગી સુધી ચાલશે."

એ વખતે ઓરડામાંનો દીવો એકાએક હોલવાઇ ગયો. જોસેફ એક ખૂણામાં જોઇ રહ્યો હતો. તે એકદમ ધ્રુજવા લાગ્યો.

"ઓ–ઓ–માફ કરો–મહાશય! પેલા ખૂણામાં કોણ છે?... ભૂત! ભૂત!"

મેં જોયું કે આ માણસ ભૂતથી બહુ ડરે છે. એની પાસેથી વાતો કઢાવવાનો બહુ સારો ઉપાય હાથમાં આવ્યો. જે ખૂણા તરફ જોઇ જોસેફ ભડકયો હતો ત્યાં દૃષ્ટિ રાખી હું બોલ્યો:–"મરેલા મોર્લીના આત્મા! હમણાં તું ચાલ્યો જા. જોસેફ બધું કબુલ કરી દેવાને તૈયાર છે."

પછી જોસેફને કહ્યુ:–"બચ્ચા! જો હું હિંદુસ્તાનનો એક પુરો જાદુગર અને ખેલાડી છું. મેં અનેક ભૂત અને પિશાચોને સાધી રાખ્યાં છે. તેનીજ મદદથી હું તારી આટલી આટલી વાત જાણું છું. આ મોર્લીના જીવેજ મને કહ્યું છે કે તું એ પત્રો ચોરી લાવ્યો છે. જો તું તે પાછા નહી આપે અને સર્વ વાત નહિ કહી દે તો એ તને વળગશે, અને તું જાનથી જઇશ; યાદ રાખજે."

મારી વાત સાંભળીને જોસેફ થરથર ધ્રુજવા લાગ્યો. મારા બે પગની વચ્ચે તેણે માથું મૂકી દીધું. પણ કાંઇ બોલ્યો નહિ. અંધારામાં હું ફરીથી બોલ્યો:–

"મુએલા મોર્લીના આત્મા!"

એકાએક કોણ જાણે કોણે ઓરડાના તે જ ખૂણામાંથી જવાબ આપ્યો–"હં!"

પ્રત્યુત્તર સાંભળી હું ચમકી ઉઠયો. એ ઉત્તર કોણે આપ્યો ? અવશ્ય ભૂતે તો નહિજ.

પરંતુ એ વખતે ભૂતને ખોળી કાઢવાની મને નવરાશ ન હતી. જોસેફ બોલી ઉઠયોઃ–" એ–એ સાહેબ ! એને બોલાવો નહિ; નહિ એ–એ–"

"ચુપ રહે."

"હું પગે પડું છું. એ–સાહેબ ! હું બધું કહી દઉં છું...તમે એને ન બોલાવો..."

"મૃત મોર્લીના આત્મા ચાલ્યો જા."

ખૂણામાંથી શબ્દ આવ્યોઃ–" હં."

આ શું ? વળી કોણે ઉત્તર દીધો ? ખાત્રી કરવા મેં પુનઃ પૂછ્યું.

"મૃત મોર્લીના આત્મા ! ગયો કે ?"

"હં."

પહેલી અને બીજી વાર તો મને લાગ્યું હતું કે મને ભ્રમ થયો હશે. પણ હવે તો મનમાં–" એ કોણ છે ?" એમ થયું.

૪૩

ઇન્સ્પેક્ટર પર ગોળીબાર !

(કરીમના શબ્દમાં.)

બીજે દિવસે સવારે હું ઇન્સ્પેક્ટર ડ્રાઇડન તથા બીજા કેટલાક પોલિસના માણસોને સાથે લઇને સ્મીથના ઘર તરફ ચાલ્યો. ઘરનો દરવાજો બંધ હતો. તાળું તોડી હું અંદર ઘુસ્યો.

અંદર જઇ આમ તેમ તપાસ કરવા લાગ્યો. જાણે હમણાંજ કોઈ દાદર ચઢીને ઉપર ગયું હોય તેવાં ચિહ્ન માલમ પડયાં. તે જનારના હાથમાં એક પાણીથી ભરેલું વાસણ હોવું જોઇએ. કારણ કે દાદરના દરેક પગથીઆ પર પાણીનાં બે ચાર ટીપાં પડયાં હતાં.

નીચેના બધા ઓરડા ફરી વળ્યો. પણ કોઇ માણુસ દેખાયું

નહિ, કે શબ્દ પણ સંભળાયો નહિ. પોલિસને લઇ ઉપર ગયો. ત્યાં પણ કોઇ દેખાયું નહિ, અંતે છેક પાછળના ભાગમાં એક ઓરડો અંદરથી બંધ હતો ત્યાં આવ્યા. જોરથી ધક્કો માર્યો તોપણ બારણું ઉઘડયું નહિ.

મેં મોટેથી કહ્યું:–" આ ઓરડામાં કોણ છે ? જે હોય તે જલદી બહાર આવો, નહિ તો ગોળી છોડીશું."

કોઇએ જવાબ ન આપ્યો.

" ઓરડામાં કોણ છે ? " હું ફરીથી બોલ્યો.

કોઇ બોલતું સંભળાયું નહિ. મારી સાથેજ ઇન્સ્પેકટર ડ્રાઇડન ઉભા હતા તેમણે બુમ પાડી જોઇ. પણ કાંઇ ઉત્તર મળ્યો નહિ.

" એમાં કોઇ હોય એમ લાગતું નથી."

" પણ મારૂં મન એમ માનતું નથી." મેં કહ્યું.

" કેમ ? "

" મેં દાદર પર પાણીના છાંટા જોયા છે, તે ઘણા વખતથી પડયા હોત તો કયારનાએ ભુંસાઇ કે સુકાઇ ગયા હોત."

" તે ખરૂં. પણ ત્યાર પછી આ લોકો નાસી ગયા હોય તે સંભવિત છે."

" આપણે તે જ જોવા માગીએ છીએ."

" તે કેવી રીતે ? "

મેં પિસ્તોલ બતાવી.

" પણ અંદર કોઇ વ્યક્તિ હોય ને તેને લાગી જાય તો કદાચ નિર્દોષ......"

મેં ધીમેથી કહ્યું:–" આપણે આ ભાગ પર મારીશું." એમ કહી બારીઆની ભીંત પર એક એવી જગ્યા બતાવી કે જ્યાં ગોળી મારવાથી અંદરના મનુષ્યને વાગે નહિ.

ત્યાં બે ત્રણ ગોળી પડતાંજ અંદરથી અત્યંત મધુર સ્વરે કોઇ બોલ્યું:–" મહાશય ! હું એક અબળા છું. મને મારી નાંખવાથી આપને શો ફાયદો થશે ? "

સ્ત્રીનો સ્વર સાંભળી હું ચમકી ઉઠ્યો. સ્વર કોઇ વીસ વર્ષની અંદરની સ્ત્રીનો હોવો જોઇએ એમ મારી ખાત્રી થઇ. શું સુમનના જેવીજ કોઇ બીજીને આમાં કેદ કરવામાં આવી છે ? કે સુમન જાતેજ છે ?

મેં બહારથીજ પૂછ્યું:–" બાઇ! તું કોણ છે ? "

" મારો પરિચય આપને દઇ શકીશ નહિ. "

" શત્રુ હો કે મિત્ર હો તું નિઃશંક બહાર આવ. અમે તને અભય વચન આપીએ છીએ. "

" મહાશય ! મને અબળા ધારી આપને દયા આવતી હોય તો આજ દશામાં છોડી આપ ચાલ્યા જાઓ. ઇશ્વર આપનું ભલું કરશે. "

" તું કદાચ જાણતી નહીં હોય કે અમે પોલિસનાં માણસો છીએ. આ મકાનમાં કાલે લોહી રેડવાની તૈયારી હતી. દૈવયોગે તે દુર્ઘટના બની ન શકી. અમે પાપીઓને પકડવા માટે આવ્યા છીએ. તને જો તેમના તરફથી કાંઇ દુઃખ દેવામાં આવ્યું હોય તો તું બહાર આવ, નિઃશંક બહાર આવ. અનિષ્ટ થવાનો ભય રાખીશ નહિ. "

" મહાશય ! મને એમના તરફથી કાંઇ દુઃખ દેવામાં આવ્યું નથી. આપ વૃથા સમય ન ખોતાં મને છોડીને ચાલ્યા જાઓ. "

" આ શબ્દોથી અમને સંદેહ ઉત્પન્ન થાય છે. તું આ મંડળમાંનીજ કોઇ છે. "

" નહિ જી. હું મંડળને ઓળખતી પણ નથી. " તે રમણીએ હજુ મૃદુ સ્વરે જવાબ આપ્યો.

" વારૂ. પણ તારે બહાર આવવું છે કે નહિ ? "

" મારો પરિચય લેવા માટેજ આપ એમ કહેતા હો, તો સાંભળો. હું યૉર્ક-નિવાસી જ્યાર્જ સ્મીથની ધર્મપત્ની એમિલી છું. "

ઇન્સ્પેક્ટર ડ્રાઇડને ધીમા અવાજે મને કહ્યું:–" જો એ સ્મીથની સ્ત્રી હોય તો એ સૌ વાત જાણતીજ હશે. એને છોડવી નહિ. હું એને પકડીશ. "

મેં કહ્યું:–" તેમ કરવું હાલ યોગ્ય નથી. કારણ કે હજુ આપણે

જ્યૉર્જ સ્મીથની વિરૂદ્ધ કાંઈ પણ ગુન્હો પ્રમાણિત કરી શક્યા નથી."

"હા. તે ખરૂં છે."

"માટેજ હાલ તો કળે કળે જેટલું નીકળી શકે તેટલું જાણી લેવું."

ડ્રાઇડને મોટેથી કહ્યું, "તું ગમે તે હો. પણ દરવાજો ઉઘાડી અમારી સામે આવ. અમે તને કેટલીક વાતો પૂછવા માગીએ છીએ."

દરવાજો ઉઘડ્યો; એક પરમ સુંદરી અલ્પ વયસ્કા તરૂણી અમારી સામે આવી ઉભી રહી! એની સરલ, શુભ્ર અને નિષ્પાપ મૂર્તિ જોઇ સ્મીથની દુષ્ક્રિયા અને દુર્નીતિ હું ક્ષણ વાર ભૂલી ગયો!'

મેં કઇક ભાવથી નમન કરી તેને પૂછ્યું:–"જ્યૉર્જ સ્મીથ કાલે અહીં હતો. આજે તે પોતાના મંડળને લઇને ક્યાં ગયો?"

"એ પ્રશ્નનો ઉત્તર, મહાશય! મારા તરફથી મળવાની કદી આશા રાખશો નહિ. એક પત્ની........

"પણ પોલિસની પાસે એનો ઉત્તર તારે આપવોજ પડશે."

"મહાશય! હું પત્નીના ધર્મ સમજું છું. આપ મને—"

એ વાક્ય પુરૂં થાય તે પહેલાં મારી પાછળ બંદુકનો ભીષણ અવાજ થયો અને ઇન્સ્પેક્ટર ડ્રાઇડન તમ્મર ખાઇ નીચે પડ્યા.

૪૪

ભૂ...ઉ...ઉ...ઉ...ઉ...ઉ...ત!

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં.)

ગમે તે હો! તે નોકરે કહ્યું:–"મહાશય! આપ મને બચાવવાનું વચન આપો તો હું બધી વાત ખોલીને કહી દઉં."

"તું નિર્ભય રહે. હું તારા પર કોઇ જાતની આપત્તિ પડવા દઇશ નહિ. જો તું મને પૂરતી મદદ કરશે તો હું એમજ જાહેર કરીશ કે મેંજ તને એ મંડળમાં ભળી જવાનું કહ્યું હતું."

"આહા! ત્યારે તો ઘણું સારૂં. આપનો ઉપકાર! પ્રભુ

આપનું ભલું કરશે. ”

“ ચાલ તું બોલવા માંડ નહિ તો...”

“ બોલું છું, સાહેબ ! સાંભળો. ”

એમ કહી તેણે પહેલાંની વાતો કહેવા માંડી; તેનો ટુંક સાર આ પ્રમાણે હતો:—

“ સાહેબ ! હું ઘણાં વર્ષો થયાં લૉર્ડ નોરટનને ત્યાં નોકર તરીકે રહેલો છું. તેઓ મારા પર ઘણો વિશ્વાસ રાખે છે. મને લેડીનો સ્ટુઅર્ડ બનાવવામાં આવ્યો અને મારો પગાર પણ વધારવામાં આવ્યો.

“ એવે વખતે સ્મીથની મારા પર નજર પડી. મને પોતાના મંડળમાં લેવા માટે એણે મને બહુ બહુ લાલચો આપી. મારાં સ્ત્રી-છોકરાંને જન્મ સુધી પોષવાનું વચન આપ્યું; તોયે મેં ન માન્યું. પછી તેણે મારી સ્ત્રીને હાથમાં લીધી. તેને ફોસલાવી લાલચ આપી. અને કોણ જાણે કેવી રીતે તેણે મારું મન ફેરવી નાખ્યું !

“ પછી હું પણ અંદરખાનેથી લૉર્ડને ઠાર કરવા માટે પ્રયત્ન કરતો રહ્યો. અને—”

એટલુંજ બોલી તે અચકી ગયો. મેં કહ્યું:—“ કેમ ? અટકી શા માટે ગયો ? બધું સાફ દીલથી કહી નાંખ. એમ કરવાથી પરમેશ્વર પણ તારાં પાપો માફ કરશે. ”

ખુણામાંથી એ વખતે મૃદુ અવાજ આવ્યો.

“ જોસેફ ! બધી વાત સાફ કહી બળાપો કર. તારૂં પાપ ધોવાઇ જશે ! ”

યદ્યપિ સ્વર જ્હૉનના જેવો લાગતો હતો તોયે મને તે પરિચિત હોય એવો લાગ્યો. ધાર્યું—“ આ તો કોઇ મરેલું નહિ પણ જીવતું ભૂ...ઉ...ઉ...ઉ...ઉ...ત છે ! ”

જોસેફે આગળ ચલાવ્યું:—“ પહેલાં લૉર્ડ હિંદુસ્તાન ગયા પણ ન હતા ત્યારે અમે એક પ્રયત્ન કર્યો હતો. સ્મીથે ફ્રાંસીસ નામના એકને મોકલ્યો હતો. રાત્રે દરવાજો ઉઘાડી મેં તેને દાખલ કરી દીધો.

પણ તે પોતાની મૂર્ખાઇથી પકડાઇ ગયો અને તેને લીધે બીજા કેટલાક નિર્દોષ નોકરો માર્યા ગયા. ફક્ત હું બચી ગયો. એ પછી લૉર્ડ હિંદુસ્તાન ચાલ્યા ગયા."

"વારૂ, હવે આ કાગળને વિષે તું શું જવાબ આપે છે?" મેં તેને બોલતો અટકાવી કહ્યું.

"સાહેબ! તે પણ કહું છું."

"બોલ ત્યારે."

"આજે બે દિવસ થયા એક આદમી બુઢ્ઢા પાદરીનો વેષ ધરીને એલનની પાસે રહ્યો હતો. હું એને પહેલાંથી ઓળખતો હતો એ પેલા કાગળો લેવા માટેજ આવ્યો હતો, અને જો એ લેડીનું ખૂન કરી શકે તો એને મોટું ઇનામ આપવાનું સ્મીથે વચન આપ્યું હતું."

"તેણે લેડીને અષ્ટમ પષ્ટમ વાતો સમજાવી, અને લેડીએ તેના ઉપર વિશ્વાસ રાખી બધી વાતો કહી દીધી. આજે રાત્રે લેડીના સૂઇ જવા પછી તેણે એ ઓરડામાં જઇ બિછાના નીચેથી એ પત્ર કહાડ્યા. પછી લેડી પર છુરી ચલાવવા ગયો, તેટલામાં આપ ત્યાં જઇ પહોંચ્યા માત્ર એક ઘા કરીને તે નાસી ગયો."

"ત્યારે શું તે પત્રો લઇનેજ નાસી ગયો હતો?"

"જી ના. પહેલાં તો ગભરાટમાં તે કાગળીઆ ત્યાંજ ભૂલી આવ્યો હતો. નીચે આવી મને કહ્યું કે 'એ કાગળ આણી આપ.' તે મેં આણી આપ્યા. તે લઇને તે નાસી ગયો છે પણ હજુ હું તેને પકડી આપીશ ખરો."

"ચાલ. તો આપણે તેની પાછળ જઇએ."

"જી ના. હમણાં જવાથી કામ થશે નહિ. એણે મને આજે રાત્રે પોતાને ઘેર બોલાવ્યો છે તે વખતે આપણે સાથે..."

"નહિ. તું હમણાંજ ચાલ."

"સાહેબ! હું સાચું કહું છું કે અત્યારે જવાથી એ ભાગ્યેજ મળશે. વળી આ બંગાળનો રિવાજ બાર વાગ્યા પછીજ એક બીજાને મળવાનો છે."

"હરામખોર ! મારી સાથે છળ કરે છે ?"

"ઇશ્વરને સાક્ષી રાખીને કહું છું કે હું આપને ધોકો દેતો નથી; આપને છેતરતો નથી. છેતરીને પણ ક્યાં જાઉં ? આપથી કાંઇ અજાણ્યું રહેવાનું નથી. હું સાચું કહું છું કે આ પાપકર્મનો મારા હૃદયમાં બહુ પસ્તાવો થાય છે."

"સારૂં. તું સાચું બોલે છે તો મારા મંત્ર-સિદ્ધ આત્માઓ તને કાંઇ નુકસાન કરશે નહિ. પણ જરાએ જુઠું બોલ્યો તો મરી ગયો સમજજે."

"નહિ; બાપજી ! નહિ. આપની આગળ હું કેવી રીતે જુઠું બોલી પણ શકું ?"

"ઠીક. તો કહે, લુઇસાને ક્યાં રાખી છે ?"

"જે માણસ લેડીનું ખૂન કરવા આવ્યો હતો. અને કાગળ લઇ ગયો છે, તેનેજ ઘેર."

"એને શા માટે કેદ કરી છે ?"

"લૉર્ડના પક્ષની એ મુખ્ય સાબિતી છે માટે."

"વારૂ. લુઇસા અને લૉર્ડ નોરટન વચ્ચે શો સંબંધ હતો, તે જાણે છે ?"

"હું તો એટલુંજ જાણું છું કે એ બે વચ્ચે ગાઢ પ્રીતિ હતી."

"મેરીઆનાં લગ્ન થયાં છે. ?"

"હા. થયાં છે. !'

"કોની સાથે ?"

"તે મને બરાબર ખબર નથી. પણ લૉર્ડની સાથે એને ઘણી પ્રીતિ હતી તેથી હું ધારૂં છું કે તેઓ જાતેજ એને પરણ્યા હશે ?"

"માત્ર એટલા પરથીજ એમ કેમ મનાય ?"

"બીજું પણ છે. મેરીઆ લુઇસાને એક છોકરો હતો. તે ઘણી-વાર આપણે ત્યાં આવતો હતો."

"હાલ તે છોકરો ક્યાં છે ?"

"હાલ તે મારા જોવામાં આવ્યો નથી. કદાચ તે હયાત પણ નહિ હોય !"

' વારૂ. લુઇસાનું ભરણુ–પોષણુ કોણુ કરે છે ?"

"સાંભળ્યું છે કે શેઠજ તેને મદદ કરતા હતા. એમણેજ તેની સાથે લગ્ન કર્યા હશે, એમ માનવાનું એ પણુ એક કારણુ છે."

"જ્યૉર્જ મિલ્ટનના ખૂન વિષે તું શું જાણે છે ?"

"અમેં મિલ્ટનની સાથે હાર્બર શહેર ગયા હતા. એક દિવસ શેઠની સાથે એને મેરીઆ લુઇસાને વિષે બોલાચાલી થઇ હતી. લુઇસા તે વખતે ત્યાં હાજર હતી. પછી ત્રણેજણાં સાંજે બહાર ફરવા ગયાં હતાં. તે રાત્રે લૉર્ડ છેક દશ વાગે પાછા આવ્યા હતા અને તેમનો ચહેરો બહુ દીલગીર હતો."

"તે દિવસ પછી તેં મિલ્ટનને જોયો હતો ?"

"જી ના. મેરીઆને પણ માત્ર કાલેજ જોઇ."

"પછી શું થયું હતું ?"

"મેં ખાના વખતે મિલ્ટન વિષે પૂછ્યું હતું. ત્યારે કંઇક ગુસ્સે થઇ તેમણે જવાબ આપ્યો હતો."

"શું બોલ્યા હતા ?"

"કે જહાન્નમમાં ગયો એ."

"તે રાત્રે શેઠે ખાધું હતું કે ?"

"ના. અને બીજેજ દિવસે અમે ત્યાંથી પાછા આવતા રહ્યા."

"તું બધું સાચું બોલે છે કે ?"

મારી ભૂત વિષેની ચાલાકીની અસર સારી થઇ છે તે હું જાણતો હતો, છતાં પણ તેને દબાવી જોવા મેં ધમકી બતાવી કહ્યું.

"સાહેબ ! હું સોગંદપૂર્વક કહું છું કે હું જુઠું બોલતો નથી. હું મારાં કામ માટે હવે બહુ પસ્તાઉં છું."

"તારાં પાપનું પ્રાયશ્ચિત્ત એજ છે કે તારે બધી વાતો કહી દેવી અને અમને બને તેટલી મદદ આપવી. કાર્ટમાં પણ તારે અમારો પક્ષ લઇ શત્રુઓની બધી વાત ફોડી દેવી."

"હું તો સૌ કરવાને તૈયાર છું. માત્ર આપ આપના ભૂતને

વારી રાખો, એટલુંજ હું માગી લઉં છું."

"હું તને નુકસાન થવા દઇશ નહીં."

ખૂણામાં અત્યંત મૃદુ અવાજ આવ્યો.

"હું તને નુકસાન કરીશ પણ નહીં."

અને તરત ઓરડામાંથી કોઇ મનુષ્ય ચાલ્યું ગયું હોય તેમ પગનો ધસારો સંભળાયો. એક મનુષ્યાકૃતિ બહાર નીકળી ગઇ. ઘોર અંધકારને લીધે તે કોણ હતું તે હું જોઇ શકયો નહિ. જોસેફે પણ તેને જતાં જોઇને ઉદ્‌ગાર કાઢ્યો:–"હાશ !"

આખરે હું તેને લઇને બહાર નીકળ્યો અને એક ચતુર ડિટેક્ટીવના કબજામાં સોંપી હું લેડી એશનના ઓરડામાં ગયો. સીડી પર ચઢતાંજ લૉર્ડ સેસીલ મળ્યા.

"તમે ભૂતોને વશ કરવામાં બહુ હોંશીઆર દેખાઓ છો !" તેણે હસીને કહ્યું.

મેં તરત જાણ્યું કે ખૂણામાંનુ ભૂ...ઉ...ઉ...ઉ...ઉ ..ઉ...ત તે બીજું કોઇ નહિ, પણ લૉર્ડ સેસીલ પોતેજ હોવા જોઇએ.

"જી હા એમાં પણ મને સારો અનુભવ છે." મેં હસીનેજ જવાબ આપ્યો.

"એમજ લાગે છે."

"કેમ ?"

"જોવાથી."

"એ કામ આપનુંજ હતું. પણ તે વખતે મને ભૂતને શોધી કાઢવાની નવરાશ ન હતી."

"પણ કાંઇ કામ કાઢી લીધું કે નહિ ?"

"ઘણુંયે. તે માટે આપનો ઉપકાર !"

"ઇશ્વરનો !"

દશ મીનિટનો વિસામો !

બીજે દિવસે રાત્રે હું, જોસેફ તથા લૉર્ડ સેસીલ, અમે ત્રણે થાણામાં ગયા. ત્યાંથી પોલિસના માણસો લીધા અને પાપીઓને પકડવા માટે નીકળી પડયા.

જોસેફે કહ્યું હતું કે ખૂનીનું નામ વ્હીલર છે. એ વ્હીલર સ્મીથનો બહુ વિશ્વાસુ હતો. એનું ઘર એક સાંકડી અને અંધારી ગલીમાં હતું. ઘર પાસે પહોંચતાંજ અમે અંધારામાં છુપાઇ ગયા.

" આપ અહીં ઉભા રહેજો. હું અંદર જાઉ છું. " જોસેફ અમને સંબોધીને બોલ્યો.

" તું તારા પાપનું પ્રાયશ્ચિત્ત કરવા માટે આવ્યો છે; એ યાદ રાખજે; છળ કરતાં પ્રાણ બચી શકશે નહિ. " મેં તેને છેલ્લી વાર ધમકી આપી.

જોસેફે એ સાંભળી મારી સામે હાથ જોડયા. મેં તેને અંદર જવા ઇશારત કરી. તે અંદર ગયો, તે વખતેજ પાસેના ઘરની ઘડીઆળમાં ટન્—ટન્ બે ટકોરા થયા. મધ્યરાત્રિ કયારની વીતી ગઇ હતી.

લગભગ નવ દશ મીનિટ સુધી અમે અધારામાં વાટ જોતા ઉભા રહ્યા. એ વખતે હૃદય અંદરથી ઉથલપાથલ થઇ જતું હતું. એ **દશ મીનિટનો વિસામો** પૂરો થયો અને જોસેફ બારણા પર પાછો આવ્યો અને ધીમેથી સીટી વગાડી અમને બોલાવ્યા. અમે સૌ પરસાળમાં દાખલ થયા. બે સાર્જંટને બારણે નજર રાખવા ઉભા રાખ્યા હતા.

અમે નીચે ઉભા હતા. છેક ત્રીજે માળે પાછળની બાજુમાં કોઇને તકરાર થતી હોય તેમ શબ્દો સંભળાવા લાગ્યા. દાદર પર એક માણસે પગ મૂકયો. તે નીચે ઉતરતો હતો. જોસેફે ધીમેથી મને કહ્યું:—' જો જો. "

" હું સાવચેત છું. "

" આ કોઇ ઉપરથી ઉતરે છે. "

" હું એનોજ ઉપાય કરૂં છું. "

એ પછી મેં સૌને દાદરની પાછળના ભાગમાં છુપાઇ જવાનું કહ્યું. લૉર્ડ સેસીલ અને ઇન્સ્પેક્ટર પાસેથી એ રૂમાલ મેળવી તેને મેં ગાંઠીને દોરડી બનાવી. સુભાગ્યે દાદરને પાછળની પાટીઆં જડેલાં ન હતાં. ઉતરનાર બધાં પગથીઆં ઉતરી પડે તે પહેલાં હું એ રૂમાલોને દાદરના બાકામાંથી આડા ધરી રહ્યો. એ પગથીઆં પર આવતાંજ ધબાયનમઃ !

તે પડતાંજ હું ફાળ મારી તેની છાતી પર ચઢી બેઠો. દાદર પરથી ગબડી પડવાથી તે ઘણો કુટાયો હતો અને તેમાં મેં ઠગોની માફક તેને ગળે ફાંસી લગાડી તેથી તે બેહોશ થઇ ગયો.

મેં મારૂં ચોરફાનસ સળગાવ્યું અને મૂર્છિતના મોં પર પ્રકાશ પડતાંજ જોસેફે એને તરત ઓળખ્યો. તે એ મંડળનો બીજોજ એક બદમાસ હતો. વ્હીલર ન હતો.

" એના ગજવામાં લુઇસાવાળા ઓરડાની ચાવી હશે. તે કાઢી લ્યો. " જોસેફે કહ્યું. હવે મને પૂરી ખાત્રી થઇ કે મારા ભુતે આબાદ અસર કરી દીધી છે !

એના કહેવા પ્રમાણે ગજવામાંથી એક કુંચી અને પત્ર નીકળ્યાં. પત્રમાં સ્મીથે વ્હીલરને એલનના ખુન વિષે લખ્યું હતું, અક્ષર અને સહી સ્પષ્ટ હતાં. એ પત્ર મળતાં મને અનહદ આનંદ થયો.

એ પછી તે બદમાસના હાથમાં હાથકડી નાંખી, બારણે ઉભેલા સાર્જંટને હવાલે કર્યો અને પાછો અંદર આવ્યો. જોસેફને ઉપર જવાનું કહ્યું.

ઘણુજ હલકે પગે અમે ઉપર ચઢી ગયા. બધાએ બુટ નીચેજ કાઢી નાખ્યા હતા; એટલે અવાજ બિલકુલ થાય એમ ન હતું. જોસેફ વ્હીલરના ઓરડામાં ગયો. હું આવીને બારણાં પાછળ ઉભો.

" કેમ જોસેફ ! પાછો આવ્યો ? "

" એક વાત કહેવાની ભૂલી ગયો... "

" વળી શું કહેવાનું છે ? હજુ ? "

" પેલા પત્રો બરાબર સાચવીને રાખ્યા છેને ? "

" હા. હા. તું શું કામ ગભરાય છે ? "

" ગભરાતો નથી. પણ આજકાલ શત્રુના માણસો ઠામ ઠામ ભમે છે. "

" ભમવા દેને, આપણે કયાં ડરીએ છીએ ? પત્ર તો મેં મારી આયર્નચેસ્ટ (તીજોરી) માં મૂકયા છે અને કુંચી મારી પાસેજ રાખું છું. "

" તો કાંઇ વાંધો નથી. "

એમ બોલી જોસેફે જોરથી પોતાનો પગ ભોંય પર ઠોકયો જાણે કાંઇ જીવડું મારી નાંખતો હોયને ! હું સમજી ગયો કે અમને અંદર બોલાવવાની આ ઇશારત છે. સર્વને અંદર આવવાનું કહી હું અંદર ઘુસ્યો.

મને જોતાંજ વ્હીલર ભડકી ઉઠ્યો !

" એ ! ચોર ! કોણ છે તું ? "

" ચૂપ રહે. " મેં કહ્યું. મહારાજા વિલિયમની આજ્ઞાથી હું તને કેદ કરૂં છું. "

એમ બોલી હું આગળ વધ્યો, એટલે તેણે ટેબલ પર પડેલી પિસ્તોલ લેવા હાથ લંબાવ્યો. મારી પિસ્તોલનો ઘોડો ચઢાવી તેના કપાળ સામે ધરી હું બોલ્યો.

" ખબરદાર ! જો એ લીધી તો. જરા પણ ચસ્યો તો બીજીજ પળે હતો ન હતો થઇ જઇશ. "

એ વખતે સર્વ માણસો અંદર દાખલ થઇ ગયાં હતાં. વ્હીલરને તથા તેના બીજા એક સાથીને પકડી બાંધવામાં આવ્યા. તેઓ જોસેફ તરફ ડોળા ઘુરકાવવા લાગ્યા. જોસેફ તેની સામું હસ્યો.

" ઓ વિશ્વાસઘાતી ! આનું ફળ તને તરતજ મળશે. ગભરાતો નહિ ! "

મારી સાથેના ઇન્સ્પેકટરે જવાબ આપ્યો:–" એનું ફળ તને પણ તરતજ મળશે. તું પણ ગભરાતો નહિ. '

વ્હીલરના ગજવામાંથી આયર્નચેસ્ટની ચાવી નીકળી. તે વડે ચેસ્ટ ખોલી અંદરથી પેલા પત્રો કાઢી લીધા. એમાં એ સિવાય બીજા કાગળ ન હતા.

વ્હીલર તથા તેના સાથીને લઇ અમે નીચે ઉતર્યા. બીજા માણસો એ ઘરના બીજા ભાગો ખોળી વળ્યા. જોસેફની સાથે જઇ હું લુઇસાને એક ઓરડામાંથી છોડાવી લાવ્યો. એ તો ગાંડા જેવી થઇ ગઇ હતી !

બે ગાડીઓ મંગાવવામાં આવી. એકમાં એ ત્રણ કેદીઓને ચઢાવી થાણા પર મોકલી દીધા. બીજીમાં લૉર્ડ સેસીલ, લુઇસા અને હું બેઠાં. ગાડી જેલ તરફ દોડાવી.

૪૬

પૂર્વ વૃત્તાંત-મિસ સ્વીટહાર્ટ.

સાડા ત્રણ વાગે અમે જેલને દરવાજે પહોંચ્યા. પહેરેગીરો ઝોકાં ખાતા હતા. હું જેલના અધ્યક્ષને મળી આવ્યો. લૉર્ડ નોરટનને આજ વખતે મળવાની રજા મેળવી; કારણ કે બીજેજ દિવસે મુકર્દમાનો દિવસ હતો.

એ વખતે પણ તેઓ ઉંઘતા ન હતા. કોઇને પત્ર લખી રહ્યા હતા. ઉજાગરાથી તેમની આંખો લાલ થઇ હતી, તે મેં તરત પારખી કાઢયું. તેમને જોતાંજ મેરીઆ રોતી રોતી તેમના તરફ દોડી અને તેમના પગ ઝાલી રોવા લાગી.

" ઓ નોરટન ! તમે મારા ક્ષુદ્ર જીવન માટે શા સારૂ તમારા પ્રાણ આપો છો ? હું માન-કીર્તિ રાખીને શું કરૂ ? કયાં જાઉં ? તમારા જીવન કરતાં અધિક પ્રિય મને શું છે ? હું તમને પગે પડી માગી લઉં છું કે કોર્ટમાં સર્વ વાત સાફ કહી દઇને તમને આ ઘોર આરોપમાંથી બચાવી લઇશ. ઓ લૉર્ડ ! મારે માટે આટલું બધું..."

તે વધારે બોલી ન શકી. તેણીએ તેના પગ વચ્ચે માથું નાંખી દીધું. નોરટને તેને હાથ પકડી ઉઠાડી.

"લુઇસા ! ઉભી થા; શાન્ત થા. બાયલાની માફક એક અબળા સ્ત્રી પર—એક નિરાશ્રયા બાળા ઉપર—આ બધો દોષ રાખી હું મારા જીવનને બચાવી લેવા ઇચ્છતો નથી. હું સ્નેહ–દૃષ્ટિએ જોતાં તારામાં અપરાધ જોતો નથી; પરંતુ જગત તેમ જોશે નહિ. તે તો મિલ્ટનને દોષ દેશે નહિ: પણ તને અને મનેજ ધિક્કારશે. હું તને આટલા સ્નેહથી ચ્હાઉં છું. તો તારા પર હું દોષ આવવા દઇશ નહિ. આ વખતે બધા સ્મીથની તરફ થઇ ગયા છે: પરં ઇશ્વર મારી તરફ થશેજ. તેની દૃષ્ટિએ આપણે નિર્દોષ છીએ. માત્ર લૉર્ડ સેસીલ તથા હર્ષદરાય મને નરહત્યાનો પાપી ન માને એટલુંજ હું ઇચ્છું છું."

એ પછી લૉર્ડ સેસીલની તરફ ફરી તેમણે કહ્યું:–"ભાઇ સેસીલ! તમે જાણતા હશો કે સ્ત્રીની મર્યાદા કેવી સુક્ષ્મ સૂત્ર જેવી છે ? સહજ ખેંચાય તો તુટી જાય અને પુનઃ સંધાય નહિ. જે વાત હું પ્રકાશ કરી શકતો નથી તે જો પ્રકાશ થાય તો લુઇસાનું જીવન પળવારમાં મૃત્યુ સમાન થઇ જાય એમ છે !"

તેમને આવા દૃઢ–પ્રતિજ્ઞ જોઇ મેં કહ્યું:–"મહાશય ! આમ બોલીને આપ મને નિરાશ અને નિરુત્સાહી બનાવી દ્યો છો. જે કાર્ય માટે હું છેક હિંદુસ્તાનથી અહીં સુધી આવ્યો છું, તે પૂર્ણ કર્યા વિના પાછો જઇ ભારતવર્ષમાં શું મોં બતાવું ? હું તો કદી માનતો જ નથી કે આપે મિલ્ટનનું ખૂન કર્યું છે."

"અને મને પણ એમ સ્વપ્નેય લાગતું નથી." લૉર્ડ સેસીલે કહ્યું.

"આપ ઉભયનો ઉપકાર !"

"અરે એટલુંજ નહિ, પરંતુ જ્યૉર્જ મિલ્ટન આ સમયે પણ જીવે છે તે સિદ્ધ કરવા માટે મેં એક પત્ર પણ મેળવ્યો છે..."

"હેં !"

"હા, અને તે પણ સ્મીથની પાસેથીજ મેળવ્યો છે." મેં તેમના આશ્ચર્યમાં ઉમેરો કરતાં કહ્યું. લુઇસા તો જાણે હર્ષથી ચમકી ઉઠી.

"કેવી રીતે મેળવ્યો ? તે બધું બરાબર કહો."

"તે બધું વખત આવે કહીશ. હાલ તો હુંજ આપનું પૂર્વ જીવન જાણવા ઇચ્છું છું. એથી મારા કાર્યમાં મને બહુ મદદ મળશે."

"નોરટન! મારા પર તમારો જરા પણ પ્રેમ હોય, તો એને બધી વાત સાફ કહી દો."

અમે સૌ ખુરસી પર બેસી ગયા. લુઇસા લૉર્ડના ખભા પર હાથ મૂકી ઉભી રહી. એનાં નેત્રો હજુ અશ્રુપૂર્ણ હતાં. એ બંનેને જોઇ ક્ષણવાર એક વિચાર વિજળીની પેઠે ચમકારો કરી ગયો. "વિધાતાએ આ બેનું યુગલ સરજ્યું હોત તો?" નોરટને પૂર્વ-વૃત્તાંત કહેવા માંડ્યું.

"આજે લગભગ ત્રીસ વર્ષ થયાં મારા પિતા પહેલીવારજ લંડન શહેરમાં રહેવા આવ્યા. તે વખતે મારી ઉમ્મર પાંચ વર્ષની હતી. એ પહેલાં અમે પાસેનાજ એક ગામમાં રહેતા હતા. કારણ કે મારી માતાને શહેરની હવા માફક આવતી ન હતી.

એ ગામમાં એક પાદરીને ઘેર મારા પિતા ઘણી વાર જતા. એ બંને વચ્ચે મિત્રતા થઇ. પાદરીનું નામ વિલિયમ પાર્કર હતું. તેને એકની એક કન્યા હતી. તેનુંજ નામ મિસ સ્વીટહાર્ટ હતું.

કાળ જતાં સ્વીટહાર્ટની મા સ્વર્ગવાસ પામી. પાર્કરે ફરી લગ્ન ન કર્યું. સ્વીટહાર્ટજ તેના ઘરનો કારભાર ચલાવતી. આખા ગામમાં એના જેવી નિપુણ અને સુંદર બાળા ભાગ્યેજ બીજી હશે.

સ્વીટહાર્ટ વિવાહ યોગ્ય થઇ; પરંતુ તેના પિતાએ ઘણું સમજાવ્યા છતાં પણ તેણે લગ્ન કરવાની અનિચ્છા બતાવી. મૃત્યુ સમયે વિલિયમ પાર્કરે સ્વીટહાર્ટને મારા પિતાજીને સોંપી અને કહ્યું:- "એની ઇચ્છા થાય ત્યારે એને કોઇ સત્પાત્રને આપજો."

ફાધર પાર્કરના મૃત્યુ પછી તે અમારે ઘેર આવી રહેવા લાગી. મારી માતાના કરતાં તે ચારેક વર્ષેજ નાની હતી. તેથી બંને બ્હેનો પ્રમાણે વર્તતાં-ચ્હાતાં.

એમ પાંચેક વર્ષ વીતી ગયાં. હું લગભગ પંદર વર્ષનો થયો. મારી માતા સ્વર્ગવાસ પામી. માતુશ્રીના શોકમાં પિતાજી ઘણા ઉદાસ

રહેતા હતા. જુલીઅન્ની વય એ વખતે ત્રણ ચાર વર્ષનીજ હતી.

લંડનમાં અમારે લૉર્ડ બીકન્સફીલ્ડના પરિવાર સાથે ઓળખાણ—મિત્રતા—ઘરોબો—થયો. અમને એમના કુટુંબમાંજ છોડી પિતાજી પાછા ગામમાં રહેવા લાગ્યા. એમણે ધાર્યું કે ત્યાં રહેવાથી મારી માતાનો શોક ઓછો થશે. તેમનું ગૃહ ચલાવવા માટે સ્વીટહાર્ટ પણ ગામમાં જઇ વસવા લાગી.

પહેલાં તો પિતાજી ઘણીવાર લંડનમાં આવી જતા; પણ ધીમે ધીમે તે બંધ થયું. અમે તેમને મળવા ગામમાં જવા માંડયું. સ્વીટહાર્ટ અમારી માતાને સ્થાને હતી; તે શહેરમાં આવી ઘણીવાર અમારી ખબર રાખતી.

કંઇક દિવસો—મહિનાઓ—વીત્યા. પિતાજી સ્વીટહાર્ટની સાથે બગીચામાં રહેતા. ધીમે ધીમે એ વાત રાજા જ્યૉર્જના કાન સુધી પહોંચી. સમાજમાં પિતાજીની બહુ નિંદા થતી. રાજાએ તેમના ઉપર ઠપકાભર્યો પત્ર લખ્યો અને તેમાં સ્વીટહાર્ટ સાથે લગ્ન કરી દેવાનો આગ્રહ કર્યો. "

"ત્યારે તેમણે લગ્ન કેમ ન કર્યું ?" મે નૉરટનને અટકાવી વચમાં પૂછ્યું.

"તે અજાયબી ભર્યું છેને. લગ્ન ન કરવાનું કાંઇ પણ ગુપ્ત કારણ હોવું જોઇએ. મેં તે કારણ જાણવાના પ્રયત્ન કરેલા પરંતુ તે નિષ્ફળ ગયા હતા.

લોકોને ટીકા કરતા—તરેહ તરેહની વાત ઉરાડતા જોઇ પિતાજી સ્વીટહાર્ટને ત્યાંજ છોડી એકલા સ્કૉટલાંડમાં જઇ રહેવા લાગ્યા. ત્યાં અમારી પુષ્કળ જમીન હતી અને છે. ત્યાં એમણે એક સુંદર બંગલો પણ બંધાવ્યો હતો.

પિતાજીના સ્કૉટલાંડ જવા પછી અમારી સંભાળ સ્વીટહાર્ટને માથે પડી. પિતાજી ત્યાંથી પૈસા મોકલતા હતા તે વડે અમારૂં ગુજરાન ચાલતું. અમારી મા સ્વીટહાર્ટ હતી. અમારો પિતા ઇશ્વર હતો !

અમે ભાઇ બ્હેન એક બીજાની સંભાળ રાખતાં. હું જુલીઅટ કરતાં નવ દશ વર્ષે મોટો હતો છતાં કોઇક વાર તેની સાથે રમતો. સ્વર્ગે ગયેલી મારી માતાનું મુખ જુલીઅટના જેવુંજ હતું.

એક રાત્રે અમે સગડી આગળ તાપતાં હતાં અને તાર આવ્યો. પિતાજી સ્કૉટલાંડમાં ઘણા માંદા હતા. તે જ રાત્રે અમે ત્યાંથી નીકળી સ્કૉટલાંડ આવ્યાં.

સ્વીટહાર્ટ અને અમે પિતાજીની સારવાર કરવા લાગ્યાં. માંદગી બહુ લંબાઇ, લગભગ છ માસ થઇ ગયા. એ વખતે સ્વીટહાર્ટ રાત–દિવસ પિતાજીની પાસે રહી, ચાકરી કરતી.

એક દિવસ પિતાજીએ મને બોલાવ્યો. પાસે બોલાવી કહ્યું:– " નોરટન! હવે મને ફરી ઉઠવાની આશા નથી. કાલે સાંજે લંડનથી એક બારીસ્ટરને મેં બોલાવ્યો છે. તેની સમક્ષ હું વીલ કરીશ. તે વખતે તું હાજર રહેજે."

યથા સમય બારીસ્ટર મી૰ મોરીસન આવી પહોંચ્યા. પિતાજીએ તેની સાથે ઘણો વખત સુધી એકાંતમાં વાતો કરી. કેટલીક વાર પછી મોરીસને બહાર આવી સ્વીટહાર્ટને કહ્યું:–" નોરટનના પિતા બંને બાળકોના વડિલ તરીકે તમને નીમે છે, તેમાં તમારે કાંઇ વાંધો છે?"

તેણીએ કાંઇ જવાબ ન આપ્યો. માત્ર ઇશારતથી સંમતિ દર્શાવી. તે જ દિવસે ડૉક્ટરે કહ્યું કે–' આજનો દિવસ દર્દીને માટે ભયંકર છે.' મોરીસન ભોજન કર્યા પછી બહાર ગયા અને બે ત્રણ પ્રતિષ્ઠિત સાક્ષીને બોલાવી લાવ્યા.

તેમની સમક્ષ વસીઅતનામું–વીલ થયું. હું સર્વ સંપત્તિનો ઉત્તરાધિકારી થયો. જુલીઅટને લગ્ન વખતે બે લાખ પાઉન્ડ કન્યાદાન (dowry) માં આપવાના હતા તથા સ્વીટહાર્ટને જીવનપર્યંત પ્રતિ માસે પાંચસે પાઉન્ડ આપવાનું વીલમાં લખ્યું હતું. એ સિવાય બીજાઓનાં પણ નામ તેમાં હતાં.

એક વાત તેમાં વિશેષતાથી લખવામાં આવી હતી. ' મેરીઆ

લુઇસા નામની બાલિકા જો જીવતી રહે તો એનાં લગ્ન થાય ત્યાંસુધી ભરણ પોષણ કરવું; અને કન્યાદાનમાં એક લાખ પાઉન્ડ આપવા.'

"એ મેરીઆ લુઇસા કોણ?" મેં વચમાં પૂછ્યું.

તે દિવસે સાંજે પિતાજીએ મને બોલાવ્યો. ઓરડામાં બીજાં માણસો હતાં તેને બ્હાર મોકલ્યાં. મને પોતાની પાસે પલંગ પર બેસાડ્યો.

"નોરટન! હવે હું વધારે સમય કાઢી શકીશ નહિ. આ વખતે તું મારી એક બે વાતો કબુલ કર!"

મારી આંખમાં આસુ આવ્યાં. "પિતાજી! આમ શું બોલો છો? તમે હજુ ઘણું જીવશો. આપને જે કાંઇ આજ્ઞા કરવી હોય તે સુખેથી કરો."

તેમણે કહ્યું:–"સાંભળ. મેરીઆ લુઇસા નામની જે બાલિકાનું નામ વીલમાં લખવામાં આવ્યું છે તેને તું .."

મેં તેમને અટકાવી કહ્યું:–"પિતાજી! હું પૂછવાનોજ હતો: એ મેરીઆ લુઇસા કોણ?"

"તારી બ્હેન."

"મારી બ્હેન?"

"હા. તે સ્વીટહાર્ટની પુત્રી છે. બેટા વધારે પૂછવાનું શું કામ છે? હું તને આજ્ઞા કરૂં છું કે તું તેને તારી બ્હેન પ્રમાણે ગણજે."

"આપની આજ્ઞા હુ શિરસાવંદ્ય કરૂં છું પરંતુ તે હાલ ક્યાં રહે છે?" મેં પૂછ્યું.

"મારા મરણ પછી એક પાદરી આવીને તેને તમારી પાસે મૂકી જશે."

"આપ નિશ્ચિંત રહેજો. હું તેને જુલીઅટ જેવી ગણીશ!"

"બીજું સ્વીટને તારી મા પ્રમાણે ગણજે."

"પિતાજી! એમના વિના અમારે બીજી કઇ મા છે? તમારા કહ્યા પહેલાંએ અમારે તો એજ મા છે. એમને વિષે તમે ચિંતા કરશો નહિ. બીજું કાંઇ કહેવાનું હોય તો સુખેથી કહો."

પિતાજીના મોં પર પ્રસન્નતાનાં ચિહ્ન જણાયાં. એક બે સેકન્ડ

પછી હાથ લાંબો કરી તેમણે કહ્યું:-" આ સામેના કબાટમાં એક ચાંદીનું બોકસ છે. તે કાઢી લાવ તો."

" ચાવી કયાં છે?"

પથારીના પડમાંથી તેમણે ચાવી કાઢી આપી. કબાટ ઉઘાડી હું બોકસ કાઢી લાવ્યો. ચાંદીના બોકસની સાથે ચાંદીની ચાવી લટકતી હતી. પિતાજી બોલ્યા:-" મેરીઆ જ્યારે યુવતિ થાય ત્યારે આ બોકસ એને આપજે એમાં શું છે તે જોવાનો તને અધિકાર નથી, હોં."

મેં મસ્તક નમાવી " એ આજ્ઞા માથે ચઢાવું છું." એમ સમજાવ્યું. બોકસ મૂકી કબાટ પાછું બંધ કર્યું. પરંતુ ત્યાર પછી કબાટની ચાવી મારીજ પાસે રાખવાનું પિતાજીએ કહ્યું—

અને બીજે દિવસેજ લોકો પિતાજીના શરીરને ભૂમિશયન કરાવી આવ્યા! અમે બધાં બહુ રડયાં!"

એટલું બોલી લૉર્ડ નોરટન શ્વાસ ખાવા થોભ્યા. મેં ઉઠીને તેમને પાણી આપ્યું. લુઇસા પણ એક ખુરસી પર બેસી ગઇ. નોરટને પાણી પીધું ત્યારે ઘડીઆળમાં ચારના ટકોરા થયા.

પૂર્વ વૃત્તાંત આગળ ચાલ્યું:-

" બીજેજ દિવસે ચાર વર્ષની એક છોકરી અમારે ઘેર આવી. એક પાદરી તેને અમારે ત્યાં મૂકી ગયો. તેનું હસતું મુખ જોઇ શોકવાળાંની ગ્લાનિ ઓછી થતી. તે છોકરી તે આજ!"

એમ બોલી નોરટને લુઇસા તરફ આંગળી કરી. લુઇસાએ નીચે જોયું.

" તે વખતને પણ વર્ષો વીતી ગયાં. આજ અમારી માતૃ સ્વરૂપિણી સ્વીટહાર્ટ મૃત્યુ શય્યા પર સૂતી છે! પિતાજીના મૃત્યુ પછી તે હંમેશાં ઉદાસ રહેતી. જાણે તેને હૃદયના ઉંડા પડમાં મર્મયાતના થતી હોય! અમારી સામે તે પ્રસન્ન દેખાવાને પ્રયત્ન કરતી; પરંતુ ઘણીવાર એકાંતમાં આંસુ પાડતી મેં તેને જોઇ હતી.

ડાકટરોએ એના જીવનની આશા છોડી અને છોડાવી છે. લુઇસા રાતદિવસ પોતાની માતાના પગ આગળ બેસી રહે છે. તે

થોડું થોડું તો સમજતી હતી.

સંધ્યા સમયે સ્વીટહાર્ટે મને પાસે બોલાવી કહ્યું:–" બેટા નોરટન! પાંચ વર્ષ ઉપર તારા પિતાએ મને તમારી સુંપરત કરી હતી. આજે મારૂં ગરીબનું એકનું એક રત્ન હું તને સોંપી જાઉં છું. એને બ્હેન પ્રમાણે ગણજે કે દુનિઆમાં રખડવા કાઢી મૂકજે; એ સૌ તારે હાથ છે."

એ વખતે મારૂં હૈયું ભરાઇ આવ્યું હતું. હું કાંઇ જવાબ આપી શક્યો નહિ. અને હું સત્ય કહું છું કે તે વખતેજ હું હૃદય ખોલી રડી પડયો.

તે જ રાત્રે પરમ સ્નેહસ્વરૂપિણી સ્વીટ પાર્થિવ જ્વાલા-યંત્રણાથી મુક્ત થઇ અમરલોક ચાલી ગઇ!

નવ વર્ષની લુઇસા માતૃહીન થઇ!"

૪૭

પૂર્વ વૃત્તાંત—લુઇસા.

"વળી નવ વર્ષ વીતી ગયાં. મારા જન્મનો ઉત્સવ આવ્યો. એ વખતે મેં ઘણા માણસોને આમંત્ર્યા હતા. યૉર્ક શહેર નિવાસી જ્યૉર્જ મિલ્ટન પણ આવ્યો હતો.

એ વખતે લુઇસાની વય અઢાર વર્ષની હતી. એ બે વચ્ચે તે પ્રસંગેજ પ્રથમ ઓળખાણ પરિચય–વાતચિત–થઇ. તે વખતે મને ખ્યાલ ન હતો, કે સંબંધનું આટલું વિષમય પરિણામ આવશે. મેં કાંઇ વાંધો લીધો નહિ. ધીમે ધીમે મિલ્ટન મારે ઘેર ઘણીવાર આવવા લાગ્યો. એક વાર લુઇસા એકાએક બિમાર થઇ. તે સમાચાર સાંભળતાંજ મિલ્ટન છેક અમેરિકાથી સ્કૉટલાંડ આવ્યો અને ત્રણ ચાર મહિના સુધી લુઇસાની સારવાર કરવામાં અમને મદદ કરી.

ત્યાર પછી લુઇસા એને બહુજ ચહાવા લાગી. મારી ગેરહાજરીમાં પણ મિલ્ટન ઘણીવાર આવતો. એ વાતને પણ એક વર્ષ થયું......"

લૉર્ડ નોરટન બોલતા હતા તે વખતે બિચારી લુઇસા નીચું જોઇ રહી હતી; બુટની અણીવડે જમીન ખણુતી હતી.

"એક દિવસ મેં લુઇસાના શરીર પ્રત્યે નજર નાંખી !... અને સ્થિતિ ભયંકર માલમ પડી !

તે જ રાત્રે મેં યૉર્ક જવાની ટીકીટ લીધી. ત્યાં ગયો. અને મિલ્ટનને મારી સાથે તેડી લાવ્યો. અહીં લાવી, તેને લુઇસા સાથે લગ્ન કરવાનું કહ્યું, અને કોણ જાણે શાથી, તેણે તેમ કરવાની ના કહી.

મેં એને બહુ સમજાવ્યો. તોયે માન્યું નહિ. જ્યારે લુઇસાને એ વાતની ખબર પડી ત્યારે તે રડવા લાગી. મને તેની દયા આવી; અને મિલ્ટન પર અત્યંત ક્રોધ ચઢચો. મેં તે ક્રોધને દબાવી રાખ્યો.

સાંજે અમે ત્રણે નદી–કિનારે ફરવા ગયાં. મેં પહેલેથીજ ગોઠવણ કરી મૂકી હતી, તે પ્રમાણે ત્યાં મારો પરિચિત એક પાદરી અને બે બારીસ્ટરો હાજર રહેવાના હતા. મેં મિલ્ટનને ફરી સમજાવ્યો. લુઇસા તેની પાસે હાથ જોડીને રડી: પણ પાપી એકનો બે ન થયો. એનું હૃદય પલળ્યું નહિ !"

અને ખરેખર, જ્યારે આ શબ્દો બોલાતા હતા, ત્યારે લુઇસાના નેત્રમાંથી પણ અશ્રુ ટપકતાં હતાં !

"એ વખતે દીવા થઇ ગયા હતા. નદીના પાણી પર તેનો ઉજાસ પડતો હતો. મેં ત્રણ વ્યક્તિઓને આઘેથી આવતી જોઇ. સમજ્યો કે એ મારી બોલાવેલી વ્યક્તિઓજ છે. જાણે તેઓ ત્રાહિત માણસો હોય તેમ મેં તેમને પાસે બોલાવ્યા.

આવીને તેમણે કહ્યું:–"મહાશય! આપની વાત શું છે, તે સ્પષ્ટ કહો તો અમે ન્યાય કરીએ."

મેં તેમને સર્વ વાત વર્ણવીને કહી. મારી વાત સાંભળી તેઓએ અત્યંત ક્રોધિત થઇ પિસ્તોલ કાઢી મિલ્ટનના કપાળ સામે ધરી કહ્યું:–"એવા નરાધમના પ્રાણ લેવામાં કાંઇ પાપ નથી. આપ વાર શું કામ લગાડો છો? જો આપથી ન થતું હોય તો અમને આજ્ઞા આપો અમે એને યમદ્વાર પહોંચાડી દઇએ."

આવા શબ્દો સાંભળીને મિલ્ટનને ભય લાગ્યો. વળી તે એક-લોજ હતો, તેથી તેણે કબુલ કર્યું. 'ઠીક, હું લુઇસાની સાથે લગ્ન કરવા ખુશી છું. પરંતુ કોઇ દેવળમાં જઇને લગ્ન કરવાં નથી.'

પાદરીએ કહ્યું:-"તમારી એમ મરજી છે તો આપણે અહીંજ કરી નાંખીએ. હું ધર્મગુરૂજ છું, અને મારી પાસે રજીસ્ટરવાળી ચોપડી પણ છે."

મિલ્ટને કાંઇ વાંધો ન બતાવ્યો. તેણે ધાર્યું હશે કે આ લગ્ન ક્યાં કોઇ જાણવાનું છે? તેને ખબર ન હતી કે એ બારીસ્ટરો ત્યાંજ હતા.

અંતે તે ત્રણની સામે લુઇસા અને મિલ્ટનનાં લગ્ન થયાં. રજીસ્ટરવાળી ચોપડી ઉઘાડવામાં આવી એટલે મિલ્ટને વાંધો લીધો. પરંતુ અમે પાંચ જણ એક તરફ હતા, તેથી તેનું કાંઇ વળ્યું નહી, અમે બહુ આગ્રહ કર્યો ત્યારે તે લખાણ કરવા દેવા-કરી આપવા તૈયાર થયો.

લખાણ કરવામાં આવ્યું. પાછળથી મેં તેની નકલ કરી લીધી હતી તે આ રહી."

એમ કહી તેમણે એક કાગળનો કકડો મારા હાથમાં આપ્યો. તેમાં નીચે પ્રમાણે લખ્યું હતું.

"હું-યૉર્ક શહેર નિવાસી જ્યોર્જ મિલ્ટન-લૉર્ડ હેનરીની કન્યા મેરીઆ લુઇસાને નિમ્ન લિખિત વ્યક્તિઓ સમક્ષ પત્ની રૂપે ગ્રહણ કરૂં છું. કાયદાનુસાર એની સંતતિ મારી સપત્તિની ઉત્તરાધિકારી થાય સહી—તારીખ ૨૨ જાન્યુઆરી ૧૮૬૪ ઇસ્વીસન.

સાક્ષી-	
પાદરી એડમંડ મિલ્સ. ડી. ડી.	હસ્તાક્ષર-
હેનરી ફાઉલર	
ડેવિડ ડૉવેલ. બાર-અટર્ની.	(જ્યૉર્જ મિલ્ટન.)

ખત વાંચીને મેં લૉર્ડ સેસીલના હાથમાં મૂક્યું. લૉર્ડ નોરટને બોલવા માંડ્યું:-

"એમાં જ્યાં હસ્તાક્ષર લખ્યું છે ત્યાં મિલ્ટનની સહી હતી. રજીસ્ટરમાં લગ્ન સ્વાક્ષરિત થઇ ગયા પછીજ એ સઘળી બાબત સમજ્યો. મેં પહેલેથી ગોઠવણ કરી મૂકી હતી તે તેના ધ્યાનમાં આવ્યું. મારી તરફ ફરી ગુસ્સાથી બોલ્યો:–'નોરટન! બચ્ચા યાદ રાખજે કે આજે તેં મારી સાથે જે દગાબાજી કરી છે તેનું ફળ તને શીઘ્રજ મળશે.'

એમ બોલી ને કોણ જાણે કયાં અદૃશ્ય થઇ ગયો. પછી તે દેખાયોજ નથી. દિવસ જતાં માલમ પડ્યું કે તેણે મેરીઆને મારી નાંખવા માટે ભયંકર જાળ ફેલાવી છે!

મેં લુઇસાને એક પાદરીને ઘેર છુપાવી દીધી. ત્યાર પછી તેણે મારો જીવ લેવા માટે શું શું ધતીંગ રચ્યાં છે તે તમે જાણો છો. હું એમાંથી ભાગ્યેજ બચી શકીશ. મારે પ્રાણ આપવાજ પડશે..."

"ના ના. ઓ ભાઇ! એવું ન બોલો, મારાં પાપ માટે તમને શિક્ષા થતી હું કદી જોઇ શકીશ નહિ. જો તમે અમારી વાતનો સ્વીકાર નહિ કરો તો હુંજ સભામાં આવીને બધી વાત ચોકખી કહી દઇશ."

"લુઇસા! બ્હેન એવું ગાંડપણ કરીશ નહિ. આપણા વંશ પર એક કલંક લગે તે શું યોગ્ય છે? તું બહુ ભોળી છે. હું તને..."

"ભલે હું ભોળી છું. પરંતુ હું મારે માટે તમને મરવા દઇશ નહિજ."

મેં બંનેને અટકાવી કહ્યું:–"તમે શા માટે ખોટી રકઝક કરો છો? તમારા બેમાંથી એકને પણ મરવાની જરૂર પડશે નહિ."

પછી અમે પાછાં આવ્યાં. પ્રિય વાંચક! આપણું હિંદુસ્તાન હોત તો એ વખતે અજવાળાં પણ પડવા માંડયાં હોત કારણ કે લગભગ પાંચ વાગ્યા હતા.

લુઇસા પણ અમારી સાથેજ પાછી ફરી.

માથા વિનાનું મુડદું !

(કરીમના શબ્દમાં.)

ઇન્સ્પેકટર ડ્રાઇડન ઘાયલ થઇ પડતાંજ એમિલી એકદમ તેની સારવાર કરવા મંડી પડી. ગોળી કયાંથી આવી ? કોણે મારી ? એ વિષે અમને તો શું પરંતુ તેને પણ બહુ આશ્ચર્ય લાગ્યું.

પાએક કલાકમાં ડ્રાઇડનને શુદ્ધિ આવ્યા પછી તે ઉઠીને ઉભા થવા જતા હતા પણ શક્તિ ન હતી. એક સાર્જંટ સાથે મે તેમને ઘેર મોકલી દીધા.

પછી એમિલીને કહ્યું:–" આવાં પાપી આચરણવાળા પુરૂષ પર તને શાથી વ્હાલ ઉપજે ?..."

મને આગળ બોલતો અટકાવી તે બોલી ઉઠી:– શું આપને ખબર નથી કે પ્રેમ આંધળો છે ?"

એ ચતુર બાળાની સાથે વાદવિવાદમાં વખત ગાળવો અયોગ્ય ધારી, જે બારણાંને અંદરથી સાંકળ ન હોય તેવો એક ઓરડો શોધી કહાડ્યો. એમિલીને તેમાં પૂરી બારણે સાંકળ ચઢાવી બહાર એક સિપાઇને બેસાડ્યો. સારૂં થયું કે એ ઓરડામાં ગોંધાની વખતે એમિલીએ આનાકાની બહુ ન કરી.

બીજાં માણસોને લઇ હું ત્રીજે માળે ચઢ્યો. ત્યાં એક પછી એક સર્વ ઓરડા ખોળી વળ્યો પરંતુ કોઇ હાથ આવ્યું નહિ અને તે છતાં લગભગ બધા ઓરડામાં થોડાક વખત પરજ કોઇ માણસ આવી ગયું હોય તેવાં ચિહ્ન હતાં !

એ ઘરની આસપાસ બીજું ઘર પણ ન હતું. ચારે બાજુ પર મેં પોલિસનાં માણુસ બેસાડ્યાં હતાં તે છતાં પણ સ્મીથ અને તેનું મંડળ કોણ જાણે કયાંએ અદૃશ્ય થઇ ગયું ?

ઘરને કદાચ ભોંયરૂં હશે, અને પાપીઓ તેમાં ઉતર્યા હશે, એમ ધારી અમે નીચે ઉતર્યા. ભોંયતળીઆના સર્વ ઓરડા બારીકીથી

તપાસી જોયા; પરંતુ કોઇ સ્થાને બોયરૂં હોય તેવાં ચિહ્ન જણાયાં નહિ.

અંતે મને લાગ્યું કે એ લોકો અમારા આવ્યા પહેલાંજ નાસી ગયા હશે અને ગોળી મારનાર પણ અમારા ગભરાટની વખતે નાસી છુટયો હશે. એમ ધારી અમે એમિલીને ગોંધી હતી તે ઓરડા પાસે આવ્યા. બારણું ઉઘાડી જોયું—**તો ઓરડો ખાલીખમ !**

આ શું ? એમિલી કયાં ઉડી ગઇ ? ઓરડામાં જઇ જમીન-ભીંત ઘણીજ બારીકીથી તપાસ્યાં. પણ કોઇ ઠેકાણે બારણું કે બારી જણાયાં નહિ ! અત્યંત આશ્ચર્યજનક ! આ લોકો જાદુગર તો નથી ? હું પણ એક અજબ સ્વપ્ન જોઇ રહ્યો છું !

એક હાથમાં આવેલું પંખી પણ ઉડી ગયું !

આખરે મકાનની બહાર નીકળી અમે તેને સરકારી સિલનું તાળું માર્યું. એક બે સિપાઇને ત્યાં બેસાડી બાકીના થાણા પર પાછા આવ્યા.

બનેલી સર્વ વાત યાદ કરતો હું વિચારમાં બેઠો હતો. આ મંડળની આટલી વાત જાણ્યા પછી પણ હું હમાંના એકને પણ પકડાવી શકયો નહિ ! એટલુંજ નહિ પણ બિચારી સુમનને પણ બચાવી શકયો નહિ ! એ નિરાધાર બાળા આ સમયે કયાં હશે ?

સામે ટેબલ પર ટંઇક ચોપાનીઆં અને પેપરો પડયાં હતાં. અચાનક એક ફકરા પર નજર પડી. તે હાથમાં લઇ વાંચ્યું:—

"ભયાનક હત્યાકાંડ !

આજ કંઇક દિવસ પર ટેમ્સ નદીમાં એક લાશ વહી જતી હતી. મચ્છીમારોએ તેને કાઢી. માલમ પડયું કે તે કોઇ હિંદુસ્તાની સ્ત્રીની લાશ છે, કારણ કે એ લાશ પરનાં ઘરેણાં બધાં હિંદુસ્તાનની બનાવટનાં છે. સ્ત્રી અત્યંત સુંદર હોવી જોઇએ.

એ સ્ત્રીનું ખૂન કરવામાં આવ્યું છે કે તેણે આપઘાત કર્યો છે તે સમજાતું નથી. શહેરની પોલિસ એ વિષે તપાસ ચલાવે છે.

એ લાશ ચાળીસ નંબરના ધર્માદા દવાખાનામાં હજુ રાખવામાં આવી છે. એ બાલિકાનું કોઇ સંબંધી આ દેશમાં હોય તો

તે ત્યાં જઇ એ લાશને ઓળખી શકશે. સાબિતી મળતાં લાશ તેને સ્વાધીન કરવામાં આવશે. ”

સમાચાર વાંચતાં મારાં રૂવાં ઉભાં થઇ ગયાં. “ ત્યારે શું પાપીઓએ સુમનને મારી નાખી ? કે અત્યાચાર થતાં એણેજ આપઘાત કર્યો ? હરિ ! ઓ મૂર્ખ હરિ ! આ પાપ તારે માથે...લોકો કહે છે કે ધર્મના કામમાં ઢીલ ન કરવી તે ખોટું નથી...”

ત્યાંથી ઉઠી હું તરત તે દવાખાનામાં પહોંચી ગયો અને ત્યાંના મેનેજરને મળ્યો.

“ તમારે લાશ જોવી છે ? ” તેણે પૂછ્યું.

“ જી હા. ”

“ તમે તેના સંબંધી છો ? ”

મેં અધીરાઇથી કહ્યું:—“ લાશ જોયા વિના હું તે કાંઇ પણ કહી શકતો નથી. મારી ઓળખીતી એક બાળા થોડા દિવસ પર અહીં શકતો નથી. મારી ઓળખીતી એક બાળા થોડા દિવસ પર જોવા માગું છું કે એ લાશ એની તો નથીને ? ”

મારા શબ્દો સાંભળી તેણે તો કાગળ પેન્સીલ લેવા માંડયાં. મને પૂછ્યું:—

“ તમારી એ ઓળખીતીનું નામ શું ? ”

“ સુમનસુંદરી. ”

તેણે નામ લખી લીધું.

“ તમારી ઓળખાણ ક્યારે થઇ હતી ? ”

“ થોડાજ વખત પર. ”

“ કેવી રીતે થઇ હતી. ”

“ એ બહુ લાંબી કથા છે. પહેલાં કૃપા કરી આપ મને લાશ જોવા દ્યો. પછી હું આપના સર્વ પ્રશ્નનો જવાબ આપીશ. ”

મેં ઘણો આગ્રહ કર્યો ત્યારે એ જડ મને લાશવાળા ઓરડા તરફ લઇ ગયો. ઓરડામાં પેસતાંજ ઘણી દુર્ગંધ આવી. મેં ધાર્યું કે લાશ સડી ગઇ હોવી જોઇએ. નાકે હાથ દઈ અમે અંદર ગયા; અને

મેં એક ભયાનક દૃશ્ય જોયું—લાશને માથુંજ ન હતું !

બીજા બધા ભાગો પણ સડી ગયા હતા. શરીરની લંબાઇ, પહોળાઇ, રંગ અને ઘાટ સુમનસુંદરીના જેવાંજ હતાં. એ ઘરેણાં મેં સુમનના શરીર પરજ એકવાર જોયાં હતાં. આકાર, વર્ણ અને અલંકારથી મેં લાશને ઓળખી. તે સુમનસુંદરીનીજ હતી ! નક્કી તેને પાપીઓએજ મારી નાંખી હોવી જોઇએ. નહિ તો માથું ક્યાં જાય ?

" આ લાશ તમારી ઓળખીતીની છે ને ? "

" મોં જોવાનો કોઇ ઉપાય નથી ? "

" ના. તે સિવાયનું ઓળખાય છે ? "

" આકાર બધો તેનોજ છે. આ ઘરેણાં પણ મેં તેના શરીર પર જોયાં હતાં. "

" તમને ખાત્રી છે ? "

" હા. "

" ત્યારે તમારે અદાલતમાં જુબાની આપવી પડશે. અત્યારે હું કહું તેટલું લખાવો. "

તેણે પૂછ્યું તેટલું મેં લખાવ્યું અને તેની રજા લીધી. રસ્તામાં વિચાર ઉભરાવા લાગ્યાઃ—

" આ શું સાચું છે ?...શું પાપીઓએ સુમનને મારી નાંખી તેનું ડોકું કાપી લીધું હશે ? ઓળખાય નહિ તે માટે !...અને તેને નદીમાં નાંખી દીધી ?...ખરેખર ! કમનસિબ સુમનનીજ એ લાશ છે."

" હરિ ! હરિ ! એ પાપ તારે માથે, હોં ! "

૪૯

સંદેહની સમાપ્તિ.

(ડિટેક્ટીવ હર્ષદના શબ્દમાં.)

મળસ્કે અમે નોરટનના મકાને પહોંચ્યા. લુઇસાને એક એકાંત ઓરડામાં મૂકી હું એલનની તબિયતના ખબર લેવા તેના

ઓરડા તરફ ચાલ્યો ત્યાં માર્ગમાંજ મને અલબર્ટ મળ્યો.

"મિ૦ હર્ષદ ! લૉર્ડ નોરટનના શું સમાચાર છે? મુકર્દમામાં કાંઇ હોંશિયાર બારીસ્ટર કરવાની તેમણે સંમતિ આપી કે નહિ?" અલબર્ટે પૂછ્યું.

"હજુ સુધી એવી કોઇ સંમતિ કે આજ્ઞા મળી નથી; પરંતુ એક ફાયદો થયો છે."

"તે શું?"

એમણે પોતાનું પૂર્વવૃત્તાંત મને કહ્યું છે. એથી મારા ઘણા શક દૂર થયા છે; અને હું સહેલાઇથી એમને નિર્દોષ સિદ્ધ કરી આપીશ."

"સ્મીથના મંડળમા ભળતા પહેલાં પણ મને તો એ બાબતની ખાત્રીજ હતી. વારૂ આજે કેસનો દિવસ છે. તો તમે શું તૈયારી કરી મૂકી છે?"

"તૈયારી કાંઇ બહુ કરવાની નથી. જે કંઇ યોગ્ય હતું, તે મેં કરી મૂકયું છે. આપ ચિંતા કરશો નહિ."

એટલામાં લૉર્ડ નોરટનનો પત્ર હજુ મેં એલનને આપ્યો ન હતો તે સાંભર્યું. આવવા જવાની ગડબડમાં હું તે ભૂલી ગયો હતો.

"લેડી એલનની તબિયત કેવી છે?"

"જરા તાવ આવે છે. ડૉ૦ ચાર્લ્સ કહે છે કે જખમ બહુ ભયંકર નથી: છતાં ઘણા દિવસ સુધી પથારીવશ રહેવું પડશે."

"ઠીક. તો હવે આપ કૉર્ટમાં જરૂર મને મળજો" એમ કહી મેં અલબર્ટની રજા લીધી અને એલનના ઓરડામાં ગયો. મને જોઇ એલન ધીમે સાદે બોલી:-

"કોણ? નોરટન કે?"

"જી નહિ. હું હર્ષદ છું."

"કોણ? ડિટેકટીવ હર્ષદરાય?...ડિટેકટીવ?...હાં હવે સમજી. આપ તેમના કાંઇ સમાચાર લાવ્યા છો?" એટલું બોલી એ પાછી આંખ મીંચી વિચારમાં પડી.

મેં જોયું કે એલનનું મગજ વિકારગ્રસ્ત છે. એજ વખતે ડૉ૦ ચાર્લ્સે તે ખંડમાં પ્રવેશ કર્યો. મેં તેમને જરા દૂર લઇ જઇ કહ્યું:–" રોગિણી ધીમે ધીમે સારી થાય છે, પરંતુ મગજ ચકડોળે ચઢતું લાગે છે."

' મેં તો એવું કોઇ ચિહ્ન નથી જોયું!"

" મને એમ લાગે છે."

એટલામાં એલન આંખ ઉઘાડી બોલી:–" અહીં કોણ છે? શું વાત કરે છે?"

ડૉ૦ ચાર્લ્સ તેની પાસે ગયા. " ડિટેક્ટીવ હર્ષદરાય લૉર્ડ નોરટનની ખબર લઇને આવ્યા છે."

" તેને મારી પાસે મોકલો."

મેં ડૉક્ટરને ધીમેથી પૂછ્યું:–" લૉર્ડ નોરટને મને એક પત્ર આપ્યો છે; તે અત્યારે એમને આપું તો કાંઇ વાંધો તો નથી ને?"

" માત્ર તાવ ચઢ્યો છે. એટલે હરકત જેવું કાંઇ નથી."

" ત્યારે આપું?"

" મારો તો એવો મત છે. કારણ કે કદાચ તે વાંચવાથી એના કેટલાક ભ્રમ દૂર થઇ, શાંતિ પણ પામે."

હું પલંગની પાસે ગયો. એલનને સંબોધી પૂછ્યું:–આપ મને ઓળખો છો કે?"

" હા. ઘણી સારી રીતે."

" હું કોણ છું?"

" હર્ષદરાય. તમને ખબર હશે કે નોરટન હવે સારા છે? એમણે મને કાંઇ કહાવ્યું નથી?"

" લૉર્ડ સારા છે. તેમણે આપને આ પત્ર મોકલાવ્યો છે."

એમ કહી મેં પત્ર તેના હાથમાં મૂક્યો. તે તેણે ઘણી ઉત્સુકતાથી લીધો ખરો, પરંતુ ઘણી વાર સુધી છાતી પર ધરી રાખ્યો. બે મીનીટ પછી મને કહ્યું:–" મારૂં શરીર ઘણું દુર્બલ થઇ ગયું છે. કૃપા કરી તમેજ મને એ વાંચી સંભળાવો." મારી જીંદગીમાં પહે-

બીજી વાર મેં દંપતિમાં લખાલે પત્ર વાંચ્યોઃ—

સેંટ્રલ જેલ—તા. ૭ મી મે. રવિવાર.

" પ્રિય એલન !

તને કોઈ પણ પ્રકારનું પ્રિય સંબોધન લખવાનો મને અધિકાર નથી; છતાં લખાઇ જાય છે. તે ક્ષમા કરજે.

આપણા બે વચ્ચે ઘણા દિવસથી એક સંદેહસૂચક અવિશ્વાસ ઉત્પન્ન થયો છે. પરંતુ હું બિલકુલ નિર્દોષ છું; અને તે તને જણાવવા માટેજ આ પત્ર લખું છું. તું મારી દૃષ્ટિએ દોષિત છે તે વાત હું ઘણા દિવસથી જાણતો હતો; છતાં મેં તે વાત તને કહી ન હતી.

આજે હું તે કહીશજ; કારણ કે આજ સિવાય હવે બીજો વખતજ નથી."

પત્ર આટલો વાંચી હું અટકી ગયો. મને લાગ્યું કે એ વાંચી સંભળાવવાથી ફાયદો નહિ, પણ નુકસાનજ થશે. એમ વિચાર કરતો હતો, એટલામાં આંખ ઉઘાડી એલન બોલીઃ—" કેમ ? અટકી કેમ ગયા ? "

હું કાંઇ બોલ્યો નહિ.

" તમને એમ લાગે છે કે પત્ર સાંભળી મને દુઃખ થાય છે ? ના. ના એવો ડર રાખશો નહિ. પત્ર છેડે સુધી વાંચી જાઓ. મારે સાંભળવોજ છે. "

મેં આગળ વાંચવા માંડ્યું:—

" હું જાણું છું કે મારા ઉપર તને જે વહેમ ઉત્પન્ન થયો છે તેનું મૂળ મેરીઆ લુઇસા છે. પરંતુ ઇશ્વરને સાક્ષી માની કહું છું કે લુઇસા મારી બ્હેન છે—મારી ભગિની છે. વધારે હું કહી શકતો નથી.

એક વાત બીજી કહીશ. આપણાં લગ્ન થયાં તે પહેલાં હું એકવાર સ્કૉટલાંડ ગયો હતો. તેં મને તેનું કારણ ઘણી વાર પૂછ્યું હતું, પણ મેં કહ્યું ન હતું. હું ઇચ્છતો હતો કે કોઇ વાર વખત આવ્યે કહીશ. આજે તે વખત આવ્યો છે.

જ્યૉર્જ મિલ્ટન સાથે પહેલાં મારે ઘણી મિત્રતા હતી. તે સ્કૉટલાંડમાં આપણે ઘેર ઘણીવાર આવતો. મારી બહેન લુઇસાની તે કોર્ટશીપ* કરવા લાગ્યો.

વખત જતાં કુળને કલંક લાગશે એમ ધારી મેં મિલ્ટનને લુઇસા સાથે લગ્ન કરવાનું કહ્યું અને કોણ જાણે શા કારણથી તેણે એ વાતનો ઇન્કાર કર્યો. ત્યાર પછી તેણે આપણે ઘેર આવવાનું પણ બંધ કર્યું.

મને બહુ ક્રોધ આવ્યો. એક દિવસ મેં મિલ્ટનને ફરવા લઇ જઇ, બળાત્કારે લુઇસા સાથે તેનાં લગ્ન કરી દીધાં. ત્યારથી તે મારા પર બહુ ખીજવાયો છે. તે અને તેનો ગેરકાયદેસર (Illegitimate) પુત્ર સ્મીથ બન્ને મળી મને અને લુઇસાને મારી નાંખવા મથે છે; અને તારાજ એક મિત્રની સહાયથી સ્મીથ અધિક ઉત્સાહી બની રહ્યો છે."

એ સાંભળી તેણે આંખ ઉઘાડી !

હું તો વાંચેજ ગયો:—

" નક્કી મિલ્ટન જીવે છે. મારો દોષ અને તારો ભ્રમ દૂર કરવા માટે મેં જે ખુલાસો કર્યો છે, તેના ઉપર, હું આશા રાખું છું કે તું શ્રદ્ધા રાખશે, મને જુઠો નહીં માને !

હું તો પહેલેથીજ કહેતો આવ્યો છું કે માનવ–જીવન અસંપૂર્ણ છે–દોષ અને ભ્રમનો ખજાનો છે. તારી સાથે લગ્ન કરવામાં મેં કાંઇ ભૂલ કરી હોય તો તે અજ્ઞાનપણેજ કરી છે. શું તું ક્ષમા નહિ કરે ?

મારા ગયા પછી તે ભૂલ સુધારવાનો વખત મળશે; અલ્બર્ટને સુખી કરવાનો અવસર મળશે. હું પ્રભુને પ્રાર્થના કરૂં છું કે તેની સાથે તું સુખી......"

હવે તો મેં વાંચવાનું બંધજ કર્યું. આ શબ્દો એલનના હૃદય-

---

* અંગ્રેજ સમાજમાં લગ્ન પહેલાં દમ્પતિ સાથે ફરવા જાય છે; તેમજ એવી બીજી રીતે પુરૂષ સ્ત્રીનું મન મેળવે છે. એ રિવાજને 'કોર્ટશીપ' કહેવામાં આવે છે.

મર્મ છેદી નાંખતા હશે ! એલનની આંખ મીંચેલી હતી અને એ કમળની પાંદડી જેવાં પોપચાં વચ્ચે અશ્રુબિંદુ ટપકતાં—વહી જતાં—હતાં!

એકાએક મુખ બોલ્યું: “ ઉહ ! મને મહા ભ્રમ થયો છે ! ઓ વ્હાલા નોરટન ! મારી રક્ષા કરો મને બચાવો ! ”

ત્યાર પછી તરત એ શરીર મૂર્છિત થઇ ગયું લાગ્યું.

૫૦

ખૂની ગુન્હેગાર.

(‘ટાઇમ્સ’ પત્રમાંથી ટુંક ઉતારો.)

સમગ્ર ઇંગ્લાંડવાસીઓની પરમ શ્રદ્ધાના પાત્ર, વિદ્યા, દયા, દાક્ષિણ્ય વગેરે ગુણોથી અલંકૃત લૉર્ડ નોરટન ઉપર આજે મહાન્ આરોપ મૂકવામાં આવ્યો છે ! જે કોઇ એના ઉપર દૃષ્ટિ નાંખે છે તે કહે છે કે “ એ કદી અપરાધી હોયજ નહિ. ”

અમારૂં પણ એમજ માનવું છે. કોર્ટમાં આજે બહુ ભીડ જામી છે. કહેવાય છે કે આટલી ભીડ પહેલાં માત્ર વૉરન હેસ્ટીંગ્સના કેસ વખતેજ થઇ હતી !

લૉર્ડ નોરટને પોતાના તરફનો કોઇ બારીસ્ટર રાખ્યો નથી તે નવાઇ જેવું છે. તે તો માત્ર ઇશ્વર પર આધાર રાખી બેઠા છે.

જજ લૉર્ડ કોલબ્રોક એક વિચારવંત મનુષ્ય છે. એમને ઘણાં વર્ષનો ન્યાયનો અનુભવ છે, અમે આશા રાખીએ છીએ કે બંને બાજુને તેઓ નિષ્પક્ષપાતપણે તપાસશે.

દિવસ પહેલો.

તા. ૮ મી મે ૧૮૩૫.

ફરીઆદીઓના બારીસ્ટર મી૦ કોનંગે પ્રથમ ઉભા થઇ બોલવા માંડ્યું:—

“ માઇ લૉર્ડ એન્ડ જેન્ટલમેન ઓફ ધ જુરી ! અભિયુક્ત લૉર્ડ નોરટન ઇંગ્લાંડની એક સુપ્રસિદ્ધ વ્યક્તિ છે. તેઓ વિદ્યા, ધન, માન

વગેરેમાં શ્રેષ્ઠ ગણાય છે. રાજપરિવારમાં પણ એમનું ઘણું સન્માન થાય છે. વળી તેઓ વિદ્વાન તથા હૃદયગ્રાહી વક્તા છે; એમની કીર્તિ..."

એ વખતે લૉર્ડ નોરટને ઉભા થઇ કહ્યું–" મહાશય! કોર્ટમાં વ્યક્તિગત વૃથા પ્રશંસામાં વખત ગુમાવવાની કાંઇ જરૂર નથી."

" લૉર્ડ ! હું જાણતો ન હતો કે એથી આપને માઠું લાગશે. મારો ભાવાર્થ એ છે કે આપના જેવી પ્રસિદ્ધ વ્યક્તિને અપરાધીના પાંજરામાં ઉભેલી જોઇ હું બહુ દીલગીર થાઉં છું. પરંતુ કર્ત્તવ્યપાલન એ પરમ ધર્મ છે."

પછી તેણે કોર્ટને સંબોધીને કહ્યું:–" હું ઘણી વાતો જાણુંછું; પરંતુ તે સર્વનો ઉલ્લેખ કરી સમય ગુમાવવા ઇચ્છતો નથી. માત્ર ટુંકામાં આટલુંજ કહીશ:–

આજથી લગભગ છ માસ પર આરોપી પોતાના મિત્ર જ્યૉર્જ મિલ્ટનને સ્કૉટલાંડ તેડી ગયો. ત્યાં એક સાધારણ વાતમાંથી એ બે વચ્ચે સહજ તકરાર થઇ. તેને પરિણામે આરોપીનું દયાળુ (!) હૃદય એનો બદલો લેવા માટે તત્પર થઇ ગયું! સહજ બોલાચાલીથી મગજ ઉકળી ગયું...એ પછી એણે જે નિષ્ઠુરતાથી મિલ્ટનનું ખૂન કર્યું છે તેની વાત સાંભળતાં આપણું લોહી તપી જાય છે. આશ્ચર્યની વાત છે કે આરોપીને તે વખતે સહજ પણ સંકોચ ન થયો! તલભાર પણ મન વિચલિત ન થયું! પરંતુ પાપ કરી કરીને જેનું મન કઠણ થઇ ગયું છે તેને કાંઇ લાગતું નથી. જો આરોપીની સાથે મારે પહેલાંની ઓળખાણ ન હોત તો હું એને 'ખૂની' કહેવા અચકાત નહિ. જુરીમાં એમના કેટલાએ મિત્રો હશે. પરંતુ તેમને હું કહીશ કે મિત્રનું દયાર્દ્ર મુખ જોઇ મનુષ્યે પક્ષપાત કરવો ન જોઇએ. હવે મારે કહેવાનું......"

જજે તેને આગળ બોલતાં અટકાવી ફરિયાદીને હાજર કરવાની આજ્ઞા કરી. સ્મીથને લાવી પાંજરામાં ઉભો કરવામાં આવ્યો. તે વખતે તેની ચાલ છટાદાર હતી.

" તમારૂં નામ શું?"

"સ્મીથ મિલ્ટન. રહેઠાણ યૉર્ક. આજે કોર્ટની સામે હું નોરટનને મારા પિતાના ખૂની તરીકે જાહેર કરૂં છું. સાક્ષીઓ અને સાબિતી વડે હુ તે સિદ્ધ કરી આપીશ."

કોર્ટે લૉર્ડ નોરટન સામે જોયું.

"આ વિષયમાં આપને શું કહેવું છે ?"

"જ્યૉર્જ મિલ્ટનનું ખૂન કરીને મેં હાથ કલંકિત કર્યો નથી."

"એટલે એમ કે બીજા પાસે કરાવ્યુ છે ?"

"મેં બીજા પાસે પણ ખૂન કરાવ્યું નથી. મેં ખૂન કર્યું કે કરાવ્યું નથીજ."

"આપ સ્પષ્ટ શબ્દમાં આ આરોપનો અસ્વીકાર કરો છો ?" કોર્ટે પૂછ્યું.

"જી હા."

એક પછી એક સાક્ષીએ આવીને જુબાની આપી:–"આજથી સાડા છ મહિના પર હું અને મારો એક મિત્ર હાર્બર શહેર આગળ નદી પર સાંજે માછલીઓ પકડતા બેઠા હતા. દીવા વખતે અમે એ ગૃહસ્થ અને એક સ્ત્રીને લડતાં જોયાં. બીજે દીવસે અમે તે જગ્યા પર લોહીના ડાઘા પડેલા જોયા હતા અને તે જગ્યાથી નદીનાં પાણી સુધી એક મોટો લીટો પડ્યો હતો. તેથી હું ધારૂં છું કે ત્યાં એક માણસને મારી નાંખી ઘસડીને નદીમાં નાંખવામાં આવ્યો હોવો જોઇએ."

કોર્ટે સાક્ષીને પૂછ્યું:–"એ ઉપરાંત બીજુ કાંઇ જાણે છે ?"

"નાજી."

મિ. એડમંડે ઉભા થઇ નોરટનને પૂછ્યું:–"તમારે સાક્ષીને કાંઇ પૂછવું છે ?"

"એ પૂછપરછ પછી થશે." લૉર્ડ સેસીલ વચમાંજ બોલી ઉઠ્યા. "તમારે વચમાં બોલવાનો અધિકાર નથી."

"હું પહેલાં વકીલાત કરતો હતો તેની તમને ખબર નહી હોય ! લૉર્ડ નોરટનના વકીલ તરીકે મને બોલવાનો અધિકાર છે."

પછી જે માછીએ મિલ્ટનનું મુડદું કહાડ્યું હતું તેની જુબાની

લેવામાં આવી. તે પછી લંડનની ધર્માદા હોસ્પિટલના હેડ સુપરીન્ટેન્ડન્ટ મી. કેનીંગહામ જુબાની આપવા આવ્યા. તેમણે તો મૂળથીજ વાત કહાડી કહેવા માંડયું:-

"આજથી બાર વર્ષ પર એક વાર જ્યૉર્જ મિલ્ટનની ચિકિત્સા માટે મને બોલાવવામાં આવ્યો હતો. એના માથામાં એક ઉંડો જખમ થયો હતો. તેને રૂઝાતાં દોઢ મહિનો થયો હતો."

"હા. દાદર પરથી સરી પડતાંજ તેને એક ઉઘાડો પડેલો અણીદાર ચપ્પુ વાગ્યો હતો."

"જખમ શાથી થયો હતો તે તમે તેને પૂછ્યું હતું ?"

"ઘાનું વર્ણન કરો."

"તે ઘા માથામાં ઉપર નીચેની લંબાઇનો હતો. આશરે બે ઇંચ લાંબો હતો."

"આ તમારી સામે જે શબ પડયું છે તેના માથામાં જે ઘા છે તે તપાસી જુઓ. તમારા વર્ણવેલા જખમની સાથે તે મળતો આવે છે કે નહિ ?"

મી. કેનીંગહામે વાંકા વળી ક્ષણવાર તે મુડદું તપાસ્યું.

"આશ્ચર્યની વાત છે કે એનો ઘા મળતો આવે છે એટલુંજ નહિ પરંતુ શબ પણ જ્યૉર્જ મિલ્ટનનુંજ છે !"

"તમે ખાત્રીથી કહો છો ?"

"હા. પૂર્ણ ખાત્રીથી."

"ઠીક. તમે જાઓ."

એ પછી તે દિવસે કોર્ટ બરખાસ્ત કરવામાં આવી લૉર્ડ નોરટનને હથિયારબંધ સિપાઇઓના પહેરામાં ફરીથી જેલ તરફ લઇ ગયા.

દિવસ બીજો.

તા. ૯ મી મે ૧૮૩૫.

આજે કોર્ટમાં કાલ કરતાં પણ વધારે ભીડ હતી. શહેરના સર્વ પ્રતિષ્ઠિત ગૃહસ્થો હાજર હતા. મહામાન્ય મહારાજાની તરફના પણ એક બે મંત્રી આવ્યા હતા. રૅાયલ-ફેમિલી-(રાજ પરિવાર)ની

કેટલીક સ્ત્રીઓ પણ જોવા આવી હતી.

બરાબર અગીઆર વાગે કામ ચાલુ થયું. ફરિયાદીના બારીસ્ટર મી. એડમંડે પહેલાં તો કાંઇક ઉંડી ફીલોસોફી પર ભાષણ કર્યું. પછી મુખ્ય વિષય પર આવતાં તેણે કહ્યું:—

"જગતમાં આજસુધીમાં જે જે ખૂન કે આત્મહત્યાઓ થયાં છે, તેનું મૂળ તપાસતાં અવશ્ય એક સ્ત્રી માલુમ પડશે. આ ઘટનામાં પણ 'મેરીઆ લુઇસા' નામની એક કુચરિતા સ્ત્રીજ સંડોવાયલી છે. એના પિતાનું નામ જાણવામાં આવ્યું નથી. વાત એમ બની છે કે લૉર્ડ નોરટને એને પરણવા માગ્યું; પણ તે સ્ત્રીનું મન જ્યૉર્જ મિલ્ટન પર લાગેલું હોવાથી નોરટને તેને સમજાવીને સ્કૉટલાંડ લઇ જઇ કાલે વર્ણવ્યા પ્રમાણે મારી નાંખ્યો...છેવટે જુરરો નિષ્પક્ષપાતપણે ન્યાય કરશે એમ આશા રાખું છું. હું બેસવાની રજા લઉં છું."

એ પછી કોર્ટે બે ચાર મિનિટ સુધી કાંઇક લખ્યા કર્યું. પછી લૉર્ડ નોરટનને પૂછ્યું:—"તમારી તરફથી બારીસ્ટર કોણ છે ?"

"મારી તરફથી બારીસ્ટર કોઇ નથી. કેવળ ધર્મ અને સત્યજ મારી સહાયે છે.

"પુનઃ એકવાર પૂછું છું કે તમે ખૂન કર્યું છે કે નહિ ?"

"નહિ."

અમને આશ્ચર્ય લાગે છે કે લૉર્ડ સેસીલ જેઓ ગુન્હેગારનો પક્ષ લઇ ઉભા થયા હતા, તેમણે પણ કોઇ બારીસ્ટર કેમ ન રાખ્યો!

એ પછી કોર્ટ ખાણા માટે ઉઠી.

ત્રણ વાગે પાછો કેસ ચાલુ થયો, એક બે જણની જુબાની લેવાઇ. અંતે કોર્ટના મુખ્ય કલાર્કે ઉભા થઇ વાંચી સંભળાવ્યું:—

"તમે, લૉર્ડ રૉબર્ટ નોરટને યૉર્ક નિવાસી જ્યૉર્જ મિલ્ટનનું ખૂન કર્યું છે. સાક્ષી અને દલીલો વડે કોર્ટની ખાત્રી થાય છે કે તમે ખરેખરા દોષિત છો. આથી તમારા ઉપર ખૂનની શિક્ષા લાગુ પડશે. માટે તમારી ઇચ્છા હોય, તો તમે એ આરોપ દૂર કરવાનો પ્રયત્ન કરો."

તે દિવસે કોર્ટ બરખાસ્ત કરવામાં આવી. લૉર્ડ નોરટનના મિત્રો ઝાંખા પડી ઘેર ગયા.

દિવસ ત્રીજો.

તા. ૧૦ મી મે ૧૮૩૫.

લૉર્ડ નોરટન આજે પોતાની દલીલો રજુ કરશે, એ આશાથી આજે કોર્ટમાં કાલ કરતાં પણ વધારે ઠઠ જામી હતી. અગીઆર વાગે ન્યાયાધીશ સભામાં પધાર્યા. તેમણે સર્વની સલામ ઝીલી; પરંતુ લૉર્ડ નોરટનની સામે નજર પણ નાંખી નહિ.

એક બે મીનીટ પછી લૉર્ડ નોરટને ઉભા થઇ કહ્યું:–

"માઇ લૉર્ડ ! આપે મને કાયદા પ્રમાણે આ ખૂનનો અપરાધી ઠરાવ્યો છે. મારૂં બોલવું આ સ્થાને અન્યાયી ગણાશે નહિ. મારી તરફથી કોઇ વકીલ બારીસ્ટર નથી; પરંતુ હું ઇશ્વરની સામે નિર્દોષીજ છું..."

"લૉર્ડ નોરટન ! સર્વ અપરાધીનું આ પ્રમાણે બોલવું સાંભળીએ તો પછી અમારે ન્યાય શી રીતે આપવો ? આ કાંઇ મનથી પારખવાનું સ્થાન નથી; પરંતુ નજરે જોવાનું સ્થાન છે તમારે તમારી નિર્દોષતાની સાબિતી આપવી જોઇએ." કોર્ટે કહ્યું.

"એ સાબિતીમાં હું આટલો પત્ર આપું છું. એથી વધારે હું કાંઇ કહી શકતો નથી. જો એનાથી હું બચી શકું એમ હોય તો ઇશ્વરકૃપા ! નહિ તો શિક્ષા સહન કરવા હું તત્પર તો છુંજ."

એમ કહી તેણે એક કાગળ કોર્ટના ટેબલ પર રજુ કર્યો. પાછળથી અમે તેની મુખ્ય બીના આ પ્રમાણે ઉતારી લીધી છે:–

"જ્યોર્જ સ્મીથે સદરહુ બનાવનુ જે વર્ણન અપાવ્યું છે તેમાં સત્યનો છાંટો પણ નથી. × × × ×"

"જ્યોર્જ મિલ્ટનની સાથે મારે મિત્રતા હતી એ ખરી વાત છે. હું એને સ્કૉટલાંડ તેડી ગયો તે પણ સત્ય છે. * * * જે દિવસે ફરિઆદીના સાક્ષીએ મને, એને તથા ઓને જોયાં, ત્યારે અમે ત્યાં એકલાં ન હતાં અમારી સાથે બીજા પણ માણસો

હતા અને તે વખતની મિલ્ટનની વર્તણુંક જોઇ તેઓ પણ તેના પર બહુ ગુસ્સે થયા હતા.

હું વધારે આટલુંજ કહીશ. * * * * મિલ્ટને મારી બ્હેન મેરીઆ લુઇસાને બગાડી મારા કુળને કલંકિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. એથી અમારે એની સાથે તકરાર થઇ હતી ખરી. એ બાબતનો નિવેડો આણવા માટે અમે એક કાર્ય કર્યું * * × × તે હું અત્રે વર્ણવી શકતો નથી.

એ પછી મિલ્ટન અમને મારી નાંખવાની ધમકી આપી ચાલ્યો ગયો. ક્યાં ગયો તે હજુ જાણવામાં આવ્યું નથી. × × × પછી હું હાર્મર નગરથી પાછો આવ્યો."

કાગળ વાંચી કોર્ટે પૂછ્યું:—"આમાં લખ્યું છે કે બીજાં પણ માણસો હતાં, તે કોણ ?"

"ધર્મગુરૂ એડમંડ મિલ્સ, બારીસ્ટર હેનરી ફ્રાઉન્સ અને ડેવિડ કૉવેન્સ."

"વારૂ. પણ એમાં લખ્યું છે કે લુઇસા તમારી બ્હેન હતી, પણ તે બને કેમ ? લૉર્ડ હેનરીને બેજ છોકરાં હતાં તે વાત જગજાહેર છે. તો તમને જુલીઆટ એટ્રીસ ઉપરાંત બીજી બહેન હોયજ ક્યાંથી ?"

"માઇ લૉર્ડ ! મારા પિતાને ત્રણ છોકરાં હતાં."

"એ વાત તદ્દન બનાવટી છે."

એમ કહી ન્યાયાધીશે કોર્ટને બરખાસ્ત કરી. કાલે તહેવારનો દિવસ હોવાથી કોર્ટ પાછી પરમ દિવસે ઉઘડશે.

દિવસ ચોથો.

તા. ૧૨ મી મે. ૧૮૭૫.

યથાસમય સર્વેએ પોતપોતાનું સ્થાન લીધું. આજે લાર્ડ નોરટનના પક્ષવાળાઓ ફીકા દેખાતા હતા. કહેવાય છે કે 'લૉર્ડ નોરટનના તરફ હિંદુસ્તાનમાંનો એક ડિટેક્ટીવ નામે હર્ષદરાય કાંઇક શોધ કરે છે. તેને લૉર્ડ સેસીલ પોતાની સાથે લાવ્યા હતા. પરંતુ તે

નિમકહરામ નીકળ્યો છે, કારણ કે કોર્ટમાં લૉર્ડ નોરટનની જ્યારે આવી કફોડી સ્થિતિ છે, ત્યારે તે ત્યાં એક પણ દિવસ દેખાતોયે નથી.'

કોર્ટની આજ્ઞાનુસાર પહેલા સાક્ષી પાદરી એડમંડ મિલ પાંજરામાં આવી ઉભા; અને નીચે પ્રમાણે જુબાની આપી:–

"ગયે વર્ષે તારીખ ૨૨ મી જાન્યુઆરીની રાત્રે, ટો નદીને કિનારે મેરીઆ લુઇસા, લૉર્ડ નોરટન અને જ્યૉર્જ મિલ્ટન તથા બે બીજા બારીસ્ટરોની સાથે હું પણ હતો. અમારા દેખતાં જ્યૉર્જ મિલ્ટને એક અંગીકાર–પત્ર પર સહી કરી.

સહી કર્યા પછી, કોણ જાણે શાથી, મિલ્ટને લૉર્ડ નોરટનને મારી નાંખવાનો ભય આપ્યો; અને પછી તે નાસીને ઝાડીની પાછળ અદૃશ્ય થઇ ગયો. તે વખતે અમે તેને જીવતો જોયો છે. અમારી સમક્ષ તો તેનું ખૂન થયુંજ નથી."

ફરિયાદીના બારીસ્ટરે ઉભા થઇ પૂછ્યું:—"વારૂ. લુઇસા અને લૉર્ડ નોરટન વચ્ચે શો સંબંધ હતો ?"

"અસત્ સંબંધ તો નહિજ."

"પણ શો સંબંધ હતો ?"

"આ કેસની સાથે તેને કાંઇ સબંધ નથી. એટલે તે હું કહેવા ઇચ્છતો નથી."

"વારૂ. અંગીકાર–પત્રમાં શું હતું ?"

"તે હું કહી શકીશ નહિ."

"મિલ્ટન અને લુઇસાને શો સંબંધ હતો ?"

"તે પણ હું કહી શકીશ નહિ."

બારીસ્ટરે જજ તરફ જોઇ કહ્યું:–'માઇ લૉર્ડ ! આ જવાબો પરથી આપની ખાત્રી થતી હશે કે આરોપી એક મોટો અપરાધ છુપાવવા માગે છે."

ન્યાયાધીશે તેને બેસી જવાનું કહ્યું. બે ત્રણ મીનિટ સુધી કોર્ટમાં સર્વત્ર શાંતિ પ્રસરી ગઇ. ન્યાયાધીશ ઉભા થયા. તેનું જજમેન્ટ (ન્યાય) સાંભળવા સૌ ઉત્સુક થઇ રહ્યા. તેમણે બોલવા માંડ્યું:–

" ગુન્હેગાર લૉર્ડ નોરટનની દલીલો તથા તેના સાક્ષીઓની જુબા નીઓ એક પાગલ માણસના પ્રલાપ જેવી–મૂર્ખાના બકવાદ જેવી છે.. (સ્મીથના પક્ષ તરફથી તાળીઓ) અત્યાર સુધીમાં આવો કોઇ પ કેસ આ કોર્ટમાં આવી ગયો હોય એમ મને યાદ નથી. આશ્ચર્ય વાત છે કે લૉર્ડ નોરટન જેવો પુરૂષ પોતાની સામે આટલી આટલ સાબિતીઓ છે, છતાં શા માટે જીદ કરી રહ્યો છે?!"

એ સાંભળી લૉર્ડ નોરટનના વિરોધીઓ તરફથી "હીઅર હીઅર, વેલ-સેડ" અને તાળીઓના અવાજ આવ્યા.

જજ આગળ બોલ્યાઃ–

" અમારા જે જે પ્રશ્નોના ઉત્તર દેવાથી આ ખૂન સિદ્ધ થા એમ છે, તે તે પ્રશ્નોના ઉત્તર આરોપીથી અપાતા નથી. તેમજ એ સાક્ષીઓ પણ તે વિષે કાંઇ બોલતા નથી. તેઓ તો એમજ કહે કે તે પ્રશ્નોને આ કેસ સાથે કાંઇ સંબંધ નથી. જાણે અમે પૂછના તે મૂર્ખ હોઇએ તેમ! (આખી સભામાં ચીઅર્સ અને તાળી ગડગડાટ!) પરંતુ એમ કહેવાથી તો ખૂન ઉલટું સિદ્ધ થાય અને એથી હું હવે બીજા પ્રશ્ન કરવા માગતો નથી."

વળી પાછી બે મીનિટ શાંતિ પ્રસરી ગઇ.

" નોરટન! લૉર્ડ નોરટન! તમે સમગ્ર ઇંગ્લાંડના માનની પુરૂષ હતા! વિદ્યા, ધન, કીર્તિ, ધર્મ, સર્વ વાતમાં તમે અગ્રગણ હતા; મહારાજાધિરાજની આપના પર ઘણી કૃપા હતી! પરંતુ સમ જાતું નથી કે કેવા અશુભ મુહૂર્તમાં જૉર્જ મિલ્ટન સાથે તમ મિત્રતા થઇ...અને તમને કુમતિ સુઝી કે એક મિત્રને ફસાવીને તેન તમે પ્રાણ લીધા!! ન્યાયાલયદ્વારા તે પ્રમાણિત થયું છે...ઇશ્વરન દરબારમાં તો રંક અને રાય બંનેના જીવની કિંમત સરખીજ છે ઇંગ્લાંડનું ન્યાયાલય પણ એવુંજ છે. ઇંગ્લાંડના ન્યાય આગળ તે ભીખારી અને રાજાની કિંમત સરખીજ છે.

તમે ખરેખર ઇંગ્લાંડના એક શ્રેષ્ઠ મનુષ્ય હોવા છતાં પણ એ સામાન્ય ખૂની છો. એ માટે તમને ફાંસીની સજા કરવામાં આવે તો...

એ વખતે એકાએક બહાર, કોણ જાણે શા માટે, શોરબકોર અને ધાંધલ મચી રહ્યાં. કોર્ટમાંનાં સર્વ માણુસો ઉંચાં ડોકાં કરી કરીને બારણાં તરફ જોવા લાગ્યાં. ત્યાં લંડનના દ્રવ્યવાન માનનીય અલબર્ટ વિલિયમ તથા ભારતવર્ષનો ડિટેક્ટીવ હર્ષદ એક મનુષ્યને હાથ પકડી કોર્ટમાં ઘસડી લાવતા હતા.

તે જ્યૉર્જ મિલ્ટન હતા ! ! !

વિલિયમે વચ્ચે આવી મોટે અવાજે કહ્યું:–" ઇશ્વરનો આભાર માનો ! એના આશિર્વાદથી આજે અમે પાપી જ્યૉર્જ મિલ્ટનને જગતની સામે ખડો કરવા શક્તિમાન થયા છીએ. "

અને જે જે એને ઓળખતા હતા તે મોટેથી બોલી ઉઠ્યાઃ– " એજ મિલ્ટન ! એજ મિલ્ટન ! ! "

એટલામાં વળી એક ખૂણામાંથી અવાજ આવવા માંડ્યોઃ– " ભૂત ! ભૂત ! ! "

સ્મીથનું પાપ ફુટ્યું હતું અને અમે ધારીએ છીએ કે તેથીજ એ પોતાના જીવતા-જાગતા બાપને ભૂત ઠોકી બેસાડવા તૈયાર થયો હતો !...તે જ ખૂણામાં લાકડીઓ ઉછળવા લાગી !

એકદમ કોર્ટના દીવા ઘેર થઇ ગયા–હોલવઇ ગયા. અંધકારમાં પાપી સ્મીથના પક્ષવાળાઓ ખુરસીઓ ઉચકી ઉચકીને ફેંકવા લાગ્યા. તોફાન વધતાં અમારા રીપોર્ટરને ઉઠી નાસી આવવું પડ્યું.

૫૧

સુંદર અંત !

(લેડી એલનની ડાયરી પરથી ઉતારો)

લંડન તા. ૧૩ મી મે ૧૮૩૫.

કાલ સુધી મારા મનની સ્થિતિ શી હતી ! આજે એકાએક કેટલો બધો તફાવત પડી ગયો છે ! !

મારા પતિ નિર્દોષ છે, પવિત્ર છે. ઇશ્વરે તેમને કાલે છોડાવ્યા

છે અને પાપી મિલ્હનને શિક્ષા કરી છે !

આજે હું ઝરૂખામાં ઉભી હતી. સામે દરીઆનાં પાણી ખળ-ભળાટ કરી રહ્યાં હતાં. એ દરીઓ જોઇ મને પેલી "સ્ટીમર" સાંભરી. એનાજ કઠેરા પરથી મેં ભુસ્કો માર્યો હતો ! જેમ જેમ હું તે સંભારતી ગઇ તેમ તેમ મારી આંખમાંથી આંસુ પડવા લાગ્યાં ! અત્યારે હું લખું છું ત્યારે પણ મારો હાથ ધ્રુજે છે !–" ઓ પ્રભુ ! હું આ બધું જાણતી હોત તો શા માટે દરીઆમાં ભુસ્કો મારત ? મેં મારા પતિમાં શ્રદ્ધા રાખી હોત તો આ અનર્થ શાને થાત ?... મેં અભાગણીએ મારા પતિ પર દોષ મૂક્યો !...લુઇસા એમની બ્હેનજ છે."

સાંજે ડિટેક્ટીવ હર્ષદ મને મળવા આવ્યા. મેં તેમને ફરી બધી વાત પૂછી. તેમણે તે નીચે પ્રમાણે વર્ણવીઃ–

"કાલે કોર્ટમાં સ્મીથના પક્ષવાળાઓએ દીવા હોલવી ધાંધલ મચાવ્યું. શોરબકોર ઘણો થઇ રહ્યો હતો. પરંતુ પાંચેક મીનિટમાંજ પાછા દીવા સળગ્યા અને જોઇએ છીએ તો ત્યાં સ્મીથ ન મળે !

તરતજ જજે ચારે તરફ માણસો દોડાવવાનો હુકમ કર્યો. પરંતુ થોડા વખતમાં તેનો કંઇ પત્તો લાગ્યો નહિ. જુરી અને ન્યા-યાધીશ, સૌ વિચાર કરતા હતા, એટલામાં કરીમ નામે એક ઘરડો મુસલમાન, લંડનની પોલિસના ઉપરી કમિશ્નર સર વૉલેસ તથા એક બીજો અપરિચિત હિંદુ યુવક સભામાં આવ્યા. સાથે બેચાર સ્ત્રીઓ પણ હતી.

પોલિસ–કમિશ્નર મી૦ વૉલેસે જજના હાથમાં એક કાગળ આપી કહ્યું:–" મહારાજાધિરાજની આજ્ઞા છે કે જ્યોર્જ સ્મીથને હિંદુસ્તાનના વિનોદરાય નામના એક ગ્રહસ્થની કન્યાનું પતિવ્રત ભંગ કરવા માટે તથા તેનું ખૂન કરવા માટે, લેડી એલનને ઝેર આપવાની તજવીજ કરવા માટે; રોમ નગરની બાલા મિસ લીલી જ્યૉર્જને છળીને પકડી આણવા માટે તથા મારા નામની બનાવટી નોટો બનાવવા માટે આ પત્ર મળતાંજ પકડવો."

કાગળ વાંચી જજે કહ્યું:-' મી. ગ્રૅલેસ ! એને પકડવા માટે મેં કયારનાં માણુસો દોડાવ્યાં છે, કારણુ કે જ્યૉર્જ મિલ્ટન જીવતો છે; અને લૉર્ડ નોરટન..."

"શું જ્યૉર્જ મિલ્ટન જીવે છે ? ત્યારે તો લૉર્ડ નોરટન નિર્દોષજ છે."

"હા."

એ પછી જુરી પાછી વિચાર કરવા બેઠી. અંતે મિસ ફ્રેસેટ તથા તેના બે સાથીઓ પણુ સપડાયા અને તેઓએ તમને સમુદ્રમાં નાંખી દીધાં હતાં. તે...

મને બહુ આશ્ચર્ય લાગ્યું. "મને કોઇએ સમુદ્રમાં નાંખીજ ન હતી. હું મારી ઇચ્છાથી પડી હતી."

તોયે હર્ષદરાય તો કહે છે કે ફ્રેસેટ મોર્લા અને હાર્વી નામનાં ત્રણુ પાપીઓએ મને બેભાન કરીને કઠેરા પરથી ફેંકી દીધી હતી ને તે એમણે નજરે જોયું છે !

અંતે મને સમજ પડી કે જ્યારે પાપીઓ મને ફેંકી દેતા હતા તે વખતે હું સ્વપ્નમાં નોરટનને લુઇસા સાથે વાત કરતાં જોતી હતી. હાય ! એક સ્વપ્ને મારૂં કેટલું સત્યાનાશ વાળી નાંખ્યું !

પછી હર્ષદરાયે મને કહ્યું કે-" હજુ આજે કોર્ટમાં વિચારણુા ચાલે છે અને મને ખાત્રી છે કે અંતમાં આપણુા પક્ષનું શુભજ થવાનું છે."

"ત્યારે તમે ચાલતી સભામાંથી ઉઠીને ચાલ્યા આવ્યા છો ?"

એણે 'હા' શબ્દનો ઉચ્ચાર કર્યો ન કર્યો એટલામાં નીચે દાદર પર પાંચ સાત માણુસો ચઢતા હોય તેમ બૂટનો અવાજ સંભળાવા લાગ્યો. પહેલો દાદર પર અલ્બર્ટ દેખાયો—

હું આ શું જોઉં છું ? નોરટન મારે પગે પડવા જાય છે ! અને કહે છે કે-" માફ કરજે; મેં તારા પર અલ્બર્ટ સાથે કુસંબંધ રાખવાનો આરોપ મૂક્યો...પાપી તો હુંજ કે મેં આ બધી પંચાતને જન્મ આપ્યો."

અલબર્ટ બોલ્યો-" વ્હાલી બ્હેન ! એલન !..."

એટલું બોલી એ ખેઈજ રહ્યો. આગળ બોલી ન શક્યો. એની આંખમાં આંસુ આવ્યાં.

અમે સર્વ અશ્રુભરી આંખે એક બીજાને જોઈ રહ્યાં હતાં !

ઉપસંહાર.

પ્રિય વાંચક ! કહેવાની જરૂર નથી કે આ ઉપસંહાર કોઈ પાત્રના શબ્દમાં કે કોઇની ડાયરી પરથી લીધેલો નથી. પાછળની ઘટના જેમ જેમ માલમ પડતી ગઈ છે તેમ તેમ લખી લીધી છે.

લૉર્ડ નોરટન તથા લેડી એલને પરસ્પર ભેદ ખોલ્યા છે. પરસ્પર માફી આપી છે. નોરટને તો કદી પણ એલનને દોષ દીધો ન હતો. તે હંમેશાં સમયને દોષ દે છે. માને છે કે. " સમય એજ રમેછ બળાબળ. "

× × × ×

એક મહિના પછી લૉર્ડ સેસીલ તથા જુલીઅટનાં લગ્ન કરવામાં આવ્યાં. એની ધામધૂમમાં મહારાજા વિલીયમે પણ ભાગ લીધો હતો. થોડે દિવસે તેઓ બંને હિંદમાં આવ્યાં.

× × × ×

એક દિવસ એલને કહ્યું:-

" અલબર્ટ ! શું તું મારૂં કહ્યું માનીશ ? "

" શું ? "

" તું લગ્ન કર. "

" એલન ! હવે હું શા માટે લગ્ન કરૂં ? મને લગ્ન ગમતું નથી. લગ્ન શબ્દજ કાળ જેવો લાગે છે. "

" ત્યારે શું આખું જીવન આમજ ગાળીશ ? "

" બીજું શું ? "

" મારી અને નોરટનની ઇચ્છા છે કે તું પણ ખુબસુરત સાથે લગ્ન કર. તારે માટે નહિ તો મારે મારે માટે કર. "

"લુઇસા સાથે?"

"હા."

"લુઇસાની શું એવી ઇચ્છા છે?"

"એને બિચારીને ઇચ્છા–અનિચ્છા કાંઇ નથી. એનું જીવન દુઃખી છે. તું એને સુખી બનાવે ત્યારે."

"પણ એશન, મને..."

"તું ના ન કહીશ. મારે ખાતર નહિ તો એક દુઃખી બાળાને સુખી કરવા જેટલી દયા લાવ. એના બિચારીના હૃદયના ઘા હજુ રૂઝાયા નથી. એના પુત્રને માટે એ ઘણી વાર રૂવે છે. હું એને રડતી જોઇ શકતી નથી."

× × × × ×

માલમ પડ્યું છે કે તે પછી થોડાક મહિના બાદ આલ્બર્ટ અને લુઇસાનાં લગ્ન થયાં પણ એ લગ્નથી લુઇસા બહુ આનંદ તો ન જ પામી.

× × × × ×

જ્યૉર્જ સ્મીથ તથા તેનો બાપ સભામાંથી નાસી ગયા તે યુરોપ નાસી જવાની તૈયારી કરતા હતા, ત્યારે પકડાયા. તેનો ઇન્સાફ કરવામાં આવ્યો. બંને ઉપર ઘણા ભયંકર અપરાધો સાબિત થયા. બંનેને ફાંસીની શિક્ષા કરવામાં આવી.

× × + ×

સ્મીથની સ્ટીમર ચાંચીઆપણું–દરીઆઇ લુંટફાટ કરતાં પકડાઇ. તેની આગળની વાતો જાહેરમાં આવી. તેની સ્ટીમરમાંથી બનાવટી નોટો નીકળી. અંતે તેને દેશપાર કરવામાં આવ્યો.

× × + ×

સ્મીથની સ્ટીમરમાં શોધ કરતાં આખરે મિસ લીલી જ્યૉર્જના ધણીનો પત્તો લાગ્યો. એ બંનેને ઇંગ્લાંડના લોકોએ નાણું ઉઘરાવી, મદદ કરી, ઇટાલી મોકલી આપ્યાં. ત્યાર પછી તેમને વિષે જાણવામાં આવ્યું નથી; અને જાણવાની જરૂર પણ શું છે?

× × × ×

પેલી શયતાના ફ્રોસેટનાં પાપ-કર્મ પણ ફુટયાં. સરકાર તરફથી તેને પણ યોગ્ય શિક્ષા થઇ.

પાછળથી એમ માલમ પડયું કે તેને પસ્તાવો થતાં તે સાધુડી થઇ ગઇ છે, અને વિલાયતનાં કેદખાનામાં જઇ કેદીઓને બોધ આપે છે.

× × × ×

અંતે સુમનસુંદરીને ચંદ્રરાયનો મેળાપ થયો. પ્રેમથી આકર્ષાઇ તે છેક વિલાયત સુધી ગયો હતો. તેનું તેને ફળ મળ્યું. હૃદયે જોડાયલું યુગલ હિંદુસ્તાન આવી સાકાર લગ્ન-ગ્રંથિથી જોડાયું !

× × × ×

હવે રહ્યો એક કરીમ.

એ બીજો કોઇ નહિ પણ હિંદનો અખ્યાત પ્રાઇવેટ ડિટેકટીવ હરિ હતો ! 'અડદની આંખો' વાળા કેસમાં એને અમેરિકા જવું પડયું હતું. ત્યાં એ કેસ પુરો થતાં અલબર્ટ વિલિયમે પોતાના તરફથી તેને લૉર્ડ નોરટનનું રક્ષણ કરવા—લેડી એલનનું સુખ અખંડ રાખવા નીમ્યો હતો. એ વખતે એનું નામ ડિટેકટીવ બાર્ટન હતું.

હિંદુસ્તાન સુધી એ લૉર્ડ નોરટનની સાથે આવ્યો અને પછી કોણ જાણે કયાં ગુમ થઇ ગયો. પણ—

વાંચક ! 'પેલા વૃદ્ધ ફકીર ' ને તો તું ભૂલી ગયો નહિ હોય ?

× × × ×

કરીમે જોએલું માથા વિનાનું મુડદું સુમનનું ન હતું પણ બનાવટી હતું.

સમાપ્ત